
# સ્વપર કલ્યાણનો માર્ગ

સરયુ રજની મહેતા

# સ્વપર કલ્યાણનો માર્ગ



શ્રી મહાવીર વર્ધમાન સ્વામી

# સ્વપર કલ્યાણનો માર્ગ


સરયુ રજની મહેતા



પ્રકાશક

શ્રેયસ પ્રચારક સભા વતી, શ્રી જે. બી. મોદી (પ્રમુખ)

શ્રી જે. બી. કેમીકલ્સ એન્ડ ફાર્માસ્યુટીકલ્સ લી.

નીલમ સેન્ટર, બી વીંગ, ૪થો માળ, હિન્દ સાયકલ રોડ, વરલી, મુંબઈ ૪૦૦ ૦૩૦.

પ્રકાશક : શ્રેયસ પ્રચારક સભા વતી
શ્રી જે. બી. મોદી (પ્રમુખ)
શ્રી જે. બી. કેમીકલ્સ એન્ડ ફાર્માસ્યુટીકલ્સ લી.
નીલમ સેન્ટર, બી વીંગ, ૪થો માળ, હિન્દ સાયકલ રોડ, વરલી, મુંબઈ ૪૦૦ ૦૩૦.
અને
વકીલ્સ, ફેફર એન્ડ સાયમન્સ પ્રા. લી. વતી
શ્રી અરુણ કે. મહેતા
ઈન્ડસ્ટ્રી મેનોર, અપ્પાસાહેબ મરાઠે માર્ગ, પ્રભાદેવી, મુંબઈ 400 025.

મુદ્રક : વકીલ એન્ડ સન્સ પ્રા. લી. વતી
શ્રી અરુણ કે. મહેતા
ઈન્ડસ્ટ્રી મેનોર, અપ્પાસાહેબ મરાઠે માર્ગ, પ્રભાદેવી, મુંબઈ 400 025.

ISBN No. : 978-81-8462-111-2

પ્રથમ આવૃત્તિ : ઈ. સ. ૨૦૧૫ પ્રત : ૫૦૦

કિંમત : રૂા. ૨૦/-


**પ્રાપ્તિસ્થાન :**


શ્રેયસ પ્રચારક સભા
પ્રેમપુરી આશ્રમ,
બાબુલનાથ, મુંબઈ 400 007
દર ગુરૂવારે ૨-૦૦ થી ૩-૦૦

શ્રી યોગેશ જૈન
સત્યોગ, સ્વામી વિવેકાનન્દ રોડ,
રામકૃષ્ણ નગર, રાજકોટ 360 001
ફોન : 91-281-2466320 મોબાઈલ : 9825210210
E-mail ID : yogesh@royaltiles.com

ડો. નિમુબેન ઝવેરી
સનફ્લાવર, 4th ફ્લોર,
રાજાવાડી પાસે, ઘાટકોપર,
મુંબઈ 400 077.
ફોન : 91-22-21023461
E-mail ID : narendraz@vsnl.com

શ્રી દિલિપભાઈ જે. સંઘવી
૫૦-બી સ્થાનકવાસી જૈન સોસાયટી,
નારણપુરા રોડ,
અમદાવાદ - 380 013
ફોન : 91-079-27552957; 079-27552256
Mobile: 098250-24553

Shree Chandubhai S. Parekh
(50-51) Guide Bldg., 13th Floor,
L. D. Ruparel Marg,
Off. Nepean Sea Road,
Mumbai 400 006
Ph: 91-22-23697288/23625806

Shri Jayesh J. Doshi
3-4, Mihir Park Society, Old Padra Road,
Vadodara 390 020
Ph: 91-265-2340850
Mobile: 094265-12865
E-mail ID : jayron.baroda@gmail.com

Hareshbhai C. Sheth
19 Tulsa Court, Monmouth Junction,
New Jersey 08852. USA
Phone: (732) 422-8385
USA Cell: (609) 510-8760
E-mail ID : shethharesh@hotmail.com

Ami Anurag Thakor
6885 Baird Dr.
Plano, TX 75024. USA
(H): 972-491-7551
(C): 469-644-8965
E-mail ID : amithakor@gmail.com

E-mail : shreyaspracharaksabha@gmail.com

# અનુક્રમણિકા


| | |
|---|---|
| | પાન ક્રમાંક |
| **પ્રસ્તાવના** ............................................................ | ix |
| **પ્રકરણ ૧ :** ઠરી અવરને ઠાર એ છે ચૌદ પૂર્વનો સાર | |
| 'ઠરી અવરને ઠાર' નો અર્થ ................................................ | ૧ |
| તે પદના પ્રતિકનું ચિત્ર ................................................ | ૨ |
| સૂર્યરૂપી ચંદ્રનાં તેજ કિરણો ................................................ | ૫ |
| ચંદ્રરૂપી સૂર્યનાં તેજ કિરણો ................................................ | ૬ |
| ચંદ્રમાંથી સૂર્યનાં કિરણો અને સૂર્યમાંથી ચંદ્રનાં કિરણો ક્યારે નીકળે? ................ | ૬ |
| પંચપરમેષ્ટિ પ્રભુનો પુરુષાર્થ................................................ | ૭ |
| આજ્ઞારસ એટલે શું?................................................ | ૯ |
| આત્માનું સ્વરૂપ ................................................ | ૧૧ |
| અન્યને ઠારવાની ક્રિયા બે પ્રકારે ................................................ | ૧૩ |
| જીવ બે પ્રકારનાં માધ્યમથી ઠરે છે ................................................ | ૧૫ |
| કલ્યાણના પાંચમાર્ગ ................................................ | ૧૬ |
| કલ્યાણ આહાર માર્ગ ................................................ | ૧૬ |
| કલ્યાણ આહાર તથા નિહારનો માર્ગ ................................................ | ૧૮ |
| કલ્યાણ આહાર તથા વિહારનો માર્ગ ................................................ | ૧૯ |
| કલ્યાણ આહાર પ્રેરિત વિહાર તથા નિહારનો માર્ગ ................................ | ૨૧ |

| | પાન ક્રમાંક |
|---|---|
| આહારથી વિહાર તથા નિહારનો પ્રવાહ | ૨૩ |
| વિહારથી આહાર તથા નિહારનો પ્રવાહ | ૨૩ |
| નિહારથી આહાર તથા વિહારનો પ્રવાહ | ૨૪ |
| કલ્યાણ આહાર વિહાર નિહારનો માર્ગ | ૨૮ |
| રુચક પ્રદેશોની ઘડાતી કક્ષા | ૨૯ |
| ભાવિ તીર્થંકર પ્રભુને મળતા કેવળીગમ્ય પ્રદેશોની વિગત | ૩૧ |
| ભાવિ અરિહંત પ્રભુનો કલ્યાણ આહાર | ૩૬ |
| ભાવિ અરિહંત પ્રભુનો કલ્યાણ વિહાર | ૩૭ |
| ભાવિ અરિહંત પ્રભુનાં પરમાણુઓનો વિહાર | ૩૯ |
| અન્ય જીવોનાં પરમાણુઓનો વિહાર | ૩૯ |
| ભાવિ અરિહંત પ્રભુના અને અન્ય જીવોના નિહાર વચ્ચેનો તફાવત | ૩૯ |
| ભાવ સમવાય પર અન્ય સમવાયની અસર | ૪૦ |
| અન્ય સમવાય પર ભાવ સમવાયની અસર | ૪૧ |
| અરિહંત પ્રભુ અને અન્ય પ્રભુના નિહાર વચ્ચેનો ફરક | ૪૪ |
| શ્રી સિદ્ધ પ્રભુના આહાર વિહાર, નિહારની પ્રક્રિયા | ૪૬ |
| ‘ઠરી અવરને ઠાર’ ના ભાવ સાથે ખૂલતો માર્ગ | ૪૯ |
| પૂર્વે પ્રદર્શિત કરેલા ચિત્રની સમજણ | ૫૧ |
| ઠરી અવરને ઠારની મહાસમાધિ જીવ ક્યારે વેદે ? | ૫૩ |


**પ્રકરણ ૨ : સર્વ જીવ કરું શાસનરસિ**

| | |
|---|---|
| શાસન એટલે શું ? | ૫૭ |
| ધર્મનો અગુરુલઘુ ગુણ | ૫૮ |
| સર્વ સિદ્ધાત્મા સ્વતંત્ર છે | ૫૮ |

| | પાન ક્રમાંક |
|---|---|

લોકનું સ્વરૂપ .................................................... ૬૦
લોકનાં અગત્યનાં ત્રણ સ્થાનો .................................... ૬૧
સત્પુરુષનો શમ ગુણ ............................................. ૬૪
મહા આશ્રવનો માર્ગ ............................................. ૬૫
શ્રી સાધુ સાધ્વીજીની મહાસમાધિ ................................ ૬૬
શ્રી ઉપાધ્યાયજીની મહાસમાધિ .................................. ૬૭
શ્રી આચાર્યજીની મહાસમાધિ .................................... ૬૮
શ્રી ગણધર પ્રભુની મહાસમાધિ .................................. ૬૮
શ્રી અરિહંત પ્રભુની મહાસમાધિ ................................. ૬૯
શ્રી સિદ્ધપ્રભુની મહાસમાધિ ..................................... ૭૧
સિદ્ધભૂમિની રચના ............................................... ૭૨
શ્રી પંચપરમેષ્ટિનું નિત્યસ્થાન .................................. ૮૦
શ્રી પૂર્ણ પંચપરમેષ્ટિનું નિત્યસ્થાન ............................ ૯૧
મિથ્યાત્વનું નિત્યસ્થાન ......................................... ૧૦૨
**પારિભાષિક શબ્દો** ............................................ ૧૦૮

# શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુ



## અર્પણ

પરમ કરુણામૂર્તિ શ્રી પંચપરમેષ્ટિ ભગવંત, જેમની સહાયથી
આત્મા સંબંધી અને લોક સંબંધી વિસ્તૃત સમજણ મળતી આવી છે તેમનાં
પવિત્ર ચરણ કમળમાં આ ગ્રંથ સવિનય અર્પણ કરું છું.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

# પ્રસ્તાવના

ઈ.સ. ૨૦૧૩ ની સાલના પર્યુષણમાં 'ઠરી અવરને ઠાર' એ વિષય પરત્વે વિચારણા કરી હતી, અને ઈ.સ. ૨૦૧૪ ની સાલના પર્યુષણમાં 'સર્વ જીવ કરું શાસનરસિ' પર વિચારણા કરી હતી, 'આત્માની સિદ્ધિ' નાં અનુસંધાનમાં આ બે વિષયો શ્રી પ્રભુ તરફથી સૂચવાયા હતા.

'ઠરી અવરને ઠાર' માં શ્રી પ્રભુ બોધે છે કે 'હે જીવ! તું પહેલા ઠરી જા – શાંત થઈ જા. અને પછી અન્યને ઠારવાના – શાંત થવાના ઉપાયમાં તું લાગી જા'. આમ કરવા માટેના જે ઉપાયો શ્રી પ્રભુ તરફથી સૂચવાયા હતા તેની વિચારણા આ પ્રકરણમાં કરી છે. અને આવા ભાવ કરવાની શરૂઆત શ્રી તીર્થંકર પ્રભુના આત્મામાં ક્યારથી થાય છે, અને તીર્થંકર નામકર્મ બાંધે ત્યાં સુધીમાં તેમના ભાવોનો વિકાસ ક્યા ક્રમમાં થાય છે તેની વિચારણા 'સર્વ જીવ કરું શાસનરસિ' નાં પ્રકરણમાં કરી છે. જેથી આપણને સહુને તેમના ભગીરથ પુરુષાર્થનો ખ્યાલ આવે. આશા છે કે સુજ્ઞ વાચકોને આ અપેક્ષાએ આ બંને પ્રકરણ ઉપયોગી જણાશે.

શ્રેયસ પ્રચારક સભા તરફથી આ ગ્રંથ પ્રસિદ્ધ કરતાં આનંદ અનુભવાય છે. તેનું સુંદર છપાઈ કામ તથા સુંદર બાઈન્ડીંગ કરવા માટે વકીલ એન્ડ સન્સના શ્રી અરુણભાઈ મહેતા તથા સુધાબહેન ધન્યવાદને પાત્ર છે. આ પુસ્તકનું કંપોઝીંગ અને રીડીંગ કરવાનું તથા શબ્દસૂચિ તૈયાર કરવાનું શ્રેય મારી ભાણેજ ચિ. અમી ઠાકોર તથા અનુરાગ ઠાકોરને જાય છે. બીજાઓએ પણ અનેક રીતે સહાય કરી છે. તે સહુની સહાય માટે આભાર માનું છું અને તેઓ સહુ આત્મિક તથા સાંસારિક દૃષ્ટિએ ખૂબ સુખ પામે એવી પ્રાર્થના હું શ્રી પ્રભુને કરું છું.

મુંબઈ, તા. ૧૩ માર્ચ ૨૦૧૫ **સરયુ રજની મહેતા**

दुसणं अणतं णाणे मोफ्खो णड्डुडुकम्बंधणे ।
णिरुवमगुणमारूठो अरहंतो णरिसो होइ ।।२९।।

दर्शनं अनन्तं ज्ञान मोक्षः नष्टाष्टकर्मबंधेन ।
निरुपमगुणमारूढः अर्हन् ईदशो भवति ।।२९।।

જેને અનંતા જ્ઞાન દર્શન મોક્ષ કર્મવિનાશતા,
અનુ પત્ર ગુણોથી રાજતા, અરહંત સ્વાત્મવિલાસતા. ૨૯

જેને અનંતજ્ઞાન, અનંતદર્શન પ્રગટ થયાં છે, સ્થિતિ બંધ અને અનુભાગ બંધની અપેક્ષાએ આઠેય કર્મનો બંધ નષ્ટ થઈ ગયો છે, તેથી ભાવમોક્ષ પ્રાપ્ત થયો છે તથા જે ઉપમા રહિત ગુણોથી શોભી રહ્યા છે, એવા શુદ્ધ આત્મા, સહજસ્વરૂપ પરમાત્મા અરહંત કહેવાય છે. ૨૯

— અષ્ટપ્રાભૃત – શ્રી કુંદકુંદાચાર્ય
૪ – બોધપ્રાકૃત. શ્લોક ૨૯

## પ્રકરણ ૧

# ઠરી અવરને ઠાર
# એ છે ચૌદ પૂર્વનો સાર

અહો! શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની જેમ પૂર્ણતામાં સતત રમણ કરનાર શ્રી રુચક પ્રદેશોને અનન્ય આજ્ઞાભક્તિથી વાંદીએ છીએ. શ્રી પંચપરમેષ્ટિને પ્રભુનું બિરુદ આપી, સનાતનધર્મ તથા મંગલમયધર્મને ઉત્કૃષ્ટ શ્રમમય કેવળ સમાધિમાં પરિણમન કરાવનાર શ્રી કેવળીગમ્ય પ્રદેશોને, શ્રી પંચપરમેષ્ટિનાં પરમ સમાધિરૂપ ધ્યાનનાં માધ્યમથી અહોભાવનું અરૂપી પાન કરી નમસ્કાર કરીએ છીએ. ચેતનરૂપને જડરૂપ પુદ્‌ગલમાં જીવંતરૂપ આપનાર 'ૐ' રૂપ મહાધ્વનિના કર્તા, ભોક્તા, કાર્યકર્તા, સંચાલક, પાલક, બ્રહ્મા, વિષ્ણુ તથા મહેશ એવા અનાદિઅનંત શ્રી પંચપરમેષ્ટિ પ્રભુને વારંવાર અતિગૂઢ, અનન્ય, અરૂપી, નિરાકાર, શબ્દાતીત વેદનભાવથી નમસ્કાર કરીએ છીએ.

'ઠરી અવરને ઠાર' એ પદ અતિ અતિ ગૂઢ, ગંભીર, વિશાળ તથા ભવ્ય છે. શ્રી પ્રભુની કૃપાથી આ પદનો જેમ જેમ વિચાર કરવામાં આવે છે, તેમ તેમ સમજાતું જાય છે કે એનો માપદંડ કાઢવો લગભગ અશક્ય જ છે; કારણ કે એની વિશાળતા તથા ઊંડાણના અનુભવથી આત્મા અનન્ય ભક્તિ તથા આજ્ઞાની પરમ ઉત્કૃષ્ટ સમાધિમાં સહજતાએ સરી જાય છે; અને એ વડે તે મૌનની મીઠાશના પાનમાં વેદકતાની ભાષારૂપે શબ્દાતીત અનુભવમાં રમણ કરે છે. પરંતુ શ્રી પ્રભુ એ જ અરૂપી અનુભવને એમના ભેદજ્ઞાનથી ભરેલા અભયદાન દ્વારા આપણને અમૂલ્ય શબ્દમૌક્તિકથી એ માર્ગ, એ પ્રક્રિયા તથા એ સમાધિનું વર્ણન આપી, એમનું 'સર્વ જીવ કરું શાસનરસિ'નું બિરુદ અપૂર્વ રીતે પાળે છે. આવા અકથ્ય ઉપકારનો અનુભવ થવાથી, સહજતાએ આવી વિનંતિ મારા હૃદયમાંથી સરી પડે છે.

"જે પદ તથા અનુભવ સર્વ સિદ્ધાત્મા સતત તથા અમુક અમુક સમય માટે શ્રી અરિહંતપ્રભુ અનુભવે છે, તે ભવ્ય અનુભવની હે પ્રભુ! તમે અપરંપાર કરુણા કરી અમને આજ્ઞાનાં આરાધનરૂપ સેવાનાં ફળરૂપે સાનુભવ સમજણ આપો છો તે અમારા માટે ભવ્ય પુરસ્કાર છે, ત્રિકાલિક સત્ય છે; તથા સર્વ અવસ્થાએ નિઃસંશય પરિણામ છે. હે પ્રભુ! એ અનુભવને જો અમે યથાર્થરૂપે જાણીએ, સમજીએ, તથા ચિંતન, મનન અને નિદિધ્યાસનના માધ્યમથી શ્રમરૂપ મહાસાગર દ્વારા એને ભવ્યરૂપ આપીએ તો નિશ્ચિત્ત છે કે અમે અમારા રુચક પ્રદેશો તથા કેવળીગમ્ય પ્રદેશોને યોગ્ય રીતે ઓળખી શકીશું, એટલું જ નહિ, પણ અમારા સર્વ અશુદ્ધ પ્રદેશોને એ રૂપ બનવા માટે પ્રેરણારૂપ તથા નિમિત્ત બનીશું. હે પ્રભુ! આ ભવ્ય ભેદજ્ઞાનસભર અભયદાનની સહાયથી પૂર્ણ અભેદદશા સુધી પહોંચવા માટે અમને તથા તમને મંજુર છે એવાં ઉત્તમ માનવતા, શ્રુતિ, શ્રદ્ધા તથા શ્રમ આપી, કર્મ બંધનનાં સર્વ કારણોને પરમાર્થલોભનાં સામ્રાજ્યમાં ઓગાળી દ્યો."

શ્રી પ્રભુ આ પ્રાર્થનામાં રહેલ યોગ્ય આરાધનને પારખી 'ઠરી અવરને ઠાર' એ પદને યોગ્યરૂપથી તથા આપણા જેવા અલ્પ બુદ્ધિના જીવો સમજી શકે એવી સરળ ભાષાથી આપણને સમજાવે છે. તેઓ આપણને જણાવે છે કે,

"હે વત્સ! હવે પ્રગટ થતી અમૂલ્ય વાણીને ખૂબ ધ્યાનથી તું સાંભળજે. 'ઠરી અવરને ઠાર' એ પદની યોગ્ય સમજણ લેવા માટે એક અતિ વિચારણીય ચિત્રનું તારી સમક્ષ વર્ણન કરું છું. તેનો તું ખૂબ ગંભીરતાથી તથા ઊંડાણથી વિચાર કરજે. ક્રમે ક્રમે તને આ ચિત્રનાં રહસ્યો સમજાતાં જશે. તેનો ખુલાસો તને હું પાછળથી આપીશ, જેથી તારી વિચારણા કેટલા અંશે સત્ય છે તેનો અંદાજ તને આવે." ચિત્ર આ પ્રમાણે છે:

"એક જંગલમાં એક ખુલ્લું મેદાન છે. ત્યાં પૂર્વ દિશામાં સૂર્ય પૂર્ણ તેજથી દેદિપ્યમાન રીતે પ્રકાશિત થયો છે. પશ્ચિમ દિશામાં ચંદ્ર પણ એટલા જ તેજથી દીપી

રહ્યો છે. સૂર્યનાં સોનેરી કિરણો તથા ચંદ્રનાં રૂપેરી કિરણો એકસાથે એકરૂપ થઈ, શ્વેત કિરણો બની એક મહાનદી પર ફેલાઈ એ નદીમાં ઉજાસ વેરી રહ્યાં છે. ઉજાસથી મળતાં વીર્યના આધારથી તે નદી હળવે હળવે ગતિ કરી સરતી જાય છે. જેમ જેમ તેની ગતિ વધતી જાય છે તેમ તેમ આ ચંદ્ર તથા સૂર્યનાં સમાન મિશ્રિત કિરણો નદીને સરોવરનું રૂપ આપે છે, અને વધારે ને વધારે તેજકિરણો પથરાતાં જાય છે. જેમ જેમ તેજકિરણો વધતાં જાય છે તેમ તેમ નદીનાં પાણીની ગતિ વધતી જાય છે, સાથે સાથે એ જ ગતિથી તળાવ-સરોવર પણ આગળ વધતું જાય છે. ત્યાં અચાનક જ તે તળાવની સપાટી અને આગળના પટની સપાટીમાં ઘણો મોટો તફાવત સર્જાય છે. ત્યાં દૃષ્ટિ પડતાં એમ થાય છે કે આ તળાવનો પ્રવાહ હવે આગળ વધી શકશે નહિ; કેમકે આગળની સપાટી ઘણી નીચી છે. પરંતુ તળાવના પ્રવાહનો વેગ તો એ ચંદ્રસૂર્યનાં કિરણોથી વધારે ને વધારે વધતો જાય છે; તેજ થતો જાય છે. જ્યારે એ ઊંચી સપાટીની અંતિમ ભૂમિ આવે છે ત્યારે એ પ્રવાહનો વેગ સહુથી વિશેષ દેખાય છે. આ વેગના જોરને કારણે પ્રવાહ રોકાતો નથી, પણ તે વેગવાન ધોધ બની નીચેની સપાટીએ સરવા માંડે છે.”

“નીચેની સપાટીએ પડતા એ ધોધના પ્રવાહમાં સૂર્ય તથા ચંદ્રનાં કિરણો પડે છે. (કિરણો આવવાનો ક્રમ ઉલટો થાય છે. પહેલાં ચંદ્ર સૂર્યનાં કિરણો વેરાતાં હતાં, હવે સૂર્ય ચંદ્રનાં કિરણો વેરાવા લાગે છે.) આ કિરણોથી ધોધના પ્રવાહની ગતિ મંદ થતી જાય છે, અને અમુક સમય પછી એ પ્રવાહ શાંત તથા સ્થિર થઈ જાય છે. આ શાંત અને સ્થિર બનેલા તળાવના કિનારા પર એક અતિ તેજસ્વી મુનિ ધોધના અવાજથી, ચંદ્રસૂર્યનાં કિરણોથી તથા સૂર્યચંદ્રનાં કિરણોથી અને શાંત તળાવની શાંતિથી સભર બની, અતિ ગૂઢ, ગંભીર ધ્યાનમાં લીન થયેલા જણાય છે. આ સ્થિતિ એટલે ‘ઠરી અવરને ઠાર’નું પદ. “ઠરી અવરને ઠાર” પદનો અર્થ બે ભાગમાં સમજી શકાય તેમ છે. (૧) પોતે ઠરે અને બીજાને ઠારે. (૨) બીજાને ઠારવાની ક્રિયા કરતાં કરતાં પોતે વિશેષ ઠરતા જાય, શાંત થતા જાય. જીવની

આત્મકક્ષા, તેનો પુરુષાર્થ, તેના સંજોગ અને તેની આસપાસની પરિસ્થિતિના આધારે બંને પ્રકારના પુરુષાર્થ સંભવી શકે છે. પુરુષાર્થના આ બંને પ્રકારને સમજાવવા માટે શ્રીપ્રભુ વ્યવહારનાં બે ઉદાહરણ આપે છેઃ સૂર્યરૂપી ચંદ્રની ઠંડક અને ચંદ્રરૂપી સૂર્યની ઠંડક. હે ભવ્ય જીવો! તેને ખૂબ ઊંડાણથી વિચારજો."

શ્રીપ્રભુની આવી અમૃતવાણીનાં શ્રવણથી તથા ગુંજનથી જીવનું દુઃખ લગભગ ટળી જાય છે. વળી, આ વાણીને સકામ શ્રમથી આરાધવાથી વિના અપવાદે જીવનાં સર્વ દુઃખો ક્ષય થઈ જાય છે. આ વાણીને આજ્ઞામય ભોમિયાથી જ પમાય છે, આજ્ઞારૂપી ભક્તિથી ગ્રહણ કરાય છે અને આજ્ઞાની આજ્ઞાથી જ એનું પરિણામ પમાય છે. આજ્ઞા એ વીતરાગમય પરમેષ્ટિની વાણી તથા સરાગી જીવની અશુદ્ધતા વચ્ચેનો એક સનાતન સેતુ છે. જ્યાં પ્રભુની આજ્ઞાનું પાલન છે ત્યાં મુક્તિ છે, ત્યાં ઉત્તમની પ્રાપ્તિ છે. અહો! શ્રી પ્રભુએ આ વચનમાં એક અતિ ગૂઢ રહસ્ય સમાવ્યું છે.

જ્યાં મુક્તિ છે ત્યાં પરપદાર્થનાં ત્યાગનાં કારણે શાંતિનું વેદન હોય છે. તો તે ત્યાગ સાથે એ જ સમયે પ્રાપ્તિ કેવી રીતે થાય? શ્રી પ્રભુ પ્રશ્નની યોગ્યતા તથા જીવની પાત્રતા જાણી વાણીયોગનાં ઉત્તમ નિમિત્ત દ્વારા ૐનાદથી ખુલાસો આપે છે કે મુક્તિ તથા પ્રાપ્તિ વિરોધી તત્ત્વો જણાતાં હોવા છતાં તેઓ બંનેમાં અન્યોન્ય ઋણાનુબંધ રહેલું છે. આત્મા એક ચેતન પદાર્થ છે, તેનો ગ્રહણત્વ ગુણ (ગ્રહણ કરવાની શક્તિ) તેનાં ચેતનત્વને કાયમી ઠરાવે છે. અજીવ પદાર્થ સ્વતંત્ર રીતે ગ્રહણત્વ ગુણ ધરાવતો નથી, તેથી અજીવનું ગ્રહણ કરવાનું કાર્ય માત્ર જીવની પ્રેરણાનાં કારણથી જ થાય છે. જીવ સંસારનાં રૂપીપણાને આકાર આપી, એનાં જ ગ્રહણત્વ ગુણ દ્વારા ચેતનને જડ બનાવે છે. એ કારણથી ત્રણ લોકના નાથ થવાને સર્જાયેલો આત્મા જગતના દાસરૂપે સંસારમાં ભટકે છે. જે પુદ્‌ગલ એ ચેતન આત્માને જડ બનાવે છે, એ જડની પ્રાપ્તિથી જીવ ચેતનત્વથી મુક્તિ પામે છે, સંસારપર્યટનનાં દુઃખથી કંટાળેલો તથા ચેતનત્વની જુદાઈથી થાક પામી જીવ જ્યારે સત્પુરુષરૂપી ભોમિયાનાં શરણમાં આવે છે ત્યારે એ સત્પુરુષ એ જીવની જડ પરિણતીમાં રહેલા સુષુપ્ત ચેતનને જાગૃત

કરે છે; જેથી ચેતન ગ્રહણ કરેલા જડસ્વભાવને કલ્યાણનાં પુદ્‌ગલ પરમાણુના આધારથી આજ્ઞાના માર્ગથી ત્યાગે છે. જીવને ચેતનત્વની જાગૃતિ આવતાં, તે જડપણાથી મુક્તિ પામતો જાય છે. બીજી અપેક્ષાએ તે જડથી મુક્તિ દ્વારા ચેતનત્વની પ્રાપ્તિ કરે છે. આ જ પ્રાપ્તિ તથા મુક્તિ અને મુક્તિ તથા પ્રાપ્તિનાં ગૂઢ તથા ગંભીર રહસ્યથી આજ્ઞા સર્જાયેલી છે. તમે જેમ જેમ આજ્ઞાનાં ઊંડાણમાં જશો, તેમ તેમ આ પ્રાપ્તિરૂપી મુક્તિ તથા મુક્તિરૂપી પ્રાપ્તિનાં તત્ત્વને વિશેષતાએ સમજશો. નદીનાં વહેણ ઉપર એક બાજુથી સૂર્યનાં તેજકિરણો છવાય છે, અને બીજી બાજુથી ચંદ્રનાં તેજકિરણો તેના પર પ્રસરતાં પ્રસરતાં મિશ્રિત થતાં જાય છે, આ બંને પ્રકારનાં કિરણો એકબીજામાં ભળી જઈ નદીને તેજસ્વિતા અર્પે છે. આમ બંને પ્રકારનાં તેજકિરણો એકબીજાના આધારથી જગતને તેજ સમર્પિત કરે છે. સૂર્યનાં કિરણો પરકલ્યાણના ભાવના પ્રતિનિધિ બની, જગતને અજવાળવાનો શુભ પુરુષાર્થ કરે છે; ત્યારે ચંદ્રનાં કિરણો સ્વપુરુષાર્થના ભાવના પ્રતિનિધિ બની પરકલ્યાણની તૈયારી કરવા, પોતાની અંતરંગ શીતળતા ચોમેર પ્રસરાવવાના પ્રયત્નમાં જોડાતાં જાય છે. આ સમજણથી 'સૂર્યરૂપી ચંદ્રનાં કિરણો' તથા 'ચંદ્રરૂપી સૂર્યનાં કિરણો'ને સમજવા સહેલાં જણાશે. આ વાતને લક્ષમાં રાખી, આપણે હવે સૂર્યરૂપી ચંદ્રનાં કિરણો તથા ચંદ્રરૂપી સૂર્યનાં કિરણોનાં ભેદરહસ્યને સમજવાનો પ્રયત્ન કરીએ.

અહો! શ્રી પંચપરમેષ્ટિ પ્રભુનાં અપૂર્વ આચરણ તથા ચારિત્ર આપણને અપૂર્વ તેજકિરણોનું પાન કરાવે છે. આ તેજકિરણો બે પ્રકારનાં હોય છે. સૂર્યરૂપી ચંદ્રનાં કિરણો અને ચંદ્રરૂપી સૂર્યનાં કિરણો. શ્રી પ્રભુની પરમ કૃપાથી અને આજ્ઞાથી, શ્રી પંચપરમેષ્ટિ પ્રભુનાં તેજકિરણોને એમના ૐનાદ દ્વારા સ્પષ્ટ થતાં જ્ઞાનદર્શનની અનુભૂતિ લઈ અહીં શબ્દદ્વારા દર્શાવીએ છીએ. તે સમજવા પુરુષાર્થ કરજો.

સૂર્યરૂપી ચંદ્રનાં તેજકિરણો : (ચંદ્રનાં સૂર્યનાં તેજવાળાં કિરણો) સૂર્યનાં કિરણોમાં તેજ સાથે ગરમીની લાક્ષણિકતા હોય છે. સૂર્યનું એક તેજકિરણ અનાદિકાળનાં અંધકારને એક ક્ષણમાં જ વિલિન કરી નાખે છે, તેની સાથે સાથે અનાદિકાળથી રહેલી ઠંડીને એક ક્ષણમાં જ ગરમ હૂંફમાં પરિણમાવે તેવી શક્તિ તેનામાં રહેલી છે.

એ તેજસભર ગરમ હૂંફવાળા કિરણોમાં જ્યારે ચંદ્રનું શ્વેત તેજ ભળે છે ત્યારે એ ચંદ્રનાં કિરણો જેમાં ઠંડક છે, તેનામાં આ તેજસ્વિતા તથા હૂંફની લાક્ષણિકતા આવે છે. આ સ્થિતિને શ્રી પ્રભુ સૂર્યરૂપી ચંદ્રનાં તેજકિરણો તરીકે ઓળખાવે છે.

ચંદ્રરૂપી સૂર્યનાં તેજકિરણો : (સૂર્યનાં ચંદ્રનાં તેજવાળાં કિરણો) ચંદ્રનાં કિરણોમાં ઠંડક આપવાની લાક્ષણિકતા પરાપૂર્વથી રહેલી છે. તે અનાદિકાળથી અનુભવાતા તાપને ક્ષણભરમાં વિલિન કરી શકે છે; ઉપરાંત, આ કિરણોનું તેજ શ્વેત-રૂપેરી હોવાને લીધે અનાદિકાળના અંધકારને પણ તે ક્ષણવારમાં તેજોમય બનાવી દે છે. આવાં ઠંડા શ્વેત કિરણો જ્યારે સૂર્યને તેની ભરપૂર ઉષ્ણતામાં ઠંડક આપે છે ત્યારે તે કિરણોનું પરિવર્તન થાય છે. તેવાં કિરણોને શ્રી પ્રભુ ચંદ્રરૂપી સૂર્યનાં તેજકિરણો તરીકે ઓળખાવે છે.

બંને પ્રકારનાં કિરણોની લાક્ષણિકતા જાણ્યા પછી, હવે આપણે એ કિરણોની વિશેષતા શ્રીપ્રભુની કૃપાથી સમજીએ. વ્યવહારમાં જોવા મળે છે તે પ્રમાણે સૂર્યમાંથી ચંદ્રનાં કિરણો નહિ પણ સૂર્યનાં જ તેજકિરણો પ્રસરે છે, અને ચંદ્રમાંથી સૂર્યનાં કિરણો નહિ પણ ચંદ્રનાં જ તેજકિરણો પ્રકાશિત થાય છે. તો પછી, શ્રી પંચપરમેષ્ટિ પ્રભુના ૐનાદમાંથી આવા વિરોધાભાસી જણાતાં સૂર્યરૂપી ચંદ્રનાં તેજકિરણો અને ચંદ્રરૂપી સૂર્યનાં તેજકિરણો કેવી રીતે પ્રગટ થાય છે. આનું સમાધાન શું હોઈ શકે?

શ્રીપ્રભુ પોતાની પરમ વીતરાગમય પંચપરમેષ્ટિ આજ્ઞાની સમાધિમાંથી, વાણીયોગનાં પૂર્વકર્મની નિર્જરા અર્થે તથા પાત્ર શિષ્યની જિજ્ઞાસાને પોષવા, ૐનાદ દ્વારા અતિ ગુપ્ત, ગંભીર તથા સચોટ ઉત્તર આપે છે. શ્રીપ્રભુના આ પરમ ઉપકારના આપણે સદાયના ઋણી છીએ અને સદાકાળ માટે ઋણી રહેવાના છીએ. શ્રીપ્રભુ એમની ઈષ્ટ, મિષ્ટ અને શિષ્ટ વાણીથી આપણને પ્રેમાળ ઉત્તર આપે છે કે, “હે વત્સ! હે આયુષ્યમાન! તું જરા ઊંડાણથી વિચાર તો કર કે ચંદ્રમાંથી સૂર્યનાં કિરણો ક્યારે નીકળી શકે અને સૂર્યમાંથી ચંદ્રનાં કિરણો ક્યારે નીકળી શકે?”

"અહો દીનવત્સલ વિભુ! અમે તો મંદ બુદ્ધિવાળા તમારા દાસનાય દાસ થવાને પાત્ર છીએ. તમને જે ઉત્તર અતિ સુગમ જણાય છે તે જ ઉત્તર પામવો અમને અતિ અતિ દુષ્કર અનુભવાય છે; માટે તમે જ અમારા પર કૃપા કરી ઉત્તરની અમીવર્ષા કરો."

શ્રીપ્રભુ કરુણાના ક્ષીરસમુદ્ર છે. આ કરુણાનો અનુભવ કરાવવા તેઓ પાંચ સમવાયનો યોગ્ય સમન્વય થવાથી ઉત્તર આપે છે કે "લાડલા વત્સ! તું સમજવા પ્રયત્ન કર. ચંદ્ર પોતાનાં તેજકિરણોને સૂર્ય પાસેથી ઉછીનાં લે છે; તેની પાસે પોતાનાં સ્વયં તેજકિરણો નથી. તેથી તે ઉછીનાં લીધેલાં સૂર્યનાં કિરણોને ઠંડા કરી, સોનેરી તેજને પોતાની ઠંડકથી રૂપેરી બનાવી, પોતાનાં તેજકિરણો તરીકે તે પ્રસરાવે છે. બીજી અપેક્ષાએ જો તું જુએ તો, રાત્રિના અંતિમ ભાગમાં જ્યારે પ્રભાત ઊગે છે ત્યારે ચંદ્રનાં કિરણો અંધકારને તેજરૂપ કરવા સૂર્યનાં કિરણોને માર્ગ આપે છે. આ ન્યાયથી ચંદ્રનાં કિરણો, સૂર્યનાં કિરણોને માર્ગ આપી સાથ આપે છે. એવી જ રીતે, પ્રભાત થવાથી સૂર્યને ચંદ્રનાં કિરણો મારફત નવીન પ્રભાતની અપેક્ષાએ ચિનગારી મળે છે. આ પરથી સાબિત થાય છે કે ચંદ્રનાં કિરણો સૂર્યને પોતાનું અસ્તિત્ત્વ સિદ્ધ કરવામાં મદદ કરે છે. અન્ય અપેક્ષાએ આપણે કહી શકીએ કે ચંદ્રનાં કિરણો સૂર્ય તથા દિવસની આદિ કરાવવા રાત્રિ તથા દિવસ વચ્ચે સેતુ બને છે, અને સૂર્યનાં કિરણો ચંદ્રને રાત્રિની આદિ કરાવવામાં તથા તેજનાં અસ્તિત્ત્વને કાયમી બનાવવામાં સેતુ બને છે. માટે પ્રકાશનું અનાદિઅનંતપણું માત્ર સૂર્યનાં કિરણોથી જ નહિ, પણ સૂર્યચંદ્રના સંગાથથી સિદ્ધ થાય છે. બીજી રીતે કહીએ તો સૂર્યનાં કિરણોથી ચંદ્રનું અને ચંદ્રનાં કિરણોથી સૂર્યનું અસ્તિત્ત્વ સિદ્ધ થાય છે; સૂર્ય પોતે તપે છે અને બીજાને તેજ આપે છે; ચંદ્ર પોતે ઠંડો થાય છે અને બીજાને શીતળતા આપે છે."

"આ જ પ્રકારે શ્રી પંચપરમેષ્ટિ પ્રભુનાં પુરુષાર્થ તથા સિદ્ધિ આ બંને નિયમોનું યોગ્ય સંમેલન થતાં આકાર પામે છે. શ્રી સાધુસાધ્વીજી સ્વકલ્યાણનું કાર્ય મુખ્યતાએ ગુરુઆજ્ઞાએ કરે છે. શ્રી ઉપાધ્યાયજી પરકલ્યાણનું કાર્ય મુખ્યતાએ આચાર્યજીની આજ્ઞાએ કરે છે; શ્રી આચાર્યજી સ્વપરકલ્યાણનું

કાર્ય શુદ્ધાચાર સાથે ગણધર પ્રભુની આજ્ઞાએ કરે છે; શ્રી ગણધરજી તીર્થંકર પ્રભુની આજ્ઞાથી ઉત્કૃષ્ટપણે સ્વપરકલ્યાણનું કાર્ય કરે છે; શ્રી અરિહંતપ્રભુ સયોગી પંચપરમેષ્ટિની આજ્ઞાથી ઉત્કૃષ્ટપણે સ્વપરકલ્યાણનું કાર્ય કરે છે; તથા શ્રી સિદ્ધપ્રભુ ઉત્કૃષ્ટ અયોગી પંચપરમેષ્ટિની આજ્ઞાથી સ્વપરકલ્યાણનું કાર્ય કરે છે. સ્વકલ્યાણમાં જીવ કે આત્મા ચંદ્રની જેમ ઠંડો બની, એટલે કે નમ્ર બની, સૂર્યનાં તેજકિરણોના ધોધને પોતામાં સ્વીકારી, એ તેજને પુરુષાર્થરૂપી ઠંડકમાં પરિણમાવે છે. અને પરકલ્યાણમાં જીવ કે આત્મા ચંદ્ર જેવી સ્વઠંડકને બહાર કાઢી સૂર્યરૂપી પરકલ્યાણના તેજગોળામાં સમર્પે છે. પહેલા સ્વકલ્યાણના વિભાગને સૂર્યરૂપી ચંદ્રનાં તેજકિરણો તરીકે સમજવો, અને બીજા પરકલ્યાણના વિભાગને ચંદ્રરૂપી સૂર્યનાં તેજકિરણો તરીકે ઓળખવો. આ બંને કિરણોને એકસાથે સમજવાથી નેપથ્યમાંથી ૐનું ગુંજન થાય છે. “ઠરી અવરને ઠાર, એ છે ચૌદપૂર્વનો સાર”માં પોતે ઠરી બીજાને ઠારવાની પ્રક્રિયા સાધુસાધ્વીજીથી શરૂ કરી સિદ્ધ ભગવાન સુધીના પરમેષ્ટિપ્રભુ કેવી રીતે કરે છે તે આ પ્રકરણનો મુખ્ય ધ્રુવકાંટો છે. જેને શ્રી અરિહંતપ્રભુ આદિ પૂર્ણ પરમેષ્ટિપ્રભુ ‘સર્વ જીવ કરું શાસનરસિ’ સુધી લઈ જાય છે. શાસન એટલે સામ્રાજ્ય. શ્રી પ્રભુના ભાવમાં કલ્યાણમય ધર્મનાં સામ્રાજ્યની વિચારણા હોય છે. શ્રી અરિહંતપ્રભુ અનંત પ્રકારનાં દુ:ખથી ભરેલા સંસારથી છૂટવા માટે જગતજીવોને કલ્યાણમય ધર્મનો બોધ આપે છે, આ બોધનો સ્વીકાર કરી, પુરુષાર્થ સાથે ધર્મનાં સામ્રાજ્યમાં રહેવું એટલે શાસનરસિ થવું. શ્રી તીર્થંકર પ્રભુ પોતાની છદ્મસ્થ દશામાં એવા ભાવ વેદે છે કે આ જગતના તમામે તમામ જીવો આ મંગલમય તથા કલ્યાણકારી ઉત્તમ ધર્મનાં છત્ર નીચે આવે, યથાર્થ પુરુષાર્થ કરે અને તેનાં ફળરૂપે પરમ સુખની પ્રાપ્તિ કરે, આવો ભાવ જ્યારે જ્યારે પ્રભુમાં ઉત્કૃષ્ટતાએ વર્તે છે, અને તે વખતે તેમાં સૂર્યનાં તેજકિરણો તથા ચંદ્રનાં તેજકિરણો સમતોલનથી ઉમેરાય છે ત્યારે ત્યારે એ ‘સર્વ જીવ કરું શાસનરસિ’નો ભાવ બની જાય છે.” આવો અમૃતમય ખુલાસો ૐ દ્વારા આપી, શ્રી પ્રભુ મૌન થઈ જાય છે.

"પ્રભુ! અહો, અહો તમારી વાણીને! તમે ઉત્તમ શ્રુત ભેદજ્ઞાન સહિતના અભયદાન દ્વારા વાણી બોધ આપી અમને ધન્ય ધન્ય કર્યા છે. આવી ધન્યતા તમારા તરફથી સર્વને પ્રાપ્ત થાય, એ ભાવના સહિત તમારાં ચરણોને સ્પર્શીને વંદન કરીએ છીએ. તમે તમારાં પગલાં મારાં હૃદયમાં સ્થાપો એવી ભાવના સાથેની મારી સર્વ તમન્ના એ ઇચ્છામાં સમાઇ જાય છે. અહો! અમૂર્ત મૂર્તિમાન શ્રી પંચપરમેષ્ટિ પ્રભુના અરૂપી, અભેદ કલ્યાણભાવને અમારા કોટિ કોટિ વંદન હો."

શ્રી પંચપરમેષ્ટિ પ્રભુનાં પ્રત્યેક પુરુષાર્થમાં, પ્રત્યેક ચેષ્ટામાં, પ્રત્યેક બોધમાં એક અરૂપી કલ્યાણ ધારા સતત વહે છે; એ અરૂપી ધારા પુદ્ગલમાં જીવંત આજ્ઞારસ પૂરે છે. એ પુદ્ગલો આ ભાવધારાને જીવંત રાખ્યા કરે છે. એની સાથે સાથે એ ધારા જે જે અન્ય પુદ્ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયને સ્પર્શે છે, તે તે સર્વ અસ્તિકાયને તે ધારારૂપ બનાવે છે. જો આ ધારા અજીવનો રાહ બદલવાની શક્તિ ધરાવે છે, તો એ જીવની ધારા પણ બદલાવી શકે તેમાં કોઈ આશ્ચર્ય થાય તેવું નથી. માટે એ ધારા પાંચે અસ્તિકાય દ્રવ્યને પોતામાં રહેલા આજ્ઞારસરૂપ બનાવે છે.

"આ આજ્ઞારસ એટલે શું? એ ધારામાં શું રહેલું હોય છે? એ ધારામાં આહાર, વિહાર તથા નિહાર કેવી રીતે થાય છે? આવા અનેક પ્રશ્નો નેપથ્યમાંથી ઊઠે છે. જેનો ઉત્તર આપવા શ્રી અરિહંતપ્રભુ! તમારા 'સર્વ જીવ કરું શાસનરસિ'ના અવિરત ભાવશ્રેણિનાં વેદન દ્વારા ખુલાસો આપવા કૃપા કરો."

"અહો પ્રભુજી! તમારી અવિરત અરૂપીરૂપીધારારૂપ ૐમાં સર્વ આજ્ઞાનું સત્ત્વ તથા તેનો ભાવરસ સમાય છે. હે પ્રભુ! તમે આ અચરજ પમાડે તેવી તથા અમારી સીમિત સંજ્ઞાથી ન સમજાય તેવી ભાવનામાં કેવી રીતે રત રહો છો? તમારા અનાદિકાળથી ચાલ્યા આવતા અમારા આત્મા પ્રતિના કલ્યાણભાવની સાક્ષી લઈ, પ્રભુજી! તમે અમને આ અપૂર્વ ભેદરહસ્યને તમારા વીતરાગી મૌનરૂપી સાગર જેવા ગંભીર પેટાળમાંથી સમજાવો કે જેથી અમ જેવા દીન

જીવો આ સિદ્ધાંતને સમજી, વિચારી, તેને સ્વપર આજ્ઞાંકિત, અપૂર્વ, અરૂપી, ભેદરહસ્યરૂપ, જ્ઞાનમય, અનુભવગમ્ય વાણીમાં સરાવી શકે. પ્રભુ! અમે તો તમારા દાસાનુદાસ થવા જેટલી પાત્રતા પણ ધરાવતા નથી. પરંતુ, તમારી અપરંપાર કરુણા તથા કલ્યાણભાવ અમને તમારી વીતરાગતાનું સરનામું આપે છે. અને તે અમને તમારા અલૌકિક પરિવારનો ભાગ બનાવે છે. તમારા પરિવારના સદસ્યો થવાથી, અમને તમારા પરિવારની લાક્ષણિકતા મળતી જાય છે. આ લાક્ષણિકતા અમને પુરુષાર્થ કરવાની ચાવી તથા પ્રેરણા આપે છે. સાથે સાથે તે અપાત્ર દીનહીન જીવને ભક્તિરૂપી મહાજાદુ પણ આપે છે. આ ભક્તિ તમારા અને અમારા વચ્ચે એક પ્રેમનો સેતુ બનાવી, અમને પહેલાં પાત્રતા આપે છે અને પછી અમને બોધ આપે છે." તમારો આ ઉપકાર અમને શ્રી કબીરનાં શબ્દોની પ્રતીતિ કરાવે છે. તેઓએ સત્ય કહ્યું છે –

'ધરતીકા કાગજ કરું, કલમ કરું વનરાઈ,
સાત સમુદ્રકી શાહી કરું, હરિગુણ લિખ્યા ન જાય.'

"હે પ્રભુ! તમારી આજ્ઞાથી, તમારી આજ્ઞામાં રહી, એ આજ્ઞા દ્વારા અમે અમારા આત્માથી આ ધોધરૂપ અનુભવને ગ્રહણ કરીએ, પચાવીએ, પરિણમાવીએ અને તેને યોગ્ય સ્થાને, યોગ્ય રીતે અને યોગ્ય સ્વરૂપે ધોધરૂપે વહાવીએ એવી કૃપા કરો."

'ઠરી અવરને ઠાર' એ અવસ્થા ક્યારે આવે? કેવી રીતે થાય? તથા શ્રી પંચપરમેષ્ટિ પ્રભુમાં આ અવસ્થા કેવી રીતે સમાય છે, તે જાણવાથી આપણને પાંચ સમવાયથી અપ્રતિબદ્ધ એવા અપૂર્વ આજ્ઞારસ તથા કલ્યાણભાવની રચના, કાર્ય તથા પરિણમનનો ઊંડો લક્ષ આવી શકે છે. હે પ્રભુ! આવો લક્ષ કરાવવા માટે ધન્ય છે તમારા અતીંદ્રિય ઉપકારને.

શ્રી પંચપરમેષ્ઠિ પ્રભુની, શ્રી રાજપ્રભુની અલૌકિક કૃપા, આધાર તથા કલ્યાણનાં પરમાણુઓની ભેટને સર્વ યોગ, સર્વ પ્રદેશ, સર્વ સમય તથા તે સર્વનાં સર્વાંગી

મિલનથી ઉપજતા સર્વ ચેતનત્વથી વારંવાર વંદન હો, વંદન હો. આ પ્રાર્થના અને વંદનાના પરિણામરૂપે શ્રીપ્રભુ એમનાં દિવ્ય, અલૌકિક, ગંભીર તથા શાંત ૐનાદ દ્વારા આપણને હવે સમજાવે છે કે,

"હે વત્સ! તારામાં એક દિવ્ય, ચમત્કારિક, ચેતનગુણવાળો પદાર્થ છે, જે પંચાસ્તિકાય તથા પાંચે સમવાયને દોરે છે, રૂપ આપે છે, ગતિ આપે છે, એકરૂપ કરે છે, જુદાં કરે છે, વગેરે. આ બધી પર્યાયો અન્યમાં કરાવવા છતાં, નિશ્ચયનયથી એ માત્ર એક જ રહે છે. એને કોઈ છેદી શકતું નથી, ભેદી શકતું નથી; જે રૂપે એ નિત્યનિગોદમાં (મૂળમાં) રહે છે, એ જ સ્વરૂપે તે સિદ્ધભૂમિમાં પણ રહે છે. જેટલા પ્રદેશો તેને નિત્યનિગોદમાં છે, તેટલા જ પ્રદેશો તેને સિદ્ધભૂમિમાં પણ છે, ક્યારેય એના પ્રદેશની સંખ્યામાં વધઘટ થતી નથી; કોઈ પણ તેનામાં વધઘટ કરી શકતું નથી. તેના મૂળભૂત ગુણો પણ યથાસંખ્યાવત્ જ રહે છે. આ સ્થિતિ માત્ર એક જ આત્મા માટે છે તેમ નથી, લોકના તમામે તમામ આત્મા માટે આ સ્થિતિ સત્ય છે. આ ઉપરાંત સર્વ આત્માના પ્રદેશો એકબીજાની સરખામણીમાં પણ સરખા જ છે. અરે! આ કેવી વિચિત્રતા છે કે, સર્વ આત્માના પ્રદેશો સરખી સંખ્યાના હોવા છતાં, કોઈ પણ બે આત્માની કર્મપર્યાય ક્યારેય પણ સરખી હોતી નથી! લોકમાં ભમતા જીવોનો સમૂહ જ્યારે શુદ્ધ થઈ સિદ્ધભૂમિમાં સ્થાન ગ્રહણ કરે છે, ત્યારે તેઓ સર્વ સમાન સમાધિદશાને અનંતકાળ સુધી માણે છે. જ્યાં સુધી તેને અજીવ પુદ્‌ગલ પરમાણુઓનો સંગ છે, ત્યાં સુધી તેઓમાં ભિન્નતા પ્રવર્તે છે. જ્યારે આ જીવો પુદ્‌ગલથી ભિન્ન થઈ આત્મસમાધિમાં સ્થિર થાય છે ત્યારે તેમની વચ્ચે ઐક્ય અને અભિન્નતા સ્થપાય છે. આ હકીકત પરથી તને સ્પષ્ટ સમજાશે કે જેમ જેમ જીવ પોતાના મૂળભૂત ચેતનગુણને બિરદાવતો જાય છે, તેમ તેમ તે શુદ્ધાત્મા સાથેના ઐક્યને પામતો જાય છે. જેમ જેમ તે શુદ્ધાત્મા સાથે ઐક્ય પામતો જાય છે તેમ તેમ તે સંસારમાં મોક્ષસમાધિનું વેદન કરતો થાય છે. આ અતિ ગંભીર નિયમને ઊંડાણથી વિચારજે, કેમકે તેમાં ચૌદ પૂર્વનો સાર સમાયેલો છે."

"જ્યાં આત્માની શુદ્ધિ છે ત્યાં એકતા છે. જ્યારે આત્મામાં અજીવનું મિશ્રણ થાય છે, અને આત્મા જીવસ્વરૂપ ધારણ કરે છે ત્યારે તેનામાં ભિન્નતા આવે છે તેથી જીવ જેમ જેમ અજીવથી ભિન્નતા અનુભવતો જાય છે, તેમ તેમ તે ભિન્નતાને એકરૂપતામાં પરિણમાવી, આત્માના મૂળ ગુણોનો અનુભવ કરતો જાય છે. આત્મા જેમ જેમ પોતાના મૂળ ગુણોનો અનુભવ કરે છે, તેમ તેમ તે પોતાની સહજસ્થિતિનો અનુભવ કરે છે. જેમ જેમ તેને પોતાની સહજસ્થિતિનો અનુભવ થતો જાય છે, તેમ તેમ તે સુરક્ષાનો અનુભવ કરે છે. સુરક્ષાના અનુભવથી આત્મામાં શાંતિ પ્રસરે છે, અને એ શાંતિના અનુભવથી આત્મામાં ઠરવાનું કાર્ય થાય છે. આ કાર્ય આત્માના એક પ્રદેશના અણુભાગથી શરૂ કરી જીવે અસંખ્યાત પ્રદેશોના સર્વ ભાગમાં વિસ્તારવાનું, ફેલાવવાનું છે. આ સહજાનંદરૂપ ઠંડી સમાધિથી જીવ શિવ થાય છે. પરંતુ જીવમાંથી શિવ થવા સુધીની યાત્રા કરવામાં જીવને અન્ય પ્રદેશો, જીવસમૂહ તથા સર્વ ઉચ્ચ આત્માઓનો આધાર તથા સહારો જોઈએ છે. આ સાથે જીવે એક અન્ય સમજ પણ લેવી જરૂરી છે. સાથ લેવા માટે જીવે એ સાથનો આહાર કરવો જરૂરી છે. આહાર કરવા માટે તેણે વિહાર તથા નિહાર કરવા પણ જરૂરી છે. યોગ્ય આહાર કરવા માટે, જીવે ઉપર જણાવેલી ઠંડક તથા ઠારને અનુભવવી પડે છે, એ ઠંડક તથા ઠારનો વિહાર તથા નિહાર કરવો તેના માટે કર્તવ્ય થાય છે. માટે, નિયમાનુસાર જીવ જે ઠંડકનો અનુભવ કરે છે એ જ ઠંડકના અનુભવને તેણે અન્ય પાત્ર પ્રદેશો કે જીવાત્માને દાનરૂપે આપી નિહાર કરવો યોગ્ય છે; જેના થકી તે વધારે ઉત્તમ આહાર લેવાનું ભાગ્ય, પાત્રતા તથા સંજોગો મેળવતો જાય છે. આવા વિહાર તથા નિહાર દ્વારા અન્યને ઠારવાની ક્રિયા એટલે 'અવરને ઠાર' કહેવાય."

શ્રી પ્રભુના આ બોધરૂપ સંદેશમાંથી અનેક પ્રકારનાં જ્ઞાનથી ભરેલી સમજણ પ્રભુકૃપાથી સ્ફૂરાયમાન થાય છે. શ્રી પ્રભુની પરમ ૐ આજ્ઞાની છત્રછાયાથી આ જ્ઞાનની સમજણને અહીં શબ્દદેહ આપવા પ્રયત્ન કર્યો છે. આપણને શ્રીપ્રભુએ ઉપર સમજાવ્યું કે વિહાર તથા નિહારની ક્રિયાથી 'અવરને ઠારવાની' ક્રિયા થાય છે.

ત્યાં એ સવાલ ઉદ્‌ભવે છે કે વિહારથી અવરને કેવી રીતે ઠારી શકાય? નિહાર દ્વારા પણ અન્યને કેવી રીતે ઠારી શકાય? આ બંને વચ્ચે શું તફાવત છે? શ્રીપ્રભુ પાત્ર જીવોની જિજ્ઞાસા સંતોષવા યથાયોગ્ય પરમાણુઓ ભેટરૂપે આપે છે, તેનો યથાર્થ વિસ્ફોટ થવાથી આપણને પ્રત્યુત્તર પ્રાપ્ત થાય છે.

ઉત્તર એ છે કે અવરને ઠારવાની ક્રિયા બે પ્રકારે થાય છે. (૧) પોતાથી જ્ઞાન, દર્શન તથા ચારિત્રની અપેક્ષાએ આગળ છે તેમને ઠારવાની ક્રિયા અને (૨) પોતાથી જ્ઞાન, દર્શન તથા ચારિત્રની અપેક્ષાએ પાછળ છે તેમને ઠારવાની ક્રિયા.

પુરુષાર્થી જીવમાં પ્રક્રિયારૂપે એવા ભાવ થાય છે કે, જે કલ્યાણનાં પરમાણુઓનો હું આહાર કરું છું તેનો આજ્ઞારાસ હું વિના વિલંબે સર્વ પ્રદેશોમાં અથવા અન્ય જીવોને તેમની યોગ્યતા અનુસાર આજ્ઞાધીનપણે પહોંચાડું. આવી રીતે થતી આજ્ઞારસ પહોંચાડવાની ક્રિયાને જ્ઞાની ભગવંતો ‘કલ્યાણ વિહાર’ તરીકે ઓળખાવે છે. જીવ જેમ જેમ પુરુષાર્થી થતો જાય છે તેમ તેમ તેનો કલ્યાણ વિહાર શુદ્ધ, પૂર્ણ તથા શીઘ્ર થતો જાય છે. જ્યારે કલ્યાણ વિહાર થાય છે ત્યારે તે પ્રદેશો પર પરમાણુઓનો ખાલીપો સર્જાય છે, તેથી ત્યાં વધારે આહાર કરવાનું ખેંચાણ થાય છે. જ્યારે આહાર કરવાનું ખેંચાણ વધે છે ત્યારે જે પાત્રતાવાળા મહાત્માઓ છે તેમને કલ્યાણદાન કરવાનો અવકાશ મળે છે. યોગ્ય કલ્યાણદાન કરવા માટે તેમને વિશેષ ઠરવું પડે છે; જેનાથી યોગ્ય કલ્યાણદાન દ્વારા એ ઠારથી અન્યને ઠારવાની ક્રિયા પર રત રહી શકે છે. જો દાન લેનાર પુરુષાર્થી હોય તો કાર્ય ત્વરિત થાય છે, પરંતુ જો દાન લેનાર પુરુષાર્થ કરવામાં પ્રમાદી હોય તો તેના આહારની જરૂરિયાત તથા વિહાર પ્રેરિત આંશિક ખાલીપાનું ખેંચાણ એટલું જ રહે છે અથવા તેનાથી પણ મંદ થઈ જાય છે. અને ક્યારેક તો ખેંચાણ જ થતું નથી, તેના લીધે દાન આપનારને પ્રમાદી થવાનો અવકાશ સર્જાય છે, સંભવ વધે છે.

જે સાચા ભિક્ષુ છે તેણે પોતાના પુરુષાર્થને એટલો બળવાન તથા તીક્ષ્ણ કરવાનો રહે છે કે જેથી દાન આપનારને પણ તેના તરફનું ખેંચાણ વધતું જાય અને દાતાને વિશેષ પુરુષાર્થ કરવાની પ્રેરણા મળે. આમ સાધક માટે ઉગ્ર પુરુષાર્થ કરવો ખૂબ

ખૂબ ઉપકારી છે, કેમકે દાતા જો કદાચિત પ્રમાદી થઈ જાય તો તેને તેના દાતાના દાતા પાસેથી પણ દાન મળી શકે છે. તે દાતાની પણ વખતે મંદતા ઉત્પન્ન થાય તો તેના દાતા પાસેથી પણ દાન મેળવી શકાય છે. આમ કરતાં કરતાં આ પેઢી શ્રી તીર્થંકરપ્રભુ જે સર્વોત્તમ દાતા છે, અને જેમને કદી પણ મંદતા સંભવતી નથી, તેમના સુધી પહોંચે છે, માટે જો સાધક ભિક્ષુને ઉત્તમોત્તમ પરમાણુઓની પ્રાપ્તિ જોઈતી હોય તો તેના વિહારની ઉત્તમ ક્રિયા થવી જોઈએ; જેના આધારે તેના દાતાર નક્કી થાય છે. સાધકનાં કલ્યાણનાં પરમાણુઓનો વિહાર જેમ જેમ મજબૂત થતો જાય છે, તેમ તેમ તેને ઉપર જણાવ્યા પ્રમાણે દાતારને વિશેષ પુરુષાર્થમાં લઈ જવાની વિશ્રમણારૂપ ઉત્તમ પરમાર્થપુણ્યની પ્રાપ્તિ થાય છે. પરિણામે દાતાર સાધકથી થતી વિશ્રામણાને કારણે કલ્યાણનાં ઉત્તમ પરમાણુઓ આપવાનું કાર્ય શીઘ્રતાથી કરી શકે છે. આ પ્રમાણે વિહારની ક્રિયા દ્વારા સાધકને ઠરવાનું અને દાતારને ઠારવાનું નિમિત્ત બને છે. આવી જ પ્રક્રિયા જીવના કેવળીગમ્ય પ્રદેશો અને અશુદ્ધ પ્રદેશો વચ્ચે થઈ શકે છે અને થાય છે. આ સિદ્ધાંત સમજ્યા પછી શ્રોતાને ઉત્તમ પુરુષાર્થ કરવાના ભાવ કેમ ન ઉપજે?

યોગ્ય વિહાર કર્યા પછી જીવે આજ્ઞાનુસાર નિહાર કરવો કર્તવ્યરૂપ છે, કેમકે વિહારરૂપ નિહારની ક્રિયાથી આત્મપ્રદેશો પર જે ખાલી જગ્યા થાય છે, તે જગ્યા માટે નવા વિશેષ ઊંચા પરમાણુઓ ગ્રહણ કરવાનો અવકાશ મળે છે. એટલું જ નહિ પણ, પોતાથી વિશેષ સમર્થ આત્માઓ પાસેથી લીધેલા ઋણને ચૂકવવા કલ્યાણનાં પરમાણુઓનાં દાનથી તે શ્રી પંચપરમેષ્ટિ પ્રભુથી સર્જાયેલા ધર્મનાં સનાતનપણાના તથા ધર્મનાં મંગલપણાના ધ્રુવકાંટાને પુષ્ટિ આપે છે. પરિણામે તેનાં પરમાર્થનાં અંતરાય ક્ષય થતાં જાય છે, અને શ્રી પંચપરમેષ્ટિપ્રભુ સાથેનાં તેનાં ઋણાનુબંધ વધારે ઘટ્ટ થતાં જાય છે. કલ્યાણરૂપ નિહારની પ્રક્રિયામાં જીવે વિના અપવાદે ઠરવું પડે છે, એટલું જ નહિ પણ જેને તે પરમાણુઓ સ્પર્શે છે તેને ઠરવાનું નિમિત્ત પણ આપે છે; અર્થાત્ તેને પણ તે ઠારે છે. જીવ જ્યારે કલ્યાણ વિહાર તથા કલ્યાણ નિહાર કરતી વખતે ધર્મનાં સનાતનપણાના તથા મંગલપણાના ભાવ વેદે છે ત્યારે આ પરમાણુઓને એવા જીવ જ ગ્રહણ કરી શકે છે કે જે જીવ યોગ્ય કલ્યાણ આહાર

તથા કલ્યાણ વિહારના પુરુષાર્થમાં આરૂઢ હોય. આથી આવા જીવનાં નિહાર કરેલા પરમાણુઓનો ઉપયોગ મોટાભાગે સક્રિય અવસ્થામાં જ થાય છે. આનાથી વિપરીત, જે જીવમાં કલ્યાણનાં પરમાણુઓના નિહાર વખતે લોભાદિ કષાયનું વેદન હોય છે, તેનાં એ પરમાણુઓમાં અંતરાયનું કવચ આવે છે. એટલે પાત્ર જીવને એ પરમાણુઓ ગ્રહણ કરી કલ્યાણરસ મેળવવામાં વધારે શ્રમ તેમજ પુરુષાર્થ કરવો પડે છે. સામાન્ય રીતે આવા પરમાણુઓ પ્રમાદી જીવો ગ્રહણ કરે છે. વળી, તેઓ પોતાની મંદતાને લીધે તથા અંતરાય કવચને કારણે એનો ઉપયોગ એ પરમાણુઓની નિષ્ક્રિયતા થયા પછી કરતા હોય છે.

શ્રી પ્રભુએ ઠારવાના બે માર્ગ દર્શાવી સાધકે કેવો પુરુષાર્થ કરવો જોઈએ તે સમજાવ્યું છે. આ પુરુષાર્થની લાક્ષણિકતા એ છે કે જીવ બેવડા દોરે ઋણની નિવૃત્તિ કરી શકે છે. દાતાર પ્રતિનું ઋણ તે પોતાનાં વિહારરૂપી ખેંચાણથી ચૂકવે છે અને પોતાની પાછળ હોય તેવા પાત્ર જીવને નિહાર દ્વારા ધક્કો મારી ઋણી બનાવે છે. જીવના આ લાભકારી પુરુષાર્થને હવે આપણે શ્રીપ્રભુ તથા શ્રી પંચપરમેષ્ટિપ્રભુની કૃપાથી અને આજ્ઞાથી સ્વપુરુષાર્થની દૃષ્ટિથી સમજીએ.

'ઠરી અવરને ઠાર' એ વિધાનમાં તથા એ માધ્યમમાં જીવ પહેલા ઠરે છે, જેથી એ બીજાને ઠારી શકે. આ સ્થિતિને હવે આપણે આહાર, વિહાર તથા નિહારની અપેક્ષાએ વિચારીએ. શ્રીપ્રભુ આપણને સમજાવે છે કે જીવ પોતે ઠરે છે ત્યારે તે બે પ્રકારનાં માધ્યમથી ઠરે છે. ૧. નિમિત્તાધીન ૨. ઉપાદાન થકી.

૧. જીવ જ્યારે અન્ય યોગી મહાત્માઓના ઉચ્ચ પરમાણુઓને પૂર્વ પુણ્યના ઉદયથી સ્પર્શે છે ત્યારે તે જીવ એ પરમાણુઓની અસરથી ઠરે છે. આ જીવનું નિમિત્તાધીન ઠરવું ગણાય.

૨. જીવ જ્યારે ઉચ્ચ સ્વપુરુષાર્થના આધારે પોતાનાં ઉપાદાનને ઉર્ધ્વ કરે છે ત્યારે તે જીવ યોગી મહાત્માનાં ઉચ્ચ પરમાણુઓને ખેંચે છે, અને તેની અસરથી તે ઠરે છે. આ જીવનું ઉપાદાન થકી ઠરવું ગણાય.

પહેલા માર્ગમાં નિમિત્તથી જીવનાં ઉપાદાનની ખીલવણી થાય છે. અને બીજા માર્ગમાં ઉપાદાન નિમિત્તને ખીલવતું હોય છે. ખીલવણીના પ્રારંભિક કાળમાં ભલે જીવનો પુરુષાર્થ પહેલા માર્ગથી શરૂ થાય છે, પણ જે અપ્રમત્ત સાધક છે તેની બાબતમાં નિમિત્ત તથા ઉપાદાનનો પુરુષાર્થ એકબીજાને ઊંચે ચડાવવામાં કારણ તથા કાર્ય બને છે. બીજી રીતે કહેવું હોય તો કહી શકાય કે, જીવ જો નિમિત્તનાં કારણથી ઉપાદાનને ખીલવે છે તો એ નિમિત્તની અસરથી ખીલેલાં ઉપાદાનને કારણે નવાં ઉચ્ચ નિમિત્તને સાથ આપવા એ ઉપાદાને તૈયાર થવું જ પડે છે. આમ પહેલો તથા બીજો માર્ગ એકબીજામાં ગૂંથાયેલા હોય છે. આ ગૂંથણીના આધારે જીવનાં કલ્યાણ આહાર, વિહાર તથા નિહાર સર્જાય છે. તેની તરતમતા પ્રમાણે તેનાં પાંચ માર્ગ (પાંચ વિભાગ) શ્રી પ્રભુએ નિરૂપ્યા છે. તે આ પ્રમાણે છે:–

૧. કલ્યાણ આહાર માર્ગ
૨. કલ્યાણ આહાર તથા નિહાર માર્ગ
૩. કલ્યાણ આહાર તથા વિહાર માર્ગ
૪. કલ્યાણ આહાર પ્રેરિત વિહાર તથા નિહાર માર્ગ
૫. કલ્યાણ આહાર, વિહાર તથા નિહાર માર્ગ

શ્રી પ્રભુ આપણને સમજાવે છે કે આ પાંચે માર્ગમાં કલ્યાણ આહાર તો છે જે, એનો અર્થ એ થાય છે કે તે સર્વમાં જીવે પોતે ઠરવાનું તો છે જ. પણ જેમ જેમ જીવનો પુરુષાર્થ સન્માર્ગે વધતો જાય છે, તેમ તેમ તેનામાં અન્યને ઠારવાની શક્તિ આવતી જાય છે, અને વધતી જાય છે. આ પાંચે માર્ગમાં શ્રી પંચપરમેષ્ટિ પ્રભુનો પુરુષાર્થ રહેલો છે. શ્રી પ્રભુની કૃપાથી અને શ્રી પંચપરમેષ્ટિપ્રભુની આજ્ઞાથી તેનો વિસ્તાર સમજીએ.

## ૧. કલ્યાણ આહાર માર્ગ

આ માર્ગ સાધુસાધ્વીજી આરાધે છે. કલ્યાણ આહાર માર્ગમાં જીવનો પુરુષાર્થ મુખ્યત્વે કલ્યાણનાં ઉત્તમ પરમાણુઓ ગ્રહણ કરવાનો હોય છે. એ પરમાણુઓને

ગ્રહણ કરી જીવ પોતાના સ્વપુરુષાર્થને ઉત્તમ કેડીએ ચડાવે છે કે જેથી તે વિશેષ ઉત્તમ કલ્યાણ આહાર કરી શકે. આ પુરુષાર્થમાં જીવનો ધ્રુવકાંટો સ્વકલ્યાણાર્થે રહેલો કલ્યાણ આહાર છે. આ માર્ગથી જીવ પોતાના પુરુષાર્થની શરૂઆત કરે છે, કારણ કે તેનામાં અમુક અંશે શક્તિની અલ્પતા હોવાથી એને કલ્યાણ આહારનું સંક્રમણ કરી તેનો નિહાર કરવો પડે છે. આ કક્ષાએ જીવમાં પોતાનું કલ્યાણ કરી શકે તથા લોકોને કષાયાદિ વિભાવરસવાળાં પરમાણુઓ ન આપે એટલી જ શક્તિ આવી હોય છે.

આવા પુરુષાર્થને સર્વ સાધુસાધ્વીજીઓ કેળવે છે. તેઓ આ પુરુષાર્થમાં પોતાની વ્યવહારશુદ્ધિ તથા આત્મશુદ્ધિ વધારતાં વધારતાં કલ્યાણ આહારને વધારે ને વધારે વિશુદ્ધ કરવા મગ્ન થતા જાય છે. અહીં કોઈને પ્રશ્ન ઉદ્ભવી શકે છે કે, કલ્યાણઆહારનો માર્ગ જીવ પોતાનું કલ્યાણ કરવા માટે વાપરે છે, તો પછી પંચપરમેષ્ટિ તરીકે સાધુસાધ્વીજી આ માર્ગનો ઉપયોગ કરતા હોવાથી સ્વકલ્યાણને જ તેમના દ્વારા મહત્ત્વ અપાતું હોવા છતાં તેઓ પંચપરમેષ્ટિમાં સ્થાન કેવી રીતે પામે છે, તથા શ્રીપ્રભુ તેમને વંદના શા માટે કરે છે? તેમાં અન્યનું કલ્યાણ તો સમાયેલું નથી! શ્રીપ્રભુ તેમના ૐનાદ દ્વારા આ પ્રશ્નનો યોગ્ય ખુલાસો આપે છે. શ્રી સાધુસાધ્વીજીઓ તેમના કલ્યાણ આહારમાં આરૂઢ હોય છે, એમની સંખ્યા અન્ય સર્વ પરમેષ્ટિ કરતાં મોટી હોય છે. એમનો વિભાજન ફાળો (distribution) પણ સહુથી વધારે હોય છે. આથી જ્યારે અન્ય પરમેષ્ટિ નિહાર કરવા માટે યોગ્ય પાત્ર જીવોને શોધે છે ત્યારે સાધુસાધ્વીજીનો સમૂહ જે કલ્યાણ આહાર કરવામાં કેંદ્રસ્થાને રહે છે, તેઓ તેમને યોગ્ય નિહાર કરવા માટે કારણ આપે છે. આ યોગ્ય નિહારનાં કારણે અન્ય પરમેષ્ટિ વધારે શુદ્ધ કલ્યાણ આહાર, વિહાર તથા નિહાર કરી શકે છે. આના લીધે પ્રભુનાં કલ્યાણચક્રનું સાતત્ય યોગ્ય રીતે જળવાય છે. આ સાતત્યની થતી જાળવણી શ્રી પ્રભુ માટે સાધુસાધ્વીને વંદન કરવાનું નિમિત્ત બને છે. આ પરથી આગળ આગળના પદને સ્પર્શવામાં કલ્યાણભાવિ જીવમાં કેવી પ્રક્રિયા થાય છે તે અહીં સમજાય છે.

## ૨. કલ્યાણ આહાર અને નિહારનો માર્ગ

આ માર્ગ ઉપાધ્યાયજી સેવે છે. આ માર્ગમાં જીવ કલ્યાણ આહાર તો કરે જ છે, સાથે સાથે જેમ જેમ તેની શક્તિ વધતી જાય છે તેમ તેમ તેના ભાવ બળવાન થતા જાય છે. તેમને થાય છે કે જે કલ્યાણનો માર્ગ પોતે પામ્યા છે તે માર્ગ અન્ય જીવો પણ પોતાનાં સ્થૂળ નિમિત્તથી પામો. આવા ભાવના આધારથી તેઓ જેમ જેમ કલ્યાણ આહાર કરતા જાય છે તેમ તેમ તેઓ વાણી, બોધ અને અમુક અંશે આચાર દ્વારા પ્રમાણમાં નબળા કહી શકાય તેવાં કલ્યાણનાં પરમાણુઓનો નિહાર કરતા જાય છે. આ માર્ગમાં કેટલાક જીવો નિહાર દ્વારા અન્ય જીવોનું કલ્યાણ કરવા એવા મંડી પડે છે કે ઘણીવાર તેઓ કલ્યાણ નિહાર કરવા માટે કલ્યાણ આહાર કરવા લાગે છે.

હે પ્રભુ! અહીં અમને એક સવાલ ઉદ્‌ભવે છે. જે જીવ નિહાર કરવા આહાર કરતો હોય, તે પોતે કેવી રીતે ઠરી શકે? એમનું મુખ્ય ધ્યેય તો બીજાને ઠારવાનું હોય છે! વળી, પોતે ઠર્યા વિના બીજાને જીવ કેવી રીતે ઠારી શકે? શ્રીપ્રભુ અંતર આજ્ઞામાં સતત લીન રહેતા હોવા છતાં, પ્રશ્નની યોગ્યતા જાણીને અને પોતાનાં ૠણની નિવૃત્તિ કરવા આપણને ઉત્તર આપે છે.

જીવ જ્યારે નિહાર કરવા માટે આહાર કરે છે ત્યારે, તેનું ધ્યેય એવું હોય છે કે અન્ય જીવો આ માર્ગની પ્રાપ્તિ કરે અને ઠરે. આ કાર્ય કરવા માટે તેમણે પોતાનાં સંસારી કે ભૌતિક સુખનો ત્યાગ કરી, આ જ માર્ગે ચાલી યોગ્ય કલ્યાણ આહાર કરવો પડે છે. આ કલ્યાણ આહારને કલ્યાણ નિહારમાં પરિણમાવી તેઓ પાત્ર જીવોને દાન કરે છે ત્યારે તેમને જે પરમાર્થ પુણ્ય પ્રાપ્ત થાય છે, તે પુણ્ય પોતાને ઠરવા માટે ખૂબ ઉપયોગી થાય છે, ઉપકારી પણ તેટલું જ થાય છે. જે જીવ પોતાના પુરુષાર્થ પર લક્ષ કેંદ્રિત ન રાખતાં, પોતાપણું ત્યાગી અન્યને કલ્યાણ કરવાનું નિમિત્ત આપે છે, તેનું કલ્યાણ શ્રીપ્રભુ ગુપ્ત માધ્યમથી યોગ્ય કલ્યાણ આહાર કરાવવા દ્વારા કરતા જાય છે. આ કારણથી એ જીવો જ્યારે જીવ સમસ્ત માટે આવા કલ્યાણના ભાવ કરે છે ત્યારે તેઓ શ્રી પંચપરમેષ્ટિનાં ઉપાધ્યાયજીનાં પદને પામે છે. આવા ઉપાધ્યાયજી શ્રીપ્રભુ માટે વંદનીય બને છે, કારણ કે તેઓ

શ્રી પંચપરમેષ્ટિ પ્રભુનાં ધર્મનાં મંગલપણાનાં ધ્યેયને, પોતાનાં સ્વકલ્યાણનાં ધ્યેયને ગૌણ કરીને પણ સિદ્ધ કરે છે.

## ૩. કલ્યાણ આહાર તથા વિહારનો માર્ગ

આ માર્ગને શ્રી આચાર્યજી પાળે છે. શ્રી ઉપાધ્યાયજી પુરુષાર્થ કરતી વખતે પરકલ્યાણ કરવાના નિહારના હેતુથી કલ્યાણ આહાર કરતા હોય છે; તે આપણે જોયું. આ પ્રક્રિયા દ્વારા જીવ 'ઠરી અવરને ઠાર'ની બીજી ભૂમિકાને ભજે છે. કલ્યાણ આહાર તથા નિહારના માર્ગમાં જીવ આહારેલા પરમાણુઓનું સંક્રમણ કરતો નથી, પરંતુ તે જૂનાં પરમાણુઓનો નિહાર કરે છે, જેથી અન્ય જીવોનું કલ્યાણ થાય અને નવા આહારેલાં પરમાણુઓને વસવાની જગ્યા થાય. આ જગ્યા કરવામાં તેનું મુખ્ય ધ્યેય એ હોય છે કે યોગ્ય સમયે તે પરમાણુઓનો નિહાર થઈ શકે. વિચક્ષણ સાધકને આ માર્ગનો ઉપયોગ કરતાં ખ્યાલ આવે છે કે આ માર્ગમાં જીવ કલ્યાણનાં પરમાણુઓની ગાળણ ક્રિયા (filtering process) કરતો નથી. તે એક પ્રદેશ પર આહાર કરે છે અને અન્ય પ્રદેશમાંથી જૂનાં પરમાણુઓનો નિહાર કરે છે. આ ક્રિયા કરતાં તેને સમજાય છે કે આ માર્ગની શુદ્ધિ કરવા માટે જીવે કલ્યાણ આહારનાં પરમાણુઓનું સંક્રમણ કરી, અમુક સંખ્યાત પ્રદેશો પર તેને કેંદ્રિત કરે તો તેની નિહારની પ્રવૃત્તિ વધારે તીક્ષ્ણ, ગાઢી, અને ઊંડી બની શકે છે. આ સમજણ સ્પષ્ટ થવાથી સાધકનો પુરુષાર્થ કલ્યાણ આહાર તથા કલ્યાણ વિહાર તરફ વળે છે. આ માર્ગમાં જીવ જ્યારે કલ્યાણ આહાર કરે છે ત્યારે તે આહારને આરંભમાં યોગ્ય રીતે ગાળે છે એટલે કે પોતામાંથી અશુભ પરમાણુઓને છૂટા કરે છે (filter કરે છે). પછી એ બાકીનાં જુદાં જુદાં શુભ પરમાણુઓને પોતાની લાક્ષણિકતા તથા ગુણવત્તા અનુસાર વિભાજિત (classification) કરે છે. અને છેવટમાં એ જુદા પાડેલાં પરમાણુઓને યોગ્ય પ્રદેશો પર મોકલે છે (transportation). આમ કલ્યાણ આહાર વિહારના માર્ગમાં મુખ્ય ત્રણ અવસ્થાઓ આવે છે. ગાળણ (filteration), વિભાજન (classification) અને વિતરણ (transportation).

આ સમજણ મળતાં સવાલ ઊઠી શકે છે કે કલ્યાણ આહાર વિહારના કાર્યમાં જીવ શા માટે પરમાણુઓને ત્રણ અવસ્થામાંથી પસાર કરે છે? શ્રીપ્રભુ ઉત્તમ ૐનાદ દ્વારા અપૂર્વ, પૂર્ણ તથા સચોટ ઉત્તર આપણને આપે છે. જીવ જ્યારે કલ્યાણ આહાર કરે છે ત્યારે તેની છદ્મસ્થ દશા હોવાને લીધે તે કષાયાધીન હોય છે. પરિણામે તેના ભાવ સમયે સમયે પલટાતા હોય છે. તે જીવ પલટાતા ભાવાનુસાર કલ્યાણ આહાર કરતો રહે છે. પરિણામે તે સાધુસાધ્વીનાં કલ્યાણનાં પરમાણુઓ, ઉપાધ્યાયજીનાં કલ્યાણનાં પરમાણુઓ, આચાર્યજીનાં કલ્યાણનાં પરમાણુઓ, ગણધરજીનાં કલ્યાણનાં પરમાણુઓ, અરિહંત અને સિદ્ધનાં કલ્યાણનાં પરમાણુઓ તથા પંચપરમેષ્ટિનાં કલ્યાણનાં પરમાણુઓ અથવા તેઓનાં અનંતાનંત પ્રકારનાં મિશ્રણનાં પરમાણુઓ સ્વશક્તિ અનુસાર આશ્રવતો રહે છે. જેમ જેમ તે પરમાણુઓનો આશ્રવ કરતો જાય છે તેમ તેમ તેઓને તે યોગ્ય રીતે ગાળે છે, જેથી પરમાણુઓની ગુણવત્તાને તે યોગ્ય સરળતા, ભક્તિ, વિનય તથા આજ્ઞાથી વિભૂષિત કરી શકે. આ પરમાણુઓની ગાળણક્રિયા કર્યા પછી (filteration process પછી) એ પરમાણુઓનું ગુણવત્તા અનુસાર વિભાજન (classification) કરવું જોઈએ તે સમજાય તેવી બાબત છે. યોગ્ય વિભાજન થયા પછી, તે પરમાણુઓને યોગ્ય પ્રદેશો પર સ્થાપિત કરવાની ક્રિયા થાય છે. શ્રીપ્રભુ અહીં સમજાવે છે કે સાધુસાધ્વીજીના સર્વ કલ્યાણ આહારને જીવ સાધુસાધ્વીરૂપ પ્રદેશો પર કેંદ્રિત કરી સ્થાપિત કરે તો એ પરમાણુઓમાં એનાથી સહન થાય એવાં યોગ્ય સરળતા, ભક્તિ, વિનય, તથા આજ્ઞા પૂરવાં સહેલાં પડે. ધારો કે એ પરમાણુઓ ઉપાધ્યાયજીની કક્ષાએ પહોંચેલા પ્રદેશો પર સ્થાપિત થાય તો એ પરમાણુઓની થોડી ઓછી ગુણવત્તાને કારણે તેની સહનશીલતા તથા ઉપાધ્યાયરૂપ પ્રદેશો પર રહેલાં સરળતા, ભક્તિ, વિનય તથા આજ્ઞાના ભાવ વચ્ચે વિરોધ આવી શકે, એનાં કારણે એ પરમાણુઓને કાં અપાત્રે દાન મળે અથવા તો પ્રદેશો તરફથી અલ્પ વીર્ય તથા અલ્પ આજ્ઞારસ આપવાનો દોષ થાય. જો પરમાણુઓને એમની ગુણવત્તા પ્રમાણે યોગ્ય પ્રદેશો પર કેંદ્રિત કરી સ્થપાય તો તેમાં જીવને બેવડો લાભ થાય છે. પહેલો લાભ એ થાય છે કે એ પરમાણુઓને પોતાની શક્તિની માત્રામાં ચેતન(આજ્ઞા) રસનું

પોષણ મળે છે, અને બીજો લાભ એ થાય છે કે સમાન ગુણવત્તાવાળા પરમાણુઓ એક સાથે કેંદ્રિત થયા હોવાથી તેની શક્તિ તથા ગુણવત્તા વિભિન્ન પરમાણુઓ કરતાં ઘણી વધી જાય છે. જુદા જુદા પ્રકારનાં સંગ્રહિત પરમાણુઓ કરતાં એક જ પ્રકારનાં સંગ્રહિત પરમાણુઓના સમૂહનાં શક્તિ તથા ગુણવત્તા ઘણાં વિશેષ હોય છે. અર્થાત્ જુદી જુદી ગુણવત્તાવાળાં પરમાણુઓ કરતાં એકસરખી ગુણવત્તાવાળાં પરમાણુઓની શક્તિ તેમજ ગુણવત્તા ઘણાં વધી જાય છે. આવા વિચક્ષણ માર્ગને શ્રી આચાર્યજી યથાર્થતાએ સેવે છે. તેઓનો નિહાર સહજતાએ થતો હોય છે કેમકે તેઓ પોતાનાં ચારિત્ર તેમજ વર્તનના સાથથી યોગ્ય નિહાર કરતા રહે છે.

> "અહો! શ્રીપ્રભુની અમૃતવાણી કેવી ઈષ્ટ, મિષ્ટ અને શિષ્ટ છે? આવી ભવ્ય વાણીનું શ્રુત તથા તેનો અનુભવ અમને સતત મળ્યા કરે એવી કૃપા, હે પ્રભુ! અમારા પર વરસાવતા રહો."

## ૪. કલ્યાણ આહાર પ્રેરિત વિહાર તથા નિહારનો માર્ગ

આ માર્ગનું સેવન શ્રી ગણધરજી કરતા રહે છે. આપણે સમજ્યા તે પ્રમાણે શ્રી આચાર્યજી કલ્યાણ આહાર તથા વિહારના માર્ગને સાધે છે, જેથી કલ્યાણ આહાર યોગ્યરૂપે કલ્યાણ વિહારમાં પરિણમે, અને આજ્ઞાધીનપણે એ કલ્યાણનો પિંડ યોગ્ય પ્રદેશો પર કેંદ્રિત થઈ વિરાજે. આમ કરવાથી તે પિંડને કલ્યાણની ઉત્કૃષ્ટ સ્થિતિ સુધી લઈ જવાનું સદ્ભાગ્ય તેમજ તેને અનુરૂપ ચારિત્ર સાધકને પ્રગટ થાય છે. 'ઠરી અવરને ઠાર'ની આ સ્થિતિએ પહોંચવા માટે સાધકને વિપુલ માત્રામાં મતિ અને શ્રુતજ્ઞાન હોવાં જરૂરી છે. તે ઉપરાંત મધ્યમ માત્રામાં અવધિજ્ઞાનની જરૂરિયાત પણ રહેલી છે. આ દશાએ આવ્યા પછી સાધકમાં ક્રમે ક્રમે મન:પર્યવજ્ઞાન પ્રગટ થઈ, અવધિજ્ઞાનની સાથે સાથે તે મધ્યમ તેમજ વિપુલતા સુધી પહોંચે છે. બંને જ્ઞાન જ્યારે વિપુલતા પામે છે ત્યારે તે સાધક જેમ જેમ કલ્યાણ આહાર કરે છે તેમ તેમ તે મન:પર્યવજ્ઞાન તથા અવધિજ્ઞાનનો ઉપયોગ કરી, તે પરમાણુઓમાં રહેલા ભાવરસને યોગ્યરૂપે ઓળખી (પારખી) શકે છે. આ ભાવરસ પ્રમાણે તથા તે રસને વધારે ઊંચે

ચડાવવા તે સાધક વિહાર તથા નિહારની ક્રિયા એકસાથે કરતો થાય છે. વિહાર તથા નિહાર સાથે કરવાથી સાધકમાં એવી શક્તિ ઉત્પન્ન થાય છે કે તે પોતાનાં ચારિત્રને અમુક રીતે પરિણમાવી, ભાવરસથી સહન થાય તેટલી માત્રામાં તેનાં પરમાણુઓમાં આજ્ઞાવીર્યને ભરી, ભાવરસની કક્ષા ઊંચે લઈ જાય છે. આવા ભાવરસથી સભર થયેલા ઉચ્ચ પરમાણુઓને તેમની યોગ્યતા પ્રમાણે યોગ્ય પ્રદેશો પર તેઓ એકત્રિત કરે છે. અને ત્યાંથી યોગ્ય રીતે આજ્ઞાધીનપણે તેનો નિહાર કરે છે.

આ ક્રિયા કરવાથી જીવનો ઠરવા માટેનો ઉપયોગ ખૂબ જલદીથી ફરી શકે છે. ઉદા. ત. સાધુસાધ્વીરૂપ પ્રદેશો પોતાનાં ચારિત્રમાં એ પ્રકારે ઠરે છે અને ગણધરરૂપ પ્રદેશો પોતાનાં ચારિત્રમાં એ પ્રકારે ઠરે છે. સહુ પ્રદેશો પોતાની કક્ષા અને ગુણવત્તાના પ્રમાણમાં ઠરે છે. આવા ઉત્તમ તેમજ ઉત્કૃષ્ટ ચારિત્રને જ્ઞાની ભગવંતો 'અગુરુલઘુ ઠાર' તરીકે ઓળખાવે છે. આ ચારિત્રની ઉત્કૃષ્ટ દશાને પાંચપદને સ્પર્શેલા ગણધર ભગવાન આદરી શકે છે, અને તેનાથી ઉતરતી કક્ષાએ અન્ય ગણધરો આદરે છે. આવા આત્માઓની ઠરી અવરને ઠારની ક્રિયા કલ્યાણ આહારની શક્તિ તથા સહનશીલતા પર આધાર રાખે છે. તેથી શ્રીપ્રભુ આ માર્ગને કલ્યાણ આહાર પ્રેરિત વિહાર તથા નિહારના માર્ગ તરીકે ઓળખાવે છે.

આ માર્ગને વિશેષ શુદ્ધ બનાવવા ગણધરપ્રભુ પોતાની શક્તિ અનુસાર આહાર, વિહાર તથા નિહારની પ્રવૃત્તિને સમકાળે કરે છે, પરંતુ તેમને સમય સમયનું જ્ઞાન છદ્મસ્થપણાને લીધે ન હોવાના કારણે તેમનાથી વચ્ચેના સમયમાં કેટલાક આંતરા પડી જાય છે. શ્રી ગણધરપ્રભુ ત્રણ પ્રવાહથી આ માર્ગને આદરે છે તથા આરાધે છે.

- આહારથી વિહાર તથા નિહારનો પ્રવાહ
- વિહારથી આહાર તથા નિહારનો પ્રવાહ
- નિહારથી આહાર તથા વિહારનો પ્રવાહ

શ્રી પ્રભુ તથા શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની કૃપાથી અને આજ્ઞાથી આપણે આ ત્રણે પ્રવાહોને ઊંડાણથી સમજવા પ્રયત્ન કરીએ.

## આહારથી વિહાર તથા નિહારનો પ્રવાહ

શ્રી ગણધરજી કલ્યાણ આહાર પ્રેરિત વિહાર તથા નિહારના માર્ગ પર ચાલે છે. જેથી આહારના કલ્યાણરસને અનુરૂપ તથા તેની શુદ્ધિ અનુસાર યોગ્યરૂપે તેમજ યોગ્ય માધ્યમથી તેઓ ઠરવાની ક્રિયા તથા ઠારવાની પ્રક્રિયાને આજ્ઞાધીનપણે વેદી શકે છે. આ અતિસૂક્ષ્મ માર્ગને આરાધવા માટે શ્રી ગણધરજીને શ્રુતકેવળીપણા સાથેનાં ચાર જ્ઞાન, અને ચૌદ પૂર્વનાં જ્ઞાનની ચૈતન્યતા ઉપયોગી થાય છે.

ચૌદ પૂર્વનાં જ્ઞાનમાં સ્થૂળતાએ આ લોકનાં સર્વ પદાર્થો, વસ્તુઓ, ભાવાર્થ, પધ્ધતિ, શૈલી, રૂપીઅરૂપી ભાવનાઓ તથા ચેતનરસની સર્વ પર્યાયોનું વિસ્તારથી ક્રમબદ્ધ વર્ણન કરેલું છે. એમાં સર્વ અપેક્ષાઓનું વર્ણન, તેનું વિશેષ પૃથક્કરણ, તેમાં રહેલા ગુણદોષનું વર્ણન, દોષોને ગુણમાં પરિણમાવવાની પધ્ધતિ, તથા ગુણને દોષમાં પરિણમવા માટેનાં ભયસ્થાનો આદિનો વિસ્તાર છે. આ જ્ઞાનથી શ્રી ગણધરજી કલ્યાણ આહારમાં રહેલા ભાવરસ-પર્યાયને યોગ્યસ્વરૂપે જાણે છે, એમાં રહેલા ગુણદોષનું ઝીણવટથી નિરિક્ષણ કરે છે; ગુણોને વિશિષ્ટ રીતે વધારવાના અને દોષોને પૂર્ણતાએ કાઢવાના માર્ગને તેઓ આ ચૌદ પૂર્વનાં જ્ઞાન સહિતનાં ચાર જ્ઞાનના આધારે પોતાનાં અંતરમાં સમજણ સાથે સ્થિર કરે છે. તે પછી એ સમજણને ચારિત્રરૂપ ચેતનરસમાં રૂપાંતરિત કરવા માટે પોતાના આત્મપ્રદેશોમાં યોગ્યરૂપે, અગુરુલઘુ પુરુષાર્થનાં માધ્યમથી આજ્ઞારસને ખીલવે છે. અને તેની યોગ્યતા અનુસાર એ આજ્ઞારસને કલ્યાણ આહારમાં વિહાર તથા નિહારના સાથથી પૂરે છે. ગણધરના આ પુરુષાર્થને શ્રીપ્રભુ આહારથી વિહાર તથા નિહારના પ્રવાહ તરીકે ઓળખાવે છે. અહો શ્રી ગણધરપ્રભુ! આપના આ અતુલ્ય તથા અગાધ પુરુષાર્થને અમારા કોટિ કોટિ વંદન હો.

## વિહારથી આહાર તથા નિહારનો પ્રવાહ

પહેલા પ્રવાહથી શ્રી ગણધરજી આહારમાં આહારનું સિંચન વિહાર તથા નિહારના માધ્યમથી કરે છે. તે પછી એ કલ્યાણ આહારમાં આજ્ઞારૂપ ચેતન ઠંડકનો આહાર

આપી, તેને વિહારની ક્રિયા માટે તૈયાર કરે છે. વિહારમાં શ્રી ગણધરજી જાણે છે કે એક પુદ્‌ગલની અનંત પર્યાયો છે, પણ એ પર્યાયોને સમાનરૂપે જો કેંદ્રિત કરવામાં આવે તો એ અનંત પર્યાયો એકપણું પામી, અપેક્ષાએ એકત્વ ભાવનાના માધ્યમથી એ જ અટપટા પુદ્‌ગલની પર્યાયોને સરળ, સુગમ તથા સનાતન મંગલમય ધર્મમાં પરિણમાવે છે. એ માટે પુદ્‌ગલને પાંચ પરમેષ્ટિની સત્તા, ક્ષેત્રની મર્યાદા (Jurisdictional Boundaries) અનુસાર જો કેંદ્રિત કરવામાં આવે તો એ કલ્યાણ આહારની સરળતા તથા સુગમતા યોગ્યરૂપે પરિણમે. એ માટે શ્રી ગણધરજી ફરીથી ચૌદ પૂર્વનાં જ્ઞાનના આધારથી કલ્યાણ આહારને યોગ્યરૂપે તથા યોગ્ય જગ્યાએ વિહાર કરાવવા માટે શ્રી અરિહંત ભગવાન તથા શ્રી પંચપરમેષ્ટિ પ્રભુ પાસે કલ્યાણ આહારરૂપ આજ્ઞા લે છે. આજ્ઞા મળ્યા પછી જે પ્રદેશ પર કલ્યાણ આહારની સ્થાપના કરવાનો આદેશ મળ્યો હોય તે પ્રદેશ પરથી અન્ય પરમાણુઓનો તેઓ નિહાર કરાવે છે, કે જેથી કલ્યાણ આહારનાં પરમાણુઓ માટે અવગાહના તૈયાર થાય અને સાથે સાથે અન્ય પરમાણુઓનો વિભાવભાવ આ કલ્યાણ આહારનાં પરમાણુઓના આજ્ઞારસને દુષિત કરી શકે નહિ. આવા અપૂર્વ તથા અતિ ગંભીર પ્રવાહને શ્રીપ્રભુ 'વિહારથી આહાર નિહારના' પ્રવાહરૂપે ઓળખાવે છે. "અહો! અહો, શ્રીપ્રભુ! તમારા આ ગુણિયલ શિષ્યના આજ્ઞાધીનપણાને જાણીને અમને કુતૂહલ થાય છે કે જે શિષ્યમાં આટલી શુદ્ધિ તથા વિવેક છે, તો તેમના ગુરુનો પુરુષાર્થ કેવો અપૂર્વ હોવો જોઈએ? આ અપૂર્વતાની કલ્પના પણ અમારાથી થઈ શકતી નથી; માટે હે પ્રભુ! આ દાસને તમારો ભક્ત ગણી, પરમ કરુણાની પરિભાષાથી અમને તેનું જ્ઞાનદાન આપો."

## નિહારથી આહાર તથા વિહારનો પ્રવાહ

સર્વ છદ્મસ્થ પરમેષ્ટિનો કલ્યાણ આહાર તથા કલ્યાણ વિહાર છેવટે તો નિહાર માટે જ થાય છે. નિહાર બે પ્રકારે થાય છે: સ્વ અર્થે થતો નિહાર અને પર અર્થે થતો નિહાર. સ્વ અર્થે થતા નિહારમાં જીવ પોતાનાં પૂર્વ સંચિત કર્મોને નિઃશેષ કરવા

પુદ્ગલ પરમાણુઓને આત્માના પ્રદેશ પરથી કાઢે છે. પર અર્થે થતા નિહારમાં જીવ અન્ય જીવનાં કલ્યાણાર્થે પોતાના આત્માના પ્રદેશો પરથી પુદ્ગલ પરમાણુઓ કાઢે છે.

છદ્મસ્થ પરમેષ્ટિ નવ પ્રકારે તેમનાં કલ્યાણનાં પરમાણુનો નિહાર કરતા હોય છે. (૧) તેઓ સ્વનિહાર પ્રેરિત સ્વનિહાર કરે છે, એટલે કે તે જીવ પોતાના કલ્યાણ માટે, પોતાનાં કર્મોની નિર્જરા કરવાના હેતુથી સ્વકલ્યાણ કરવા શક્તિમાન પરમાણુઓ પોતાના આત્મપ્રદેશ પરથી નિર્જરાવે છે. (૨) તેઓ સ્વનિહાર પ્રેરિત પરનિહાર કરે છે એટલે કે તે જીવનો મુખ્ય હેતુ હોય છે પોતાનાં બાધક પરમાણુઓને ખેરવવાનો, પરંતુ તે થકી તેઓ એવાં પરમાણુઓ ત્યાગે છે કે જેનાથી પરનું કલ્યાણ પણ સંભવિત થાય. (૩) સ્વનિહાર પ્રેરિત સ્વપરનિહાર પણ તેમના થકી થાય છે, ત્યારે તેઓ પોતાનાં એવાં કર્મપરમાણુઓ ત્યાગે છે કે જેનાં ફળરૂપે સ્વ તથા પર બંનેનું કલ્યાણ થાય. (૪) કેટલીક વાર તેઓ પરનિહાર પ્રેરિત સ્વનિહાર કરે છે. તેમાં તેઓ બીજાનું કલ્યાણ કરવાના હેતુથી પોતાને કલ્યાણરૂપ થાય તેવાં પરમાણુઓ છોડતા હોય છે. (૫) અમુક વખતે પરમેષ્ટિ પરનિહાર પ્રેરિત પરનિહાર કરે છે, અર્થાત્ બીજાનાં કલ્યાણ કરવાના ભાવથી અન્યનું કલ્યાણ થાય તેવાં પરમાણુઓ તેમના થકી નિર્જરા પામે છે. (૬) કેટલીક વખત તેમના થકી પરનિહાર પ્રેરિત સ્વપરનિહાર પણ થતો હોય છે, તેવે વખતે તેમનો હેતુ હોય છે પરનું કલ્યાણ કરવાનો, પરંતુ તેમના થકી એવાં પરમાણુઓનો નિહાર થાય છે કે જેના થકી સ્વ તેમજ પર, એમ બંનેનું કલ્યાણ થાય છે. (૭) ઘણીવાર ઉત્તમ છદ્મસ્થ પરમેષ્ટિ સ્વપરનિહાર પ્રેરિત સ્વનિહાર કરે છે, જેમાં પરમેષ્ટિના ભાવ હોય છે, બંનેનાં કલ્યાણ માટેનાં, પણ એવાં પરમાણુઓ તેમના આત્મપ્રદેશ પરથી જાય છે કે જે મુખ્યતાએ સ્વકલ્યાણનો ફાળો નોંધાવે છે. (૮) એવી જ રીતે તેમના થકી કેટલીકવાર સ્વપરનિહાર પ્રેરિત પરનિહાર પણ થતો હોય છે, તે સમયે સ્વ તથા પરનું કલ્યાણ કરવાનો હેતુ હોવા છતાં, તેમના થકી એવાં પરમાણુઓ નિર્જરે છે કે તેનો મુખ્ય ફાળો પરકલ્યાણ કરવામાં નોંધાય છે. (૯) આવા પરમેષ્ટિ જ્યારે ઉત્તમ ભાવમાં રમતા હોય છે ત્યારે તેમનાથી સ્વપરનિહાર પ્રેરિત સ્વપરનિહાર થતો હોય છે. આ સમયે તેમના અંતરંગ ભાવ સ્વપરકલ્યાણનો હોવાથી, એવાં ઉત્તમ

પરમાણુઓ છૂટે છે કે જેનાં ફળરૂપે સ્વ તથા પરનું કલ્યાણ એકસાથે થાય છે. આ પ્રમાણે છદ્મસ્થ પરમેષ્ટિ નવ પ્રકારે તેમનાં કલ્યાણનાં પરમાણુઓનો નિહાર કરે છે.

આ પરમેષ્ટિ જે પ્રકારના ભાવ સાથે જે પ્રકારનાં પરમાણુઓનો નિહાર કરે છે, તેને અનુસંધિત લગભગ તે જ પ્રકારનાં તથા થોડા ઉચ્ચ પરમાણુઓનો આહાર કરે છે. તેથી આપણે કહી શકીએ કે નિહાર પામતા પરમાણુઓ ઉપર જીવના વર્તમાનના ભાવો અસર કરે છે, અને તે દ્વારા તે જીવ પોતાના ભાવોનું તથા આહારનું ઉર્ધ્વીકરણ કરતો જાય છે. જીવના ભાવ જો વિપરીતપણે પ્રવર્તે તો આનાથી વિરૂદ્ધ પ્રક્રિયા પણ થઈ શકે છે. આ પરથી આપણને સમજાય છે કે શ્રી પ્રભુએ આત્મવિકાસ કરવા માટે શુભભાવમાં રહેવું ખૂબ જરૂરી છે તે અને સ્વપુરુષાર્થને આટલું બધું મહત્ત્વ શા માટે આપ્યું છે.

અહીં આપણને પ્રશ્ન ઊઠી શકે છે કે પૂર્ણ પરમેષ્ટિનો નિહાર કેવા પ્રકારનો હશે? તેઓ ક્યા પ્રકારે નિહાર કરે છે? શ્રીપ્રભુ આપણને અપૂર્વ સમાધિની નિમગ્નતા સાથે અપૂર્વ ૐ નાદથી ઉત્તર આપે છે કે, (૧૦) શ્રી અરિહંત ભગવાન, પૂર્ણ વીતરાગતા તથા સિદ્ધાવસ્થા પ્રેરિત સ્વનિહાર, પરનિહાર તથા સ્વપરનિહાર એકસાથે કરે છે. (૧૧) અને શ્રી કેવળી ભગવાન પૂર્ણ વીતરાગતા તથા અરિહંત અવસ્થા પ્રેરિત સ્વનિહાર, પરનિહાર તથા સ્વપરનિહાર એકસાથે કરે છે. આ પરમેષ્ટિ કેવળી માટેના નિયમમાં એકમાત્ર અપવાદરૂપ છે શ્રી ગણધર કેવળી, જેમણે છપદનો સ્પર્શ છદ્મસ્થ અવસ્થામાં કર્યો હોય છે. આવા અપવાદરૂપ અતિ અતિ વિરલા ગણધર કેવળી, અરિહંત કેવળી સમાન નિહાર કરે છે. (૧૨) શ્રી સિદ્ધ ભગવાન ધર્મનાં સનાતન તથા મંગલમય આજ્ઞારૂપી ધર્મ તથા તપરૂપી ચેતના પ્રેરિત આજ્ઞારૂપી ધર્મ તથા આજ્ઞારૂપી તપનો સ્વનિહાર, પરનિહાર તથા સ્વપરનિહાર એકીસાથે કરે છે.

આ બધા પ્રકારની નિહારની ક્રિયાને શ્રી ગણધરપ્રભુ પોતાનાં ચૌદપૂર્વનાં જ્ઞાનની સહાયથી જાણે છે, અને આજ્ઞારૂપી ધર્મ તથા આજ્ઞારૂપી તપનાં માધ્યમથી એ ચારેય વિપુલ જ્ઞાનને ચારિત્રરૂપ સમાધિમાં પરિણમાવી, ૐના માધ્યમથી ઉત્કૃષ્ટ નિહાર માટે આ બારે પ્રકારની નિહારની પ્રવૃત્તિને યોગ્યરૂપે આરાધવા કે ભાવવા અર્થે

સાધુસાધ્વી, ઉપાધ્યાય, આચાર્ય તથા ગણધર પાસેથી પહેલી નવ નિહારની પ્રવૃત્તિનો કલ્યાણ આહાર કરે છે. અને અરિહંત તથા અરિહંત સિદ્ધ (યોગથી તેઓ જોડાયા ન હોય ત્યારે) પાસેથી દશમી તથા બારમી દશાનો કલ્યાણ આહાર લે છે. અને પરમેષ્ટિ કેવળી પ્રભુ પાસેથી અગ્યારમી દશાનો કલ્યાણ આહાર લે છે. આ બારે પ્રકારના નિહારમાંથી કલ્યાણ આહારને ગ્રહણ કર્યા પછી તે આહારને વિહારની ત્રણ પ્રવૃત્તિમાં યોગ્યરૂપે સરાવે છે. ૧. ગાળણ (filteration) ૨. વિભાજન (classification) ૩. વિહાર (transportation). આ રીતે તૈયાર થયેલા કલ્યાણ આહારને યોગ્યરૂપે યોગ્ય પ્રદેશો પર કેંદ્રિત કરી સ્થાપિત કરે છે. ત્યારપછી નિહારનાં પરમાણુઓ ઉપર નિહાર અર્થે ગ્રહેલા કલ્યાણાહાર તથા તીક્ષ્ણતા પામવા માટે કલ્યાણ આહારનાં વિહાર કરેલાં પરમાણુઓનો આજ્ઞારસ વરસે છે. આ વર્ષાથી એ પરમાણુઓ પૂર્ણ પરમેષ્ટિનાં પરમાણુઓ બની નિહાર માટે તૈયાર થાય છે. થયેલી વર્ષાથી પૂર્વનાં ગ્રહાયેલાં પરમાણુઓનું ન્યૂનપણું નીકળી, પૂર્ણતા સુધી તેઓ પહોંચે છે. આવા પૂર્ણતા સુધી પહોંચેલા પરમાણુઓને શ્રી ગણધરજીનો આત્મા, કેવળીગમ્ય પ્રદેશોની સહાયથી વિશ્રામણા કરવાના ભાવરસ દ્વારા શ્રી અરિહંતપ્રભુ પાસે મોકલે છે. જ્યારે આ વર્ષામાં બાર પ્રકારનાં નિહારની પ્રક્રિયામાં કલ્યાણ આહારની ન્યૂનતા હોય છે, અથવા યોગ્ય વિહાર કરવામાં પ્રમાદ હોય છે ત્યારે એના નિહારમાં છદ્મસ્થના દોષો રહી જાય છે. મોટેભાગે શ્રી ગણધરજીને પોતાના સ્વપરકલ્યાણના ભાવને કારણે તથા શ્રી અરિહંત ભગવાનના સાથથી ઉત્તમ કલ્યાણ આહાર મળે છે, પરંતુ તેનો વિહાર કરવામાં ઘણીવાર તેમને પ્રમાદનાં કારણે મંદતા ઉદ્ભવતી હોય છે. આ હેતુથી શ્રી મહાવીર ભગવાને ઉત્તરાધ્યયન સૂત્રનાં 'સૂકાંપાન' નામના દશમા અધ્યયનમાં શ્રી ગૌતમસ્વામીને છત્રીસ વખત પ્રમાદ ન કરવાની શિખામણ આપી છે. આ પરથી એ પણ સમજાય છે કે શ્રી મહાવીર પ્રભુએ કેવા શુભ હેતુથી આવો બોધ શ્રી ગૌતમસ્વામીને આપ્યો હતો.

> "અહો! શ્રી પ્રભુ! તમારી અકથ્ય અને અનુભવગમ્ય કરુણાનાં કલ્યાણકિરણો અમારા કલ્યાણ આહાર, કલ્યાણ વિહાર તથા કલ્યાણ નિહારને ઉત્તમપણે તથા પૂર્ણપણે સર્વશ્રેષ્ઠ કરો એ જ પ્રાર્થના છે."

# ૫. કલ્યાણ આહાર વિહાર નિહારનો માર્ગ

આ માર્ગ શ્રી અરિહંતપ્રભુ આરાધે છે. આહાર, વિહાર અને નિહારની ક્રિયામાં જીવને સ્થૂળરૂપે કે સૂક્ષ્મરૂપે પુદ્ગલ પ્રતિ રાગ, દ્વેષ અથવા કષાય થાય છે. પૂર્ણ વીતરાગ એવા અરિહંતપ્રભુ રાગ, દ્વેષ તેમજ કષાયથી નિવૃત્ત હોવા છતાં, એમનો કલ્યાણમાર્ગ તથા કલ્યાણકાર્ય ચાલુ જ રહે છે. આ પરથી સ્પષ્ટ થાય છે કે એમના કલ્યાણ આહાર, વિહાર અને નિહારનો માર્ગ અન્ય પરમેષ્ટિ કરતાં જુદો જ હોવો જોઈએ. એ માર્ગ જુદો જ છે, તેથી તેની યથાર્થ જાણકારી મેળવવા માટે એમના કલ્યાણ આહાર, વિહાર તથા નિહારની પ્રક્રિયા કઈ રીતે વિશિષ્ટ છે અને અન્ય પરમેષ્ટિના એ માર્ગથી તે કઈ રીતે જુદો પડે છે તે જાણવું અનિવાર્ય છે. તે સાથે શ્રી અરિહંત પરમાત્માનો જીવ તીર્થંકર નામકર્મ બાંધ્યા પછી એવી કઈ પ્રવૃત્તિ કે ભાવના કરે છે કે જેથી પૂર્ણાવસ્થામાં તેમની કલ્યાણ આહાર, વિહાર તથા નિહારની પ્રવૃત્તિ વિશિષ્ટ થઈ જાય છે. આ જાણકારી લીધા પછી જ આપણે એમના માર્ગની યથાર્થ જાણકારી લઈ શકીએ તેમ છે. તેથી શ્રીપ્રભુ તથા શ્રી પંચપરમેષ્ટિ ભગવંતની કૃપાથી અને આજ્ઞાથી આ કાર્ય પરત્વે લક્ષ કેંદ્રિત કરીએ.

શ્રી અરિહંત પ્રભુનો પુરુષાર્થ અપૂર્વ હોવાનું મુખ્ય કારણ એ છે કે એમનો સાતમો તથા આઠમો રુચક પ્રદેશ સિદ્ધ થતા અરિહંત પ્રભુની કૃપાથી શુદ્ધ થયા હોય છે. આ કારણથી એમનો જીવ અમુક અમુક સ્થૂળ કાળના અંતરે (સમયે) કોઈ તીર્થંકર પ્રભુ અગર ભાવિ તીર્થંકર જેમણે નામકર્મ બાંધી લીધું હોય તેના થકી પોતાની ઈંદ્રિયોનો વિકાસ કરે છે. એ કલ્યાણકાર્ય કરતી વખતે તીર્થંકર અથવા ભાવિ તીર્થંકર પોતાનાં વેદનરૂપ પંચપરમેષ્ટિ પ્રભુનાં પૂર્ણ આજ્ઞાનાં પરમાણુઓ પણ તેના (કેવળીગમ્ય લેનાર ભાવિ તીર્થંકર) આત્મપ્રદેશ પર રોપે છે. આ પરમાણુઓ ગ્રહણ કરનાર આત્માના પ્રદેશો પર અક્રિયરૂપે રહ્યા કરે છે. આ ક્રિયા જીવનાં છેલ્લાં આવર્તનમાં વધારે થાય છે. આવાં પરમાણુઓ મોટાભાગે માત્ર ભાવિ અરિહંતના જીવને મળતા હોય છે. આ પરમાણુઓમાં શ્રી અરિહંત ભગવાનના આજ્ઞારસ સાથે અન્ય પરમેષ્ટિનો આજ્ઞારસ પણ યોગ્ય સમતોલન સાથે રહ્યો હોય છે. આવું યોગ્ય સમતોલન એ પરમાણુઓમાં

પંચપરમેષ્ટિ ભગવંતના અપૂર્વ આજ્ઞાકવચની રચના કરે છે. તે કવચ એ પરમાણુઓને તથા એ પરમાણુઓને ગ્રહણ કરનાર પ્રદેશને એ જ પંચપરમેષ્ટિ પ્રભુનું આજ્ઞાકવચ પ્રદાન કરે છે. આજ્ઞાકવચનું આ દ્વિતીય કાર્ય છે. તેનું પ્રથમ કાર્ય એ હોય છે કે તે અતિ ક્રુર વિભાવવાળા પરમાણુઓને પ્રથમનાં પુદ્‌ગલ પાસે આવવા જ દેતું નથી. તે ઉપરાંત અમુક સમયના આંતરે (સ્થૂળ સમય) તે પંચપરમેષ્ટિ પ્રભુનાં કલ્યાણનાં પરમાણુઓને પોતા તરફ ખેંચી – આકર્ષી જીવના આત્મપ્રદેશ પર બિરાજમાન કરે છે. આમ અમુક અમુક ભવોના આંતરે એ ભાવિ તીર્થંકર જીવના (જે વર્તમાનમાં અજ્ઞાની હોય છે, પણ ભાવિમાં એ પદ નિશ્ચિત થવાનું છે) અમુક પ્રદેશો પર આવા શ્રી પંચપરમેષ્ટિ ભગવંતના પરમાણુઓ સ્થિર થતા જાય છે.


આવા કલ્યાણકારી પરમાણુઓને ખેંચવા પાછળ એક અતિ ગૂઢ તથા ગંભીર રહસ્ય સમાયેલું છે, જે આપણે શ્રી પ્રભુ તથા શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની કૃપાથી તથા આજ્ઞાથી સમજવા પુરુષાર્થી થઈએ. આ ઘટસ્ફોટને યથાર્થ શબ્દદેહ આપવાનો સત્શ્રમ ઉપાડયો છે તે પ્રભુકૃપાથી સફળ થાઓ. સિદ્ધ થતા શ્રી તીર્થંકર પ્રભુનાં નિમિત્તથી જે જીવ નિત્યનિગોદમાંથી બહાર નીકળે છે તેનો સાતમો તથા આઠમો રુચક પ્રદેશ એકસાથે ખૂલ્યા હોય છે. સિદ્ધ થતા શ્રી તીર્થંકર ભગવાન, જે જે જીવોના સાતમા પ્રદેશને ખોલે છે તે પ્રત્યેક નિત્યનિગોદના જીવમાં એમનાં ધર્મનાં સનાતનપણાનો તથા મંગલપણાનો સમાંતરભાવ રોપે છે. આ સાતમા પ્રદેશની શુદ્ધિ નિત્યનિગોદમાંથી નીકળતા જીવના આઠમા રુચક પ્રદેશની શુદ્ધિ અનુસાર ઘડાય છે. ઉદા. ત. જો એ જીવનો આઠમો પ્રદેશ શ્રી તીર્થંકર પ્રભુથી ખૂલે તો તેનો સાતમો પ્રદેશ તીર્થંકર પ્રભુના આજ્ઞારસની સમાન કક્ષાનો થાય છે. અને એ દ્વારા પ્રથમના ખૂલેલા છએ રુચક પ્રદેશ તેની સમાન કક્ષાના થાય છે. એ જ રીતે જે જીવનો આઠમો રુચક પ્રદેશ સિદ્ધ થતા ગણધર પ્રભુથી ખૂલે તો તેના પહેલા ખૂલેલા સાતે પ્રદેશ ગણધરજીના આજ્ઞારસની સમકક્ષાના થાય છે. સામાન્ય સિદ્ધપ્રભુથી જેનો આઠમો પ્રદેશ નિરાવરણ થાય તેના પૂર્વના સાતે પ્રદેશો એ કક્ષાના થઈ જાય છે. જો કોઈ જીવને નપુંસક વેદે સિદ્ધ થતા આત્માના યોગથી આઠમો પ્રદેશ ખૂલે તો તેની હીનવીર્યતા પૂર્વે ખૂલેલા સાતે રુચક

પ્રદેશમાં છવાઈ જાય છે. આ રીતે સિદ્ધ થતા પ્રભુથી ખૂલતા આઠમા રુચક પ્રદેશની કક્ષાના આધારથી તે જીવનું ભાવિ ઘડાય છે. જે જીવનો આઠમો રુચક પ્રદેશ સિદ્ધ થતા તીર્થંકર પ્રભુથી ખૂલ્યો હોય છે, તે આઠમો પ્રદેશ, સાતમા પ્રદેશને મળેલાં ધર્મનાં સનાતનપણાની તથા મંગલપણાની સમાંતર ભાવના ઉદ્દીપ્ત કરે એવી ભાવના પૂર્વના છએ પ્રદેશોમાં રોપે છે. પ્રાપ્ત થયેલી આ ભાવનાના આધારે જ્યારે જ્યારે તે જીવ છેલ્લા આવર્તનમાં શ્રી તીર્થંકર પ્રભુ કે ભાવિ તીર્થંકર પ્રભુ(જેમનું નામકર્મ બંધાઈ ગયું હોય)નાં નિમિત્તથી પ્રગતિ કરે છે ત્યારે ત્યારે આ આઠે રુચક પ્રદેશ ભૂતકાળમાં પૂરાયેલી ધર્મનાં સનાતનપણાની તથા મંગલપણાની ભાવનાને અન્ય અશુદ્ધ પ્રદેશોમાં એક અતિ શુદ્ધ તથા સૂક્ષ્મ આજ્ઞારસની ચિકાસરૂપે ઝરાવે છે. (જે આવર્તનમાં આ જીવ તીર્થંકર કે ભાવિ તીર્થંકરનાં નિમિત્તથી વિકસે છે તે આર્વતન તે જીવનું છેલ્લું બની રહે છે) આ ચિકાસને મુખ્યતાએ એ ભાવિ તીર્થંકર જીવના ભાવિ કેવળીગમ્ય પ્રદેશો ઝીલે છે. આવો જીવ પ્રગતિ કરતી વખતે આ ચિકાસના આધારથી, તીર્થંકરપ્રભુ કે ભાવિ તીર્થંકરથી થતી શુદ્ધ પંચપરમેષ્ટિનાં કલ્યાણનાં પરમાણુઓની વર્ષા થાય છે તે ઝીલવા સમર્થ થાય છે. આવાં કલ્યાણનાં પરમાણુઓનો સંચય તે જીવ રુચક પ્રદેશથી મળતા આજ્ઞારસની ચિકાસની સહાયથી મુખ્યતાએ ભાવિના કેવળીગમ્ય પ્રદેશો પર કરી શકે છે. આ સંચય અમુક સંખ્યાએ પહોંચે ત્યાર પછી જ તે જીવ અંતરવૃત્તિસ્પર્શ તથા નિશ્ચયથી વ્યવહાર સમકિત મેળવવા સદ્ભાગી થાય છે. નિશ્ચયથી વ્યવહાર સમકિત થયા પછી આવા કલ્યાણનાં પરમાણુઓનો સંગ્રહ થવાની ક્રિયા ઘણી વધી જાય છે; કેમકે તે જીવને શ્રી તીર્થંકર પ્રભુ તથા ભાવિ તીર્થંકર પ્રભુનો સંપર્ક ક્રમથી વધતો જાય છે. તે આગળ વધતા જીવના આત્મા ઉપર નિશ્ચયથી વ્યવહાર સમકિત મેળવતી વખતે જે સંખ્યામાં આવા કલ્યાણનાં પરમાણુઓ હોય, તેના કરતાં અસંખ્યગણા પરમાણુઓ થાય ત્યારે એ ભાવિ તીર્થંકરનો જીવ કેવળીગમ્ય પ્રદેશોની પ્રાપ્તિ કરવા માટે તૈયાર થાય છે. ભાવિ તીર્થંકરના કેવળીગમ્ય પ્રદેશો અન્ય જીવાત્માના કેવળીગમ્ય પ્રદેશો કરતાં થોડા જુદા હોય છે. (આની પૂર્વક્રિયા આપણે 'આત્માની સિદ્ધિ' એ ગ્રંથમાં મેળવી હતી. ત્યાંથી જોઈ લેવા વિનંતિ. તે પહેલાંની સામાન્ય જન માટેની કેવળીગમ્ય


પ્રદેશો મેળવવાની પ્રક્રિયા 'શ્રી કેવળીપ્રભુનો સાથ' એ પ્રકરણમાં આપેલી છે.) આમ કેવી રીતે થાય છે તેનો વિચાર આપણે શ્રી પ્રભુ તથા શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની અતિ કૃપાથી તથા આજ્ઞાથી કરીએ.

શ્રી પ્રભુ આપણને સમજાવે છે કે ભાવિ તીર્થંકરના ભાવિના કેવળીગમ્ય પ્રદેશો પર શ્રી પંચપરમેષ્ટિ પ્રભુનાં કલ્યાણનાં પરમાણુઓનો જથ્થો અમુક માત્રામાં એકઠો થાય છે ત્યારે તે જીવમાં આણાએ તવોનો પુરુષાર્થ જોર પકડે છે. 'આણાએ તવો'નો વેગ આ પરમાણુઓને વિહારની પ્રવૃત્તિ દ્વારા ભાવિ તીર્થંકરના ભાવિ કેવળીગમ્ય પ્રદેશો પર સ્થાપિત કરાવે છે. વિહારની ત્રણે પ્રકારની પ્રવૃત્તિ થાય છે. (૧) ગાળણ (filteration) (૨) વર્ગીકરણ (classification) અને (૩) વિહાર (transportation). આ પ્રવૃત્તિથી ભાવિ તીર્થંકરનો જીવાત્મા આણાએ તવોના માધ્યમથી સાધુસાધ્વીજીનાં પરમાણુઓ, ઉપાધ્યાયજીનાં પરમાણુઓ, આચાર્યજીનાં પરમાણુઓ, ગણધરજીનાં પરમાણુઓ, જેમણે નામકર્મ બાંધી લીધું છે તેવા છદ્મસ્થ તીર્થંકરનાં પરમાણુઓ, અરિહંતનાં પરમાણુઓ, સિદ્ધનાં પરમાણુઓ અને અરિહંત સિદ્ધનાં પરમાણુઓ એમ આઠ પ્રકારનાં પરમાણુઓનું વર્ગીકરણ કરે છે. આવા આઠ વિભાગ કરવાનો અતિગુપ્ત હેતુ એ હોય છે કે જે જીવ ભાવિમાં અરિહંત નામકર્મ બાંધવાનો હોય છે, તેમજ ભોગવવાનો હોય છે તે જીવને પરમેષ્ટિનાં છ પદ ઉપરાંત છદ્મસ્થ અરિહંત પદ અને સિદ્ધ અરિહંતપદનો સ્પષ્ટ અનુભવ કરવાનો હોય છે. આ આઠે પ્રકારનાં પરમાણુઓ ભાવિના દરેક કેવળીગમ્ય પ્રદેશો પર અર્થાત્ પહેલા રુચક પ્રદેશની બાજુના પ્રદેશ પર સાધુસાધ્વીજીનાં પરમાણુઓ સ્થિર થઈ કેંદ્રિત થાય છે. બીજા ભાવિ કેવળીગમ્ય પ્રદેશ પર ઉપાધ્યાયજીનાં પરમાણુઓ એકત્રિત થઈ સ્થિર થાય છે. એ જ રીતે તેના ત્રીજા ભાવિ કેવળીગમ્ય પ્રદેશ પર આચાર્યજીનાં પરમાણુઓ એકત્રિત થઈ સ્થિર થાય છે. ચોથા કેવળીગમ્ય પ્રદેશ પર ગણધરજીનાં પરમાણુઓ, પાંચમા પ્રદેશ પર છદ્મસ્થ તીર્થંકરનાં પરમાણુઓ, છઠ્ઠા પ્રદેશ પર અરિહંતનાં પરમાણુઓ, સાતમા પ્રદેશ પર સિદ્ધનાં પરમાણુઓ તથા આઠમા પ્રદેશ પર અરિહંત સિદ્ધનાં પરમાણુઓ એકત્રિત થઈ સ્થિર થાય છે. આઠમા પ્રદેશ પર જેના નિમિત્તથી


તે જીવ નિત્યનિગોદમાંથી નીકળ્યો હોય તેના સિદ્ધ થતી વખતના અમુક કલ્યાણનાં પરમાણુઓ આવે છે (આ પરમાણુઓ પ્રભુના સિદ્ધ થયા પછી, કોઈથી પણ ગ્રહાયા વિના લોકમાં ફરતા રહે છે) અને પછીથી અન્ય અન્ય અરિહંત સિદ્ધનાં પરમાણુઓ જમા થતા જાય છે. તેની સાથે સાથે જ્યારે અરિહંતપ્રભુ ભાવિ તીર્થંકરને કેવળીગમ્ય પ્રદેશોની પ્રાપ્તિ કરાવે છે ત્યારે ભાવિ તીર્થંકરના આઠ રુચક પ્રદેશો એક અતિ અપૂર્વ, ગંભીર તથા ગુપ્ત આકારને ધારણ કરે છે. કેવળીગમ્ય પ્રદેશો પ્રાપ્ત કરનાર ભાવિ તીર્થંકરનો જીવ જ્યારે નિત્યનિગોદમાંથી નીકળ્યો હતો, તે વખતે તેના રુચક પ્રદેશોની જે આકૃતિ રચાઈ હતી (મુખ્યતાએ ૐ અથવા 卐) તે જ આકૃતિ ફરીથી રચાય છે. આવો આકાર ભાવિના અરિહંત પ્રભુના સાત રુચક પ્રદેશો ધારણ કરે છે, અને છેલ્લો ખૂલ્લો થયેલો આઠમો પ્રદેશ આ સાતે પ્રદેશોના આકાર ઉપર એક છત્રરૂપે બની તેનો રક્ષક બને છે. નજીકના ભાવિમાં જેને કેવળીગમ્ય પ્રદેશો પ્રાપ્ત કરવાના છે તે ભાવિ તીર્થંકરના રુચક પ્રદેશોથી થતી રચનાની આકૃતિ પ્રથમ આવી હોય છે –




આ આઠમા પ્રદેશથી બનેલી છત્રી પ્રથમના સાત પ્રદેશમાંથી નીકળતા તેજકિરણરૂપ આજ્ઞારસને ધારણ કરે છે; અને તેનો પોતામાં સંગ્રહ કરે છે. ત્યારથી ભાવિ અરિહંત ભગવાનના પ્રથમના સાતે રુચક પ્રદેશો નિત્યનિગોદમાંથી નીકળતી વખતના આકારને જાળવી રાખે છે, અને તેમનો આઠમો પ્રદેશ તે સાત પ્રદેશની નીચેના ભાગમાં આસનરૂપે સ્થિર થાય છે. તે બીજી આકૃતિ આવી દેખાય છે,



આ વખતે ભાવિમાં કેવળીગમ્ય પ્રદેશ ધારણ કરનાર ભાવિ તીર્થંકરનો આઠમો રુચક પ્રદેશ પહેલા સાત રુચક પ્રદેશમાંથી નીકળતા તેજકિરણરૂપ આજ્ઞારસને ધારણ કરી પોતામાં સંગ્રહિત કરે છે. આ તેજકિરણરૂપ આજ્ઞારસ ઉપરના ભાગમાં બીજા પ્રકારના આજ્ઞારસનું રૂપ ધારણ કરે છે, અને નીચેના ભાગમાં પહેલા પ્રકારના આજ્ઞારસનું રૂપ ધારણ કરે છે.





આ પ્રક્રિયા થયા પછી, શ્રી અરિહંત ભગવાનના કેવળીગમ્ય પ્રદેશો ભાવિ તીર્થંકર જીવના બનનાર કેવળીગમ્ય પ્રદેશો પર સ્થાન ગ્રહણ કરે છે. પ્રભુનો આઠમો કેવળીગમ્ય પ્રદેશ તીર્થંકર જીવના આઠમા રુચક પ્રદેશની બાજુના પ્રદેશપર (જે કેવળીગમ્ય બનવાનો છે ત્યાં) સ્થાન ગ્રહે છે. એ જ રીતે શ્રીપ્રભુનો સાતમો કેવળીગમ્ય પ્રદેશ તીર્થંકર જીવના સાતમા રુચક પ્રદેશની લગોલગના પ્રદેશને આવરે છે, પ્રભુનો છઠ્ઠો કેવળીગમ્ય પ્રદેશ ભાવિ તીર્થંકર જીવના છઠ્ઠા રુચક પ્રદેશની પાસેના પ્રદેશને છાવરે છે, એ જ રીતે પ્રભુનાં અન્ય પાંચ કેવળીગમ્ય પ્રદેશો અનુક્રમે ભાવિ તીર્થંકરના પાંચ રુચક પ્રદેશની લગોલગના પ્રદેશને આવરે છે. પ્રભુના જે આઠ કેવળીગમ્ય પ્રદેશો ભાવિ તીર્થંકરના થનાર આઠ કેવળીગમ્ય પ્રદેશો, જે તેમના રુચક પ્રદેશની બાજુના જ પ્રદેશ હોય છે તેને એક પ્રક્રિયા દ્વારા શુદ્ધ કરે છે. તે આઠે પ્રદેશો પરથી સર્વ ઘાતીકર્મો તથા અશુભ અઘાતી કર્મો ત્યાંથી ખસી જઈ અન્ય અશુદ્ધ પ્રદેશોમાં વેરાઈ જાય છે. અને આ આઠે પ્રદેશો કેવળીપ્રભુ સમાન શુદ્ધ થઈ કેવળીગમ્ય પ્રદેશની સંજ્ઞા પામે છે. તેની સવિગત પ્રક્રિયા આ પ્રમાણે થાય છે. પ્રભુનો આઠમો કેવળીગમ્ય પ્રદેશ ભાવિ તીર્થંકર જીવના બનનારા આઠમા કેવળીગમ્ય પ્રદેશ પર સ્થાન ગ્રહણ કરે છે, જેના

પર અરિહંત સિદ્ધનાં પરમાણુઓ જમા થયા હોય છે. આ પરમાણુઓ આ તેજ આજ્ઞારસના પ્રભાવથી સક્રિય (activate) થાય છે, જેથી આઠમા પ્રદેશ પરથી સર્વ ઘાતિ કર્મ તથા અશુભ અઘાતિ કર્મ ખસી જાય છે. તે પછીથી તેજ આજ્ઞારસ સાતમા પ્રદેશ પરથી, છઠ્ઠા પ્રદેશ પરથી, પાંચમા, ચોથા, ત્રીજા, બીજા અને પહેલા પ્રદેશ પરથી પસાર થઈ તેના પર રહેલાં ઘાતિ કર્મ તથા અશુભ અઘાતિ કર્મને સર્વથા ખસેડી નાખે છે, અને તેમને કેવળીપ્રભુના પ્રદેશો સમાન શુદ્ધ બનાવે છે. આ પ્રક્રિયામાં અરિહંત ભગવાનના કેવળીગમ્ય પ્રદેશો ભાવિ તીર્થંકર જીવના પ્રદેશો પર પહેલાં સ્થાન ગ્રહણ કરે છે, જેથી તેજ આજ્ઞારસના પ્રવાહમાં તેમનું વીર્ય ક્યાંય વેડફાય નહિ.

પ્રભુની અમૃતવાણી સાંભળી, તેમની આજ્ઞા લઈ, તેમને વિવેકથી પ્રશ્ન પૂછવા ઈચ્છીએ છીએ કે, “હે ત્રણ લોકના નાથ! ત્રણે કાળના નાથ! પહેલા આકારમાં આઠમો પ્રદેશ શા માટે સાત પ્રદેશ ઉપર સ્થાન લે છે, અને બીજા આકારમાં તે પ્રદેશ શા માટે નીચે સ્થાન સ્વીકારે છે? આમ થવા પાછળ ભેદરહસ્ય શું છે? પરમ કૃપા કરી અમ દાસની જિજ્ઞાસાનું નિરાકરણ કરો.”

શ્રીપ્રભુ દાસ સાથેના ઋણની નિવૃત્તિ અર્થે કરુણામય કલ્યાણભાવની નૈયા દ્વારા અમૃતવાણી વહાવે છે, “હે વત્સ! એની પાછળનું ભેદરહસ્ય અતિ સુગમ છતાં અતિ ગુપ્ત પણ છે. પહેલો આકાર ભાવિ તીર્થંકર જીવના એ પ્રદેશને શિવરૂપ બનાવવાનો છે, એમ સૂચવે છે. તેણે ઉર્ધ્વગતિ પામવાની છે એ સૂચવવા તેનો આઠમો પ્રદેશ છત્રી બને છે. ત્યારે બીજો આકાર એ પ્રદેશ માટે પૂજ્યરૂપ છે, તેથી ભાવિ તીર્થંકરનો જીવ સંસારસમુદ્રમાં તેમ જ અશુદ્ધ પ્રદેશોની ભીંસમાં ભેદાઈ ન જાય તેવું રક્ષણ આપવા તે આસનરૂપ બને છે. અર્થાત્ આઠમો પ્રદેશ આસન થાય છે. આ બંને પ્રવાહ જ્યારે ભાવિ અરિહંત પ્રભુના આઠમા રુચક પ્રદેશ પાસે ભેગા થાય છે ત્યારે બીજા આકારનો તેજ આજ્ઞારસ ઉપર હોય છે અને પહેલા આકારનો તેજ આજ્ઞારસ નીચે હોય છે. તેથી પહેલા આકારનું છત્ર અને બીજા આકારનું આસન એ બંને પ્રવાહ માટે સેતુનું કામ કરે છે.”




અહો! પ્રભુ, તમારી વાણી અનુપમ છે. તમારો કલ્યાણભાવ ગંભીર હોવા છતાં કેવો સરળ છે? કે અમારા જેવા મંદબુદ્ધિ જીવો પણ આ ગંભીર રહસ્ય સમજી શકે છે. પ્રભુ! તમારા સદાકાળના દાસ રહેવા માટેનું વરદાન તમે અમને આપો. તમારા જ ચરણમાં અમારો મોક્ષ છે, ત્યાં જ અમે સ્વાધીન સહજાનંદને માણી શકીશું. તો પરમ કૃપા કરી તમારા ચરણમાં ચેતનના આજ્ઞારસનું પાન અમને અબાધિતપણે કરાવો.

પ્રભુજી! અમારા મનમાં એક બીજો પ્રશ્ન ઉદ્‌ભવે છે. જોગાનુજોગ જો પહેલો અને બીજો આકાર એકરૂપ થાય (identical) તેવા હોય તો તેનું ફળ શું આવે? શ્રીપ્રભુ અમૃતમય પ્રસન્નતા સાથે ૐરૂપ ગૂઢવાણીથી સમજાવે છે કે, “હે વત્સ! એનું ફળ ખૂબ ઉત્તમ આવે છે. વળી, એનું વર્ણન કરવું વચનશક્તિની બહાર છે. એનું મહાત્મ્ય યથાર્થ રીતે સમજવા માટે ‘અનુભવ વાણીશ્રુત’ એ એક જ ભાષા છે, જે તેનું વર્ણન યથાર્થતાએ કરી શકે છે.”

ભાવિ અરિહંત પ્રભુના કેવળીગમ્ય પ્રદેશોની ઉત્તમ રીતે થતી રચનાને જાણ્યા પછી, આપણે હવે શ્રી પ્રભુની પરમ પરમ કૃપાથી તથા આજ્ઞાથી એમના કલ્યાણ આહાર, વિહાર અને નિહારની પ્રક્રિયાની અપૂર્વતા ને સમજવા પુરુષાર્થી થઈએ. સિદ્ધાંત પ્રમાણે જીવ કલ્યાણ આહાર, વિહાર કે નિહારની ક્રિયાને વહેલામાં વહેલી કેવળીગમ્ય પ્રદેશો પ્રાપ્ત કર્યા પછી જ કરી શકે છે. એ જ પ્રમાણે ભાવિ તીર્થંકરનો જીવ પણ કલ્યાણ આહાર, વિહાર અને નિહારને આદરવાની પાત્રતા કેવળીગમ્ય

પ્રદેશો મેળવ્યા પછી જ મેળવે છે. આનું મુખ્ય કારણ એ છે કે કલ્યાણ આહાર, વિહાર તથા નિહારની ક્રિયા કેવળીગમ્ય પ્રદેશોના સાથ વગર યથાર્થતાએ થઈ શકતી નથી.

## ભાવિ અરિહંતપ્રભુનો કલ્યાણ આહાર તથા અન્ય પરમેષ્ટિ આદિ જીવોનો કલ્યાણ આહાર

કલ્યાણ આહાર એ જીવના ભાવ અનુસાર થતો કલ્યાણનાં પરમાણુઓનો આશ્રવ છે. અરિહંતપ્રભુ સિવાય સર્વ જીવોનો ભાવ યથાર્થ કલ્યાણકાર્ય આદર્યા પછી, પહેલાં સ્વકલ્યાણ અને પછી પરકલ્યાણનો હોય છે. આ કારણથી એ કલ્યાણ આહારનાં પરમાણુઓમાં સ્વકલ્યાણ પ્રેરિત સ્વકલ્યાણ, સ્વકલ્યાણ પ્રેરિત પરકલ્યાણ અને સ્વકલ્યાણ પ્રેરિત સ્વપરકલ્યાણના ભાવ સમાયેલા હોય છે. આ પરમાણુઓને ગ્રહણ કરવાનું મુખ્ય કાર્ય જીવના રુચક પ્રદેશોની આજ્ઞાનુસાર તેના કેવળીગમ્ય પ્રદેશો કરે છે. જે પ્રકારની સ્થિતિ જીવના રુચક પ્રદેશની હોય છે, (સિદ્ધ થતા પ્રભુથી જીવને આઠમો રુચક પ્રદેશ મળે છે, અને તે પ્રભુની કક્ષાનુસાર આઠમો રુચક પ્રદેશ થતો હોવાથી, પ્રથમના સાત પ્રદેશો પણ એ કક્ષામાં ફેરવાઈ જાય છે, કેમકે સિદ્ધ થતા પ્રભુની પ્રેરણા સૌથી બળવાન હોય છે), એ પ્રકારની આજ્ઞા એ રુચક પ્રદેશો કેવળીગમ્ય પ્રદેશોને આપે છે. અને તે અનુસાર જીવને કલ્યાણ આહારનો આશ્રવ થાય છે. આ નિયમના આધારે જીવને અરિહંતપ્રભુ દ્વારા પહેલા સાત રુચક પ્રદેશો મળ્યા હોવા છતાં, તેના આઠમા રુચક પ્રદેશના આધારે તથા જીવના વિવિધ પ્રકારના પુરુષાર્થને કારણે સામાન્ય કેવળીથી લઈ પંચપરમેષ્ટિ પ્રભુ સુધીના આત્મામાં અસંખ્યાત પ્રકૃતિ સુધીના ફાંટા પડે છે. ભાવિ અરિહંત પ્રભુનો જીવ કલ્યાણ આહાર કરતી વખતે તેના આઠમા રુચક પ્રદેશના આધારે 'સર્વ જીવ કરું શાસનરસિ' પ્રેરિત સ્વકલ્યાણરૂપ કલ્યાણ આહારનો આશ્રવ કરે છે. 'સર્વ જીવ કરું શાસનરસિ'ની પ્રકૃતિ તથા પ્રકારનો ઊંડો વિચાર આપણે આગળ ઉપર શ્રીપ્રભુની અસીમ કૃપાથી કરી શકીશું. પરંતુ આ કલ્યાણ આહારનું મુખ્ય ધ્યેય એ છે કે સર્વ જીવ, સર્વ પ્રદેશ, સર્વ

પુદ્‌ગલ, સર્વ પંચાસ્તિકાય તથા સર્વ સમવાય માત્ર સનાતન તથા મંગલમય ધર્મને સનાતનરૂપ આપતો જ રહે. આ ભાવ અને સ્વકલ્યાણ પ્રેરિત ભાવ વચ્ચે જે તફાવત છે તે તફાવત બંનેના કલ્યાણ આહારના આશ્રવ વચ્ચે રહે છે.

## શ્રી ભાવિ અરિહંત પ્રભુનો કલ્યાણ વિહાર તથા અન્ય જીવોનો કલ્યાણ વિહાર

વિહાર એ આહાર તથા નિહારની ક્રિયા વચ્ચેનો એક અપૂર્વ સેતુ છે. જે પ્રદેશ પર પરમાણુઓનો આહાર થયો છે, તે પ્રદેશ પરથી લઈ, અન્ય પ્રદેશ પર, જ્યાં તે પરમાણુઓની જરૂરિયાત છે, ત્યાં વિહારની ક્રિયા એ પરમાણુઓને પહોંચાડે છે. વળી, જે પ્રદેશ પરથી નિહાર થવાનો હોય તે પ્રદેશ પર, અન્ય પ્રદેશ પરથી નિહાર પામવાના પરમાણુઓને ખેંચી વિહારની ક્રિયા દ્વારા પહોંચાડાય છે. જો વિહારની ક્રિયા થતી ન હોત તો, જીવના સર્વ પ્રદેશોને આહાર તથા નિહારની પ્રવૃત્તિ કરવી પડત. આ ઉપરાંત, કેંદ્રિત આહારનો આશ્રવ તથા કેંદ્રિત નિહારની નિર્જરા જીવથી કરી શકાત નહિ. વિહારમાં આહાર તથા નિહાર બંને સમાઈ જાય છે. જે આત્મ પ્રદેશ પરથી પરમાણુઓનો વિહાર થાય છે, ત્યાં એ પ્રદેશની અપેક્ષાએ નિહાર થાય છે, અને જે પ્રદેશ પર એ પરમાણુઓ આવે છે તે પ્રદેશ પર અપેક્ષાએ આહાર થાય છે. શ્રી અરિહંત પ્રભુ સિવાયના સર્વ જીવ સ્વકલ્યાણને ધ્રુવકાંટો બનાવી આહાર, વિહાર તથા નિહારની પ્રવૃત્તિ કરે છે. પરંતુ શ્રી અરિહંત ભગવાન ‘સર્વ જીવ કરું શાસનરસિ’ના ભાવને ધ્રુવકાંટો બનાવી આહાર, વિહાર તથા નિહારની પ્રવૃત્તિ કરે છે. આમ સામાન્ય જીવ અને અરિહંત જીવના ધ્રુવકાંટા જુદા હોવાને લીધે તેનાથી નીપજતી વિહારની પ્રક્રિયા પણ જુદી થાય છે, તે સહજતાએ સમજાય તેવી બાબત છે.

શ્રી પરમેષ્ટિ પ્રભુની પરમ કૃપાથી અને આજ્ઞાથી એનો ખુલાસો આપણને સહજતાએ મળે છે. ભાવિ અરિહંત પ્રભુ સિવાયના સર્વ જીવોનો ધ્રુવકાંટો સ્વકલ્યાણનો હોવાથી, તેઓ વિહારની ક્રિયામાં જે આત્મપ્રદેશ પરથી પરમાણુઓને વિહાર

કરાવે છે, તે પ્રદેશ માટે વિહારની પહેલી ભૂમિકા સ્વાર્થી શુદ્ધિ માટે થતી હોય છે. એટલે કે જે પ્રદેશ આહારના સંગ્રહથી નિવૃત્ત થવા વિહારની પ્રક્રિયાને જગાડે છે એ પ્રદેશનું મુખ્ય ધ્યેય પોતાની શુદ્ધિ તથા સિદ્ધિ વધારવાનું હોય છે. એ જ પ્રમાણે જે પ્રદેશ વિહાર દ્વારા પરમાણુઓને ગ્રહણ કરે છે એ પોતે વધારે શુદ્ધ થાય એવા સ્વાર્થી હેતુથી વિહારની બીજી અને અંતિમ ભૂમિકાને પ્રેરણા આપે છે. આમ એક પ્રદેશ પરમાણુઓ આપીને, દાન કરીને શુદ્ધિ વધારવાનું ધ્યેય હાંસલ કરે છે અને બીજો પ્રદેશ તે પરમાણુઓ ગ્રહણ કરીને પોતાની શુદ્ધિ વધારવાનું કાર્ય ઇચ્છે છે. આમ સ્વાર્થી ઉદ્દેશથી વિહારની પ્રક્રિયા સર્જાય છે. આ થઈ જીવ સામાન્યની વાત.

બીજી બાજુ શ્રી ભાવિ અરિહંતપ્રભુનું ધ્યેય હોય છે 'સર્વ જીવ કરું શાસનરસિ'નું. આ ધ્યેયને કારણે જે આત્મપ્રદેશ નિહાર કરી વિહારની પ્રથમ ભૂમિકાને સર્જે છે તેનો અંતરંગ હેતુ એવો હોય છે કે સનાતન મંગલમય ધર્મની સનાતનતા સતત - કાયમ રહ્યા કરે. તેનાં અનુસંધાનમાં તે ભાવે છે કે જે ઉચ્ચ પરમાણુઓ કે આજ્ઞારસ મને મળેલ છે તે, અન્ય પ્રદેશ, સર્વ પ્રદેશ તથા સર્વ જીવોને મળે. વળી, જે પ્રદેશ એ નિહારેલા પરમાણુઓના વિહાર દ્વારા એ પરમાણુઓનો આહાર કરે છે, તે એ વિહારની બીજી અને અંતિમ ભૂમિકાને એવા ધ્યેયથી આરંભે છે કે એ નિહાર કરતો જીવનો આત્મપ્રદેશ વધારે શુદ્ધ આહાર ગ્રહણ કરી શકશે; જેથી સનાતન મંગલમય ધર્મનું સનાતનપણું જળવાઈ રહે, અને પ્રભુકૃપાથી તથા આજ્ઞાથી જ્યારે હું એ પરમાણુઓનો નિહાર કરું ત્યારે ઉત્તમ સનાતન મંગલમય ધર્મનાં સનાતનપણાના ધ્યેયને જાળવવામાં હું સહભાગી થઈ શકું. આ પ્રમાણે 'સર્વ જીવ કરું શાસનરસિ'ના દ્વિતીય ધ્યેયના આધારે શ્રી અરિહંત પ્રભુના પરમાણુઓનો વિહાર થાય છે. આનું પરિણામ એ આવે છે કે વિહારની પ્રક્રિયામાં પણ એ પ્રદેશો વર્તુળમાંથી પંચપરમેષ્ટિ પ્રભુનાં પરમાણુઓને ગ્રહણ કરી પોતાની શુદ્ધિ વધારી શકે છે. અન્ય જીવોની વિહારની પ્રક્રિયામાં અપેક્ષાએ સ્વાર્થ હોવાને લીધે વર્તુળમાંથી વિભાવવાળા નબળા પરમાણુઓનો ઉમેરો થવાની સંભાવના રહે છે. શ્રી ભાવિ અરિહંત પ્રભુ અને અન્ય જીવોના વિહારનો તફાવત આ રીતે જોઈ શકાય છે.

## ભાવિ અરિહંતપ્રભુના પરમાણુઓનો વિહાર

વિહારમાં ધર્મની અને અન્ય જીવોની શુદ્ધિ થાય એવું ધ્યેય હોવાથી પોતાની સ્વશુદ્ધિ ગૌણ થાય છે. વિહારમાં અન્યને ઠારી પોતે ઠરે છે. વિહારની ક્રિયામાં પરમાણુઓની વિશુદ્ધિ ઘણી ત્વરાથી વધી શકે છે. તેમના વિહારમાં ભાવ હોય છે: "તારું તારું તારું".

## અન્ય જીવોના પરમાણુઓનો વિહાર

વિહારમાં સ્વકલ્યાણનો ભાવ અગ્રસ્થાને હોવાથી પરકલ્યાણનો ભાવ ગૌણ બને છે. વિહાર વખતે જીવ પોતે ઠરી, અન્યને ઠારે છે. આવી વિહારની ક્રિયામાં પરમાણુઓને નબળા થવાનો સંભવ રહે છે. આ વિહારમાં ભાવ હોય છે: "મારું, મારું, મારું".

## ભાવિ અરિહંતપ્રભુ અને અન્ય જીવોના નિહાર વચ્ચેનો તફાવત

યોગ્ય નિહારને આરાધવામાં જીવે પાંચ સમવાય, તથા પંચાસ્તિકાયને યોગ્યરૂપે પરિણમાવવાના હોય છે, કે જેથી નિહારની પ્રક્રિયા ઉત્તમ રીતે થઈ શકે. નિહારની ક્રિયામાં જે જીવ નિહાર કરે છે તેની પરિણતિ તેનાં પાંચ સમવાય તથા પંચાસ્તિકાયને તૈયાર કરે છે. એ પંચાસ્તિકાય નિહારની ગતિ, સ્થિતિ, સંખ્યા તથા વિશાળતાને નક્કી કરે છે. નિહારની આ ક્રિયા જીવના પુરુષાર્થ અનુસાર ત્રણ પ્રકારે થાય છે. પોતાની અંતરંગ સ્થિતિ કરતાં નબળો નિહાર, પોતાની અંતરંગ સ્થિતિ અનુસારનો નિહાર અને પોતાની અંતરંગ સ્થિતિ કરતાં ઊંચો નિહાર. મોટાભાગના છદ્મસ્થ જીવો મુખ્યતાએ પહેલા કે બીજા વિભાગમાં આવે છે, કારણ કે તેમનું વીર્ય મર્યાદિત હોય છે. વળી એ જીવને સમય સમયનું જ્ઞાન પણ હોતું નથી. તેથી, તેનો જે સમયે નિહાર થતો હોય છે તે સમયે એનો પુરુષાર્થ પોતાની દશા કરતાં વિશેષ સબળો થવો ઘણો દુષ્કર બને છે. આમ થવાનું ત્રીજું તથા મહત્ત્વનું કારણ એ છે કે આ પ્રકારનો નિહાર માત્ર જીવ જ્યારે ગુણાશ્રવ પ્રેરિત, આજ્ઞામાર્ગ પ્રેરિત, કલ્યાણપ્રેરિત મહાસંવર માર્ગમાં ચાલતો હોય છે ત્યારે અને તે ઉપરાંત તે ધર્મનાં સનાતનપણા અને મંગલપણા

પ્રેરિત પૂર્ણ પંચપરમેષ્ટિ તથા તેમની વિશ્રામણાના બળવાન પુરુષાર્થમાં કેંદ્રિત હોય ત્યારે થાય છે. આ બધી શરતો પૂરી થાય ત્યારે જ ઉચ્ચ નિહાર સંભવિત થાય છે. (પરમ કૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રને આત્મસિદ્ધિની રચના વખતે આવો નિહાર સંભવિત થયો હતો). પહેલા બે પ્રકારના નિહારની વિશુદ્ધિ પાંચ સમવાયમાં રહેલા ભાવરસથી થાય છેઃ (૧) ભાવ સમવાય પર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભવ સમવાયની અસર (૨) દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભવ સમવાય ઉપર ભાવ સમવાયની અસર. અહીં શ્રી પ્રભુને પ્રશ્ન પૂછવાની અમને ઇચ્છા થાય છે કે ભાવ સમવાય પર કોની અસર સહુથી વધારે થાય છે અને કોની અસર સહુથી અલ્પ થાય છે? તેનો ક્રમ સમજવાની અમારી ઇચ્છા ઉત્કટ થતી જાય છે. વળી, ભાવ સમવાય કોના પર સહુથી વધારે અસર કરે છે, તથા કોના પર તેની અસર સહુથી ઓછી થાય છે? તેનો ક્રમ સમજવાની જિજ્ઞાસા અમારામાં બળવાન બની છે, તો કૃપા કરી હે પ્રભુ! આ બધું અમને સમજાવો.

શ્રી પ્રભુ એમના સુરીલા ૐનાદરૂપ ધ્વનિનાં ગુંજનમાં શબ્દદેહ તથા ભાવદેહરૂપે (શબ્દાતીત વિભાગ માટે) ઉત્તર આપે છે. આ ઉત્તરને શ્રીપ્રભુ તથા શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની આજ્ઞાનુસાર શબ્દદેહ આપવા પ્રયત્ન કર્યો છે.

'ભાવસમવાય' એ ચેતનરસથી ઉપજતી જીવ કે આત્માની પર્યાય છે. આ કારણથી ભાવ સમવાયપર સહુથી વધારે અસર દ્રવ્ય સમવાય(જીવ) ની થાય છે. આમ બે કારણથી થાય છે, (૧) દ્રવ્ય સમવાય રૂપી પદાર્થ છે તેથી જીવને ભાવ કરવા માટે તથા સમજવા માટે સહેલું થાય છે. (૨) અને જીવ દ્રવ્ય સમવાયમાં ભાવરસ રહેલો છે, જે ભાવ સમવાયને ભાવ પર્યાયમાં સરાવવા માટે સહુથી સરળ તથા ચોખ્ખું માધ્યમ છે. આ પછી ભાવ સમવાય ઉપર ક્ષેત્ર સમવાય સહુથી વિશેષ અસર કરે છે. ક્ષેત્ર રૂપી પુદ્ગલ છે, તેથી જીવ તેનાં રૂપ, રસ, ગંધ તથા સ્પર્શને જલદીથી ઓળખી શકે છે, અને તેના પ્રતિ સહેલાઈથી ભાવ કરી શકે છે. પરંતુ ક્ષેત્ર સમવાયમાં સીધો (direct) ભાવરસ નથી, પણ આડકતરો (indirect) ભાવરસ છે. તેથી ક્ષેત્ર સમવાયમાં ભાવરસ દ્રવ્ય સમવાયના માધ્યમથી સમાય છે. ક્ષેત્ર પુદ્ગલ દ્રવ્યનું બનેલું હોવાથી તેનામાં પોતાનો સ્વતંત્ર ભાવરસ હોતો નથી. તેથી તે ભાવરસને

અન્ય જીવ દ્રવ્યનાં સાધનથી કેળવે છે, (મેળવે છે). પરિણામે ક્ષેત્ર દ્રવ્ય જીવ દ્રવ્ય કરતાં ઓછી અસર ભાવ સમવાય પર કરે છે. તે પછી આવે છે કાળ સમવાય. કાળ રૂપી પણ છે અને અરૂપી પણ છે. તેનાં રૂપીપણામાં સેકંડ, મિનિટ, કલાક, દિવસ, માસ, વર્ષ આદિ ગણાય છે. અને તેનાં અરૂપીપણામાં તે અનાદિઅનંત ગણાય છે. જેનું માપ લેવું શક્ય જ નથી. આ સાથે કાળમાં ભાવરસ નથી, કારણ કે કાળ જીવ તથા અજીવને ભાવરસ કેળવવાની અવગાહના રૂપ સમય આપે છે. આ પરથી સમજાશે કે કાળ રૂપી તેમજ અરૂપી હોવાથી અને પોતાનો સ્વતંત્ર ભાવરસ ન હોવાના કારણે એ ભાવ સમવાય પર અલ્પ અસર કરી શકે છે. બધા સમવાયમાં ભવ સમવાય ભાવ પર અલ્પાતિઅલ્પ અસર કરે છે, કારણ કે ભવ ભાવની જનની છે. ભવ ભાવમાં સમાઈ જાય છે. ભવ માત્ર અરૂપી છે, અને તે પોતાના ભાવ ભાવ સમવાયથી જ કરી શકે છે, માટે ભાવને અસર કરી શકે તેવો ભાવ ભવથી કેવી રીતે થઈ શકે?

પ્રશ્નનો બીજો વિભાગ છે કે ભાવ સમવાય કોના પર વધારે અસર કરે છે? અને કોના પર ઓછી અસર કરે છે? તેનો ક્રમ જાણવો છે. ઉપર જણાવ્યા પ્રમાણે ભાવ સમવાય એ ભવ સમવાયને ભાવ કરવાનું માધ્યમ છે. તેથી તે ભવ સમવાય પર સૌથી વિશેષ અસર કરે છે. તે પછી ભાવ સમવાય કાળ સમવાય પર થોડી ઊતરતી અસર કરે છે, કારણ કે તેઓ બંને રૂપી તેમજ અરૂપી છે. તેથી એક જ કાળમાં જીવ અસંખ્યાત પર્યાયરૂપ ભાવો કરી શકે છે. આ કારણથી ભાવની પ્રકૃતિ કાળ સમવાય સાથે મળે છે, અને એથી એ ભવ પછી કાળ ઉપર સહુથી વધારે અસર કરે છે. કાળ પછી ભાવ ક્ષેત્ર ઉપર અસર કરે છે. ક્ષેત્ર સમવાય રૂપી છે, પણ તેનામાં પોતાનો સ્વતંત્ર ભાવરસ નથી. તેનામાં દ્રવ્યનો ભાવરસ સમાયેલો છે. આ કારણથી એ ક્ષેત્ર સમવાય પર દ્રવ્ય કરતાં અપેક્ષાએ સહેલાઈથી અસર કરી શકે છે. ભાવ સમવાય દ્રવ્ય સમવાય પર સહુથી અલ્પ અસર કરે છે, કારણ કે દ્રવ્ય રૂપી છે અને તેનામાં પોતાનો ભાવરસ છે. ભાવ સમવાયની ભાવના જ્યારે દ્રવ્યના વિભાવરસ કરતાં વધારે શક્તિશાળી હોય છે, ત્યારે જ એ દ્રવ્ય ઉપર અસર કરી શકે છે.

આમ ભાવ સમવાય ઉપર અસર કરવામાં દ્રવ્ય સમવાય સહુથી શક્તિશાળી છે; અને ભવ સમવાય લગભગ નહિવત્ અસર કરે છે. ભવ સમવાયને ભાવ સમવાય સહુથી વધારે અસર કરે છે અને દ્રવ્ય સમવાય સહુથી ઓછી અસર કરે છે.

આ પરથી શ્રીપ્રભુ આપણને સંદેશો આપે છે કે ભાવ સમવાયની સારી અસર લેવા માટે જીવે દ્રવ્ય સમવાયને ઉત્તમ બનાવવું જોઈએ, જેથી ભાવ સમવાય તથા ભવ સમવાયને ઉત્તમ બનાવી જીવને શિવની પદવી અપાવી શકાય.

અહો પ્રભુ! તમારી કૃપા અપરંપાર છે. તમારી કરુણાનાં દ્રવ્યબિંદુ અમારા ભાવરસને સમૃદ્ધ બનાવી, અમારા પાંચે સમવાય તથા પંચાસ્તિકાયને ઉત્કૃષ્ટ બનાવવાની પ્રેરણા આપે છે. પ્રભુજી! આ ભાવના ભાવતાં અને કરતાં અમારા અંતરમાંથી સહજતાએ પ્રાર્થના સરી પડે છે. તેને તમે યોગ્યરૂપે ભાવદેહ તથા શબ્દદેહ આપી સિદ્ધ કરાવો.

"હે અખિલ બ્રહ્માંડના નાથ! સર્વ જીવોના પરમ રક્ષક, પાલક અને સંચાલક! સનાતન ધર્મ તથા મંગલમય ધર્મના સનાતન રક્ષક એવા શ્રી પંચપરમેષ્ટિ ભગવંત! તમને ખૂબ ખૂબ ભક્તિભાવથી વંદન કરી, તમારી પાસે માંગણી કરીએ છીએ કે શ્રીપ્રભુની ઉત્તમ, કલ્યાણકારી, ગંભીર, રહસ્યમય તથા પૂર્ણ ૐનાદરૂપ વાણીને સાંભળતાં તથા અનુભવતાં અમારાં હૃદયમાં એવી ભાવના જોર કરો કે જે પાંચ સમવાયનાં ઊંડા રહસ્યો, જે આ કાળે તથા આ ક્ષેત્રે અતિ અતિ દુર્લભ છે, તેને તમે આટલી સરળતાથી તથા સુગમતાથી દાનરૂપે આપ્યાં છે, તેનો ઉપયોગ અને તે માટેનો પરિશ્રમ અમારી પાસે એવી ઉત્તમતાએ કરાવો કે જેથી અમારો જ આત્મા અમારા જીવને બોધના ધોધરૂપે ચેતવણી તથા પુરુષાર્થ કરવાની પ્રેરણા સતત આપતો રહે."

"હે જીવ! તું કંઈક વિચાર! શ્રીપ્રભુએ આ સમજણ દ્વારા તને ગુપ્તપણે એક અતિ ગંભીર તથા દુર્લભ માર્ગની પહેચાન (ઓળખાણ) કરાવી છે. ભાવ સમવાય એ સર્વ સમવાયોમાં સહુથી બળવાન સમવાય છે, કારણ કે એનામાં ચેતનમય

જીવની પરિભાષા છે. ભાવ સમવાય પર દ્રવ્ય સમવાયની સહુથી વધારે અસર થાય છે; પરંતુ દ્રવ્ય સમવાય પર ભાવ સમવાય સહુથી ઓછી અસર કરી શકે છે. તો હે જીવ! તું આવા મીંઢા દ્રવ્ય સમવાય પર શા માટે રાગદ્વેષ તથા કષાયના આશ્રયે મૂર્છિત થાય છે? એ મૂર્છાથી દ્રવ્ય સમવાય તને પુદ્ગલરૂપે રૂપી અજીવ બનવવાની પ્રેરણા આપશે. પણ તું તો એક ચેતનરૂપ જીવ છો. તો ચેતનને (જીવને) શા માટે નબળા એવા અજીવના પાશમાં બાંધે છે? એના કરતાં હે જીવ! તું જીવને જીવ સાથે બાંધી દે, જોડી દે. તને કદાચ પ્રશ્ન થશે કે હું જીવને કેવી રીતે જીવ સાથે બાંધુ? ત્યારે અંતરમાંથી શ્રીપ્રભુ આંગણી ચીંધી તને જણાવે છે કે જેમ ભાવ સમવાય જીવરૂપ છે તેમ ભવ સમવાય પણ જીવરૂપ છે. અત્યાર સુધી તેં ભવ સમવાયને પોતાના આત્મારૂપ ભવ સ્વરૂપે ગણ્યો છે. તારી આ સમજણ સત્ય હોવા છતાં અધૂરી છે. ભવ સમવાયમાં તારા આત્મા ઉપરાંત શ્રીપ્રભુના આત્મારૂપ ભવ સમવાય, શ્રીગુરુના આત્મારૂપ ભવ સમવાય, સર્વ પંચપરમેષ્ટિના આત્મારૂપ ભવ સમવાય, તથા સર્વ મહાત્મા, સત્પુરુષો તથા જ્ઞાનીપુરુષોના આત્મારૂપ ભવ સમવાયનો સમાવેશ થાય છે. સિદ્ધાંત પ્રમાણે ભવ સમવાય ઉપર ભાવ સમવાયની સહુથી વધારે અસર થાય છે. તેથી જો તું તારા ભાવને શ્રીપ્રભુ તથા શ્રી પંચપરમેષ્ટિ પ્રભુના ભવ સમવાય પર કેંદ્રિત કરીશ તો તને સમજાશે કે એ ભવ સમવાય એક તો ચેતનરૂપ છે, બીજું તેઓ તારું સતત કલ્યાણ ઈચ્છે છે, વેદે છે અને તે કલ્યાણને માણે છે. તારા એક તણખલા જેવડા ભાવનું, એ મહાકલ્યાણકારી ક્ષીરસમુદ્ર જેવા ભોમિયાથી કેવું પરિણામ આવશે તે તો તારી કલ્પનાથી પણ બહાર છે. તો હે મૂઢ! તારા અભિસંધીજ વીર્યને શા માટે અજીવ સંગ્રહિત દ્રવ્ય સમવાયના સ્વાર્થી સાથ પાછળ વાપરે છે? તું એને ભોમિયા જેવા પંચપરમેષ્ટિના ભવ સમવાય સાથે જોડી દે; તો એ ભવ સમવાયથી તું કાળ સમવાય, ક્ષેત્ર સમવાય તથા દ્રવ્ય સમવાયને એમનાં વીર્યના આશ્રયથી જીતી લઈશ. આ જ માર્ગ છે પરમ ભક્તિનો તથા પરાભક્તિનો. આ ભવ સમવાયને ભાષાની જરૂરિયાત નથી, કારણ કે તે અરૂપી છે, અને તું પણ

અરૂપી છે. તેથી તેને વશ કરવા માટે માત્ર તારા અરૂપી ભાવ સમવાયને તેમના શરણમાં ભક્તિના માર્ગથી વિના અપેક્ષાએ સોંપી દે. આ માર્ગે જવાથી તારા જીવને શિવ થવા માટે બે ઘડીની પણ રાહ જોવી નહિ પડે. તેથી પરમ પરમ અનુગ્રહભાવથી હું તને કહું છું કે તારા ભાવ સમવાયને તારો ભક્તિનો ધ્રુવકાંટો બનાવીશ તો મોહસમાધિના સર્વ કાંટા તરતમાં જ સહજતાએ ક્ષય થતા જશે. આમ નામું માંડી વાળ." ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

શ્રી પ્રભુની કૃપાથી અને શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની કૃપાથી અને આજ્ઞાથી આપણે અહીં જોયું કે નિહારમાં પાંચે સમવાયનો ઉપયોગ કેવી રીતે કરવાનો છે, અને એ પાંચ સમવાયના આધારે પંચાસ્તિકાય પણ કેવા સાનુકૂળ થાય છે.

## શ્રી અરિહંતપ્રભુના અને અન્ય પ્રભુના નિહાર વચ્ચેનો ફરક

શ્રી પ્રભુ તથા શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની કૃપાથી તથા આજ્ઞાથી શ્રી અરિહંત પ્રભુ તથા અન્ય પ્રભુના નિહાર વચ્ચેનો ફરક સમજવા પ્રયત્ન કરીએ. શ્રી અરિહંત પ્રભુ સિવાય મુખ્યતાએ સર્વ પ્રભુનો નિહાર પોતાની અંતરંગ દશા કરતાં નબળો અથવા સમાન હોય છે. શ્રી અરિહંત પ્રભુનો નિહાર પૂર્ણતા પામ્યા પછી નિયમપૂર્વક પોતાની અંતરંગ સ્થિતિ જેટલો કે વિશેષ ઉચ્ચ હોય છે. જે વખતે તેમના આત્માનું યોગ સાથેના જોડાણનું અંતર વધે છે, તે વખતે તેમની દશા કરતાં તેમનો નિહાર વધારે ઊંચો હોય છે. અહીં આપણી જિજ્ઞાસા જોર કરે છે કે, શ્રી અરિહંત પ્રભુના પુરુષાર્થમાં એવી કઈ વિશેષતા સમાયેલી છે કે જેથી એમનો નિહાર અન્ય કેવળી ભગવંત કરતાં ઉચ્ચ કક્ષાનો બને છે. શ્રી પ્રભુ એમનાં પ્રેમભર્યા છતાં પૂર્ણ વીતરાગી સ્મિત અને કરુણાસભર કલ્યાણમય નયનોથી અમીરસ ઝરાવતાં સમજાવે છે કે,

"હે વત્સ! શ્રી અરિહંતપ્રભુ સમયે સમયે ધર્મનાં સનાતનપણાનું તથા મંગલપણાનું વેદન કરતા રહે છે. આ સતત થતા વેદનથી શ્રી પૂર્ણ પંચપરમેષ્ટિ પ્રભુનાં પરમાણુઓ તેમના આત્મપ્રદેશ તરફ આકર્ષાય છે, અને એ પ્રદેશ પરથી પૂર્વનાં પરમાણુઓનો નિહાર થાય ત્યારે તેઓ ત્યાં પોતાની સ્થિરતા કરે છે. આથી પ્રભુ

જ્યારે ફરીથી નિહારની પ્રક્રિયા કરે છે ત્યારે એ પૂર્ણ પંચપરમેષ્ટિનાં પરમાણુઓ પોતાનો આજ્ઞારસ એ પ્રદેશ પર વહેવડાવે છે, જેથી એ પ્રદેશો પોતાની અંતરંગ કક્ષા કરતાં વિશેષ ઊંચે ચડે છે. આવી ઉચ્ચ સ્થિતિ થયા પછી શ્રી અરિહંત પ્રભુ પોતાનાં સનાતનધર્મ તથા મંગલમય ધર્મના સનાતનભાવના વેદનરૂપ આજ્ઞારસને એ પરમાણુઓમાં ભરે છે, જેથી એ પરમાણુઓ એમના રચયિતા એવા ઉત્કૃષ્ટ પુરુષાર્થી સાધુસાધ્વીજી, ઉપાધ્યાયજી, આચાર્યજી, ગણધરજી, અરિહંત પ્રભુ તથા સિદ્ધ પ્રભુને (અપેક્ષાએ) એ આજ્ઞારસ પહોંચાડી, પોતે એક અપેક્ષાએ ૠણમુક્ત થાય છે; અને બીજી અપેક્ષાએ તે જીવાત્માઓને ફરીથી ઉચ્ચ પુરુષાર્થ કરવાની પ્રેરણા આપતું વીર્યદાન કરે છે. શ્રી અરિહંત પ્રભુનો જે આત્મપ્રદેશ વીર્યદાન કરે છે, એ પૂર્ણ પંચપરમેષ્ટિના આજ્ઞારસનું યોગ્યરૂપે સંક્રમણ કરે છે; જે દ્વારા તે નિહાર કરાતા પરમાણુઓના પંચાસ્તિકાય તથા પાંચે સમવાયને પોતાને અનુકૂળ બનાવે છે. તેઓ પૂર્ણ પંચપરમેષ્ટિના આજ્ઞારસને નિહાર કરાતા પરમાણુઓમાં રોપે છે, જેથી જે જીવ એને ગ્રહણ કરે તેને તેમાંથી માત્ર કલ્યાણ ને કલ્યાણ જ ઉપજે. આ ક્રિયામાં એ અરિહંત પ્રભુનાં સર્વ પરમાણુઓ પૂર્ણતાએ ગ્રાહ્ય થાય ત્યારે તેઓ પાંચે મહાવ્રતનું ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ સૂક્ષ્મતાએ પાલન કરતા હોય છે. આ ઉચ્ચ, ગુપ્ત તથા આશ્ચર્યકારક ક્રિયા શ્રી અરિહંતપ્રભુ દરેક વખતે કરતા હોતા નથી; પરંતુ જ્યારે તેમનો નિહાર એમની અંતરંગ કક્ષા કરતાં ઊંચો થાય છે, ત્યારે જ કરે છે.”

પ્રભુજી! તમારું આ જ્ઞાનદાન અમને દિગ્મૂઢ કરે છે, પણ એમાંથી અમને એક પ્રશ્ન થાય છે કે ‘શ્રી અરિહંત પ્રભુના ક્યા પુરુષાર્થથી આ ક્રિયા થાય છે? શ્રીપ્રભુ પાત્રતા જાણી ઉત્તરનું અપૂર્વ દાન આપણને આપે છે.’ શ્રી અરિહંત પ્રભુ એમની છદ્મસ્થ અવસ્થામાં વિવિધ માર્ગનું આરાધન કરતા હોય છે. પરંતુ છેવટમાં તેઓ આજ્ઞામાર્ગમાં જ ચાલે છે. જે વિરલા ભાવિ અરિહંત ભગવાન છઠ્ઠા સાતમા ગુણસ્થાને ચારિત્રની વિશુદ્ધિ સાથે તથા પોતાને મળેલા ધર્મના સર્વ સિદ્ધાંતો સર્વ જીવને પ્રાપ્ત થાય એ ભાવથી ભક્તિમાર્ગને આરાધે છે તેમને છદ્મસ્થ દશામાં પાંચ પદની (સાધુસાધ્વી, ઉપાધ્યાય, આચાર્ય, ગણધર અને અરિહંત પદની) સ્પર્શના કરવાની શક્યતા

આવે છે, તેમાંના ઘણાને આ સ્પર્શના કરવાનો લાભ મળે છે. સાથે સાથે, જે પંચપરમેષ્ટિ પદમાં સ્થાન પામવાના હોય તેવા તેમના શિષ્યોને પણ એકથી વધારે પદને સ્પર્શવાનો લાભ મળે છે. આ લાભનું એવું પુણ્ય બંધાય છે કે આવા અરિહંત ભગવાનને એમની પૂર્ણાવસ્થામાં ઉચ્ચ નિહાર કરવાનો અર્થાત્ પોતાની અંતરંગ કક્ષા કરતાં વધારે ઊંચો નિહાર કરવાનો યોગ આવ્યા કરે છે. આમ થવાનું રહસ્ય એ છે કે એમના શિષ્યો વિશેષ પુરુષાર્થી હોય છે, તેને લીધે પૂર્ણ પંચપરમેષ્ટિ પ્રભુનાં કલ્યાણનાં પરમાણુઓની રચના કરવામાં વધારે મદદ કરતા હોય છે. વળી, જે અરિહંત પ્રભુ છદ્મસ્થ દશામાં છઠ્ઠા પદનો (સિદ્ધપદનો) સ્પર્શ કરે છે, તેમને આ પાંચે પદનો, પૂર્ણ સિદ્ધાવસ્થામાં કેવો અનુભવ હોય છે તેનું અનુભવ શ્રુત એમનાં ચારિત્રમાં ઉમેરાય છે. પરિણામે તેમના નિહારની તીક્ષ્ણતા પાંચ પદના સ્પર્શવાળા અરિહંત પ્રભુ કરતાં અસંખ્યગણી વધી જાય છે. આ કાર્યનો સ્થૂળ પૂરાવો આપણને શ્રી અરિહંત પ્રભુની દેશનામાં મળે છે. શ્રીપ્રભુ 'ૐ'ના સ્વરથી જ નિહાર કરે છે; જેથી એમાં શ્રી પંચપરમેષ્ટિ પ્રભુના સાથ તથા વિનયને માન્યતા મળે છે. વળી, એ દેશનામાં જે જે જીવો આવે છે તે તે જીવો આત્માર્થે પ્રગતિ કરે છે. આ પર જરા ઊંડાણથી વિચાર કરતાં સમજાશે કે આ સિદ્ધિ ઘણી દુષ્કર તથા અસામાન્ય છે. પ્રભુજીએ આપણને સમજાવ્યું છે કે પ્રત્યેક સંજ્ઞી પંચેન્દ્રિય જીવ પૂર્ણ સ્વતંત્ર છે. તો આવા વિવિધ ભાવવાળા સંજ્ઞી પંચેન્દ્રિય જીવો એ દેશનાના સમૂહમાં પોતાની સ્વતંત્રતાને પ્રભુના ધર્મબોધમાં અર્પણ કરવા શા માટે તૈયાર થાય છે? એ દેશનામાં મિથ્યાત્વી જીવોનો સમૂહ ઘણો મોટો હોય છે, તેઓ પણ પોતાની સ્વતંત્રતાને પ્રભુના ૐનાદમાં અર્પણ કરી દે છે, એની પાછળ જે ભેદરહસ્ય સમાયેલું છે તે પ્રભુના ઉચ્ચ સ્તરના નિહારમાં છે. તેઓ નિહાર કરતી વખતે આહાર, વિહાર તથા નિહારની ક્રિયા એકસાથે કરે છે.

## શ્રી સિદ્ધપ્રભુના આહાર, વિહાર, નિહારની પ્રક્રિયા

શ્રી સિદ્ધપ્રભુ આઠે કર્મથી મુક્ત, આત્માની પરમ વિશુદ્ધિ માણનારા સર્વોત્તમ આત્મા છે. તેમણે ચૌદમા ગુણસ્થાને 'સર્વ જીવ કરું શાસનરસિ'ના ઉત્કૃષ્ટ ભાવ મન,

વચન તથા કાયાના યોગ છોડતી વખતે બળવાનપણે ઘૂંટયા હોય છે; જેના લીધે તેમના આત્મામાં ઉત્પન્ન થયેલા ઊંચા પ્રકારના ચેતનરસને સાથે લઈ જઈ, તેઓ સિદ્ધભૂમિમાં બિરાજમાન થાય છે. ત્યાં પહોંચતાની સાથે, તેમણે ચૌદમા ગુણસ્થાને વેદેલા ઉત્તમ ભાવના પ્રભાવથી તેઓ એ ચેતનરસની પ્રસાદી સર્વ સિદ્ધાત્માઓને પહોંચાડે છે; જે થકી સર્વ સિદ્ધાત્માઓ એકબીજા સાથે જોડાયેલા હોવાથી, આત્માની અડોલ સ્વરૂપમય સ્થિતિને ઘટ્ટ કરે છે. જ્યાં સુધી અન્ય આત્મા સિદ્ધ થઈ, સિદ્ધભૂમિમાં પ્રવેશતો નથી, ત્યાં સુધી આગંતુક સિદ્ધપ્રભુના ચૌદમા ગુણસ્થાનના ભાવ ધર્મનાં સાધન તથા પુરુષાર્થ દ્વારા સર્વ આત્માઓ એમનાં મૂળ સ્વરૂપ 'શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ'ને ધર્મનાં પરિપાકરૂપે માણ્યા જ કરે છે. અને નવા પ્રભુ સિદ્ધિભૂમિમાં આવે ત્યારે તેમના આવા જ પ્રવાહને સ્વીકારી તેમાં એકરૂપ થઈ જાય છે, અહીં ધર્મનું સનાતનપણું અને મંગલપણું એકબીજામાં એવાં એકરૂપ થઈ જાય છે કે તેમને છૂટા પાડવા અસંભવિત થઈ જાય છે. આથી તેમની મહાસમાધિ સર્જાય છે. આવી મહાસમાધિ સર્વ સિદ્ધત્માઓ સિદ્ધ થતાંની સાથે સતત માણે છે. જેનાં ફળરૂપે તેઓ ધર્મનાં સનાતન તથા મંગલમય આજ્ઞારૂપી ધર્મ અને તપરૂપી ચેતના પ્રેરિત આજ્ઞારૂપી ધર્મ તથા આજ્ઞારૂપી તપનો સ્વનિહાર, પરનિહાર તથા સ્વપરનિહાર એકીસાથે કરે છે.

"અહો! પ્રભુ અહો! તમારી વાણી, તમારો નિહાર, તમારો વિહાર અને તમારો આહાર! માત્ર, અહોરૂપ આશ્ચર્યમાં અમે ડૂબીએ છીએ. આ કાર્યની યોગ્ય કલ્પના કરવી પણ અમને અમારા ગજા બહારની વાત લાગે છે. પ્રભુજી! આવા ઉત્કૃષ્ટ પુરુષાર્થી આત્માનાં ચરણોમાં જ અમારા આત્માને સમર્પિત કરીએ છીએ. તમારા જેવા થવાના ભાવ પણ હવે ક્ષીણ થતા જાય છે. માત્ર તમારાં ચરણોમાં જ અમારો સદાકાળ માટે વાસ રહે એ જ વેદન અમારા આત્માના પ્રદેશે પ્રદેશના સર્વ વિભાગમાં સમયે સમયે વધતું રહે એ જ ભાવના છે."

"અહો પ્રભુ! તમારા પુરુષાર્થમાં કેટલી ઝીણવટ છે, સૂક્ષ્મતા છે કે એને યથાર્થરૂપે સમજવામાં પણ તમારા સાથ અને આજ્ઞા વગર અશક્ય લાગે છે. તો આવા

પુરુષાર્થને, આચરવા માટે, પાળવા માટે, અનુભવવા માટે અને માણવા માટે આજ્ઞાની કઈ શૈલી સુધી પહોંચવાની જરૂર છે એ જાણવું પણ મારી મંદ મતિની કલ્પનાની બહાર છે. પરંતુ હે પ્રભુ! જેમ હિમાલય પર્વતની સમક્ષ એક નાનું ઝરણું પોતાની મંદતા ગણકાર્યા વિના લાજશરમ રાખ્યા વિના હિમાલયના સૌંદર્યમાં ભળી જાય છે, વિલિન થઈ જાય છે. તેમ હે પ્રભુ! હું મારી મંદતા, મારી અલ્પતા, મારાં હીનવીર્યને ગણકાર્યા વિના, હિમાલયથી પણ વિશેષ એવા તમારાં વીર્ય, પુરુષાર્થ તથા આજ્ઞાધીનપણામાં એક બિંદુનો અનંતમો ભાગ બની વિલિન થવા ઇચ્છું છું. હે પ્રભુ! તમે મારા પિતા છો! બાળક પોતાની મંદતાને પિતા સામે દર્શાવવા માટે લાજશરમ રાખતું નથી કેમકે તેને લક્ષ હોય છે કે પિતા તેની મંદતા પૂરેપૂરી જાણે છે. અને આ ખામી પ્રગટ કરવાથી કાળ જતાં તે ખામી નીકળી જવાની છે. તેમ એવા જ ભાવથી હે પ્રભુ! હું મારી મંદતા, મારા હીનવીર્યપણાને તથા સર્વસ્વને તમારા ચરણકમળમાં સોંપી દઉં છું. પ્રભુ! મારી પાસે તમારા જેવો મહાપુરુષાર્થ નથી, પણ જે કંઈ સોંપું છું તે મારું સર્વસ્વ છે, એમાં કંઈ પણ લોભ કે લાજ રાખ્યા વગર જ તમને સોંપું છું. તમને જેમ યોગ્ય લાગે તેમ તેનો ઉપયોગ તમે મારી પાસે કરાવજો. મને ખાતરી છે કે એ ઉપયોગથી મારી સફળતા ઉત્કૃષ્ટતાની ટોચ પર પહોંચી શકશે. કેમકે તેમાં તમારા પવિત્ર ચરણોના આશીર્વાદ છે. હે પ્રભુ! મને આ સફળતા ત્યારે જ બતાવજો કે જ્યારે તમને ખાતરી થાય કે મને એનાથી માનાદિ કષાય ઉપજશે નહિ, અને એ સફળતાના લોભમાં તમારો સાથ કે તમારાં ચરણની સેવા હું છોડીશ નહિ. પ્રભુ! આ વિનંતિ કે માંગણી કોઈ પણ કષાયજન્ય અધિકારથી જન્મી નથી, કેમકે સામર્થ્યની અપેક્ષાએ તમને કંઈ કહેવાનો અધિકાર મને નથી. પરંતુ હે પ્રભુ! હું એક ઘાતિકાર્મોથી લપેટાયેલો, મેલોઘેલો તમારો બાળ છું. અને મારામાં આ ઇચ્છા જોર કર્યા જ કરે છે. આ ઇચ્છાને ઇચ્છાનિરોધ તપસ્વી સમક્ષ પ્રગટ કરી સંતોષવી છે. તેમ જ આવી ઇચ્છા ફરીથી કયારેય જન્મે નહિ, હું પણ ઇચ્છાનિરોધ તપસ્વી બની શકું એ અભિલાષા છે. હે પરમાત્મા! મને

એવા ભાવ થાય છે કે મારા આત્માના પ્રત્યેક પ્રદેશમાં એવી ભક્તિ જગાડો કે એવી ભક્તિને પોષવા તમારા એકેએક પ્રદેશ મારા પ્રદેશમાં સમાઈ જાય અને તમારા પ્રત્યેક પ્રદેશ સાથે હું એકરૂપ થઈ જાઉં. પ્રભુજી! તમને તો મારા એકેએક પ્રદેશની ઓળખાણ છે, તમે નથી તો હું નથી અને તમે છો તો હું છું. એ ભાવના ૐભાવમાં હું લીન થાઉં છું. સ્થિર થાઉં છું, અક્ષય સ્થિતિને પામું છું."

શ્રી પ્રભુએ અપૂર્વ જ્ઞાનદાનથી આપણને આહાર, વિહાર તથા નિહારની વિવિધતા તથા ક્યા પરમેષ્ટિ કેવી રીતે તેનું સેવન કરે છે તેની સ્પષ્ટતા કરાવી. હવે તેઓ આપણને સમજાવે છે કે એ પુરુષાર્થથી જીવ કે પૂર્ણાત્મા ધ્યાનરૂપી મહાપ્રબળ, શાંત પુરુષાર્થમાં સરે છે, જેથી તે પોતે ઠરે છે અને એ દ્વારા પુરુષાર્થથી કે સહજતાથી બીજાને ઠારે છે. એ છે "ઠરી અવરને ઠાર"નું અંતિમ લક્ષ. આ સિદ્ધિ કેવી રીતે થાય છે તે આપણે શ્રી પ્રભુની તથા શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની આજ્ઞાથી હવે સમજવા પ્રયત્ન કરીએ.

'ઠરી અવરને ઠાર'ના આવા ઉત્તમ ભાવ સાથે પ્રભુ આપણી સમક્ષ એક ઉત્તમ માર્ગ ખુલ્લો કરે છે. એમની અને પંચપરમેષ્ટિ પ્રભુની કૃપાથી અને આજ્ઞાથી એ જ્ઞાનધોધને શબ્દદેહ આપવા પ્રયત્ની થઈએ છીએ. વિચારતાં આપણને સમજાય છે કે સર્વ આરાધનનું લક્ષ 'સમાધિની પ્રાપ્તિ' છે. જેમ જેમ જીવની સમાધિ વધતી જાય છે તેમ તેમ તેનો સુખશાંતિમય સહજાનંદ વધતો જાય છે. આ ધ્યેયને ઘનિષ્ઠ કરવા શ્રી પ્રભુ સમજાવે છે કે સહજાનંદનું મૂળ તેજ તથા ઠંડકમાં રહેલું છે. આગળ સમજાવ્યું હતું તેમ જીવ સૂર્યરૂપી ચંદ્રની ઠંડકથી સ્વકલ્યાણમાં આરૂઢ થાય છે. એ સ્વકલ્યાણનું મૂળ તેને સૂર્યનાં તેજકિરણથી મળે છે. અહીં સૂર્ય એ અન્ય પરમેષ્ટિ આદિ સર્વ સત્પુરુષ તથા જ્ઞાની ભગવંતોની કલ્યાણ તથા કરુણા પ્રેરિત શાંત ભાવસમાધિમાંથી, ધર્મનાં સનાતનપણા તથા મંગલપણાના ધ્રુવકાંટાને પોષવા માટે ઉપજતા વાણીયોગ તથા ભાવયોગરૂપ કલ્યાણનાં પરમાણુઓની પરંપરા છે. આ કલ્યાણરૂપી સૂર્ય વ્યવહારના સૂર્યની જેમ અનાદિ અનંત છે, શાશ્વત છે, તેજોમય છે, પોતે તેજરૂપ છે, અન્યને તેજ આપનાર છે.

આ હકીકત શ્રી રાજપ્રભુએ આત્મસિદ્ધિશાસ્ત્રમાં નીચે જણાવેલી કડીમાં અતિ ગૂઢરૂપે વ્યક્ત કરી છે –

“શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ,
બીજું કહીએ કેટલું, કર વિચાર તો પામ.”

સૂર્યરૂપી પંચપરમેષ્ટિનો ગોળો એવો અપૂર્વ છે કે એનું યથાર્થ વર્ણન શબ્દ દ્વારા કરવું અસંભવિત છે. એનું યથાર્થ વર્ણન કરવા માટે માત્ર અનુભવરૂપ સમાધિ જ યોગ્ય માધ્યમ છે. એ સૂર્યનાં તેજકિરણો જીવ કે આત્માના પ્રદેશોને જ્યારે સ્પર્શે છે ત્યારે એ તેજ પુદ્ગલરૂપી વિભાવ અંધકારને છિન્નભિન્ન કરે છે. એ અંધકાર જેમ જેમ દૂર થતો જાય છે તેમ તેમ તે સહજાનંદ અનુભવતો જાય છે. એ સહજાનંદમાં સુખ તથા શાતારૂપ ઠંડક હોય છે, જે એ જ સૂર્યનાં કિરણોને ઠંડકના ગુણથી સુશોભિત કરે છે. એ ઠંડક સૂર્ય તેજના માર્ગથી આત્મામાં સર્વથા વ્યાપી જાય છે. આ અનુભવથી આત્મા ઠંડો થતો જાય છે. આ રીતે સૂર્યનાં તેજકિરણોથી ચંદ્રનાં કિરણો ઉપજે છે. આમ ચંદ્રનાં કિરણોનું મૂળ સૂર્યનાં કિરણોમાં રહેલું છે, જે એ જીવના એક પ્રદેશને ઠંડો કરી અન્ય પ્રદેશોને ઠંડા કરે છે; જેમ દીવો અંધકારનો નાશ કરે છે તેમ. એ ઠંડા આત્મામાં ૐરૂપ ધ્યાનસમાધિ પ્રગટે છે, ત્યારે એ સોનેરી કિરણો પરકલ્યાણમાંથી રૂપેરી સ્વકલ્યાણમાં પરિણમે છે. આ ચંદ્ર જેવી ઠંડક પહેલા પોતા પૂરતી મર્યાદિત હોય છે, પરંતુ જ્યારથી તે જીવ એ ઠંડકને વધારે માત્રામાં અને ઝડપથી ખેંચવા તત્પર થાય છે; ત્યારથી તે જીવ જેમ આહારની આકાંક્ષા રાખે છે, તેમ તેના માટે વિહાર તથા યોગ્ય નિહારની અનિવાર્યતા સ્વીકારતો જાય છે. કારણ કે વિહાર તથા નિહાર દ્વારા આત્મપ્રદેશો પર જગ્યા થતી જાય તો જ તે સૂર્યનાં તેજકિરણોને વધારે માત્રામાં ગ્રહણ કરી શકે. બીજી અપેક્ષાએ એ જીવ ઋણનિવૃત્તિ માટે તથા સૂર્યનાં તેજકિરણોનું સમતોલન જાળવવા માટે ચંદ્રમાંથી ચંદ્રનાં કિરણો બહાર કાઢે છે જે સૂર્યને તેજરૂપ વીર્ય પ્રદાન કરે છે. આ ચક્ર સદાકાળ ચાલુ રહે છે, તેથી સૂર્યરૂપી ચંદ્રનાં કિરણો અને ચંદ્રરૂપી સૂર્યનાં કિરણો એક પ્રવાહરૂપે નિત્યપણું ધારણ કરે છે. આ દ્વિતીય પ્રવાહ જીવરૂપ આત્મામાં સમાધિમય શિવપણાને પ્રગટાવે છે જે ‘ઠરી અવરને ઠાર’ના સાધનને

ભજે છે. જેમ જેમ જીવ પોતે વધારે ઠરતો જાય છે તેમ તેમ તે બીજાને ઠારવા જેટલો શક્તિમાન થતો જાય છે. તે જેમ જેમ અન્યને ઠારે છે, તેમ તેમ પોતે વધારે ઠરવાની પાત્રતા મેળવતો જાય છે. અને વધારે ઠરતો જાય છે. આ 'ઠરી અવરને ઠાર'ના સાધન દ્વારા જીવ છ પ્રકારના પ્રવાહથી સમાધિને પોતાના પુરુષાર્થ અનુસાર પ્રાપ્ત કરે છે. સાધુસાધ્વીજીનો 'ઠરી અવરને ઠાર'નો પ્રવાહ; ઉપાધ્યાયજીનો 'ઠરી અવરને ઠાર'નો પ્રવાહ, આચાર્યજીનો "ઠરી અવરને ઠાર"નો પ્રવાહ, ગણધરજીનો "ઠરી અવરને ઠાર"નો પ્રવાહ, અરિહંતનો "ઠરી અવરને ઠાર"નો પ્રવાહ અને સિદ્ધપ્રભુનો 'ઠરી અવરને ઠાર'નો પ્રવાહ. આ પ્રવાહને એકરૂપમાં જકડી રાખનાર પદાર્થ છે 'સર્વ જીવ કરું શાસનરસિ'નો ભાવ, વેદન તથા માર્ગ જેને આપણે ઊંડાણથી આગળ ઉપર વિચારીશું.

હવે આપણને જે ચિત્ર પ્રભુએ આરંભમાં દેખાડયું હતું, તેનો પ્રભુની કૃપાથી વિચાર કરીએ. એક જંગલમાં ખૂલ્લું મેદાન છે. ખૂલ્લું મેદાન એટલે જીવની સરળતા. ત્યાં પૂર્વ દિશામાં પૂર્ણ તેજોમય સૂર્ય ઝળહળતો દેખાય છે. પૂર્વ દિશા એટલે પુરુષાર્થની આદિ થવાનું નિમિત્ત. અને સૂર્ય એ પંચ પરમેષ્ટિ પ્રભુના કલ્યાણભાવથી બનેલો તેજસ્વી ગોળો, જેમાંથી અનાદિઅનંત કાળ માટે તેજનાં કલ્યાણમય સોનેરી કિરણો નીકળતા જ રહે છે. ચંદ્ર પણ એ સૂર્યના તેજને રૂપાંતરિત કરી એક મહાનદી રૂપે ઝરાવે છે. એમાં ચંદ્ર એટલે જીવનો પોતાનો પુરુષાર્થ જે સ્વપુરુષાર્થ જગાડવા માટે ઉત્તમ નિમિત્ત છે. મહાનદી એ સરળતામાંથી ઉપજતાં ભક્તિ, વિનય અને આજ્ઞાનાં સંયોજનથી બનેલો જીવનો ઉત્તમ આજ્ઞારસ. આ આજ્ઞારસ પર બે પ્રવાહો પોતાનું તેજ વરસાવે છે. એક શ્રી પંચપરમેષ્ટિ પ્રભુનો ઉત્તમ આજ્ઞારસ, જેમાંથી સ્વપરકલ્યાણનાં ઉત્તમ પરમાણુઓ ઝરે છે, અને તે જીવને વધારે સ્વપુરુષાર્થ કરવા પ્રેરે છે. આ પરથી લક્ષ થશે કે "ઠરી અવરને ઠાર"ની સ્થિતિ જીવને છઠ્ઠા સાતમા ગુણસ્થાને શુક્લધ્યાનની વીસ મિનિટ પૂરી કર્યા પછી શરૂ થાય છે. પચીસ મિનિટે પહોંચ્યા પછી જીવ ક્ષપકશ્રેણિ માંડવાની તૈયારી શરૂ કરે છે, અને ક્ષપકશ્રેણિની તૈયારી કરવા માટે જીવે "ઠરી અવરને ઠાર"ની સ્થિતિનો અનુભવ કરવો જરૂરી બને છે. આ સ્થિતિમાં જ જીવનો સ્વપુરુષાર્થ

પોતા માટે ઉત્તમ નિમિત્ત બની શ્રી પંચપરમેષ્ટિ પ્રભુનાં સ્વપરકલ્યાણભાવ સાથે જોડાય છે.

ચંદ્ર અને સૂર્યનાં તેજકિરણો યોગ્ય સમતોલનથી એકબીજા સાથે એકમેક થાય છે. એકબીજામાં એકમેક થવા માટે બંનેમાં સમાન ભાવરસ હોવો જોઈએ. આપણે જાણીએ છીએ કે શ્રી પંચપરમેષ્ટિ પ્રભુના સ્વપરકલ્યાણભાવમાં "સર્વ જીવ કરું શાસનરસિ"નાં કલ્યાણનાં પરમાણુઓ રહેલાં હોય છે. આથી જ્યારે જીવના સ્વપુરુષાર્થમાં 'સર્વ જીવ કરું શાસનરસિ'નો યોગ્યતા અનુસાર કલ્યાણભાવ ઉપજે છે ત્યારે એ બે કિરણો એકબીજામાં એકરૂપ થાય છે. અહીં શ્રીપ્રભુ એક અતિ ગંભીર રહસ્ય ખૂલ્લું કરે છે. જ્યારે સૂર્યનાં અને ચંદ્રનાં તેજકિરણો એકમેકરૂપ થાય છે ત્યારે ચંદ્રનાં કિરણો સૂર્યનાં કિરણો કરતાં વધારે તેજોમય બની વધારે ઠરે છે, અને એ ચંદ્રનાં શીતળ કિરણો પોતાની ઉપકારબુદ્ધિ તથા ઋણની નિવૃત્તિ અર્થે સૂર્યનાં કિરણોને ઠારે છે. આ રીત શ્રીપ્રભુએ 'ઠરી અવરને ઠાર'માં રોપી છે. સૂર્યનાં કિરણો જેમ ચંદ્રનાં કિરણોથી શીતળતા પામે છે તેમ તેઓ વ્યવહારશુદ્ધિનાં માધ્યમથી તથા ઋણની નિવૃત્તિ અર્થે ચંદ્રની વીતરાગમય શીતળતામાં ઉત્તમ (યોગ્યતા પ્રમાણે) 'સર્વ જીવ કરું શાસનરસિ'નો વેગ પૂરે છે. એની સાથે એ બોધ પણ આપે છે કે તારે જો વધારે શીતળતા તથા શાંતિ પામવાં હોય તો તારે સ્વપરકલ્યાણના માર્ગમાં 'સર્વ જીવ કરું શાસનરસિ'ના ભાવ કરવા અનિવાર્ય છે. એ વખતે એક ચમત્કાર સર્જાય છે. ચંદ્રનાં કિરણો પહેલાં કરતાં વધારે શીતળ થયા હોવા છતાં એનો આજ્ઞારસ મહાનદીમાં વેગ ઉપજાવે છે. આ કથન ખૂબ વિચારવા યોગ્ય છે; કે જીવ પોતાની વીતરાગમય સ્થિતિ વધારવા છતાં સ્વપરકલ્યાણમાં વિશેષ (એકાગ્ર) આરૂઢ રહી શકે છે. આ વેગ એ મહાનદીને વિશેષ વિશેષ વેગવંત બનાવે છે; અને તેમાંથી એક એવી સ્થિતિ સર્જાય છે કે જીવના યોગમાં, તે વેગની માત્રા સહન કરી શકે એના કરતાં વધારે વેગ, એ આજ્ઞારસરૂપ મહાનદીમાં આવે છે. પૂર્વે વર્ણવેલા ચિત્રમાં કહ્યું હતું કે તળાવની સપાટી અને આગળના ભાગની સપાટીમાં ઘણો ફરક હોવા છતાં વેગ વધતો જ જાય છે અને મહાનદી ઊંચી સપાટીની છેલ્લી ભૂમિકાએ આવે છે ત્યારે તેનો વેગ સહુથી વિશેષ હોય છે. એવી જ રીતે જીવનો

આજ્ઞારસ વીતરાગતામાં લીન હોવા છતાં ખૂબ વેગવાન હોય છે; અને જ્યારે તે યોગની પરિસીમાના છેલ્લા વિભાગમાં આવે છે, ત્યારે તેનો વેગ સહુથી વધારે હોય છે. તેણે જેનું કલ્યાણ કરવાનું હોય છે તેની કક્ષા પોતા કરતાં ઘણી ઊતરતી હોય છે, છતાં એ વેગ રોકાતો નથી, પણ વધતો જ જાય છે. આવી અપૂર્વ ક્ષણે એ યોગના સર્વ વિભાગમાંથી ઉત્તમ અમીરસરૂપ સ્વપરકલ્યાણભાવનો મહાધોધ (waterfall) વરસે છે. આ મહાધોધ જેમ જેમ વરસતો જાય છે, તેમ તેમ સ્વકલ્યાણનો વિભાગ તથા સૂર્યનાં વધારે ઉત્તમ કિરણો એ મહાનદીને શાંત કરતાં જાય છે. એમાં પહેલા ચંદ્રસૂર્યનાં કિરણો એટલે કે ચંદ્રરૂપી સૂર્યનાં કિરણો એ મહાનદીને શાંત કરે છે. એ શાંતિ જ્યારે અમુક કક્ષાએ પહોંચે છે ત્યારે તેનાં ફળરૂપે તેનાં તટ પર એક મહામુનિ ઊંડા ધ્યાનમાં મગ્ન હોય તેમ જણાય છે. આ સ્થિતિને શ્રીપ્રભુ ‘ઠરી અવરને ઠાર’ની મહાસમાધિરૂપે ઓળખાવે છે. હે ભવ્યો! આવી સમાધિને આત્મા ક્ષપક શ્રેણિમાં દરેક ગુણસ્થાન ચડતી વખતે, ૧૩મા ગુણસ્થાને અયોગી સ્થિતમિાં અને ચૌદમા ગુણસ્થાનથી સતત માણે છે. અહો! અહો! આવી મહાસમાધિ! તમને, અમને તથા સહુને શ્રીપ્રભુની તથા શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની કૃપાથી તથા આજ્ઞાથી જલદી જલદી પ્રાપ્ત થાઓ.

આવી ‘ઠરી અવરને ઠાર’ની મહાસમાધિ જીવ મુખ્યતાએ ક્ષપક શ્રેણિમાં, ગુણશ્રેણિના વેદનમાં (ગુણસ્થાન ચડતી વખતે) અનુભવે છે. આ મહાસમાધિ માટે જીવમાં સૂર્યરૂપ સોનેરી તેજકિરણો તથા ચંદ્રરૂપ રૂપેરી શાંત કિરણો સાથે વહે છે. આ કિરણો સાથે વહેવા માટેનું સાધન એ છે કે જીવ સ્વકલ્યાણરૂપ સ્વદયા તથા પરકલ્યાણરૂપ પરદયાને એકસરખા વેગથી અનુભવે છે. અહીં દ્વિતીય (પરકલ્યાણના) ભાવના વેદનનું સાધન છે ‘સર્વ જીવ કરું શાસનરસિ’નો ભાવ. આ ભાવ જ્યારે જીવમાં ઉગ્રતા પકડે છે ત્યારે તે સ્વકલ્યાણથી શરૂ કરી પરકલ્યાણના ભાવમાં સરે છે, જે સ્વપર કલ્યાણની ઉત્કૃષ્ટ સ્થિતિમાં સ્થિરતા પામે છે. સ્વકલ્યાણમાં જીવ પોતાના સર્વ અશુદ્ધ પ્રદેશોને શાસનરસિ કરવા માટેના ભાવ, પ્રયત્ન તથા પુરુષાર્થ કરે છે; એ ભાવમાં એનાં જ્ઞાન તથા દર્શન એકસાથે જાણેજુએ છે. એ પ્રદેશો પરથી જેમ જેમ પરમાણુઓ ખરતા જાય છે તેમ તેમ તે પરમાણુઓને અન્ય જીવ ગ્રહણ કરી વિભાવમાં

જાય તેવી સંભાવના થાય છે; આ સમયે એ જીવમાં 'સર્વ જીવ કરું શાસનરસિ'નો ભાવ એવી વૃત્તિ પ્રગટાવે છે કે 'મારામાંથી ખરતાં પરમાણુઓ થકી કોઈ પણ જીવનું અકલ્યાણ ન થાઓ. ખરતાં અશુભ પરમાણુઓ અન્ય જીવો માટે અગ્રાહ્ય રહો. અને ખરતાં શુભ પરમાણુઓ થકી સર્વનું માત્ર કલ્યાણ જ થાઓ. તે પરમાણુઓ માત્ર કલ્યાણનું જ નિમિત્ત બનો.' તેનો આ ભાવ પ્રગતિ કરતાં કરતાં તેને એવા ભાવ કરાવે છે કે 'મારામાંથી ખરતા આ પરમાણુઓ થકી સર્વ જીવનું સર્વ પ્રકારે, સર્વ સમયે માત્ર કલ્યાણ, કલ્યાણ અને કલ્યાણ જ થાઓ.' આ ભાવના વેદનથી એ જીવમાં કલ્યાણનો સૂર્ય ઊગે છે, જે એને ચંદ્રની ઠંડક તથા સૂર્યનું તેજ એકી સાથે આપે છે. આ રીતે જીવ 'ઠરી અવરને ઠાર'રૂપ મહાસમાધિને પામે છે.

સામાન્ય રીતે આ સ્થિતિની શરૂઆત, જેનો ઉગ્ર પુરુષાર્થ હોય તેવા જીવને શુક્લધ્યાનમાં લગભગ ૨૫ મિનિટે પહોંચ્યા પછીથી, અને પંચપરમેષ્ટિ પ્રભુના કલ્યાણભાવના સાથથી (તથા પાંચમા કે છઠ્ઠા પદનું વેદન અનુભવાય ત્યારથી) થાય છે. સાતમા ગુણસ્થાને જીવને સંજ્ઞાનો ઉપયોગ હોય છે, તેના (સંજ્ઞાના) સાથથી જીવ પોતાના પુરુષાર્થને ફોરવવા માટે કર્મરૂપી પુદ્ગલની ઉદ્દીરણા કરી શકે છે; કર્મને હડસેલો પણ મારી શકે છે અને એ દ્વારા તે યોગ્યતાથી અપૂર્વકરણ, અધઃકરણ અને અનિવૃત્તિકરણ કરી શકે છે. આ ઉપરાંત સાતમા ગુણસ્થાને વર્તતા જીવ પાસે છઠ્ઠા ગુણસ્થાનનો સ્થૂળ પુરુષાર્થ પણ સાધન તરીકે હોય છે, જે એને સાતમા ગુણસ્થાનની તીક્ષ્ણતા, ઊંડાણ અને ગાઢતા વધારવામાં ઉપકારી થાય છે. સાતમા ગુણસ્થાને જીવની ભૂલ થાય તો ફરી ફેરો કરવાનો (trial and error નો) અવકાશ રહે છે; જે અવકાશ ક્ષપકશ્રેણિમાં સંભવતો નથી. આ પુરુષાર્થ કરવા માટે જીવની વીતરાગતા તથા નિસ્પૃહતા આજ્ઞાપ્રેરિત, કલ્યાણપ્રેરિત મહાસંવરના માર્ગ દ્વારા ઉપજી હોવી જોઈએ. તેની સાથે તેને પરમેષ્ટિનાં પાંચપદ કે છપદનો સ્પર્શ થયો હોય તો વિશેષ ઉપકારી થાય છે. વળી, પદના સ્પર્શ વખતે મહાવીતરાગમય સમાધિ તેને હોવી જોઇએ કે જેથી એ વેદનની ઉત્કૃષ્ટતામાં તેને સુખબુદ્ધિ કે મોહ આડાં આવે નહિ. એટલું જ નહિ પણ પરમાર્થ લોભના માધ્યમથી તે વેદનને વિશેષ ને વિશેષ ઉત્કૃષ્ટ બનાવવા તે પુરુષાર્થી

રહી શકે. આ સર્વ ઉપરાંત તે જીવમાં 'સર્વ જીવ કરું શાસનરસિ'ના ભાવથી જેવું કલ્યાણ એ પોતા માટે ઇચ્છે છે તેવું જ કલ્યાણ તે સર્વ જીવ માટે એ જ તીક્ષ્ણતાથી તથા ઉત્કૃષ્ટતાથી વેદી શકે ત્યારે જ આ સમાધિ સંભવી શકે છે. આ સમાધિનાં છ વિભાગ થાય છેઃ–

૧. સાધુસાધ્વીજીની મહાસમાધિ
૨. ઉપાધ્યાયજીની મહાસમાધિ
૩. આચાર્યજીની મહાસમાધિ
૪. ગણધરજીની મહાસમાધિ
૫. અરિહંતપ્રભુની મહાસમાધિ
૬. સિદ્ધપ્રભુની મહાસમાધિ

આ મહાસમાધિ વિશે આપણે વિશેષ જાણકારી આ પછીના વિષય 'સર્વ જીવ કરું શાસનરસિ'ની વિચારણ કરતી વખતે મેળવીશું. આ મહાસમાધિ એ ચૌદ પૂર્વનો સાર છે. અહીં 'ઠરી અવરને ઠાર, એ છે ચૌદ પૂર્વનો સાર' પૂર્ણ થાય છે. અહો! શ્રી પ્રભુની અપરંપાર કૃપા! અનેક વખત અહો! અહો! અહો!

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

दिसोदिसिं णंतजिणेण तादूणा,
महाव्वया खेमपदा पवेदिता।
महागुरु णिससयश उदीरिता,
तमं व तेऊ तिदिंसं पगासया।।

— આચારાંગ સૂત્ર અધ્ય. ૨૫, શ્લોક ૬.

પ્રાણી માત્રના રક્ષક અનંત જિનેશ્વર ભગવંતોએ સર્વ દિશાઓમાં સ્થિત જીવોની રક્ષાના સ્થાનરૂપ મહાવ્રતોની પ્રરૂપણા કરી છે. તે મહાવ્રતો ઘણા કઠિન છે. છતાં કર્મોનો નાશ કરનારાં છે. જેમ પ્રકાશ અંધકારનો નાશ કરે છે, તેમ મહાવ્રત ઉર્ધ્વદિશા, અધોદિશા તથા તિર્ચ્છી દિશાને પ્રકાશિત કરે છે. ।।૬।।

## પ્રકરણ ૨

# સર્વ જીવ કરું શાસનરસિ

શાસન એટલે કલ્યાણમય ધર્મનું વર્ચસ્વ. સર્વથા દુ:ખમય એવા આ સંસારથી છૂટવા માટે શ્રી અરિહંતપ્રભુ જગતજીવોને ધર્મનો પરમ પવિત્ર માર્ગ કલ્યાણભાવથી બોધે છે. આ બોધને સ્વીકારી, ધર્મનાં સામ્રાજ્યને સ્વીકારી, તેનું આરાધન કરવું એટલે શાસનરસિ થવું. શ્રી અરિહંતપ્રભુ તેમની છદ્મસ્થ દશામાં એવા ભાવ વેદતા હોય છે કે 'જગતના તમામે તમામ જીવો આ મંગલમય, કલ્યાણમય સનાતન ધર્મના નેજા હેઠળ આવી જાય; અને પરમ સુખની પ્રાપ્તિ કરે.' આવા ભાવ તેમના જે ભવમાં તેની સર્વોત્તમ ઉત્કૃષ્ટતાએ પહોંચે છે, તે ભવમાં તેમનું તીર્થંકર નામકર્મ બંધાય છે, નિકાચિત થાય છે. અને તે પછીના તેમના મનુષ્ય જન્મમાં એ નામકર્મનો ઉદય આવે છે ત્યારે તેઓ તે પદ પ્રવર્તાવી, તીર્થંકરપદ શોભાવે છે. શ્રી અરિહંત પ્રભુના આ ઊંડા ભાવની અભિવ્યક્તિ 'સર્વ જીવ કરું શાસનરસિ'ના ભાવમાં થાય છે.

આ ભાવના ઉત્કૃષ્ટ વેદનના પ્રભાવથી, અમૃતસાગર એવા શ્રી અરિહંતપ્રભુ પ્રણીત વીતરાગ ધર્મ સનાતનપણારૂપ સનાતનપણાથી, સનાતનપણારૂપ મંગલપણાથી, મંગલપણારૂપ મંગલપણાથી તથા મંગલપણારૂપ સનાતનપણાથી વિભૂષિત થાય છે. એટલું જ નહિ પણ, તે ધર્મમાં સરળતા, ભક્તિ, વિનય તથા આજ્ઞારૂપ સરળપણાનો ભાવ, ભક્તિભાવ, વિનયભાવ તથા આજ્ઞારસ યોગ્ય સમતોલનમાં સમાય છે. પરિણામે પ્રત્યેક જીવાત્મા તેના પુરુષાર્થ અનુસાર શિવાત્માની સહજ સમાધિસ્થ સ્થિતિએ પહોંચી શકે છે. તેની સાથે સાથે તેઓ શિવાત્મારૂપ સમાધિમાં ધર્મને યથાયોગ્ય રીતે પાળી પણ શકે છે, વળી તે સાધક જીવાત્માની પર્યાયમાં – છદ્મસ્થ દશામાં પણ કર્મનાં અતિશય દબાણની વચ્ચે રહેવા છતાં ય કેવળ સમાધિરૂપ શાંતિ તથા ધ્યાનની

દશામાં તેને આદરી શકે છે, તેમ જ પાળી શકે છે. તો પછી આત્માની પૂર્ણ દશામાં તેઓ ધર્મને આદરે તથા પાળે તેમાં શું નવાઈ હોઈ શકે?

અહો! ધર્મનો આ અગુરુલઘુ ગુણ તો જુઓ! એ પ્રારંભિક જીવ માટે નથી ભારે કે સિદ્ધાત્મા માટે નથી હલકો. એનામાં જીવના ભાવ તથા ઈચ્છા અનુસાર તેના પ્રદેશો પર સ્થાન પામવાની ક્ષમતા છે. તે ધર્મપાલનની શરૂઆત કરતા જીવને માત્ર સંસારની અસારતા, અસ્થિરતા અને વેદાતી દુ:ખની લાગણીઓથી છૂટવાનો સરળ માર્ગ બતાવે છે, અને સિદ્ધાત્માને સાદિ અનંતકાળ માટે, સમયની પરિસીમામાં જકડયા વગર અબાધિતપણે સર્વ દ્રવ્ય, સર્વ ક્ષેત્ર, સર્વ કાળ, સર્વ ભાવ તથા સર્વ ભવ અર્થાત્ પાંચે સમવાયની જુદી જુદી પરિસ્થિતિમાં આનંદના સાગરરૂપ અડોલ, અકંપ, ચૈતન્યઘનરૂપ અક્ષય આજ્ઞામાં જકડી રાખે છે.

અહો! પવિત્ર સિદ્ધભૂમિનાં દર્શન કરતાં (થતાં) લક્ષ આવે છે કે, સર્વ સિદ્ધાત્મા ચૈતન્યઘનરૂપ હોવા છતાં તેઓ ક્યારેય પોતાની સ્વતંત્રતાનો ત્યાગ કરતા નથી. આ પરમ શુદ્ધ આત્માઓનું આજ્ઞાપાલન બિલકુલ સમાન હોવાના કારણે તેઓ ચૈતન્યઘનસ્વરૂપે પણ પોતાની અક્ષય સ્થિતિને વિના અપવાદે જાળવી શકે છે. આ અદ્ભુત કાર્યની જાણકારી આવતાં, ધર્મરૂપી સદા જીવંત તત્ત્વ માટે અમને સાનંદ આશ્ચર્ય ઉપજે છે કે આ ધર્મ દરેક સિદ્ધાત્માની અંતિમ સ્થિતિ અનુસાર સાદિ અનંતકાળ માટે પરિણમે છે. શાસ્ત્ર અનુસાર તેમજ શ્રી જિનેશ્વર પ્રભુની વાણી અનુસાર પ્રત્યેક જીવાત્માની અંતિમ સ્થિતિ એકસરખી કે સમાન હોતી નથી, હોઈ શકતી નથી. સર્વ ઘાતીકર્મોનો ક્ષય કર્યા પછી પણ, પ્રત્યેક આત્માને વર્તતા અઘાતી કર્મની સ્થિતિ જુદી જુદી હોય છે, પ્રકારથી તેમજ સ્થિતિથી. પ્રત્યેક કેવળીપ્રભુને અઘાતીકર્મનો સત્તાગત જથ્થો તથા ઉદયગત કર્મો અલગ અલગ જ હોય છે. તેમના બધાં અઘાતી કર્મો શુભ જ હોય છે, તેમ છતાં તેમનાં આયુષ્ય, નામ, ગોત્ર તથા કલ્યાણનાં પરમાણુઓ (શાતાવેદનીય)ના પ્રકાર ભિન્ન ભિન્ન હોય છે. આનાં અનુસંધાનમાં આપણે તારણ કાઢી શકીએ કે સિદ્ધાત્માઓમાં સિદ્ધપર્યાયના ધર્મનું પરિણમન જુદું જુદું હોવું જોઈએ. તેમ છતાં તે સનાતન ધર્મ પોતાની અભૂતપૂર્વ શક્તિના આધારે દરેક સિદ્ધાત્મા

પાસે વિભિન્ન ધર્મનું આજ્ઞાપાલન એવી અપૂર્વ વિશેષતાથી કરાવે છે કે એ ધર્મ આજ્ઞાપાલનનાં પરિણમનમાં સર્વ ભિન્નતા તજાવી દે છે. પરિણામે સર્વ સિદ્ધ આત્માઓ પોતાનું ચેતનઘનપણું છોડતા નથી, તેમજ પોતાની આગવી સ્વતંત્રતાનો ત્યાગ પણ કરતા નથી.

"અહો ધર્મ! અહો ધર્મ! તમારી આ લાક્ષણિકતા જોઈને અમે તમારાં ચરણોના દાસ થવા મથીએ છીએ. તમારું અમારા પરનું આવું વર્ચસ્વ સદાય જયવંત વર્તો! તમારી આજ્ઞા તથા તમારી વિશાળતા પ્રત્યેક સમયે આ લોકમાં વિજયવંત થાઓ! અજ્ઞાન તથા અધર્મ સાથેનું તમારું વેર મૈત્રીમાં એવી રીતે પરિણમો કે જેથી આ લોકનાં સર્વ અજ્ઞાન તથા સર્વ અધર્મ તમને ચક્રવર્તીપણું બક્ષી, સદાકાળ માટે તમારા તાબામાં આવી જાય; જેથી આ લોકનો એક પણ ભાગ, એક પણ જીવ, એક પણ પરમાણુ કે એક પણ અસ્તિકાય તમારા તાબાની બહાર રહે નહિ. આ લોકમાં ધર્મનું, માત્ર ધર્મનું સામ્રાજ્ય રહે અને તેનાં શુદ્ધિ, સમાધિ તથા પવિત્રતા સમયે સમયે અનંતગમે વર્ધમાન થતાં થતાં ઉત્કૃષ્ટતાએ પહોંચે. હે ધર્મ! અમારી પાસે આ ઇચ્છાને પૂરી પાડવાની ક્ષમતા ન હોવા છતાં, ભક્તને મળતાં સુવિધા તથા છૂટનો આધાર લઈ અમે તમારા દાતારનાં બિરુદને અમારી વિનંતિ માન્ય કરવા યાચીએ છીએ. અમને વિશ્વાસ છે કે અમારી ગજાબહારની યાચનાને તમે સફળ કરશો."

શ્રી પ્રભુજી સહિત શ્રી પંચપરમેષ્ટિ પ્રભુ પ્રણીત ધર્મ પાસે આ માંગણી કરતાં વિચાર થાય છે કે ધર્મ એ સામૂહિક ચેતન ભાવનાનું સમાન પરિણામ છે, તો આ ધર્મમાં આવા અનેક આત્માઓને સમ રાખે, તથા તેમની સ્વતંત્રતાને જાળવી રાખે એવી લાક્ષણિકતા કે ખાસિયત કેવી રીતે અનાદિ અનંત કાળ માટે પરિણમી શકે છે?

શ્રી પ્રભુ પંચપરમેષ્ટિના પૂર્ણ આજ્ઞાપ્રેરિત અમૃતમય ૐનાદના સમાધિમય ગુંજન દ્વારા વેદનથી ખુલાસો આપે છે. એ વેદનને શ્રીપ્રભુની આજ્ઞાથી અને શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની કૃપાથી તથા આજ્ઞાથી અમે શબ્દદેહ આપવાનો પુરુષાર્થ

કરીએ છીએ. અમારી છદ્મસ્થ દશાને કારણે આજ્ઞાપાલનની સ્થૂળતામાં જો સૂક્ષ્મ દોષ પણ થયો હોય તો, શ્રી પ્રભુ તથા શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની પરમ સાક્ષીએ અમે કોટિ કોટિ વંદન કરી ક્ષમા માગીએ છીએ.

આ લોકનો આકાર મનુષ્યના દેહના આકાર જેવો છે, તેમ શ્રી મહાવીર પ્રભુ આપણને જણાવી ગયા છે. અને શ્રી રાજપ્રભુએ તેમના ઘણા ઘણા પત્રોમાં તથા 'લોકપુરુષ સંસ્થાને કહ્યો' એ પદમાં આનું વર્ણન કર્યું છે. મનુષ્યના દેહમાં ત્રણ અંગો – અવયવો (organs) ઘણાં અગત્યનાં છે. ૧. મગજ, ૨. હૃદય અને ૩. મૂત્રપિંડ (kidneys).

મનુષ્યના દેહમાં તેનું મગજ આખા શરીરનું સંચાલન કરે છે. તેની સહાયથી શરીરનાં સર્વ અંગોપાંગો વ્યવસ્થિત રીતે કાર્ય કર્યા કરે છે. જો દેહમાં મગજ કામ કરતું અટકી જાય તો તેમાં ઘણી ઘણી અવ્યવસ્થા ફેલાઈ જાય છે. બીજી બાજુ હૃદય એ મનુષ્ય દેહનું મૂળ અંગ છે. જો હૃદય એક ક્ષણ માટે પણ કામ કરવાનું બંધ કરે તો મનુષ્ય જીવંત રહી શકતો નથી. આ વખતે પ્રભુજી આપણને એક વિચારણીય જાણકારી આપે છે કે મગજ હૃદયની ગતિને ચાલુ રાખવાનો આદેશ આપ્યા કરે છે. હૃદયનાં આ કાર્યથી શરીરમાં લોહીનું પરિભ્રમણ સતત યથાયોગ્ય રીતે થયા કરે છે; હૃદયમાં શુદ્ધ થયેલું લોહી શરીરનાં સર્વ અંગોપાંગમાં નિયમિતપણે વ્યવસ્થિત રીતે પહોંચી જાય છે. પરિણામે શરીરનાં સર્વ અવયવો યથાર્થ રીતે કાર્ય કરતાં રહે છે; તેઓ શરીરનાં હલનચલન આદિ કાર્યમાં ખામી આવવા દેતાં નથી. આ અપેક્ષાએ મગજ હૃદય માટે દાતાર બને છે અને હૃદય મગજ પાસે યાચકનો ભાગ ભજવે છે. પરંતુ આ યાચક હૃદય જો લોહીને મગજ સુધી પહોંચાડવાનું કાર્ય કરે નહિ તો મગજ પોતાનું કાર્ય કરતું અટકી જાય છે. અને સ્વનું દાતારપણું ભજવી શકતું નથી. આ અપેક્ષાએ હૃદય દાતારનું કાર્ય કરે છે અને મગજ યાચક બની હૃદયનો ઉપકાર ઝીલે છે.

આ જ પ્રથા કિડનીના કાર્ય માટે થોડી જુદી રીતે લાગુ પડે છે. કિડની મગજના આદેશથી શરીરનો કચરો કાઢવાનું કામ કરે છે. તેને આ કામ કરવા માટેનું વીર્ય હૃદય

દ્વારા મળતા લોહીથી પૂરું પડે છે. આ મળેલ વીર્યથી કિડનીઓ મગજની, હ્રદયની અને શરીરનાં અન્ય અવયવોની અશુદ્ધિઓને લોહી દ્વારા એકત્રિત કરી, મળમૂત્રરૂપે શરીરની બહાર ફેંકે છે. આ રીતે કિડનીઓ મગજ તથા હ્રદય પાસે યાચક બને છે; અને તેઓ બંનેનું શુદ્ધિકરણનું કાર્ય કરવામાં દાતારનો ભાગ પણ ભજવે છે. આમ બનતું હોવાથી, મનુષ્યનાં શરીરમાં જો મગજ સભાન કામ કરતું અટકી જાય તો પણ, હ્રદય અને કિડનીઓ તેનું કામ કરી શકે છે. પરિણામે કોઈ કોઈ મનુષ્યો ઘણાં વર્ષો સુધી પણ બેભાન અવસ્થામાં (comaમાં) રહે છે, અને જીવંત કહેવાય છે. આવું જ લોકનાં સંચાલનમાં પણ કાર્ય થાય છે. શ્રીપ્રભુ તથા શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની અસીમ કૃપા તથા આજ્ઞાથી આનાં ગુપ્ત રહસ્યોને પ્રગટ કરવાનો અમે પુરુષાર્થ કરીએ છીએ.

મનુષ્યના દેહની માફક આ લોકમાં પણ ત્રણ સ્થાનો શ્રી ભગવાને અગત્યનાં ગણાવ્યાં છે. તે આ પ્રમાણે છે :–

૧. શ્રી અરિહંત સિદ્ધ પ્રણીત પૂર્ણ પંચપરમેષ્ટિનું નિત્ય સ્થાન.
(પૂર્ણ પંચપરમેષ્ટિનું નિત્ય સ્થાન) – લોકનું મગજનું સ્થાન

૨. પંચ પરમેષ્ટિનું નિત્ય સ્થાન – લોકનું હ્રદયનું સ્થાન.

૩. મિથ્યાત્વનું નિત્ય સ્થાન – લોકમાં કિડનીનું કાર્ય કરતું સ્થાન.

આ ત્રણે સ્થાનો નિત્યપણે કાર્યરત રહેતાં હોવાથી લોકનું અસ્તિત્વ અનાદિ અનંત બને છે; સાથે સાથે આ લોકમાં ધર્મ પોતાનું વર્ચસ્વ સદાકાળ માટે જાળવી શકે છે.

આ સ્થાનોની યોગ્ય જાણકારી મેળવવા માટે આપણે એ ધ્યાનમાં રાખવાનું છે કે પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનને તથા પૂર્ણ પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનને નિરંતરપણું આપવામાં મુખ્ય ફાળો ‘ઠરી અવરને ઠાર’રૂપ મહાસમાધિમાં રહેલા આત્માઓનો છે. આવી મહાસમાધિ અનુભવનારા છદ્મસ્થ પરમેષ્ટિ તેમજ પૂર્ણ પરમેષ્ટિ પોતાના ઉત્કૃષ્ટ કલ્યાણભાવને આધારે કલ્યાણનાં ઉત્તમ પરમાણુઓનું સર્જન કરે છે. આ પરમાણુઓનો કેટલોક જથ્થો નિયમિતપણે પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનમાં તેમજ પૂર્ણ પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનમાં ઉમેરાતો રહે છે. એટલે કે છદ્મસ્થ પરમેષ્ટિએ સર્જેલાં

કલ્યાણનાં પરમાણુઓ પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનમાં અમુક માત્રામાં ઉમેરાતાં રહે છે; અને પૂર્ણ થયેલા પરમેષ્ટિએ (સાધુસાધ્વી કેવળી, ઉપાધ્યાય કેવળી, આચાર્ય કેવળી, ગણધર કેવળી તથા તીર્થંકર પદ જેમને ઉદયમાં છે તે સર્વ આત્માઓએ) સર્જેલાં કલ્યાણનાં ઉત્તમ પરમાણુઓ પૂર્ણ પંચપરમેષ્ટિનાં નિત્ય સ્થાનમાં ભળતાં રહે છે. આ રીતે એકત્ર થયેલાં એ સ્થાનનાં પરમાણુઓમાંથી સત્પાત્ર જરૂરિયાતવાળા આત્માઓ પોતાની શક્તિ અનુસાર એ સ્થાનોમાંથી કલ્યાણનાં પરમાણુઓ ગ્રહણ કરે છે, તે પરમાણુઓની સહાયથી તેઓ પોતાનો આત્મવિકાસ ગુરુની આજ્ઞાનુસાર કરતા જાય છે. તે દરમ્યાન અન્ય ઉત્તમ આત્માઓ પોતાની કક્ષા અને શક્તિ પ્રમાણે તે સ્થાનનાં કલ્યાણનાં પરમાણુઓના જથ્થામાં વધારો કરતા જાય છે. આમ આ બંને સ્થાનોને મહાસમાધિમાં વર્તતા ઉત્તમ આત્માઓ નિત્યપણું બક્ષે છે. આ વિશેની કેટલીક સમજણ આપણે 'ઠરી અવરને ઠાર' એ વિષયની છણાવટ કરતી વખતે લીધી હતી. આવા ઉત્તમ મહાત્માઓના પુરુષાર્થનું પરિણામ આ બંને સ્થાનોમાં કેવો અને કેવી રીતે ભાગ ભજવે છે તે સમજવા માટે આપણે આ મહાસમાધિની પ્રાથમિક ઉત્પત્તિથી શરૂ કરી, અંતિમ કક્ષા સુધીની સામાન્ય વિચારણા કરવી જરૂરી છે, એવો બોધ આપણને શ્રીપ્રભુ તરફથી પ્રાપ્ત થાય છે. તેથી શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની કૃપાથી અને આજ્ઞાથી આ માર્ગનાં અતિગૂઢ રહસ્યો પ્રગટ કરવા, તેનાં વેદનસ્વરૂપને શબ્દદેહમાં ઉતારવાનો ભગીરથ પુરુષાર્થ આપણે કરવાનો છે. તે માટે અંતરંગથી ભાવના જાગે છે કે,

> "અહો શ્રી આત્મા! તારા અલૌકિક તથા પૂર્ણ ચેતનસુખ તથા એ સુખથી ઉપજતી સમાધિસ્થિતિને અમારા સમય સમયના, ત્રણે કાળનાં સાષ્ટાંગ વંદન હો! વંદન હો! વંદન હો!"

> "આત્મા જીવસ્વરૂપે વિભાવભાવમાં વસી, અજીવરૂપ પુદ્‌ગલને પોતામાં આશ્રવે છે. તેથી એ જડ તથા અજીવ પુદ્‌ગલો ચેતનમય આત્માને તેનું ચેતનત્વ ભૂલાવી અચેતનમય પુદ્‌ગલમાં ઐક્ય કરાવે છે. આવી કપરી સ્થિતિમાં આત્મા અનંતકાળ સુધી માત્ર દુ:ખ, દુ:ખ અને દુ:ખનું જ વેદન કર્યા કરે છે. સાચી

સમજણ આવતાં, આવી દુ:ખમય સ્થિતિમાંથી છૂટવા માટે જીવ ઝાંવાં નાખતો તરફડે છે, અને ભય, શોક આદિ નવ નોકષાયના ઉપદ્રવથી વિભાવ કરી કર્મના થોકડાનો તે કર્તાભોક્તા થાય છે. આવી કરુણ અને દુ:ખદાયી સ્થિતિમાંથી પસાર થતાં થતાં તે જીવ સંજ્ઞી પંચેન્દ્રિયપણું પામે છે, અને પૂર્વ પુણ્યનો ઉદય આવે ત્યારે તે જીવ જોગાનુજોગ પ્રભુના પ્રતિનિધિ જેવા જ્ઞાનીપુરુષ કે સત્પુરુષનો યોગ પામે છે. તેઓના અપૂર્વ કલ્યાણભાવના જોરથી તથા જીવની અલ્પ શ્રદ્ધા કે ભક્તિની લાગણીથી એ કષાયના પાશમાંથી એક સમય માટે અપેક્ષાએ છૂટો થાય છે. એ સમયે તે જીવ અપૂર્વ શાંતિ તથા સમાધિનું વેદન કરે છે. એ સમાધિમાં તેના કષાયના ત્યાગથી પ્રેરિત શાંતિની અનુભૂતિ તેને આવે છે. આ સમાધિનાં સુખ અને શાતાનું વેદન તે જીવને એ સત્પુરુષનું આકર્ષણ કરાવે છે. એ મહાત્માનો સંપર્ક અને સ્વનો પુરુષાર્થ જેમ જેમ વધતા જાય છે, તેમ તેમ તેની સમાધિસ્થિતિ પણ ક્રમથી વધતી જાય છે. પરિણામે તેને સત્પુરુષરૂપી ભોમિયાની અપૂર્વ ચારિત્ર સમાધિસ્થિતિનું આકર્ષણ વધતું જાય છે. તેને અનુભવાય છે કે જે સ્થિતિસંજોગોમાં મારા જેવા સંસારી જીવો કષાય તથા અશાંતિ ભોગવે છે, એવા પ્રકારના જ સ્થિતિસંજોગોમાં આ મહાત્મા પુરુષ સહજાનંદમય શાંતિ અને સમાધિમાં લીન રહી શકે છે. બંનેની બાહ્ય પરિસ્થિતિ સમાન જણાતી હોવા છતાં, બંનેની આંતર પરિણતિ એકબીજાથી ઉલટી જોવા મળે છે. આનાથી તેને જિજ્ઞાસા થાય છે કે સત્પુરુષમાં એવું તે કયું તત્ત્વ કાર્યકારી થાય છે કે અતિ વિપરિત સંજોગોમાં પણ તેઓ શાંત તથા પ્રસન્નચિત્ત રહી શકે છે! વળી, તે જીવ અવલોકન કરે છે કે મહાત્મા પુરુષ પ્રબળ શાતામય સ્થિતિમાં પણ મધ્યસ્થ, ઉદાસીન કે વીતરાગી રહે છે. સાનુકૂળ તેમજ પ્રતિકૂળ બંને સંજોગોમાં તેઓ એવા અલિપ્ત રહેતા હોય છે કે એમની શાંતિની અદ્‌ભુતતા અનુભવાયા વિના રહેતી નથી. તેને સમજાય છે કે આ તેમને ચડેલો ધર્મનો સાચો રંગ છે. તેમના આત્માની આવી સમાધિમાં ધર્મની મંગલમય ઘંટા સતત વાગ્યા કરે છે, અને તેનો ગુંજારવ સતત ચારેબાજુ ફેલાતો રહે છે."

સત્ જિજ્ઞાસુની આવી મંગલ જિજ્ઞાસા સંતોષવા માટે શ્રીપ્રભુ એમના ૐ નાદના અતિગુપ્ત, પરંતુ પૂર્ણ માધ્યમથી આપણને સમજાવે છે કે, સત્પુરુષ સમભાવના ગુણ દ્વારા 'શમ' ગુણને આચરે છે, જે સમ્યક્ત્વનું સહુથી અગત્યનું અને પ્રથમ લક્ષણ છે. આ શમ ગુણના સેવન તથા અનુભૂતિનાં માધ્યમથી એ સત્પુરુષ સમ્યક્ત્વના અન્ય ચાર લક્ષણો – સંવેગ, નિર્વેદ, આસ્થા અને અનુકંપાનું સેવન કરે છે. સમ્યક્ત્વનાં આ પાંચે લક્ષણોનાં સેવનથી એમના આત્મામાં એક અપૂર્વ પ્રકારની સહનશક્તિ ઉત્પન્ન થાય છે; જે એમના કષાયોને મંદ કરે છે; મંદ રાખે છે. કષાયો મંદ થવાથી તેમને ઘાતિકર્મ કે અશુભ અઘાતિ કર્મપુદ્ગલોનો આશ્રવ નહિવત્ થઈ જાય છે. આ ક્રિયાના માધ્યમથી એ સત્પુરુષનાં અંતરમાં કલ્યાણનાં પરમાણુઓનો આહાર, વિહાર તથા નિહાર થાય છે, જે એમને કર્મો સામે લડવા કવચ પ્રદાન કરે છે. આ કવચ જ્યારે ઘટ્ટ થાય છે ત્યારે તે સત્પુરુષને સ્થૂળરૂપે જાગૃત દશામાં સમાધિ પ્રાપ્ત થાય છે, જેને આપણે 'જાગૃત સમાધિ' કે 'જાગૃત શૂન્યતા' તરીકે ઓળખીએ છીએ. પ્રગતિ સાધતા આવા જીવાત્માને વારંવાર ધર્મધ્યાન તેમજ શુક્લધ્યાનનો અનુભવ પણ થતો રહે છે. આવી સમાધિમાં તેમનો મુખ્ય પુરુષાર્થ કર્મનો સંવર કરવાનો હોય છે. પુરુષાર્થની શુદ્ધિ વધતાં તે આત્મા સંવર કરવા સાથે નિર્જરા પણ કરતો થાય છે; આ સ્થિતિ 'મહાસંવર'ના માર્ગ તરીકે ઓળખાય છે.

જ્યારે આ સત્પુરુષનો આત્મા મહાસંવરની ભાવનાથી શમરૂપ સમાધિમાં વારંવાર સ્થિર થાય છે, ત્યારે એ મહાસંવર પ્રેરિત સમાધિનાં ફળરૂપે સહજતાએ અને તેનાં આનુષંગિક (ગૌણ) પરિણામથી (by product થી) તેનામાં આત્મગુણોની વૃદ્ધિ થતી જાય છે. અહીં એક વાત ખાસ લક્ષમાં રાખવાની છે કે આમ કરવામાં તે સાધકનો મુખ્ય પુરુષાર્થ પોતાના ગુણોની વૃદ્ધિ કરવાનો હોતો નથી, પણ કષાયજય તથા સંવરનિર્જરાનાં માધ્યમથી કર્મનો ક્ષય કરવાનો હોય છે. તેના આ પુરુષાર્થના આધારે તે પુરુષમાં સહજતાએ આત્મિક ગુણો ખીલતા જતા હોય છે. આવી રીતે અમુક કાળ પસાર થયા પછી, તેને આવા નકારાત્મક વલણનો થાક લાગવા માંડે છે, કેમકે આનુષંગિક ફળરૂપે (by product તરીકે) પ્રગટેલા ગુણો કષાયજય તથા

કર્મજય કરતાં વધારે શાંતિ, આનંદ તથા વધારે ઊંડી સમાધિ આપતા તેને અનુભવાય છે. તેનાં લીધે તે સત્પુરુષના જીવને સમય વીતતાં ગુણો પ્રેરિત પુરુષાર્થ કરવાના અંતરંગ ભાવ ઉત્પન્ન થઈ કાર્યકારી થાય છે. બીજી રીતે કહીએ તો તેને ગુણોની અનુભૂતિમાં રહેવા માટેનો પુરુષાર્થ કરવાની ઇચ્છા કે લગની વધતી જાય છે; અને તેને કષાયજય તેમજ કર્મજય કરવાની ઇચ્છા ગૌણ થતી જાય છે. આમ થવાથી તે સત્પુરુષ નકારાત્મક વલણ (કર્મનાશ કે કષાયનો જય કરવાના વલણ)નો ત્યાગ કરી, હકારાત્મક વલણ (ગુણોની અનુભૂતિમાં રહેવાના વલણ)માં સરે છે. ગુણોનો થતો આશ્રવ તેમજ તેનો પરમાર્થ લોભ તેના સત્પુરુષાર્થને વેગ આપે છે. આ પુરુષાર્થમાં તે સત્પુરુષનો જીવ ગુણોનો આશ્રવ કરવાના હેતુથી કષાયજય તથા કર્મક્ષય કરવા તત્પર બને છે. એની સિદ્ધિ આવતાં તે આત્મા કષાયજય અને કર્મક્ષય તો કરે જ છે, પણ તેની સાથે સાથે તે ગુણોનો આશ્રવ પણ વાયુવેગે કરતો જાય છે; એટલે કે તે ગુણશ્રેણિની કેડીએ સત્વરે ચાલવા લાગે છે. આ માર્ગને મહાજ્ઞાનીઓ 'મહા આશ્રવ'ના માર્ગ તરીકે ઓળખાવે છે. મહા આશ્રવના આ માર્ગને અનુસરવાથી એ સત્પુરુષ એક અતિ અતિ અપૂર્વ, સહજ તથા આનંદમય શમનો અનુભવ કરે છે. તેમાં તેને શમથી મહાસંવર થાય છે, અને ગુણાશ્રવથી મળતી સમાધિમાં તેને એવા અદ્‌ભુત ગુણોની પ્રાપ્તિ થાય છે કે જે એને ફરીથી ઊંડી સમાધિમાં લઈ જાય છે. આવી સમાધિને ઉત્તમ જ્ઞાનીઓ 'મહાસમાધિ' તરીકે ઓળખાવે છે. આવી મહાસમાધિની લાક્ષણિકતા એ છે કે તે સમાધિમાં સત્પુરુષનો પરમાર્થ લોભ એટલો જોરદાર થાય છે કે તે લોભ તેના માનાદિ કષાયોને બાળી નાખે છે; એટલું જ નહિ પણ, વિશેષ ગુણો પ્રાપ્ત કરવાની તેની તમન્ના તેના પુરુષાર્થને અતિશય તીક્ષ્ણ તથા વેગવાન બનાવે છે. અહો! આવી મહાસમાધિમાં જે જ્ઞાની મહાત્માઓ ત્વરિત આરૂઢ થાય છે તેમને ધન્ય છે! તેઓ સદાય વંદનીય છે! આ મહાસમાધિ મુખ્યતાએ છ પ્રકારની હોય છે :–

૧. સાધુસાધ્વીજીની મહાસમાધિ
૨. ઉપાધ્યાયજીની મહાસમાધિ

૩. આચાર્યજીની મહાસમાધિ

૪. ગણધરપ્રભુની મહાસમાધિ

૫. અરિહંતપ્રભુની મહાસમાધિ

૬. સિદ્ધપ્રભુની મહાસમાધિ

શ્રી પરમેષ્ટિની આવી મહાસમાધિમાં તેમના ગુણો ઉત્તરોત્તર કેવી રીતે ખીલતા જાય છે તેની સમજણ આપણે શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની આજ્ઞાથી તથા શ્રી પૂર્ણ પંચપરમેષ્ટિ પ્રભુના આશીર્વાદથી લેવા માટે પુરુષાર્થી થઈએ.

## શ્રી સાધુસાધ્વીજીની મહાસમાધિ

છઠ્ઠા સાતમા ગુણસ્થાને વર્તતા પરમેષ્ટિ સાધુસાધ્વીજી (કે જેઓનું નામકર્મ બંધાઈ ગયું છે) જ્યારે મહાસંવરના (ઉત્તમતાએ કષાયજય તથા કર્મક્ષય કરવાના) તથા મહાઆશ્રવના (આત્મગુણોનો સતત આશ્રવ કરવાના) પુરુષાર્થમાં એક સાથે સ્થિર થાય છે, અને સમસ્ત જીવો માટે એકધારા કલ્યાણના ભાવ વેદે છે ત્યારે તેઓ આવી મહાસમાધિનો અનુભવ કરે છે. આ મહાત્માઓ સ્થૂળતાએ મહાસમાધિનો સ્પર્શ કરે છે. અને તે મહાસમાધિમાં તેઓ જ્યારે લોકકલ્યાણની ભાવના સ્વકલ્યાણની અપેક્ષાએ તથા ધર્મનાં મંગલપણાની ઉચ્ચ ભાવના સ્વકલ્યાણની અપેક્ષાએ સર્વ જીવો માટે ગુણાશ્રવ સાથે વેદે છે, ત્યારે તેઓ સર્વ અપેક્ષાએ સાધુસાધ્વીજીની મહાસમાધિનો અનુભવ કરે છે એમ કહી શકાય. (અહીં સર્વ જીવ એટલે નિત્યનિગોદના જીવ, એકેંદ્રિયથી સંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવ અને સર્વ સિદ્ધાત્મા એમ સમજવાનું છે.) ટૂંકામાં કહેવું હોય તો કહી શકાય કે સત્પુરુષનો આત્મા જ્યારે પોતાની સમાધિમાં ગુણાશ્રવ કરવા સાથે લોકના સમસ્ત જીવો માટે 'તેઓ સર્વ પોતાનું કલ્યાણ કરે' એવી ભાવનાનો ઉમેરો કરે છે ત્યારે તે સાધુસાધ્વીજીની મહાસમાધિનું વેદન કરે છે.

આવી મહાસમાધિનું વેદન સર્વ પરમેષ્ટિ સાધુસાધ્વીજી એમના ઉત્તમ પુરુષાર્થ વખતે તથા નિયમથી ક્ષપકશ્રેણિ શરૂ કરતાં પહેલાં કરે જ છે. આવી મહાસમાધિ વખતે

તેમના દ્વારા જે કલ્યાણનાં પરમાણુઓ ઉત્પન્ન થાય છે, તેમાનાં કેટલાંક પરમાણુઓ પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનમાં જમા થાય છે, અને તેમના કેવળજ્ઞાની થયા પછી જે કલ્યાણનાં પરમાણુઓ તેમના થકી સર્જાય છે તેનો કેટલોક હિસ્સો પૂર્ણ પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનમાં ઉમેરાય છે. ઉમેરાતાં પરમાણુઓની સંખ્યા સમાધિનાં ઊંડાણ તથા વિસ્તારની સાથે સંબંધ ધરાવે છે.

## શ્રી ઉપાધ્યાયજીની મહાસમાધિ

છઠ્ઠા સાતમા ગુણસ્થાને વર્તતા સત્પુરુષનું ઉપાધ્યાયપદ નિકાચીત થયું હોય, અને તેમની મહાસમાધિમાં તેઓ મહાસંવર તથા મહાઆશ્રવના પુરુષાર્થમાં સ્થિર થયા હોય, તેની સાથે સાથે જ્યારે તેમને સમસ્ત લોકના જીવો માટે કલ્યાણની ભાવના એવી ઉત્તમતાએ વર્તે કે સર્વ જીવો એકબીજા માટે (અર્થાત્ પરકલ્યાણની ભાવનાના સાધનથી) એવો કલ્યાણભાવ કરે કે જેથી સર્વનું કલ્યાણ થાય. આ ભાવ વિશેષતાએ વિચારતાં સમજાશે કે આ ભાવનામાં ધર્મનાં મંગલપણા સાથે બહુ જ અલ્પતાએ ધર્મનાં સનાતનપણાનો આસ્વાદ પણ રહેલો છે. સહુ જીવ એકબીજાનું કલ્યાણ પરકલ્યાણની ભાવનાથી કરે તો પોતાનાં સ્વકલ્યાણનું અસ્તિત્વ કાયમી તથા સનાતન બને છે. આવી પરગજુપણાની ભાવના શ્રી ઉપાધ્યાયજી તેમની મહાસમાધિ વખતે વિશેષતાએ વેદે છે.

આવી મહાસમાધિને સર્વ પરમેષ્ટિ ઉપાધ્યાયો તેમના સર્વોત્કૃષ્ટ પુરુષાર્થ વખતે તથા નિયમથી ક્ષપકશ્રેણિએ ચડતાં પહેલાં આદરે છે. આવી મહાસમાધિ વખતે તેમની છદ્મસ્થ દશામાં તેઓ દ્વારા જે કલ્યાણનાં ઉત્તમ પરમાણુઓ સર્જાય છે તેનો અમુક ચોક્કસ હિસ્સો પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનમાં ઉમેરાય છે; અને તેમની પૂર્ણ દશાએ ઉત્પન્ન થતાં કલ્યાણનાં પરમાણુઓનો અમુક ભાગ પૂર્ણ પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનમાં ભળે છે. ઉપાધ્યાયજીની મહાસમાધિ કેટલા કાળ માટે ટકે છે, તથા કેટલી ઊંડાણવાળી છે તેના આધારે તેનાં પરમાણુઓની સંખ્યાનો હિસ્સો નક્કી થાય છે, અને તે અનુસાર પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાન તેમજ પૂર્ણ પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનમાં ઉમેરાય છે.

## શ્રી આચાર્યજીની મહાસમાધિ

સામાન્ય રીતે આચાર્યજી સ્વપરકલ્યાણના ભાવને સમતોલન સાથે, આચાર દ્વારા પ્રગટ કરતા હોય છે. આવો સ્વપરકલ્યાણનો ભાવ છઠ્ઠા સાતમા ગુણસ્થાને વર્તતા સત્પુરુષ, જેમનું આચાર્યપદ નિકાચિત થયું હોય તેઓ વિશેષતાએ વેદતા હોય છે. શ્રી આચાર્યજીની મહાસમાધિમાં મહાસંવર તથા મહાઆશ્રવના પુરુષાર્થ સાથે લોકકલ્યાણની ભાવના એવી રીતે ઉમેરાય છે કે, 'સર્વ જીવોનું કલ્યાણ, માર્ગને પામેલા ઉત્તમ રૂડા આત્માઓ અન્ય જીવોને બોધ આપીને કરે. આ બોધને ઝીલી, સાધક જીવ પોતાનો સ્વપુરુષાર્થ એવી ઉત્તમતાએ જગાડે કે જેથી, જે બોધ એમને પરકલ્યાણ દ્વારા મળ્યો છે તે બોધને જીવ સ્વકલ્યાણ માટે આદરી, પોતાનું પૂર્ણ કલ્યાણ કરે.' આમ આચાર્યજી પોતાની મહાસમાધિમાં કર્તાપણાના ભાવને ગૌણ કરતા જાય છે.

આવી મહાસમાધિ સર્વ પરમેષ્ટિ આચાર્યો એમના પુરુષાર્થની ઉત્તમ ક્ષણોમાં આદરે છે, અને ક્ષપકશ્રેણિ માંડતાં પહેલાં નિયમથી આદરે છે. આ મહાસમાધિમાં ધર્મનું મંગલપણું ધર્મનાં સનાતનપણાનું કારણ તથા કાર્ય બને છે. અર્થાત્ તેમની મહાસમાધિમાં ધર્મનાં મંગલપણાને લીધે ધર્મનું સનાતનપણું અને ધર્મનાં સનાતનપણાથી ધર્મનું મંગલપણું સર્જાય છે. આ મહાસમાધિના કાળ દરમ્યાન શ્રી આચાર્યજી કલ્યાણનાં જે પરમાણુઓ સર્જે છે તેમાંનો છદ્મસ્થ દશાનો તેમનો અમુક હિસ્સો પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનમાં ઉમેરાય છે, અને તેમની પૂર્ણ દશામાં – કેવળી પર્યાયમાં સર્જાયેલાં કલ્યાણનાં પરમાણુઓનો અમુક હિસ્સો પૂર્ણ પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનમાં ઉમેરાતો જાય છે. આ નિત્યસ્થાનમાં જતાં પરમાણુઓની સંખ્યાનો આધાર શ્રી આચાર્યજીની મહાસમાધિની ગુણવત્તા તથા કાળ પર આધારિત હોય છે.

## શ્રી ગણધરપ્રભુની મહાસમાધિ

છઠ્ઠા સાતમા ગુણસ્થાને વર્તતા સત્પુરુષ કે જેમનું ગણધર નામકર્મ નિકાચિત થઈ ગયું છે, તેઓ જ્યારે મહાસંવર તથા મહાઆશ્રવના આરાધન વખતે લોકકલ્યાણની

ભાવના ઉમેરી મહાસમાધિના વેદનમાં જાય છે ત્યારે તેમની મહાસમાધિ આચાર્યજીની મહાસમાધિને લગભગ મળતી આવે એવી હોય છે. શ્રી ગણધરપ્રભુની મહાસમાધિમાં શ્રી આચાર્યજીની મહાસમાધિ કરતાં એક વિશેષ ભાવનો ઉમેરો થાય છે. આ ભાવ એ હોય છે કે 'પરકલ્યાણની ભાવનાથી સમર્થ આત્માઓ લોકસમસ્તનું કલ્યાણ કરે, અને સર્વ જીવો એ બોધને ગ્રહણ કરી, સ્વકલ્યાણના માર્ગે એટલા સમર્થ બને કે તેઓ પોતાના દાતાર જેવા બની જાય. અને જગતને કલ્યાણભાવની ઉત્તમ ભેટ આપી, તેમણે લીધેલા ઋણથી મુક્ત થતા જાય'. બીજી રીતે કહીએ તો, સર્વ જીવો સ્વકલ્યાણના માર્ગે ચાલી પરમેષ્ટિપદમાં સમાવેશ પામે એવી ભાવના એ મહાસમાધિમાં ગણધરપ્રભુ ભાવતા હોય છે. આ ભાવનામાં ધર્મનાં સનાતનપણા તથા ધર્મનાં મંગલપણા વચ્ચે ઉત્તમ સમતોલન રહેલું જોવા મળે છે. કોઈ વધારે નહિ, તો કોઈ ઓછું પણ નહિ.

આવી મહાસમાધિ સર્વ ગણધરજી એમના પુરુષાર્થની ઉત્તમ ક્ષણોમાં તથા નિયમથી ક્ષપકશ્રેણિ માંડતાં પહેલાં અનુભવે છે. આ મહાસમાધિ વખતે તેમની છદ્મસ્થ દશામાં સર્જાયેલા તેમનાં કલ્યાણનાં પરમાણુઓનો કેટલોક હિસ્સો પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનમાં જાય છે, અને પૂર્ણ દશામાં સર્જાયેલા તેમનાં કલ્યાણનાં પરમાણુઓનો કેટલોક હિસ્સો પૂર્ણ પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનમાં જાય છે.

## શ્રી અરિહંતપ્રભુની મહાસમાધિ

તીર્થંકર નામકર્મ બંધાયા પછી, છઠ્ઠે સાતમે ગુણસ્થાને વર્તતા પ્રભુને મહાસમાધિ તેમના પુરુષાર્થ અનુસાર આવતી હોય છે. શ્રી અરિહંત પ્રભુની મહાસમાધિમાં લગભગ શ્રી ગણધરપ્રભુની મહાસમાધિ જેવા જ ભાવો હોય છે. પરંતુ તેમાં બીજા બે વિશેષ ભાવોનો ઉમેરો થાય છે. તેમનામાં પહેલો એ ભાવ ઉમેરાય છે કે કલ્યાણનું કાર્ય માત્ર મારા સેવેલા ભાવના પરિપાકરૂપે જ નહિ, પણ કોઈ પણ જીવના આ પ્રકારના ભાવના પરિપાકરૂપે સફળ થાય, અર્થાત્ ભાવિ તીર્થંકરના આત્મામાંથી, તેમની મહાસમાધિ વખતે કર્તાપણાનો ભાવ સાવ નિર્મૂળ થઈ જાય છે. આ મહાસમાધિ

વખતે પ્રભુને બીજો એવો ભાવ વર્તતો હોય છે કે આ કલ્યાણકાર્ય માત્ર એ પ્રાપ્તિની પૂર્ણતા પછી જ (અર્થાત્ કેવળજ્ઞાન થયા પછી જ) પરકલ્યાણનું રૂપ ધારણ કરે; જ્યાં સુધી પૂર્ણતા ન આવે ત્યાં સુધી સ્વકલ્યાણના ભાવ તથા પરકલ્યાણના ભાવ ભાવરૂપે આત્મામાં સ્થિર રહે.

આવી મહાસમાધિ શ્રી અરિહંત ભગવાન નામકર્મ બાંધ્યા પછી તેમના પુરુષાર્થની ઉત્તમ ક્ષણોમાં અનુભવે છે, અને નિયમથી ક્ષપકશ્રેણિ માંડતાં પહેલાં તથા કેવળજ્ઞાન લીધા પછી યોગ સાથેના દરેક જોડાણ વખતે અનુભવે છે. તેમણે છદ્મસ્થ દશામાં સર્જેલાં કલ્યાણનાં પરમાણુઓનો એક ખંડ પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનમાં જાય છે અને અપવાદરૂપે નાનો હિસ્સો પૂર્ણ પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનમાં, તેમની મહાસમાધિની ઉત્કૃષ્ટતા વખતે જાય છે. અરિહંતપ્રભુની પૂર્ણાવસ્થામાં સર્જાયેલાં કલ્યાણનાં પરમાણુઓનો અમુક ભાગ પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનમાં અને મોટો ભાગ પૂર્ણ પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનમાં જાય છે.

અહીં શ્રીપ્રભુ એક અતિગુપ્ત રહસ્યનો વિસ્ફોટ આપણી સમક્ષ કરે છે. શ્રી અરિહંત તથા શ્રી ગણધરને જગતમાં 'પ્રભુ'નું બિરુદ શા માટે અપાયું છે તે તેઓ આપણને ખુલાસો કરી સમજાવે છે. શ્રી ગણધરજી તેમની છદ્મસ્થ દશામાં સાધુસાધ્વીથી શરૂ કરી ગણધરજી સુધીના કલ્યાણનાં પરમાણુઓ ગ્રહણ કરી, તેને ઉત્તમ બનાવી, તે ઉત્તમ પરમાણુઓ પ્રભુને ભેટરૂપે આપવાનું કાર્ય કરે છે. અને તે દ્વારા તેઓ ધર્મનાં સનાતનપણાનું તથા મંગલપણાનું ઉત્તમ સમતોલન જાળવે છે, અને શ્રી અરિહંતપ્રભુ એ જ સમતોલનને પૂર્ણ અવસ્થામાં જાળવે છે. આવું ઉત્તમ સમતોલન જીવ સમસ્ત માટે જાળવવાનું કાર્ય 'પ્રભુ' સિવાય કોઈ અન્ય જીવાત્મા કરી શકતો નથી. તેઓથી આવા સમતોલન જાળવનારા ભાવ થઈ શકતા નથી. અન્ય અપેક્ષાએ વિચારતાં સમજાય છે કે શ્રી ગણધર અને શ્રી અરિહંત સાથે મળી, છદ્મસ્થ તથા પૂર્ણ અવસ્થાનું પૂર્ણ સનાતનપણાનું તથા મંગલપણાનું પૂર્ણાતિપૂર્ણ સમતોલન જીવ સમસ્ત, લોક સમસ્ત તથા કાળ સમસ્ત માટે કરે છે.

## શ્રી સિદ્ધપ્રભુની મહાસમાધિ

શ્રી સિદ્ધપ્રભુની મહાસમાધિમાં પૂર્ણ શુદ્ધ આત્મા અયોગી દશામાં એવા ભાવનું વેદન કરે છે કે ધર્મનો પરિપાક અનાદિકાળથી જે ઉત્તમતાએ ચાલતો આવ્યો છે, એ જ ઉત્તમતાએ સદાકાળ – અનંતકાળ માટે ચાલ્યા જ કરે. ધર્મનું ઉત્તમપણું ક્યારેય ગૌણ ન થાય. ધર્મનાં સાધન તથા પુરુષાર્થ દ્વારા સર્વ જીવ એમનાં મૂળ સ્વરૂપ 'શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન, જ્યોતિસ્વરૂપને સ્વયંજ્યોતિ બની અનંતસુખનાં ધામરુપે' ધર્મનાં પરિપાકરૂપે માણ્યા જ કરે. અહીં ધર્મનું મંગલપણું ધર્મનાં સનાતનપણામાં સમાઈ જાય છે, અને તેઓ બંને એકબીજામાં એવાં એકમેક થઈ જાય છે કે તેને છૂટાં પાડવાં અસંભવિત થાય છે. આવી અદ્ભુત મહાસમાધિ સર્વ સિદ્ધાત્માઓ સિદ્ધ થયા પછી સતત માણે છે. શ્રી કેવળીપ્રભુ અયોગી ગુણસ્થાને આવી સિદ્ધ થાય છે ત્યારે (સિદ્ધ થતી વખતે) તેમના દ્વારા છોડાયેલા કલ્યાણનાં અંતિમ પરમાણુઓનો અમુક હિસ્સો પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનમાં અને અમુક હિસ્સો પૂર્ણ પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનમાં સિદ્ધનાં પરમાણુરૂપે ભળી જાય છે. આ વિભાજન કેવળી સમુદ્ઘાત વખતના તથા ચૌદમા ગુણસ્થાનવર્તી પુરુષાર્થના આધારે થાય છે.

આ છએ મહાસમાધિનો ખૂબ ઊંડાણથી વિચાર કરતાં જીવને ક્રમથી દ્વાદશાંગીનું હાર્દ સમજાય છે, એવું શ્રી પ્રભુનું ૐનાદમાં વણાયેલું ગુપ્ત રહસ્ય છે. હે પ્રભુ! આવી ઉત્તમ વાણીનું મહાશ્રુત અમને મળ્યું તેના માટે અમે તમારા તથા ધર્મનાં સદાયનાં ઋણી છીએ. અને એવા ભાવ અમારાં અંતરંગના સર્વ પ્રદેશ, અણુ તથા આત્મામાં ઉર્ધ્વગામી થાય છે કે,

સનાતન મંગલધર્મ સદાય જયવંત રહો!
મંગલમય સનાતન ધર્મ સદાય જયવંત રહો!

આ પ્રકારે પંચપરમેષ્ટિ આત્માઓની મહાસમાધિમાં સર્જાયેલા કલ્યાણનાં પરમાણુઓનો કેટલોક જથ્થો પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનમાં અને પૂર્ણ પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનમાં સતત આવ્યા કરે છે, તેમાંથી પાત્ર જીવો એ પરમાણુઓને જરૂરત

પ્રમાણે અક્રિયરૂપે ગ્રહણ કરી, સક્રિય બનાવી પોતાનાં કલ્યાણકાર્યમાં વાપરે છે, અને કલ્યાણચક્રને સતત ફરતું રાખવામાં નોંધનીય ફાળો આપે છે.


આઠે કર્મથી મુક્ત થયેલા પૂર્ણ શુદ્ધ આત્મા જ્યાં બિરાજે છે, તે સ્થાનને સિદ્ધભૂમિ કહેવામાં આવે છે. આ સિદ્ધભૂમિ લોકના અગ્રભાગમાં (સહુથી ઉપરના સ્થળમાં) આવેલી છે. અને તેની નીચેના ભાગમાં લોકના આઠ પ્રદેશો આવેલા છે. આ ક્ષેત્રમાં કોઈ પણ છદ્મસ્થ જીવોને રહેવાનાં સ્થાનકો નથી. આ આઠ પ્રદેશની નીચે સર્વાર્થસિદ્ધ વિમાન તથા અન્ય ચાર અનુત્તર વિમાનો આવેલાં છે. લોકના આ આઠ પ્રદેશનાં સ્થાનમાં ઉપરથી ૧/૩ ભાગ નીચે અને નીચેથી ૨/૩ ભાગ ઉપર પૂર્ણ પંચપરમેષ્ટિનું નિત્યસ્થાન સ્થપાયેલું છે. આ સ્થાનને યોગ્ય રીતે સમજવા માટે શ્રી પંચપરમેષ્ટિ પ્રભુ આપણને આજ્ઞા કરે છે કે ‘તમારે સિદ્ધભૂમિનાં યથાર્થ દર્શન કરી, એનાં બંધારણને (structureને) સમજવું જોઈએ તથા અવધારવું જોઈએ.’

## સિદ્ધભૂમિની રચના, આકાર તથા સિદ્ધાત્માનું સ્થાનગ્રહણ

સિદ્ધભૂમિમાં સિદ્ધાત્મા વિશિષ્ટ રીતે તથા અપૂર્વ રીતે ગોઠવાય છે.

**સિદ્ધભૂમિની રચના, આકાર તથા સિદ્ધાત્માનું સ્થાનગ્રહણ**

સિદ્ધાત્મા વિશિષ્ટ રીતે તથા અપૂર્વ રીતે ગોઠવાય છે.



સિદ્ધભૂમિ વચ્ચેના ભાગમાં આઠ જોજન પહોળી (જાડી) છે, અને અંતમાં માખીની પાંખ થકી પણ અધિક પાતળી છે; એમ શ્રી ભગવાને આપણને જણાવ્યું છે. વચ્ચેના સહુથી પહોળા ભાગમાં અરિહંત સિદ્ધ બિરાજે છે, અરિહંત સિદ્ધપ્રભુની આજુબાજુમાં અન્ય પરમેષ્ટિ સિદ્ધાત્મા, જેઓએ સિદ્ધપદ ઉપરાંતમાં અન્ય પરમેષ્ટિ પદનો પણ સ્પર્શ કર્યો હોય, તેઓ આવે છે. આ પરમેષ્ટિના સિદ્ધસ્થાનનો આકાર સમાન આકૃતિમાં (symmetrical) હોવા છતાં ઉતરતા ઉતરાણવાળો (downward slopping) છે. તેઓનો વિભાગ પૂરો થયા પછી, તેના પડછામાં સામાન્ય કેવળી સિદ્ધ રહે છે. તેમના વિભાગનો આકાર સમાંતર (symmetrical) હોવા છતાં વિશેષ ઢોળાવવાળો અને તીક્ષ્ણ હોય છે. સિદ્ધભૂમિ તેના અંતિમ ભાગમાં માખીની પાંખ થકી પણ પાતળી છે, તે જગ્યાએ સિદ્ધ ભગવાનોમાં અતિ મંદ પુરુષાર્થી એવા નપુંસકલિંગે સિદ્ધ થયેલા આત્માઓ વસે છે. આવી રચના થવા પાછળ એક અતિ ગૂઢ સિદ્ધાંત રહેલો છે, જે સમજવો આપણા માટે અતિ અગત્યનો છે. શ્રી પ્રભુરૂપ પંચપરમેષ્ટિ ભગવંતની કૃપાથી અને આજ્ઞાથી આ અતિ ગૂઢ રહસ્યને શબ્દ દ્વારા સ્ફૂટ કરવા પ્રયત્ન કર્યો છે.

શ્રી સિદ્ધાત્મા પૂર્ણાતિપૂર્ણ પણે વિશુદ્ધ છે. તેઓ સિદ્ધાવસ્થામાં પણ શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની આજ્ઞા, સમયની મર્યાદા વગર, અસ્ખલિત ધારાએ પાળતા રહે છે. આ આજ્ઞા તેમને અડોલ, અકંપ તથા અક્ષય સ્થિતિ પ્રદાન કરે છે. તેમનાં એ આજ્ઞાપાલનમાં ચેતનરસ સમાયેલો હોય છે, અને તે રસ આત્માના ચેતનગુણને પોતાની અમૃતધારાથી પોષણ આપી, એમનાં ચેતનત્વને – જીવની મુખ્ય લાક્ષણિકતાને – કાયમી અડોલ સ્વરૂપ બક્ષે છે. તેઓ પાળે છે તે આજ્ઞાનાં મૂળમાં ધર્મનું સનાતનપણું તથા ધર્મનું મંગલપણું 'આણાએ ધમ્મો, આણાએ તવો' રૂપે એ આત્માઓ સુધી વહ્યા કરે છે. આપણે જાણીએ છીએ કે સિદ્ધાત્મા (સંજ્ઞાનો ઉપયોગ કરતા નથી એટલે) આપણા જેવા કોઈ ભાવ કરતા નથી તેઓ તેમની સહજ સ્થિતિએ આજ્ઞાનું વેદન કરે છે. વળી, સર્વ સિદ્ધાત્માઓનું વીર્ય પૂર્ણપણે સમાન (identical) છે, તેથી તે સર્વ આત્માઓનું સ્વસંવેદન પણ સમાન જ હોય તે સ્વાભાવિક છે.

તે વિચારતાં અહીં એક જિજ્ઞાસા ઉત્પન્ન થાય છે કે શ્રી અરિહંત પ્રભુએ તેમની છદ્મસ્થ અવસ્થામાં – દશામાં ૨૫૦ થી ૩૦૦ ભવ સુધી 'સર્વ જીવ કરું શાસનરસિ'ના ભાવ ઘૂંટયા હોય છે, તેમના તે ભાવની અસર તેમની સિદ્ધ પર્યાયમાં કેવી રીતે પ્રગટ થતી હશે? કેવી રીતે સચવાતી હશે? કેમકે તેમની છદ્મસ્થ દશામાં તથા કેવળી પર્યાયમાં અન્ય આત્માઓ કરતાં તેમનામાં ઘણી ઘણી વિશેષતાઓ જોવામાં આવે છે તથા અનુભવવામાં આવે છે, તો પછી, શ્રી અરિહંત પ્રભુ તથા સામાન્ય કેવળીપ્રભુ વચ્ચેનો આ તફાવત તેમની સિદ્ધ પર્યાયમાં પણ ચાલુ રહેવો જોઈએ, આ ફરક તેઓની સિદ્ધ પર્યાયમાં કેવી રીતે ટકી શકે છે એ સમજવું ઘણું અટપટું અને મુશ્કેલ લાગે છે; કારણ કે ઉપર જાણ્યું તે પ્રમાણે સિદ્ધ પર્યાયમાં સહુ સિદ્ધાત્માઓનું વીર્ય તથા આજ્ઞાપાલન સમાન જ હોય છે. એમાં ફરક હોવો એ વાત જ આશ્ચર્યરૂપ અને કોયડારૂપ લાગે છે.

શ્રી પંચપરમેષ્ટિ પ્રભુ આપણા જેવા સાધકની જિજ્ઞાસા તથા પાત્રતા જોઈને આનો ખુલાસો આપણને આપે છે. શ્રી અરિહંતપ્રભુના 'સર્વ જીવ કરું શાસનરસિ'ના ઉત્તમ રીતે ઘૂંટાયેલા ભાવને કારણે તેમનું શુભ નામકર્મ તેમનાં ચરમ શરીરમાં અતિ ઉત્તમ અને શક્તિશાળી હોય છે, બળવાન નામકર્મનાં કારણે તેમનો ચરમદેહ મુખ્યતાએ વિશાળ અને મજબૂત કદ ધરાવનારો બને છે, સિદ્ધ થતી વખતે સર્વ આત્માઓનું પ્રમાણ કદ તેમનાં શરીરના ૨/૩ ભાગનું બને છે. એ ન્યાયથી શ્રી અરિહંત પ્રભુનો આત્મા પણ તેમના ચરમ શરીરનાં કદનાં ૨/૩ ભાગનો બની સિદ્ધભૂમિમાં પ્રવેશે છે. આમ સર્વ અરિહંતપ્રભુનું સિદ્ધભૂમિનું કદ અન્ય સામાન્ય કેવળીપ્રભુની સરખામણીમાં સમૂહરૂપે વધારે વિશાળ તથા વિસ્તૃત બને છે. વિચાર કરતાં સમજાય છે કે દરેક આત્માના પ્રત્યેક પ્રદેશનું આજ્ઞાપાલન તથા વીર્ય સમાન જ હોવા છતાં, આખા આત્માની અવગાહનાનો વિચાર કરીએ તો શ્રી તીર્થંકરપ્રભુનો આત્મા સિદ્ધભૂમિમાં અન્ય આત્માઓ કરતાં વિશેષ જગા રોકે છે. અહીં આપણને પ્રશ્ન સંભવી શકે છે કે આ અવસર્પિણી કાળમાં ૨૪માંના છેલ્લા અમુક તીર્થંકરોનું દેહમાન ખરેખર નાનું હતું, અને એની સામે આદિનાથ ભગવાનના સમયમાં સિદ્ધ થતા આત્માઓનું દેહમાન શ્રી મહાવીરપ્રભુ કે પાર્શ્વનાથ પ્રભુનાં દેહમાન કરતાં ઘણું મોટું હતું. તો ત્યાં આ

નિયમનું સમાધન આપણને કેવી રીતે મળે? હા, આ સત્ય બાબત છે કે અવસર્પિણી કાળમાં ભરત તથા ઐરાવત ક્ષેત્રમાં તીર્થંકર પ્રભુનું દેહમાન નાનું થતું જાય છે. પરંતુ આવા નાના દેહમાનવાળા પ્રભુ ભરતક્ષેત્રમાં તથા ઐરાવત ક્ષેત્રમાં આંગળીને વેઢે ગણી શકાય તેટલા થાય છે, તેની સામે પાંચે વિદેહમાં સતત ઉચ્ચ દેહમાનવાળા ઓછામાં ઓછા વીસ અને ઉત્કૃષ્ટા એકસો સાઠ તીર્થંકર થાય છે. આ ગણતરીથી વિચારીએ તો સમજાય છે કે સર્વ તીર્થંકર પ્રભુની સિદ્ધભૂમિની અવગાહનાનો વિચાર કરીએ તો તીર્થંકર પ્રભુના આત્મા અન્ય આત્માઓ કરતાં વિશેષ જગ્યા રોકે છે. બીજી રીતે કહીએ તો અન્ય કેવળીપ્રભુની સિદ્ધભૂમિની અવગાહનાની સરખામણીમાં તીર્થંકરપ્રભુ પૂર્વનાં વિશાળ કદના પ્રભાવથી સિદ્ધભૂમિમાં વિશેષ જગ્યા રોકે છે. આ અપેક્ષાએ વિચારતાં ચરમ શરીરમાં રહેલા તીર્થંકરપ્રભુ તેમજ અન્ય કેવળીપ્રભુ વચ્ચેનો તફાવત સિદ્ધભૂમિમાં પણ ચાલુ રહેતો જણાય છે.

> "અહો! પ્રભુસ્વરૂપ શ્રી પંચપરમેષ્ટિ ભગવંત! તમારી કરુણા તથા કૃપા અપરંપાર છે. અમ ભક્તજનો પર આવી ઉત્તમ જ્ઞાનની લહાણી કરી અમને અતિ અતિ હર્ષિત તથા કૃતાર્થ કર્યા છે. અમારે હવે તમારી જ આજ્ઞામાં રહેવું છે. તમારી આજ્ઞામાં રહેવા અમારે અમારું સર્વસ્વ તમને જ સોંપવું છે. હે પ્રભુ! તમે અમારી આ ભાવનાને ત્વરાથી પૂરી કરો. તમે અમારી આ ભાવના પૂરી કરશો જ એ વિશ્વાસથી અમે આ દુઃખમય સંસારને સહન કરીએ છીએ."

સિદ્ધભૂમિની રચના જાણ્યા પછી આપણે હવે મૂળ વાત તરફ આવીએ. લોકનું સ્વરૂપ મનુષ્ય દેહના આકારે છે. એવો નિર્દેશ શ્રી પ્રભુએ આપણને આપ્યો છે. શ્રી રાજપ્રભુ પણ આશ્ચર્ય વ્યક્ત કરે છે કે, "અહો આ દેહરચના!" આ વચન પણ ઉપરની વાતનો નિર્દેશ કરે છે. શ્રીપ્રભુ આપણને યોગ્ય બોધ આપવા માત્ર આજ્ઞાના અનુભવના રણકારની અપૂર્વ ભાષા દ્વારા આ અપૂર્વ રચના સમજાવે છે. એ અનુભવના રણકારને યોગ્યરૂપે રૂપી ભાષામાં પરિવર્તિત કરવા માટે શ્રી પંચપરમેષ્ટિપ્રભુ તથા શ્રી પ્રભુ પાસેથી સનાતન ધર્મનાં મંગલપણા માટે અને મંગલધર્મનાં સનાતનપણા માટે આજ્ઞા લઈ, આ અતિ અતિ કપરું કાર્ય કરવાની સફળતા મળે તે માટે આજ્ઞા

મેળવી છે. આ આજ્ઞા મળતાંની સાથે જ શ્રી પંચપરમેષ્ટિ પ્રભુ લોકમાં ગુપ્ત રહેલાં ત્રણમાંના બે સ્થાનોનું દર્શન તથા જ્ઞાન આપણને બોધરૂપે ભેટ આપે છે.

આવા અપૂર્વ જ્ઞાનદાનની ભેટ આપવા બદલ આભાર માનવા માટે યોગ્ય શબ્દો મળતા નથી, યોગ્ય આભારનું ભાવવેદન પણ મળતું નથી; તેથી શ્રી પ્રભુ પાસે યાચના કરવાથી તેઓ આપણને સમજાવે છે કે આ ઉપકારનો આભાર માનવા માટે માત્ર એક જ માર્ગ છે. તે માર્ગ એ છે કે શ્રીપ્રભુ પાસે સર્વ પ્રદેશથી, સર્વ ભાવથી અને તેમને સર્વસ્વ સોંપવાના ભાવથી એ પંચપરમેષ્ટિ પ્રભુની આજ્ઞામાં સતત અને સદાકાળ રહેવાનો નિર્ણય કરવાનો અભિગ્રહ ધારણ કરી, એ ધ્યેયને હાંસલ કરવા સમય માત્રનો પણ પ્રમાદ કર્યા વિના, પુરુષાર્થ વધારતા જવો. આમ કરવાથી અને વર્તવાથી જ તેમનો આભાર યોગ્ય રીતે માની શકાય છે.

શ્રી પ્રભુ પાસેથી આભાર માનવાના યોગ્ય માર્ગની જાણકારી મળવાથી અમારા અંતરમાં આનંદના ફુવારા ઉછળી ઉછળીને વીતરાગતામાં રહેવાના દૃઢ નિર્ણયમાં સમાઈ જાય છે. પ્રભુની આજ્ઞા મળવાથી અમે તેમની સમક્ષ અમારી જિજ્ઞાસા વ્યક્ત કરીએ છીએ, “હે પ્રભુ! આપની આજ્ઞામાં રહેવાથી તમારો આભાર માનવાનું કાર્ય કેવી રીતે પૂર્ણ થાય છે? તે કૃપા કરી અમને સમજાવો.”

શ્રીપ્રભુ એમના અમૃતમય રત્નત્રયથી સુશોભિત અપૂર્વ ૐનાદ દ્વારા આપણને સમજાવે છે કે, “સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્યોમાં ‘માન’ એ તેમનો સહુથી મોટો શત્રુ છે. એ માનનું રૂપ માનરૂપે, પ્રમાદરૂપે, સ્વચ્છંદરૂપે, મિથ્યાત્વરૂપે કે તેનાં મિશ્રણરૂપે પરિણમે છે. જીવને જ્યારે અંતરથી કોઈ સત્પુરુષની વાણી યથાર્થ અને યોગ્ય લાગે છે ત્યારે તે જીવ સમયના વિલંબ વગર કે સમયના પ્રમાદ વગર એને આચરવા તત્પર બને છે. તે વખતે તે જીવનો શુભ લોભ કષાય માનરૂપી મહાશત્રુનો સંહાર કરી, આત્મ પ્રાપ્તિના માર્ગમાં તેને દોટ મૂકાવે છે. વળી, શ્રી પંચપરમેષ્ટિ પ્રભુનાં દરેક કાર્યમાં, ભાવમાં તથા આજ્ઞામાં સ્વપરકલ્યાણનું ધ્યેય તથા ધ્રુવકાંટો રહેલાં હોય છે. જીવ જો શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની આજ્ઞાને સર્વોત્કૃષ્ટરૂપે પાળવાનો પ્રયાસ કરે તો તે

આપોઆપ ધર્મનાં સનાતનપણા તથા મંગલપણાને પોષણ આપનાર સ્વપરકલ્યાણની પરાકાષ્ટાએ પહોંચી જાય છે. એટલું જ નહિ પણ, તેના એ ભાવ સર્વ પાત્ર જીવો સુધી પહોંચે પણ છે. અન્ય અપાત્ર જીવો એ ભાવ ગ્રહણ કરતા નથી, કરી શકતા નથી. એ જીવના આવા કલ્યાણના ભાવ જેટલા અંશે પૂરા થાય છે, તેટલા અંશે શ્રી પંચપરમેષ્ટિ પ્રભુનાં લોકકલ્યાણ કરવાના ભાવ પૂરા થતા જાય છે. જેટલા અંશે એ ભાવ પૂરા થાય છે, તેટલા અંશે શ્રી પંચપરમેષ્ટિ પ્રભુનું ધર્મશાસન જયવંતરૂપ ધારણ કરે છે, સાથે સાથે તે શાસન અખંડતાનું બિરુદ પામે છે. જે જીવ પ્રભુનાં ધર્મશાસનને અખંડરૂપ ધારણ કરાવવામાં વ્યસ્ત રહે છે, તે જીવ તેમના પ્રતિનો આભાર યોગ્ય રીતે વ્યક્ત કરે છે. આ ત્રણે કાળમાં સત્ય નીવડે તેવું વચન છે, કથન છે. આપણે જો તેમનો સાચો આભાર માનવો હોય તો તે, તેમનાં વખાણ કરવામાં સમાતો નથી, પણ મૌનપણે તેમની આજ્ઞા અક્ષરશઃ પાળવામાં રહેલો છે. આવો સ્પષ્ટ, સચોટ તથા અપૂર્વ બોધ શ્રી પ્રભુ આપણને આપે છે. અંગ્રેજીમાં એક કહેવત છે કે – Actions speak louder than words – આવા ભાવાર્થનો બોધ શ્રીપ્રભુ આપણને અહીં આપે છે.”

અપૂર્વ સનાતન ૐરૂપ એવા આજ્ઞાપાલનને નિરંતર, અરૂપી, અભેદ તથા અગોચર ભૂમિકામાં રૂપાંતરિત કરનાર શ્રી પૂર્ણ પંચપરમેષ્ટિ પ્રભુને ઉત્તમ આજ્ઞાંકિતપણે તથા આભાર ભરેલી આજ્ઞાની પરિભાષાથી વાંદીએ છીએ.

આપણે પહેલા સમજ્યા હતા તે પ્રમાણે મનુષ્યના દેહમાં ત્રણ અવયવો ઘણાં અગત્યનાં છે – મગજ, હ્રદય અને મૂત્રપિંડ (કિડની). આ ત્રણે અવયવો એકબીજાથી સ્વતંત્રપણે કાર્ય કરતાં હોવા છતાં, એકબીજાનાં કાર્ય સાથે જોડાયેલાં રહે છે. એ જ પ્રમાણે લોકમાં પણ આવાં ત્રણ સ્થાનો છે :–

૧. લોકનાં મગજનાં સ્થાન પાસે પૂર્ણ પંચપરમેષ્ટિનું નિત્ય સ્થાન છે.

૨. લોકનાં હ્રદયના ભાગ નજીક પંચપરમેષ્ટિનું નિત્ય સ્થાન છે.

૩. લોકમાં કિડનીની જગ્યાએ મિથ્યાત્વનું નિત્યસ્થાન છે.

આમાંના પહેલાં બે નિત્યસ્થાનો નિરંતર જીવંત રહેતાં સ્થાનો છે. આ બંને નિત્યસ્થાનો આ લોકમાં શ્રી પંચપરમેષ્ટિને જીવંતરૂપ આપે છે, તથા તેમના ધર્મરૂપ કલ્યાણનાં પરમાણુઓની સહાયથી લોકનાં સમતોલનને જાળવી રાખે છે. શ્રીપ્રભુ તથા શ્રીપંચપરમેષ્ટિ પ્રભુની આજ્ઞા લઈ, આ સ્થાનનાં અપૂર્વ છતાં ગુપ્ત રહસ્યોને શબ્દદેહ આપવા ધાર્યો છે.

મનુષ્યના દેહમાં હૃદય એ મગજ તથા કિડનીને લોહી પહોંચાડી વીર્ય આપે છે, તથા વપરાયેલાં વીર્યનાં પરમાણુઓને એ જગ્યાએથી હઠાવી, ચોખ્ખા વીર્યને ત્યાં સ્થાપે છે. એ જ નિયમ પ્રમાણે લોકનાં આ ત્રણે સ્થાનો કામ કરે છે. લોકનાં હૃદયના ભાગ પાસે પંચપરમેષ્ટિનું નિત્યસ્થાન છે. આ સ્થાન પૂર્ણ પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાન પાસે પોતાનાં કલ્યાણનાં પરમાણુઓ મોકલી, કલ્યાણસભર પૂર્ણ પંચપરમેષ્ટિની નીરાગી, નિર્વિકારી વીતરાગમય અવસ્થાને કલ્યાણની આદિ કરવાનું નિમિત્ત આપે છે. એ જ આદિનાં સ્થાનેથી પૂર્ણરૂપ બનેલા પરમાણુઓને લઈ જઈ તે પોતામાં સમાવે છે, જેથી પોતાનાં સ્થાનમાં નિરંતર કલ્યાણની આદિ થઈ શકે. જેવી રીતે હૃદય તાજા લોહીને મગજ સુધી પહોંચાડી મગજનાં કાર્યની આદિ કરાવે છે, અને એ જ માધ્યમ દ્વારા મગજ પાસેથી યોગ્ય પૂર્ણ આદેશ લઈ હૃદયનાં સંચાલનની આદિ કરે છે, તેવું જ કાર્ય પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાન દ્વારા થાય છે. આ પણ સ્વપરકલ્યાણની એક ઉચ્ચ ભૂમિકા છે.

પૂર્ણ પંચપરમેષ્ટિનાં પૂર્ણ શુદ્ધ પરમાણુઓ પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનમાં પહોંચે છે, ત્યારે ત્યાં મુખ્યત્વે છદ્મસ્થ પરમેષ્ટિના ભાગનાં છદ્મસ્થ, નબળાં પરમાણુઓનો ભાગ સબળા ભાગથી છૂટો થાય છે, અને તે પરમાણુઓ મિથ્યાત્વનાં નિત્ય-સ્થાન પાસે જાય છે જેવી રીતે મનુષ્યનાં શરીરનો નબળો ભાગ હૃદયનાં લોહીનાં પરિભ્રમણ દ્વારા કિડની પાસે જઈ મળમૂત્રમાં રૂપાંતર પામે છે, તેવી રીતે આ પરમાણુઓમાં પણ પ્રક્રિયા થાય છે. આવી ક્રિયાઓ લોકમાં નિરંતર ચાલ્યા જ કરે છે. આ ક્રિયાને વિસ્તારથી સમજવાની આજ્ઞા શ્રીપ્રભુ તથા શ્રી પંચપરમેષ્ટિ ભગવંત આપણને આપે છે. આ સમજણ લેવા માટે આપણે ઉત્તમ પુરુષાર્થ કરી, આજ્ઞાના મહામાર્ગ મારફત

આ અટપટા તથા જટિલ સંચાલનનાં કાર્યને સમજવાનો પ્રયત્ન કરવાનો છે. આની સરળતા કરવા શ્રીપ્રભુ આપણને નીચે પ્રમાણે બોધ આપે છે.

"હે આયુષ્યમનો! તમે બુઝો! સમ્યક્ પ્રકારે બૂઝો! આ સંસાર અનાદિકાળથી જીવો માટે દુઃખમય રહ્યો છે, અને એવો જ દુઃખમય બીજા અનંતકાળ સુધી રહેવાનો છે. ટૂંકમાં સંસાર એટલે દુઃખ, દુઃખ અને દુઃખ જ છે. માટે એ સંસારની મોહરૂપી મહાજાળથી તમારા આત્માને મુક્ત કરો. તમારો આત્મા, સ્વરૂપનાં આરાધનવાળાં આજ્ઞાનાં નિરંતર પાલનથી એ જ સંસારનો વીતરાગી નાથ થવા સર્જાયેલો છે; તે અનંત અવ્યાબાધ સુખનો નિરંતર કર્તા તથા ભોક્તા થવા નિર્માયો છે. તે અરૂપી મૌનમાં નિરંતર અક્ષય, અડોલ સ્થિતિમાં રમનારો અને લોકનો અરૂપી તથા વીતરાગી એવો એક માત્ર ચેતન પદાર્થ છે. માટે જાગો! જાગો! હે જીવો તમે જાગો! આ પુદ્ગલરૂપી અજીવને સર્વકાળ માટે અજીવપણું પ્રદાન કરો. એ અજીવ પુદ્ગલને પોતારૂપ ગણી એને ચેતનરૂપ આપતા અટકો. તમારી પાસે શ્રી પંચપરમેષ્ટિ પ્રભુનો સાથ નિરંતર છે, એ સાથને આજ્ઞાની પરિભાષા દ્વારા તમે જીવંતરૂપ આપો, અને તમે અપૂર્વ અવ્યાબાધ અને અક્ષય સુખના કર્તા તથા ભોક્તા થાઓ. અહો! સર્વ જીવો! તમે શાસનરસિ બનો, આ મહામાર્ગને ઓળખો. આ મહામાર્ગનાં અતિ અતિ ગૂઢ રહસ્યો તમારી સમક્ષ ખૂલતા જવાના છે. તો એ રહસ્યોને પકડીને તેનો ઉપયોગ પોતાનાં આત્મસ્વરૂપ પ્રતિનાં આત્મીયપણા માટે કરો. આમ કરવાથી તમે આ કાળે, આ ક્ષેત્રે અતિ અતિ દુષ્કર પુરુષાર્થ કરવા દ્વારા અનેક રહસ્યોને પ્રગટ કરનાર શ્રી પંચપરમેષ્ટિ પ્રભુ પ્રતિ યોગ્ય આભાર વ્યક્ત કરી શકશો. જો તમને આ વાણી પર કદાચિત્ વિશ્વાસ ન આવે તો તેને કેવળીગમ્ય ગણી, એને છોડી દેજો, પણ એની અવહેલના જરા પણ કરશો નહિ. કેમકે એ જ્ઞાન વીતરાગી પંચપરમેષ્ટિનાં આજ્ઞાંકિત આરાધનથી નીપજેલું છે. એ જ્ઞાનનું શ્રુત મેળવતાં પહેલાં, શ્રદ્ધાના અપૂર્વ મહાસાગરમાં એનું વધુમાં વધુ રૂપાંતર થાય તથા શ્રદ્ધાનું પ્રત્યેક બુંદ શ્રમની સર્વોત્કૃષ્ટ સ્વપરકલ્યાણની પરિભાષાને પહોંચે તેવી યાચના

તથા નિર્ણય તમે કરો. જે થકી આવી ઉત્તમ વાણીના ખોલનાર શ્રી પંચપરમેષ્ટિ ભગવંતની તમે અવહેલના ન કરતાં એમને યોગ્ય વિનયાભાર વ્યક્ત કરી શકો."

ૐ ૐ ૐ

લોકનાં આ ત્રણ નિત્યસ્થાનોને સમજવા શ્રી પ્રભુ આપણને પ્રેરણા તથા આજ્ઞા આપે છે. આ ત્રણે સ્થાનોને ખૂબ જ ઊંડાણથી સમજવા, એમની વચ્ચેનાં ઋણાનુબંધને જાણવા, એ ત્રણે સ્થાનો કેવી રીતે સ્વપરકલ્યાણની ઉત્કૃષ્ટ ભૂમિકા રચે છે, તે સમજવું ઇત્યાદિ 'સર્વ જીવ કરું શાસનરસિ'ના હાર્દ સુધી પહોંચવા માટે અનિવાર્ય છે. શ્રી પ્રભુ તેમની મધુરતમ વાણી દ્વારા આપણને બોધે છે કે આ ત્રણે સ્થાનોને યથાર્થ સમજવા માટે નીચે જણાવેલો ક્રમ તમને વિશેષ અનુકૂળ થશે :–

૧. શ્રી પંચપરમેષ્ટિનું નિત્યસ્થાન (લોકનો હૃદયનો ભાગ)

૨. શ્રી પૂર્ણ પંચપરમેષ્ટિનું નિત્યસ્થાન (લોકનો મગજનો ભાગ)

૩. મિથ્યાત્વનું નિત્ય સ્થાન (લોકનો કિડનીનો ભાગ)

જ્ઞાનરૂપ મહા અગ્નિને સદાય પ્રજ્વલિત રાખનાર, સનાતન તથા મંગલમય ધર્મને સમયે સમયે જાગૃત રાખનાર શ્રી પંચપરમેષ્ટિ પ્રભુને એમના અકથ્ય ઉપકાર માટે સાષ્ટાંગ દંડવત્ વંદન હો! વંદન હો! એમનું આ કાર્ય, આ મહાત્મ્ય અને તેમનું મંગલમય અસ્તિત્વ સદાકાળ માટે જયવંત વર્તો! જયવંત વર્તો!

## ૧. શ્રી પંચપરમેષ્ટિનું નિત્યસ્થાન

જો લોકના આકારને મનુષ્યના દેહના આકાર સાથે સરખાવવામાં આવે તો, શ્રી પંચપરમેષ્ટિનું નિત્યસ્થાન લોકનાં હૃદયના ભાગ પાસે આવેલું છે. આ સ્થાન મહાવિદેહ ક્ષેત્રની સમક્ષ છે. તેથી એ ક્ષેત્રમાંથી જીવો સદાકાળ માટે કેવળજ્ઞાન પામતા રહે છે. આ સ્થાન કાલ્પનિક નથી, પણ વાસ્તવિક છે. પરંતુ તેનાં દર્શન કરવા માટે મનુષ્યનાં ઔદારિક શરીરનાં સ્થૂળ ચર્મચક્ષુ કામ આવતાં નથી. એનાં

દર્શન કરવા માટે મનુષ્યે આંતર દિવ્ય ચક્ષુ પ્રાપ્ત કરવાં પડે છે. આ દર્શન કરવા માટે આંતર દિવ્યચક્ષુની જરૂર એટલા માટે પડે છે કે આ સ્થાનનાં પરમાણુઓ અતિ સૂક્ષ્મ તથા બારિક છે, જેને સ્થૂળ આંખો જોઈ શકતી નથી. એવી જ રીતે આ સ્થાનનું કાર્ય સમજવા માટે જીવની સ્થૂળ સંજ્ઞા કામ આવતી નથી, પરંતુ તેને સમજવા માટે જીવે આંતર દિવ્ય સંજ્ઞા ખીલવીને તેનો ઉપયોગ કરવો પડે છે; કેમકે તેનાં કાર્ય તથા કાર્યપદ્ધતિ (functions) અતિ સૂક્ષ્મ તથા ચપળ છે; જેથી પાંચ સમવાયની પર્યાયોમાં પણ તેનું કાર્ય સતત ચાલ્યા કરે છે; તે કાર્ય ચાલુ રાખી શકે છે. પ્રભુનો આ સંદેશો સાંભળતાં અંતરમાંથી સહજતાએ પ્રભુ પાસે એક યાચના થઈ જાય છે,


> "હે અલૌકિક સુખના પરમ ધારક! તમારી શક્તિઓનો તથા સિદ્ધિઓનો સમય સમયનો વિચાર કરતાં, તમારાં વિશાળપણાનું, ઊંડાણનું, ગંભીરતાનું તથા નિર્માનીપણાનું સભાનપણું અમારામાં જાગતાં અમારાં અંતરનાં તાંતણેતાંતણાં જડમૂળથી હલી જાય છે. અહો દેવાધિદેવ! અમારામાં રહેલાં અલ્પતા, પુરુષાર્થહીનતા, માનાદિ કષાયોનો સતત સહવાસ અને સંજ્ઞા તેમજ પાંચે ઈન્દ્રિયોની ખૂબ ખૂબ મંદતા તથા અલ્પતાને તમારી શક્તિઓની સાથે વાસ્તવિક રીતે સરખામણી કરતાં, આપણા વચ્ચે રહેલું મોટું અંતર અમને અતિ સ્પષ્ટપણે જણાય છે. તમારામાં જે જે શુભ તથા ઉત્તમ તત્ત્વો છે તેનો અમારામાં અભાવ વર્તે છે; અને તેનાથી વિરોધી કે વિપરીત તત્ત્વો અમારામાં ભરેલાં દેખાય છે. વળી, અમારામાં જે જે દુર્ગુણો ઘર કરીને બેઠા છે, તેના એક અંશ જેટલો ભાગ પણ તમારામાં એકાદ સમય માટે પણ આવી શકતો નથી, એ અશુભ તત્ત્વો તમારામાં અમને દૃષ્ટિગોચર થતાં નથી. તેથી અમને સ્પષ્ટ સમજાય છે કે હે પ્રભુ! તમે જે કલ્યાણબોધ ધોધની અમૃતગંગારૂપે વહાવવા માગો છો, એના માટેની પૂર્વ શરતોનો એક નાનો સરખો ભાગ પણ અમારાં અંતરમાં સ્થિર થયેલો નથી. તો પ્રભુ! આ બાળકની અલ્પતા પર લક્ષ ન આપતાં, ખામીઓ પર લક્ષ ન કરતાં, અમને એમાંથી બહાર કાઢો, અમને ત્વરાથી ઉગારો. જેમ એક પિતા, પોતાનાં પાંગળા, લુલા, લંગડા શિશુની ખામીઓ પર લક્ષ ન દેતાં,

પુત્રપ્રેમના અપૂર્વ આધારથી બાળકની ખામીઓને અવગણી, તેનો હાથ ઝાલી, એની નબળાઈઓને નભાવી, પોતાનાં વીર્ય તથા શક્તિ દ્વારા બાળકને ટકાવે છે, સમર્થ બનાવે છે; તેમ હે વિભુ! તમે અમારા સાથરૂપ, પ્રતીકરૂપ રુચક પ્રદેશો તથા કેવળીગમ્ય પ્રદેશો દ્વારા અમારા અશુદ્ધ પ્રદેશોની અલ્પતા કે નબળાઈઓને ગૌણ કરી અમારા આત્માને ઉગારો. અમારા આત્માને જીવાત્મામાંથી પરમાત્મા બનાવો. અમારા આત્માનાં શુદ્ધ ચૈતન્યઘન સ્વરૂપને પ્રગટાવો. પ્રભુજી! તમને આપવા જેવું અમારી પાસે કશું જ નથી. અમારી પાસે તો માત્ર તમારી આજ્ઞામાં જ રહેવાના ભાવ છે. તમારા જેવા થવાની અમારી ઇચ્છા જોર કરતી જાય છે. તો હે દેવાધિદેવ! તમે અમારા અંતરમાં વસી અમારી આ ભાવનાને સાર્થક તથા સફળ કરાવો. કારણ કે તમારાં સર્વ કાર્યો સફળ જ થાય છે. અંતરાય કર્મ તો તમારા પગની ધૂળ જ છે. તો તમારા અને અમારા વચ્ચે રહેલાં અંતરને તોડાવવામાં, અંતરાયને દૂર કરવા, હે જિન! અમને સહાય કરો. તમે તો અમારા માટે ઘણા ઘણા ભવો સુધી શુભભાવ કર્યા છે, તેથી તમારો કલ્યાણભાવ અમારા પ્રતિ નિરંતર વહેતો આવ્યો છે. પણ અમે તો એક મૂઢ, દંભી વ્યક્તિ બની સંસારી શાતાને સાચું સુખ સમજી, તે કાલ્પનિક અને ક્ષણિક શાતાને સર્વસ્વ માની, તમારા સાચા સુખરૂપ બળવાન સાથને પામવાની જબરજસ્ત અંતરાય બાંધી છે. આનાં ફળ રૂપે તમારાં શાંતિ તથા સ્થિરતા અમારા તરફ સતત વહી આવતાં હોવા છતાં, અમને તે યોગ્ય સ્વરૂપે સ્પર્શી શકતાં નથી. હે દેવ! આ સમજણ સ્પષ્ટ થતાં અમારી મૂઢતા પ્રત્યે અમને જુગુપ્સા, ત્રાસ અને કરુણા આવે છે. અને અમારું અંતરંગ અમારા અશુદ્ધ પ્રદેશોને પોકારી પોકારીને યાચના કરે છે કે, 'હે જીવ! હવે તો થોભ!' આવા અશુભથી છૂટવા માટે, તમારું આ બાળક પોતે સેવેલી શુભ ભાવનાની સિદ્ધિ કરે ત્યાં સુધી તમારાં ચરણોમાં જ વસવા માગે છે. અહો પરમ પિતા! અમારી આ ઇચ્છાની ત્વરાથી સિદ્ધિ કરાવો એ જ અમારી હૃદયપૂર્વકની યાચના છે."

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

શ્રી પ્રભુજીએ અમ બાળકોની અંતરંગ યાચનાના ભાવને ભાળીને અમારાં આંતર દિવ્ય સંજ્ઞા તથા પાંચ ઇન્દ્રિયોની અમને પ્રાપ્તિ કરાવી; અને તે દ્વારા અમને પંચપરમેષ્ટિનાં નિત્ય સ્થાનનાં દિવ્ય દર્શન કરાવ્યાં. આ દિવ્ય દર્શન તથા શ્રુત અનુભવને અમે શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની આજ્ઞાથી તથા પરમ આજ્ઞાથી શબ્દદેહ આપવા પ્રયત્ન કર્યો છે.

શ્રી પંચપરમેષ્ટિનું નિત્યસ્થાન આપણે આગળ જોયું તે પ્રમાણે લોકનાં હ્રદયના ભાગમાં (વચલા ભાગમાં) રૂપી અરૂપીપણે (અદૃશ્ય રીતે) આવેલું છે. આ સ્થાન અડધા દીવાના આકારમાં છે, અને દીવાનો એક ભાગ કમળના આકારની આકૃતિ ધરાવે છે. તેમાં ઉપરના ભાગમાં દરેક પંચપરમેષ્ટિના જુદા જુદા વિભાગ છે, જેમાં તેમનાં કલ્યાણનાં પરમાણુઓ રહે છે, અને તેના નીચેના ભાગમાં એક ગોળાકાર કુંડી હોય છે, જેમાં બધા પરમેષ્ટિઓના પરમાણુઓનું મિશ્રણ રહેલું હોય છે. તે આપણે સવિગત જોઈએ.



શ્રી પંચ પંચપરમેષ્ટિ પ્રભુની પરમ આજ્ઞાની સહાયથી, તેમના પ્રતિના ઉત્કૃષ્ટ વિનયાભાર સહિતના સમાધિમય ધ્યાનમાં ૐ ૐના અપૂર્વ નાદની પ્રસાદીથી આપણે પ્રાપ્ત કરેલાં દિવ્યચક્ષુ દ્વારા પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનનાં દર્શન કર્યાં. એ દિવ્ય દર્શનનું વર્ણન દિવ્ય સૂક્ષ્મ સંજ્ઞા તથા વાણી દ્વારા અમે કરીએ છીએ. શ્રી પંચપરમેષ્ટિનું નિત્યસ્થાન કમળના વચ્ચેના ભાગ જેવા આકારનું છે. આ આકાર સર્વ પ્રકારે એકરૂપ થાય તેવો (symmetrical) છે. તેના નીચેના ભાગમાં એક કુંડી સમાન ગોળાકાર જગ્યા છે. આ જગા એ સ્થાનના પ્રત્યેક વિભાગ સાથે જોડાયેલી છે. આ જગ્યાને શ્રી પંચપરમેષ્ટિ પ્રભુ 'સાધુસાધ્વીજીના ભાગ' તરીકે ઓળખાવે છે. આનો મુખ્ય ભાગ જે કુંભીરૂપી સ્થાનની ઉપર રહેલો છે, તેનાં મુખ્યત્વે બે ભાગ પડે છે, જે સર્વ રીતે એકરૂપ થઈ શકે તેવા છે (Identical છે). બંને ભાગમાં પાંચ પાંચ વિભાગ છે. ડાબી બાજુના અર્ધ ગોળાર્ધમાં પાંચ વિભાગ અને જમણી બાજુના અર્ધ ગોળાર્ધમાં પણ પાંચ વિભાગ છે. અને સહુથી નીચેના ભાગના ગોળાકારમાં પાંચે પરમેષ્ટિ ભગવાનનાં કલ્યાણનાં પરમાણુઓનું અપૂર્વ મિશ્રણસ્થાન આવેલું છે. જેનું યોગ્ય પાત્ર જીવો યથાર્થ પાન કરતાં રહે છે. કમળની આકૃતિમાં રહેલા આ પાંચે વિભાગને અંદરની બાજુથી અવલોકીએ તો તે નીચે પ્રમાણે જણાય છે :–

૧. અરિહંતનો વિભાગ
૨. સિદ્ધનો વિભાગ
૩. ગણધરનો વિભાગ
૪. આચાર્યનો વિભાગ અને
૫. ઉપાધ્યાયનો વિભાગ

આ આકૃતિનો વિશેષતાએ વિચાર કરીએ તો જણાય છે કે આ વિભાગમાં જેઓ સ્વપર કલ્યાણના માર્ગમાં આરૂઢ છે તેવા સર્વ પંચપરમેષ્ટિનો સમાવેશ થયેલો છે. ડાબી બાજુનો વિભાગ એ પશ્ચિમ વિભાગ છે, અને જમણી બાજુનો વિભાગ એ

પૂર્વ વિભાગ છે. પૂર્વ વિભાગને શ્રી પ્રભુ પરમેષ્ટિના મહાશ્રવના વિભાગ તરીકે ઓળખાવે છે, અને પશ્ચિમ વિભાગને શ્રીપ્રભુ મહાસંવરના વિભાગ તરીકે ઓળખાવે છે. શ્રી પરમેષ્ટિપ્રભુ અહીં આપણને બોધ આપે છે કે મહાશ્રવ તથા મહાસંવરના વિભાગોની કાર્યપદ્ધતિની સમજણ લેતાં પહેલાં આપણે આ પાંચે વિભાગની ખાસિયતોનો વિચાર કરવો જોઈએ. આપણે એમની આજ્ઞાનુસાર વર્તવાની તૈયાર કરવાની છે. તે ઉપરાંત આપણે સાધક તરીકે એમની વિશ્રામણા કરવાના ભાવની ઉત્કૃષ્ટતા સુધી પહોંચવાનું છે. આપણી વિશ્રામણા કરવાના વિનયની પરિભાષાને જાણીને શ્રી પંચપરમેષ્ટિ પ્રભુ આપણને બોધદાન આપવાનું શરૂ કરે છે.

શ્રી પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનમાં શ્રી ઉપાધ્યાયજીનો ભાગ બહારથી જોતાં સહુથી પહેલો આવે છે, એનો રંગ ઘેરો છે. અને એમાં રહેલાં કલ્યાણનાં પરમાણુઓ પણ પ્રમાણમાં સ્થૂળ છે. આ પ્રકારનું બંધારણ (texture) થવાનું કારણ એ છે કે શ્રી ઉપાધ્યાયજી સ્વપર કલ્યાણના માર્ગમાં પહેલા પગથિયે છે. તેમાં શ્રી ઉપાધ્યાયજીનો જીવ પરકલ્યાણની લાગણીથી પ્રેરાઈને સ્વકલ્યાણ પ્રતિ દોરાય છે.

ઉપાધ્યાયજી પછી આચાર્યજીનો વિભાગ આવે છે. આ ભાગમાં સીધી તથા આડી લીટીઓ જણાય છે, અને તે ચોકડાની (checks) આકૃતિ બનાવે છે. આ ચોકડીની વચમાં વચમાં ખાલી જગ્યા દૃષ્ટિગોચર થાય છે; આમ જણાવાનું કારણ એ છે કે શ્રી આચાર્યજી સ્વપરનું કલ્યાણ યોગ્ય માત્રામાં છતાં સ્થૂળતાએ કરે છે. તે થકી સ્વકલ્યાણથી પરકલ્યાણ અને પરકલ્યાણથી સ્વકલ્યાણ ઉપજે છે, જે લીટીરૂપ દેખાય છે. તેની વચ્ચેનો ભાગ ખૂબ સૂક્ષ્મ છે. કેમકે તેમના ઉત્કૃષ્ટ પુરુષાર્થની સ્થિતિમાં સ્વકલ્યાણ તેમજ પરકલ્યાણ એકબીજામાં એવાં એકમેક થઈ જાય છે કે એમને જુદાં જાણવાં માટે પૂર્ણ જ્ઞાન હોવું જરૂરી બને છે.

આચાર્યજી પછીનો વિભાગ છે ગણધરજીનો. તેમાં માત્ર નાનાં નાનાં ટપકાં જ જોવાય છે. શ્રી ગણધરજીનો પુરુષાર્થ એટલો આજ્ઞાધીનપણે થતો હોય છે કે એમના સ્થૂળ પુરુષાર્થમાં સ્વપરકલ્યાણની ઉત્કૃષ્ટતા ઘણા મોટા પાયે સર્જાય છે, પરિણામે તેમાં

માત્ર સ્થૂળતાનાં ટપકાં જ દેખાય છે. બાકીના ભાગમાં માત્ર ખાલી સ્થાન જણાય તેવી ઉત્કૃષ્ટ સ્વપરકલ્યાણની છદ્મસ્થ પરાકાષ્ટાની સમાધિ હોય છે.

શ્રી ગણધરજીના વિભાગ પછી સિદ્ધનો વિભાગ આવે છે. તેમાં માત્ર આડી લીંટીઓ જ જોવા મળે છે. અહીં આપણને જરૂર નવાઈ લાગે કે સિદ્ધ ભગવાન તો ઉત્કૃષ્ટ પુરુષાર્થની પરાકાષ્ટાએ હોય છે, તો તેમના ભાગમાં લીટીઓ કેવી રીતે આવે છે? આવી લીંટીઓ તો ગણધર વિભાગનાં ટપકાં કરતાં વધારે સ્થૂળ પુરુષાર્થ સૂચવે છે! શ્રી પંચપરમેષ્ટિ પ્રભુ આનો અપૂર્વ ખુલાસો કરી સમાધાન આપે છે. શ્રી સિદ્ધ ભગવાન અનેક જુદી જુદી પરિસ્થિતિમાં સિદ્ધ થયા હોય છે. તેમાં સામાન્ય કેવળીથી શરૂ કરી ઉત્તમોત્તમ પ્રકારના તીર્થંકર પ્રભુ સુધીના સર્વ સિદ્ધનો સમાવેશ થાય છે. તેઓ બધા જ આ વિભાગમાં સમાવેશ પામે છે. એ બધા શુદ્ધાત્માઓએ છદ્મસ્થ દશામાં સેવેલા સ્વપર કલ્યાણના ભાવના માપનો સરવાળો કરી તેની સરરોશ કાઢવામાં આવે તો તેની કક્ષા ગણધરના વિભાગની સરરોશ કરતાં નીચી આવે છે; કેમકે તે સર્વ આત્માઓ એક જ ધર્મના માર્ગે હોવા છતાં, તેમાંના મોટાભાગના આત્માઓ લગભગ પૂર્ણ વીતરાગ દશાએ પહોંચ્યા પછીથી એટલે કે ક્ષપક શ્રેણિના દશમા ગુણસ્થાનના અંતભાગથી અને બારમા ગુણસ્થાને આવીને, સ્વપર કલ્યાણના માર્ગમાં આરૂઢ થયા હોય છે. આ દશા આવ્યા પહેલાં તેમનું સ્વપર કલ્યાણનું કાર્ય જોઈએ તેટલું સઘન થયું હોતું નથી. આથી સિદ્ધ પર્યાયમાં અર્થાત્ આત્માની સહજ સ્થિતિની અવસ્થામાં પણ તેમની છદ્મસ્થપણાની ભૂમિકાના સ્વપરકલ્યાણના ભાવનું પ્રતિબિંબ આ વિભાગમાં પડે છે, તેથી સર્વ સિદ્ધાત્માની સમગ્રતયા કલ્યાણભાવની સરરોશ આવી લીંટીની આકૃતિરૂપે પ્રગટ થાય છે.

અહીં શ્રી પંચપરમેષ્ટિ પ્રભુ આપણને એક અતિ અતિ ગુપ્ત રહસ્યની સમજણ આપે છે. શ્રી ઉપાધ્યાયજીના કલ્યાણભાવનો ઘેરો રંગ, આચાર્યજીના કલ્યાણભાવના ચોકડા, ગણધરજીના કલ્યાણભાવનાં ટપકાં અને સિદ્ધના કલ્યાણભાવની લીંટીઓને આપણે યોગ્ય રીતે ગોઠવીએ તો તેમાંથી ટપકાં સાથેનો સાથિયો 卐 નિર્માણ

થાય છે. આ સ્વસ્તિક ધર્મનાં મંગલપણાનું પ્રતિક છે. સાથે સાથે તે ચાર પરમેષ્ટિના સમૂહગત પુરુષાર્થનું પણ પ્રતિક બને છે.

શ્રી અરિહંત પ્રભુના વિભાગમાં માત્ર એકસરખા ૐ જ દેખાય છે. જે એમના સ્વપરકલ્યાણના ઉત્કૃષ્ટ પુરુષાર્થમાં કાળની મર્યાદા વગર ચાલનાર સનાતન ધર્મના મંગલમય કલ્યાણના શમના ગુંજનરૂપ અલૌકિક નાદ છે. અહીં, ૐ તથા 卐 નાં મિશ્રણરૂપ ધર્મનાં સનાતનપણા તથા મંગલપણાની પરિભાષાનો એકાંત અનુભવ કરાવનાર શાશ્વત પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનને કોટિ કોટિ વંદન હો.

આપણે આગળ જોયું તે પ્રમાણે શ્રી પંચપરમેષ્ટિનાં નિત્ય સ્થાનની પૂર્વ બાજુમાં મહા આશ્રવનો ભાગ છે, અને પશ્ચિમ બાજુમાં મહાસંવરનો ભાગ છે. આ મહા આશ્રવ તથા મહાસંવરના ભાગ એકસાથે એ જ નિરંતર સ્થાનમાં એકબીજાની બાજુમાં જ રહે છે. આમ થવા પાછળ વિધાતાનો એક અપૂર્વ તથા અતિગુપ્ત સિદ્ધાંત રહેલો જોવા મળે છે. અગાઉ આપણે મહાસંવર તથા મહા આશ્રવના માર્ગની ખાસિયત જાણી હતી; તથા તેને સમજ્યા હતા. મહા આશ્રવના માર્ગમાં જીવ આત્મા પર ગુણોનો આશ્રવ કરે છે. મહાસંવરના માર્ગમાં જીવ નવા આવતા દુર્ગુણોને રોકે છે, અને એ જ સમયે જુના દુર્ગુણોની નિર્જરા કરે છે; અર્થાત્ આત્મપ્રદેશ પરથી તેને કાઢી નાખે છે. છદ્મસ્થ જીવો મોટાભાગે પોતાના દિવ્ય પુરુષાર્થના આધારે મહાસંવર તથા મહા આશ્રવની પ્રક્રિયા વારાફરતી કરતા રહે છે. પરંતુ અપવાદરૂપે જ્યારે જીવની સૂક્ષ્મ દિવ્ય સંજ્ઞા તથા ઇન્દ્રિયો ખીલે છે, અને તેનો ઉપયોગ જીવ જ્યારે શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની પરાભક્તિની ભૂમિકાએ આજ્ઞાધીનપણે કરે છે, ત્યારે તે જીવ મહાસંવર તથા મહાઆશ્રવના માર્ગને એક સાથે ભજી શકે છે. આવી અપૂર્વ ક્ષણોમાં જીવ ઉત્કૃષ્ટ રીતે ગુણોનો આશ્રવ તથા દુર્ગુણોના સંવર તથા નિર્જરા એકી સમયે કરી શકે છે. તે વખતે તે જીવના રુચક પ્રદેશો પોતાની સિદ્ધદશાનું વેદન, પોતાના કેવળીગમ્ય પ્રદેશોને આપી શકે છે, અને તે વખતે કેવળીગમ્ય પ્રદેશો એ જ વેદનને રૂપીઅરૂપી રીતે સર્વ અશુદ્ધ પ્રદેશોને પહોંચાડી શકે છે. આ સમયે તે છદ્મસ્થ જીવ સિદ્ધ સમાન દશાનો અનુભવ એક કે તેથી વધારે સમય માટે માણી

શકે છે, ભોગવી શકે છે. બીજી રીતે કહીએ તો તે જીવ છદ્મસ્થ દશામાં છઠ્ઠા સિદ્ધપદનો અનુભવ કરે છે.

આ જ રહસ્યને આપણે પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાન વિશે મૂકીને સમજીએ. તેનો ઊંડાણથી વિચાર કરતાં સમજાય છે કે અહીં નિત્ય અર્થાત્ સતત રહી શકે એવાં કલ્યાણની – ઈષ્ટની વાત હોવાથી કહી શકાય કે પાંચે સમવાયની સર્વ પર્યાયોમાં જે પોતાનું ઈષ્ટ સ્થાન જાળવી રાખે છે તે નિત્યસ્થાન કહેવાય. આ સ્થાનમાં એવી તે કઈ પ્રક્રિયા થાય છે કે જેથી આ સ્થિતિ અબાધિતપણે રહે છે?

શ્રીપ્રભુ એમનાં પંચપરમેષ્ટિનાં પરમાણુઓની પરમેષ્ટિતા દ્વારા આ પદ્ધતિનું પરમપણું આપણને પમાડે છે. શ્રી પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનમાં પંચપરમેષ્ટિનાં પરમાણુઓ સતત આવ્યા કરે છે. શ્રી સિદ્ધ અને શ્રી અરિહંતની સિદ્ધદશા સિવાયની દશામાંથી આવતાં એ પરમાણુઓ મુખ્યતાએ અપૂર્ણ હોય છે. એ પરમાણુઓ પૂર્વ દિશામાંથી પ્રવેશ કરે છે (મહાઆશ્રવના વિભાગ તરફથી એ પરમાણુઓ પ્રવેશે છે), જ્યાં મહાઆશ્રવનું ખેંચાણ એ પરમાણુઓને આજ્ઞાધીનપણે આશ્રવે છે. એ પરમાણુઓ ઉપાધ્યાયજીના સ્વપર કલ્યાણભાવનો સ્પર્શ પામી આચાર્યજીના સ્વપર કલ્યાણના ભાગમાં જાય છે. આચાર્યજીના ભાગમાંથી પસાર થઈ તેઓ ગણધર પ્રભુના સ્વપરકલ્યાણના સ્થાનમાં પ્રવેશે છે, અહીંથી પસાર થઈ તે પરમાણુઓ સિદ્ધપ્રભુના વિભાગમાં પૂર્ણતા પામી; ધર્મનાં મંગલપણાની ઉત્કૃષ્ટતા પામી અરિહંત પ્રભુના ધર્મનાં સનાતનપણાના રણકારને તેઓ જ્યારે અનુભવે છે, ત્યારે તેમાનાં કેટલાંક પરમાણુઓ પૂર્ણ મંગલપણાના અનુભવ તથા પૂર્ણ સનાતનપણાના અનુભવ સાથે શીતળ આજ્ઞાનુભવ સાથે સાધુસાધ્વીની કુંડીમાં એકત્રિત થાય છે, અર્થાત્ તેમાં તેઓ જમાવ કરે છે. બાકીનાં પરમાણુઓ મહાઆશ્રવના ભાગમાંથી નીકળી મહાસંવરના વિભાગમાં આવે છે. ત્યાં તેઓ શ્રી અરિહંત પ્રભુનાં પરમાણુઓ પાસેથી એમનો કલ્યાણરસ ગ્રહણ કરે છે. તે વખતે ત્યાં મહાસંવરના માર્ગની ઉત્કૃષ્ટતા હોવાને લીધે શાતાવેદનીયના કર્મો આવી શકતા નથી, જીવના આત્મપ્રદેશ પર પ્રવેશ કરી શકતા નથી. એટલું જ નહિ પણ, નિર્જરાના જોરથી તેઓ સિદ્ધના ભાગમાંથી સિદ્ધનાં

પરમાણુઓ ગ્રહણ કરી પસાર થાય છે. આગળ વધતાં શ્રી ગણધરના ભાગમાંથી તેમનાં પરમાણુઓ સ્વીકારી ત્યાંથી આગળ વધે છે. તે પછી તેઓ અનુક્રમથી આચાર્યજી તથા ઉપાધ્યાયજીના ભાગમાંથી તેમનાં કલ્યાણનાં પરમાણુઓ ગ્રહણ કરતાં કરતાં પૂર્ણ થાય છે; પૂર્ણ થતાં જાય છે. પૂર્ણ થયેલા પરમાણુઓ સાધુસાધ્વીની કુંડીમાં નીચેનાં સ્થાનમાં એકત્રિત થાય છે.

આ ક્રિયા દ્વારા શ્રી અરિહંતપ્રભુ અન્ય પરમેષ્ટિના વિનય તથા આભારની ઉત્કૃષ્ટ ભૂમિકાને અનુભવી ઋણમુક્ત થાય છે. સાધુસાધ્વીની કુંડીમાંથી એ અનુભવરસ જે ઉપર છે, તે અરિહંતના ભાગ દ્વારા ઊછળી ઊછળીને પૂર્ણ પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનમાં જાય છે; અને સામાન્ય કલ્યાણનાં પરમાણુઓ મિથ્યાત્વનાં નિત્યસ્થાનમાં જાય છે. આવી સર્વ ક્રિયાઓ એકીસાથે સતત થયા જ કરે છે. આ અપૂર્વ સ્વકલ્યાણરૂપ મહાશ્રવ તથા મહાસંવરની પ્રક્રિયા તે સ્થાન એકીસમયે માણી શકે છે, જેને શ્રીપ્રભુ 'મહાશ્રવ નિર્જરા' નામે ઓળખાવે છે.

આ બધી જાણકારી આવતાં તથા તેનો અનુભવ થતાં અમને નિશ્ચય થાય છે કે શ્રીપ્રભુનાં નિષ્પાપી ચરણો પાસેથી સર્વ કંઈ પ્રાપ્ત થાય છે. તેમનાં ચરણોમાંથી પંચપરમેષ્ટિનો અલૌકિક આજ્ઞારસ ઝરે છે જે 'ઠરી અવરને ઠાર' રૂપે ધર્મનાં સનાતનપણાને તથા મંગલપણાને ઉત્કૃષ્ટ કેડીએ ચડાવી, લોકાલોકની શાશ્વતતાને કાયમ રાખે તેવું અમૃતઝરણ બને છે. આ સમજણ અને નિશ્ચયના પ્રભાવથી આની વિશેષ વિશેષ ઊંડાણથી જાણકારી મેળવવાનો અમારો અભિલાષ વધતો જાય છે, અને અમારાં હ્રદયનાં ઊંડાણમાંથી પ્રાર્થના પ્રવહે છે કે,

> "હે પ્રભુ! તમારી અમૃતમય આજ્ઞારસ ગંગાને ભાળી, સ્પર્શી, અનુભવી તથા માણીને અમારા અશુચિમય, અજ્ઞાની તથા અશુદ્ધ પ્રદેશોને પોતાનાં પાપો ધોવા માટે અમને અમૃતગંગા મળી છે એ સમજાય છે. પ્રભુજી! એ મહાપવિત્ર ગંગાને તમે અમારા શિરના મધ્યભાગમાં વહાવીને અમારાં અંતરનાં તાંતણે તાંતણાં હલાવી દીધાં છે. તમારી બાહ્યની અતિ અતિ શાંત, વીતરાગી, અપૂર્વ તથા

સૌમ્ય મુખમુદ્રાને અવલોકતાં અમને લાગે છે કે, જો તમારું બાહ્યસ્વરૂપ આટલું બધું શાંત તથા સૌમ્ય છે તો તમારું અંતરંગ આનાથી અનેકગણું વધારે શાંત તથા સૌમ્ય હોવું જોઈએ. પરંતુ જ્યારે તમારી આ આજ્ઞારસ ગંગાનો સ્પર્શ મળવાથી, અમારાં મળથી ભરેલાં કર્મો કાઢવા માટે એના તરફથી સર્વાંગી હુમલો થાય છે ત્યારે અમને અમારી ભૂલભરેલી માન્યતા સુધારવાની તક મળે છે. અમને સ્પષ્ટતા થાય છે કે, તમારી શાંત તથા સૌમ્ય મુખમુદ્રાના પડછામાં તો એક અતિ અતિ તીક્ષ્ણ તેમજ અતિ અતિ વેગવાન એવો અજબગજબનો આપનો પુરુષાર્થ રહેલો છે. જે કર્મનાં અસ્તિત્વને જ સર્વાંગી છિન્નભિન્ન કરતો આવે છે. આવાં કર્મનાં મરણનાં પરિણામે તમે તમારા આત્મગુણોની ઉત્કૃષ્ટતાને નિર્વિઘ્ને તથા અબાધિતપણે અનુભવો છો. આ અનુભવ તમને આવા શાંતિના સાગરનો અનુભવ સતત કરાવે છે. પ્રભુજી! તમારામાં વિરોધાભાસી જણાતાં કેટલાંયે તત્ત્વો સહજતાથી સાથે રહી શકે છે, એ સમજણ અમને સાનંદાશ્ચર્ય ઉપજાવે છે."

"અહો આજ્ઞા! અમે તને વંદન કરીએ છીએ. તારામાં કેવી અને કેટલી ગંભીરતા છે? તું તારા પેટાળમાં ધર્મનાં સનાતનપણાને ધર્મનાં મંગલપણામાં તથા ધર્મનાં મંગલપણાને તેનાં સનાતનપણામાં પલટાવી શકે છે, જેનાં થકી ભિન્ન ભિન્ન કક્ષાએ રહેલા ભિન્ન ભિન્ન આત્માઓ એક ધારાએ પંચપરમેષ્ટિનાં કલ્યાણભાવને મેળવી શકે છે; ભજી શકે છે, એટલું જ નહિ પણ અન્ય પાસે ભજાવી પણ શકે છે. અહો આજ્ઞા! તારા આ અગુરુલઘુ ગુણનાં આધારથી આ લોકમાં મુક્તિનું ધામ અનંતકાળ સુધી અસ્તિત્વ ધરાવે છે. અને નિત્યનિગોદના જીવો માટે એ મુક્તિનો પાયો બને છે, તેના આધારથી જીવો મુક્તિસમાધિને સર્વકાળ માટે અનુભવવા સદ્‌ભાગી થાય છે, તે સમાધિને સદાકાળ માટે માણે પણ છે. હે આજ્ઞા! તારા આ અનંત ઉપકારને ઓળખીને અમારામાં અહો અહો ભાવની લાગણી વિકસે છે. તેથી સહજતાએ શ્રી પ્રભુ પાસે અમારાથી યાચના થાય છે કે, 'હે પ્રભુ! તમારા આશીર્વાદ ક્યારેય નિષ્ફળ જતા નથી, તો પ્રભુજી! તમે

આજ્ઞાને સદાય જયવંત રહેવાના મંગળ આશીર્વાદ આપો કે જેથી અમ જેવા છદ્મસ્થ જીવોને માટે તમારી શિવભૂમિને જાણવા, વેદવા તથા માણવા માટેનો મંગલમય માર્ગ સનાતનરૂપ ધારણ કરી શકે.' "

"શ્રીપ્રભુનાં પરમ નિષ્પાપી ચરણોની પરમ આજ્ઞાથી અરૂપી એવો સનાતન અને મંગલમય ધર્મ શબ્દદેહ ધારણ કરી, અમ જેવા અલ્પજ્ઞ જીવો માટે સરળ, સુગમ તેમજ સહજ માર્ગનું રૂપ ધારણ કરી, કલ્પવૃક્ષ સમાન પરમ દાતાર બની, ૐના અરૂપીરૂપી મૌનાકારરૂપ શાશ્વત તથા ગંભીર ગુંજન દ્વારા જીવને સ્થિરતા તથા પરમ સમાધિ આપે છે. અહો ૐ! અને ૐમાં સમાયેલી પરમેષ્ટિ આજ્ઞા! તમારા આ અગુરુલઘુગુણ તથા અસીમિત અવગાહના ગુણને અમે ત્રણે યોગથી, આત્માના પ્રદેશે પ્રદેશથી તથા ત્રણે કાળના ઉત્તમ ભાવથી વંદન કરીએ છીએ. તમારા આ ગુણો સદાય જયવંત રહો. પ્રત્યેક સમયે તેની વર્ધમાનતા થતી જાય તેવી કૃપા તમારા પ્રતિ શ્રીપ્રભુ વરસાવતા જ રહો એ ભાવના સાથે અમે મૌનરૂપ સમાધિમાં ડૂબકી મારીએ છીએ."

આ સમાધિમાં શ્રીપ્રભુ તથા શ્રી પંચપરમેષ્ટિ પ્રભુ અમને અલૌકિક તથા અવર્ણનીય જ્ઞાનદાનની લહાણી આપે છે. એમની પરમ પરમ આજ્ઞા તથા પરમ પરમ કૃપા તથા સાથથી અમે એ જ્ઞાનને શબ્દદેહ આપી, મળેલા મહાજ્ઞાનનો બોધ પ્રગટ કરીએ છીએ. જેમાંથી શ્રી પૂર્ણ પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનની જાણકારી આપણને પ્રાપ્ત થાય છે.

## ૨. શ્રી પૂર્ણ પંચપરમેષ્ટિનું નિત્યસ્થાન


શ્રી પૂર્ણ પંચપરમેષ્ટિનું નિત્યસ્થાન લોકનાં મગજના ભાગ સાથે સ્થિર થયેલું છે. આ સ્થાન સિદ્ધભૂમિનાં તળિયાના સ્થાનથી આઠ લોકપ્રદેશમાં આવેલું છે. તે સ્થાનને યથાર્થ રીતે સમજવા માટે શ્રી પ્રભુ તથા શ્રી પંચપરમેષ્ટિ પ્રભુ પાસેથી દિવ્ય આંતરચક્ષુ અને દિવ્ય સંજ્ઞા તથા ઈન્દ્રિયોની પ્રાપ્તિ કરવી અને તેનો યથાયોગ્ય ઉપયોગ કરવો અત્યંત જરૂરી છે. આ કાળે આ ક્ષેત્રે તેની પ્રાપ્તિ થવી તે માત્ર દિવ્ય ઉત્કૃષ્ટ

પરાભક્તિ દ્વારા જ સંભવિત છે. તે વિના તેની અસંભવિતતા જ છે. તેનું કારણ એમ વિચારી શકાય કે ઉત્તમ વસ્તુ અધિકાર વિના પ્રાપ્ત થાય તો પણ તેનો કોઈ અર્થ સરતો નથી.

શ્રી પૂર્ણ પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનનો આકાર અપેક્ષાએ અરૂપી છે, અને તેની ગુણવત્તા અગુરુલઘુ ગુણમાં પરોવાયેલી છે. આ સ્થાનને યોગ્ય રીતે સમજવા માટે શ્રીપ્રભુ આપણને વ્યવહારનું એક ઉદાહરણ આપે છે. આપણે વ્યવહારમાં લોહચુંબકને (magnet) બરાબર ઓળખીએ છીએ. તે લોઢાને ત્વરાથી આકર્ષે છે અને લોઢું ચુંબકને બરાબર ચીટકી જાય છે, આ લોહચુંબકની આગવી ખાસિયત છે. આ આકર્ષણનો વ્યાપ એક અદૃશ્ય ચુંબકીય ક્ષેત્રને આધારે હોય છે. લોહચુંબકનું આવું ચુંબકીય ક્ષેત્ર વૈજ્ઞાનિકોએ અનેક પ્રયોગો કરી સાબિત કરી બતાવ્યું છે. એટલું જ નહિ પણ, તેઓએ પ્રયોગો કરી એ પણ તારણ કાઢયું છે કે, જેમ જેમ લોહચુંબકની શક્તિ વધતી જાય છે, તેમ તેમ તેનું ચુંબકીય ક્ષેત્ર (magnetic field) વિશેષ વિશાળ, વિશેષ શક્તિશાળી તથા વિશેષ સત્તાવાળું થતું જાય છે. આ જ નિયમથી શ્રી પૂર્ણ પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનમાં શ્રી અરિહંતપ્રભુનું સ્થાન તેના મધ્યભાગમાં આવેલું છે. આ નિત્યસ્થાન અર્ધગોળાકાર (semicircle) રૂપે છે. તેનાં બંને છેડાને અડતું તથા થોડું વિશાળ ગણધરજીનું સ્થાન અરિહંતના સ્થાનની નીચેના ભાગમાં આવેલું છે. એ જ રીતે ગણધરજીનાં સ્થાનને અડીને અને અરિહંતના ભાગની ઉપર આચાર્યજીનું સ્થાન છે. આચાર્યનાં સ્થાનને સ્પર્શતું છતાં ગણધરના ભાગના ઉપરના ગોળાર્ધમાં ઉપાધ્યાયજીનું સ્થાન રહેલું છે. તેને સ્પર્શીને આચાર્યજીના ભાગની લગોલગ સાધુસાધ્વીજીનું સ્થાન અર્ધ ગોળાકારરૂપે રહેલું છે. આમ પાંચે પરમેષ્ટિનાં સ્થાન એકબીજાની વિરુદ્ધ દિશામાં રહેલાં જણાય છે, એટલે કે મધ્યમાં અરિહંત તેના ઉપર આચાર્ય અને તેના ઉપર સાધુસાધ્વીનાં સ્થાન આવેલાં છે, અને અરિહંતની નીચેના ભાગમાં ગણધર તથા ઉપાધ્યાયજીનાં સ્થાન આવેલાં છે.

શ્રી પૂર્ણપંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનની આકૃતિ લગભગ નીચે દોરી છે તેવી જણાય છેઃ–

## શ્રી પૂર્ણપંચપરમેષ્ટિનું નિત્યસ્થાન




ઉપરની આકૃતિ જોતાં ખ્યાલ આવે છે કે શ્રી ઈષ્ટ પ્રભુની સંખ્યાના આધારે તેમનાં ક્ષેત્રનું કદ રચાયું છે. આ ક્ષેત્રમાં શ્રી અરિહંત પ્રભુની ગુરુતા કે ચુંબકીય શક્તિ સહુથી વિશેષ હોવાનાં કારણે તેમના સ્થાનનું કદ સહુથી નાનું હોવા છતાં તેમનું

ચુંબકીય ક્ષેત્ર સહુથી વિશાળ હોય છે. બહારની જે તૂટક લીંટી (dotted line) છે તે શ્રી અરિહંતપ્રભુનું ચુંબકીય ક્ષેત્ર બતાવે છે. અરિહંતપ્રભુના સ્થાનને સ્પર્શેલા અન્ય સ્થાનોમાંથી તે પસાર થઈ તેની છેવટની અવધિ સુધી તે વિસ્તરે છે. તે પછી આવે છે શ્રી ગણધરજીનું ચુંબકીય ક્ષેત્ર (magnetic field). તેનો વિસ્તાર શ્રી અરિહંત પ્રભુ કરતાં ઓછો હોય છે, તેમનાં પોતાનાં ક્ષેત્રથી સાધુસાધ્વીનાં ક્ષેત્ર સુધીનો તેમનાં ચુંબકીય ક્ષેત્રનો વિસ્તાર હોય છે; કેમકે તેમની ચુંબકીય શક્તિ શ્રી અરિહંત પ્રભુ કરતાં ઓછી હોય છે, તે પછી આચાર્ય, ઉપાધ્યાય અને સાધુસાધ્વીનાં ચુંબકીય ક્ષેત્ર રહેલાં છે. તેઓની ચુંબકીય શક્તિ ક્રમથી ઉતરતી કક્ષાની હોય છે. એટલે તેમનાં ચુંબકીય ક્ષેત્રનો વિસ્તાર પણ ક્રમથી ઘટતો જાય છે – ઓછો થતો જાય છે. આચાર્યનું ચુંબકીય ક્ષેત્ર સાધુસાધ્વીનાં ક્ષેત્રની બહારની મર્યાદા સુધી પહોંચતું નથી, પણ તેનાથી થોડા અંદરના ભાગ સુધી વિસ્તરે છે. ઉપાધ્યાયજીનું ચુંબકીય ક્ષેત્ર તેમનાં પોતાનાં ક્ષેત્ર કરતાં થોડા વધારેના ભાગ સુધી વિસ્તરે છે, અને સાધુસાધ્વીનું ચુંબકીય ક્ષેત્ર પોતાના ક્ષેત્રની મર્યાદા સુધી જ રહે છે.

અહીં આપણને વિચાર આવી જાય કે સિદ્ધપ્રભુના અર્ધગોળાકારને આમાં કેમ સ્થાન નથી? એ માટે શ્રીપ્રભુ આપણને કૃપા કરી સમજાવે છે કે આ આખું સ્થાન સિદ્ધસ્વરૂપ પૂર્ણ પંચરમેષ્ટિનું સ્થાન છે. તેથી આ સર્વ પર્યાયોમાં શ્રી સિદ્ધપ્રભુ સમાયેલા જ છે. શ્રી પૂર્ણ પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનમાં પૂર્ણ થયેલા પરમેષ્ટિનાં પરમાણુઓ સતત પૂરાતાં જ રહે છે, એટલે કે ગણધર કેવળી, આચાર્ય કેવળી, ઉપાધ્યાય કેવળી તથા સાધુસાધ્વી કેવળીથી સર્જાતા પરમાણુઓ શ્રી તીર્થંકર પ્રભુના પરમાણુઓ સાથે નિત્યસ્થાનમાં જમા થતા રહે છે. સામાન્ય રીતે છદ્મસ્થ દશામાં જે આત્મા પંચપરમેષ્ટિ પદમાં સ્થાન પામ્યા ન હોય તે કેવળીપ્રભુથી સર્જાતા પરમાણુઓ આ સ્થાનમાં ઉમેરાતા નથી. આનો અર્થ એ થયો કે પરમેષ્ટિ પદમાં એક કરતાં વધારે પદમાં સ્થાન પામનાર પ્રભુ સર્જિત પરમાણુઓ જ પૂર્ણ પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનમાં જાય છે. તેમ છતાં, સામાન્ય કેવળીપ્રભુનો આત્મા જ્યારે સિદ્ધ થાય છે ત્યારે આ સ્થાનમાંથી પસાર થાય છે, અને તેનો અમૂલ્ય લાભ મેળવે છે. આ બાબતો પર વિચાર કરવાથી સમજાશે

કે શા માટે પૂર્ણ પંચપરમેષ્ટિના નિત્યસ્થાનમાં સિદ્ધપ્રભુના અર્ધગોળાકારનું સ્થાન નિર્માયું નથી.

આ સ્થાનની રચનાને કાયમી કરવામાં શ્રી પંચપરમેષ્ટિ પ્રભુ કેવી રીતે અને ક્યારે તેમાં પોતાનો આજ્ઞારસ પૂરે છે, તથા એ રસનો જીવો ક્યારે અને કેવી રીતે ઉપયોગ કરે છે તે આપણે હવે શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની કૃપાથી તથા આજ્ઞાથી જાણવાનું છે, સમજવાનું છે.

"અહો પ્રભુજી! આપના જણાવ્યા પ્રમાણે આ સંસાર એકાંતે સદાકાળ માટે દુઃખમય જ છે તેની અનુભૂતિ અમને આવતી જાય છે. સંસાર અનાદિ અનંત છે અને તેનાં કારણે દુઃખ પણ અનાદિ અનંત જ છે. વળી, આ સંસાર લોકમાં સમાવિષ્ટ (સમાયેલો) છે. તેની સાથે સાથે, આપે અમને એ પણ સમજાવ્યું છે કે આ સંસારમાં ધર્મ પણ સનાતન છે, અને ધર્મ સનાતનપણે સુખરૂપ જ છે. પ્રભુ! લોકમાં આ કેવી વિચિત્રતા સર્જાય છે કે એકાંતે દુઃખરૂપ સંસારમાં જન્મેલો ધર્મ એકાંતે સુખરૂપ બની, સર્વકાળ માટે આ સંસારમાં જીવંત રહે છે! આવી અતિ અટપટી પરિસ્થિતિ સર્જાવા માટેનું સમાધાન પણ અમને આપની પાસેથી જ મળે છે."

"આ ધર્મરૂપી અતિંદ્રિય કલ્પવૃક્ષનાં જનક, પોષક અને પાલક શ્રી પંચપરમેષ્ટિ પ્રભુ જ છે. જેઓ આ જ દુઃખમય સંસારમાં વસી, દુઃખીત જીવો પ્રતિ સનાતન, સુખમય, આનંદમય અને શાતાકારી ધર્મની રચના કરી તેનો ફેલાવો કરતા રહે છે. તેઓ જીવોને ઉત્તમ ધર્મનો બોધ પ્રેમાળ ભાષાથી આપી, ધર્મ કરવા પ્રતિ આકર્ષી દોરી જાય છે. અને તેઓ સતત એવી ભાવના ભાવતા રહે છે કે, 'સર્વ જીવ શાસનરસિ થતા જાય; અને મોક્ષમાર્ગમાં સતત આગળ વધતા જાય.' પ્રભુજી! શ્રી પંચપરમેષ્ટિ ભગવંતના આ મહામહા ઉપકારને અમારા આનંદભર્યા, આશ્ચર્યસભર તથા પરમ પરાભક્તિયુક્ત નમસ્કાર હો, નમસ્કાર હો. હે પ્રભુ! આવા પંચપરમેષ્ટિ પ્રભુનાં સત્તા, ભાવના તથા કાર્ય સદાકાળ

જયવંત રહો! સર્વ જીવો એમની આજ્ઞાની સુખભરિત સમાધિમાં સદાકાળ માટે ચડતા ક્રમથી સ્થિર થતા જાઓ. એ જ અમારી પ્રાર્થના છે. હે ભગવંત! શ્રી પંચપરમેષ્ટિ પ્રભુના ૐકારના ૐમાં જ અમને ૐરૂપ બનાવો."

આ ભાવનાનું આત્મામાં બળ વધતાં અમને સમજણ પ્રાપ્ત થાય છે કે શ્રી પૂર્ણ પંચપરમેષ્ટિ પ્રભુનાં નિત્યસ્થાનમાં એક અરૂપી, સતત ૐની અતૂટ ધારા વહે છે. એ ધારા તેમનાં નિત્યસ્થાનને નિત્યપણું પમાડી, તેમાંથી એક અવિરત ૐની પંચપરમેષ્ટિની પરિપૂર્ણ ધારા, જે અલૌકિક છે, તેને વહાવે છે. આ ૐની ધારામાં એક અતિગુપ્ત તથા અટપટો આજ્ઞારસ વહે છે. આપણે આ પૂર્વે જાણ્યું છે કે પ્રભુના આજ્ઞારસમાં કલ્યાણનાં પરમાણુઓ આજ્ઞારસની માત્રાથી વધતા ઓછા ક્રમમાં છલકાતાં રહે છે, અહીં શ્રીપ્રભુ તેના વિશે આપણને સમજાવે છે કે,

"હે વત્સ! કલ્યાણનો ધ્રુવકાંટો આજ્ઞારસ કે કલ્યાણભાવ પ્રેરિત પરમાણુઓ બનાવવા કરતાં કલ્યાણ તથા આજ્ઞાનું આત્મામાં થતું વેદન છે. આ વેદન જ્યારે અતિ સ્થૂળ હોય છે ત્યારે તે પરમાણુનું રૂપ ધારણ કરે છે. પરંતુ જ્યારે તેમાં સૂક્ષ્મતા આવે છે ત્યારે એ સઘન પરમાણુઓ પ્રવાહી આજ્ઞારસનું રૂપ ધારણ કરે છે. અને જ્યારે એ જ વેદન અતિસૂક્ષ્મપણામાં જાય છે ત્યારે એ પ્રવાહી આજ્ઞારસ વાયુરૂપ બની આત્મવેદનમાં કલ્યાણનો અરૂપી આકાર ધારણ કરે છે. આ કલ્યાણભાવમાં વેદનના સર્વગુણો છલોછલ સમાયેલા હોય છે. તે કારણથી કલ્યાણનાં અરૂપી આજ્ઞાવેદનમાં અગુરુલઘુ ગુણ સાથે શુદ્ધિ, બુદ્ધપણું, સ્વયંજ્યોતિરૂપ, જ્યોતધ્વનિ અને ૐરૂપ ગુંજનધ્વનિની ઉત્કૃષ્ટ શાંતિ તથા સુખસમાધિ પ્રવર્તે છે. આવા અરૂપી, અલૌકિક કલ્યાણરસને શ્રીપ્રભુ 'સિદ્ધ કલ્યાણ આજ્ઞાવેદન' તરીકે ઓળખાવે છે. આ સિદ્ધ કલ્યાણ આજ્ઞાવેદનમાં શ્રી સિદ્ધભગવાનની સ્થિતિની જેમ પરમાણુઓ નથી, પરંતુ શુદ્ધ ચેતનના સર્વ ગુણોના ઉત્કૃષ્ટ અનુભવનો રણકાર તેમાં વેદાય છે. આ લોકમાં સર્વ સિદ્ધાત્માની અપેક્ષાએ સિદ્ધભૂમિમાં સિદ્ધ ભગવાન જે અનાદિ અનંત છે, તેમ જ સિદ્ધ કલ્યાણ આજ્ઞારસ પણ અનાદિ અનંત છે. આ રસમાં સિદ્ધ થતા શ્રી અરિહંત સિદ્ધ,

શ્રી ગણધર સિદ્ધ, આચાર્ય સિદ્ધ, ઉપાધ્યાય સિદ્ધ, સાધુસાધ્વી સિદ્ધ તથા અન્ય સર્વ સિદ્ધ થતા આત્માઓનું અરૂપી કલ્યાણ આજ્ઞાવેદન સમાયેલું છે."

આ સ્થળે અમારા મનમાં એક જિજ્ઞાસા ઉદ્ભવે છે, તે અમે શ્રીપ્રભુની પરવાનગી લઈ તેમને પૂછીએ છીએ. "શ્રી અરિહંત પ્રભુ, ગણધર પ્રભુ, આચાર્યજી, ઉપાધ્યાયજી અને સર્વ સાધુસાધ્વીજીઓ પંચપરમેષ્ટિ સ્વરૂપે આ સ્થાનમાં સમાય છે તે તો સમજાય તેવી બાબત છે; કેમકે તેઓએ છદ્મસ્થ દશામાં પણ 'સર્વ જીવ કરું શાસનરસિ'ના ભાવ વધતા ઓછા પ્રમાણમાં ઘૂંટયા હોય છે. પરંતુ જેઓ છદ્મસ્થ દશામાં પંચપરમેષ્ટિપદ પામ્યા નથી તેવા સર્વ સામાન્ય કેવળી પ્રભુનો સમાવેશ આ સ્થાનમાં ક્યા ઉદ્દેશથી કરવામાં આવ્યો છે તે અમને સમજાતું નથી, કેમકે તેઓએ છદ્મસ્થ દશામાં જીવ સમસ્ત માટે નહિ, પણ ખંડ માટે કલ્યાણભાવ વેદ્યો હોય છે. તો હે પ્રભુજી! અમારી આ જિજ્ઞાસા સંતોષવા કૃપા કરો."

શ્રીપ્રભુ એમના અરૂપી પૂર્ણ ૐનાદથી નીપજતી સમાધિરૂપ શાંતિનાં વેદનથી ઉત્તર આપે છે કે, "સિદ્ધ થતા સર્વ કેવળી ભગવાન સિદ્ધભૂમિમાં પહોંચવાની અંતિમ યાત્રામાં આ પૂર્ણ પંચપરમેષ્ટિનાં નિત્ય સ્થાનમાંથી પસાર થાય છે. આ સ્થળમાં સર્વ આત્માઓ 'સર્વ જીવ કરું શાસનરસિ'ના ભાવનું વેદન કરી, પોતાનાં સિદ્ધભૂમિમાં પ્રવેશ કરવાનાં અંતિમ અંતરાયને ક્ષય કરવાનું વીર્ય ગ્રહણ કરે છે, જેનાં પરિણામે એ આત્મા સિદ્ધભૂમિનાં સર્વ આત્માઓ, જેમાં પરમેષ્ટિ આત્માઓ પણ છે, તેમની સાથે એક જ કક્ષાએ ઘનસ્વરૂપે સ્થિર થવાનું સદ્ભાગ્ય ગ્રહણ કરે છે. આ ઋણની ચૂકવણી અર્થે એ આત્મા પોતાનાં 'સર્વ જીવ કરું શાસનરસિ'નાં વેદનનો ઉપયોગ સહુ પરમેષ્ટિએ પોતપોતાની કક્ષાએ કેવી રીતે કર્યો હતો તેનું નિરીક્ષણ કરવામાં કરે છે. અને શ્રી અરિહંત પ્રભુથી શરૂ કરી સાધુસાધ્વીજીનાં ચુંબકીય ક્ષેત્રમાંથી પસાર થઈ, પોતાના ભાવોનું ગાળણ (filter) કરી તેને સાધુસાધ્વીનાં ક્ષેત્રમાં સ્થિર કરે છે. આ કારણથી શ્રીપ્રભુએ નવકાર મંત્રમાં 'નમો લોએ સવ્વસાહૂણં' પદ રચ્યું છે. એ દ્વારા આ નિયમને એમાં ગુપ્ત રીતે સમાવી સિદ્ધ થતા સામાન્ય કેવળી ભગવાનનો જગત પરનો ઉપકાર વર્ણવ્યો છે."

આ સિદ્ધ કલ્યાણ આજ્ઞાવેદનનો ઉપયોગ ક્યાં અને કેવી રીતે થાય છે તેની જાણકારી શ્રી પ્રભુ પાસેથી મેળવી, તેને શબ્દદેહ આપી અહીં અમે તમ પ્રતિ રજૂ કરીએ છીએ.

'સર્વ જીવ કરું શાસનરસિ'નું હાર્દ વિચારીએ તો સમજાય છે કે એમાં સર્વ જીવોને અર્થાત્ તમામે તમામ જીવોને સનાતન તથા મંગલમય ધર્મનાં તાબામાં (શાસનમાં) ઓતપ્રોત કરવાના (રસિ કરવાના) ભાવ રહેલા છે. આ ભાવનાનો સ્થૂળ અર્થ વિચારીએ તો તેમાં સર્વ છદ્મસ્થ જીવોને શાસનરસિ કરવાની ઇચ્છા રહેલી છે. પરંતુ આ વચનને સૂક્ષ્મતાએ તથા વિસ્તારથી વિચારતાં સમજાય છે કે તે ભાવના 'આત્મદ્રવ્ય' માટે છે, જેમાં સર્વ સિદ્ધ આત્માઓનો સમાવેશ પણ થયેલો છે. સિદ્ધાત્મા સાદિ અનંતકાળ માટે અડોલ તથા અકંપ રહે છે, એ સ્થિતિમાં પણ તેઓ જડતા પામતા નથી. તેઓ પોતાના ચેતનગુણમાં એટલા બધા ગળાડૂબ હોય છે કે તેમની બાહ્યની જડ જેવી અડોલ, અકંપ સ્થિતિમાં પણ તેઓ પોતાનાં ચેતનત્વનો અવિરત, સહજતાએ અનુભવ કરતા રહે છે. આ સ્થિતિમાં પોતાના ચેતનભાવને સતેજ તથા જીવંત રાખવાનો ભાવ એ 'સર્વ જીવ કરું શાસનરસિ'નું હાર્દ છે. શ્રી સિદ્ધભગવાન પોતાનાં કેવળજ્ઞાન તથા કેવળદર્શનની સહાયથી જાણે છે કે સર્વ જીવાત્મા પોતપોતાનાં કર્મ અનુસાર દુ:ખમાં જ સબડે છે; તેઓ એક પછી એક અથવા તો એકસાથે એકથી વધારે દુ:ખો ભોગવતા જ રહે છે. અને સાચું શાશ્વત સુખ તો માત્ર ધર્મશાસનમાં જ રહેવામાં છે; અર્થાત્ ધર્મની યથાર્થ આજ્ઞા પાળવામાં જ ઉત્તમ સુખ અનુભવી શકાય છે. આ ભાવને જગતમાં રખડતા જીવો સુધી પહોંચાડવા માટે તેઓ પોતાના સ્વપુરુષાર્થને એટલાં સુખશાંતિમાં પરિણમાવે છે કે એ સર્વ જીવ માટે આદર્શરૂપ બની શ્રી અરિહંત પ્રભુની દેશના દ્વારા જગતમાં પ્રકાશિત થાય છે. આમ શ્રી સિદ્ધ ભગવાન સ્વકલ્યાણની સર્વ પર્યાયોમાં પરકલ્યાણને સમાવે છે, અને પરકલ્યાણની સર્વ અપેક્ષાએ સ્વકલ્યાણને બિરદાવે છે. આ રીતે તેઓ સ્વપર કલ્યાણ કરનારનું ઉત્કૃષ્ટ ઉદાહરણ બની જગતપિતા એવા શ્રી અરિહંત ભગવાન માટે પણ પૂજનીય થાય છે.

"પ્રભુજી! તમારા આ અદ્‌ભુત તથા ગુપ્ત રહસ્ય વિસ્ફોટમાં અમને અજબ ધન્યતા અનુભવાય છે. એ માટે ઉત્તોમત્તમ અહોભાવ વેદતાં વેદતાં અમને એક જિજ્ઞાસા ઉત્પન્ન થઈ છે. આ જગતમાં સામાન્ય રીતે સમાન વચ્ચે આકર્ષણ જોવા મળે છે, અને અસમાન કે વિરોધીઓ વચ્ચે અપાકર્ષણ સ્ફૂટ થતું રહે છે. તો સર્વ સિદ્ધાત્મા આ નિયમને સાર્થક રાખવા શ્રી અરિહંત ભગવાન સાથે કેવી રીતે અનુસંધાન કરે છે કે જેથી છદ્મસ્થ દશામાં કે પૂર્ણ દશામાં, પાંચ પદ કે છ પદને સ્પર્શેલા અરિહંત પ્રભુ તેમજ ગણધર પ્રભુ કરતાં ઊતરતી કક્ષાએ હોવા છતાં, અને કેટલાય અન્ય આત્માઓની દશા કરતાં ઉચ્ચ કક્ષાએ હોવા છતાં તેઓ વચ્ચેનો તફાવત જળવાઈ રહે છે; એટલું જ નહિ પણ શ્રી અરિહંત ભગવાનનો વિનય પણ શ્રી સિદ્ધ ભગવાન જાળવી રાખે છે! સિદ્ધભૂમિમાં એવી તે કેવી પ્રક્રિયા થાય છે કે જેના કારણે આમ બનવું શક્ય થાય છે?"

શ્રીપ્રભુ એમનાં અપૂર્વ અંતર ૐ નાદના અમૃત ગુંજન દ્વારા અરૂપી શ્રુત, શ્રદ્ધા તથા શ્રમના માધ્યમથી ચેતનમય સિદ્ધાંતને ચેતનમય અરૂપી વાણી દ્વારા આ દાસ પર વરસાવે છે. એ અનુભવરૂપ અરૂપી વાણીને ઝીલ્યા પછી શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની પરમ આજ્ઞાથી એ અદ્‌ભુત અનુભવની વાણીને શબ્દદેહ આપીએ છીએ.

"શ્રી સિદ્ધભૂમિનું સ્વરૂપ આપણે સર્વ જાણીએ છીએ તે પ્રમાણે મધ્યના ભાગમાં આઠ જોજન જેટલું જાડું છે, અને અંતના અર્થાત્ છેડાના ભાગમાં માખીની પાંખ થકી પણ અધિક પાતળું છે. આ ભૂમિ પીસ્તાલીસ લાખ જોજન લાંબી તથા પહોળી છે. આ ભૂમિના મધ્યભાગમાં મુખ્યતાએ છદ્મસ્થ દશામાં છ પદને સ્પર્શેલા અરિહંત પ્રભુ તથા અપવાદરૂપ ગણધરસિદ્ધ રહે છે. તેમને ફરતા છદ્મસ્થ દશામાં પાંચ પદને સ્પર્શેલા અરિહંતપ્રભુ તથા અપવાદરૂપ ગણધર સિદ્ધ રહે છે. તેમના ફરતા ચાર પદને સ્પર્શેલા અરિહંત તથા ગણધર, તેમને ફરતા ત્રણ પદને સ્પર્શેલા અરિહંત તથા ગણધર, તેમના ફરતા બે પદને સ્પર્શેલા અરિહંત તથા ગણધર રહે છે. તે પછી એક પદને સ્પર્શેલા અરિહંત અને તે પછી એક પદને સ્પર્શેલા ગણધર સિદ્ધ આવે છે. તેમની પછીતમાં છદ્મસ્થ દશામાં ત્રણ

પદને સ્પર્શેલા આચાર્ય સિદ્ધ, તેમને ફરતા બે પદને સ્પર્શેલા આચાર્ય સિદ્ધ, તેને ફરતા એક પદને સ્પર્શેલા આચાર્ય સિદ્ધ બિરાજે છે. તેમના પછી છદ્મસ્થ દશામાં બે પદને સ્પર્શેલા ઉપાધ્યાય સિદ્ધ અને તેમની બાજુમાં એક પદને સ્પર્શેલા ઉપાધ્યાય સિદ્ધ સ્થાન પામે છે. તેમના પડછામાં સાધુસાધ્વી સિદ્ધ આસન પામે છે. આવો પંચપરમેષ્ટિ સિદ્ધનો વિભાગ પૂરો થયા પછી સર્વ સામાન્ય કેવળી, તેમની 'સર્વ જીવ કરું શાસનરસિ'ની ભાવનાની ઉત્કૃષ્ટતા નિકૃષ્ટતા પ્રમાણે ગોઠવાય છે. સિદ્ધભૂમિના અંતભાગમાં નપુંસકવેદે સિદ્ધ થતા આત્માઓ માટેનું સ્થાન ગોઠવાયું છે."

"આ સર્વ આત્માઓ એકબીજા સાથે આજ્ઞાની કેડી દ્વારા ઘનસ્વરૂપે જોડાયેલા રહે છે. જેમનો સ્વપર કલ્યાણનો ભાવ છદ્મસ્થ દશામાં અતિ નબળો હોય છે તેઓ સિદ્ધભૂમિના છેવાડાના ભાગમાં સ્થાન પામે છે, અને જેમનો છદ્મસ્થ દશાનો સ્વપર કલ્યાણનો ભાવ ચડતો જાય છે, ઉત્કૃષ્ટ થતો જાય છે તેમનો આત્મા સિદ્ધભૂમિના મધ્યભાગ તરફ આગળ વધી સ્થાન પામતા જાય છે. છદ્મસ્થ દશામાં સહુથી ઉત્કૃષ્ટ ભાવ સેવનાર આત્માઓ સહુની મધ્યમાં બિરાજે છે."

આ પ્રક્રિયા કેવી રીતે થાય છે તેની સમજણ હવે આપણે મેળવીએ. સિદ્ધ થતા પ્રત્યેક આત્મા ચૌદમા ગુણસ્થાને કોઈક અરિહંત ભગવાન અથવા તો છપદને સ્પર્શેલા ગણધર કેવળીની આજ્ઞા લઈને સિદ્ધ થાય છે. તે સિદ્ધ થતા આત્મા જેમની આજ્ઞા લીધી હોય તેવા અરિહંત કે છપદ સ્પર્શી ગણધર કેવળીના કેવળીગમ્ય પ્રદેશોનો સાથ લેવા તેમને સાથે લે છે, આ કેવળીગમ્ય પ્રદેશો સાથે સિદ્ધ થતા આત્મા પૂર્ણ પંચપરમેષ્ટિનાં સ્થાનમાંથી પસાર થાય છે. પસાર થતી વખતે તેઓ પહેલાં જણાવ્યું તે પ્રમાણે સિદ્ધ કલ્યાણ આજ્ઞાવેદનનો અનુભવ કરી, સિદ્ધભૂમિમાં પ્રવેશવાનાં અંતરાયનો ક્ષય કરવાનાં વીર્યને ગ્રહણ કરી, સિદ્ધભૂમિમાં પ્રવેશે છે. આ પ્રવેશ પામવા સુધી અરિહંત પ્રભુના કે છપદ સ્પર્શી ગણધર કેવળીના કેવળીગમ્ય પ્રદેશો એ સિદ્ધ થતા આત્માના કેવળીગમ્ય પ્રદેશો સાથે ઘટ્ટબંધન સહિત રહે છે. સિદ્ધ થતી વખતે તે આત્માના કેવળીગમ્ય પ્રદેશો એમના સહુથી નીચેના ભાગમાં રહે છે, અને અરિહંત

કે છપદ સ્પર્શી ગણધર કેવળીના કેવળીગમ્ય પ્રદેશો સહુથી ઉપરના ભાગમાં રહે છે, જેથી તેઓ બંને વચ્ચે ઘટ્ટબંધન સંભવિત થાય છે. સિદ્ધભૂમિમાં એ આત્મા જે સ્થાને સ્થિર થઈ ઘનસ્વરૂપ બને છે તે સ્થાને અન્ય સિદ્ધાત્માઓ પોતાનું સ્વપરકલ્યાણનું આજ્ઞાવેદન સિદ્ધભૂમિના મધ્ય ભાગમાં અર્થાત્ છપદને સ્પર્શેલા અરિહંતસિદ્ધ અને ગણધરસિદ્ધ પાસે એકત્રિત કરી આ આત્માને ઘનસ્વરૂપનાં માધ્યમથી પસાર કરે છે. નૂતન પ્રવેશેલો આત્મા એને ગ્રહણ કરી, એ આજ્ઞારસને સાથે આવેલા અરિહંત અગર છપદ સ્પર્શી ગણધર કેવળીના કેવળીગમ્ય પ્રદેશોને દાનરૂપે આપે છે. એ વખતે તે આત્મા અંતિમ અઘાતી અંતરાયનો ક્ષય કરી, લીધેલું જગતનું ઋણ ચૂકવે છે. તેની સાથે તે સહાયક અરિહંતનું કે ગણધરનું સિદ્ધ થવાનું ઋણ ચૂકવી સિદ્ધ સ્વરૂપ ધારણ કરે છે. પ્રભુના એ કેવળીગમ્ય પ્રદેશો એ અનુભવને ઝીલી, પૂર્ણ પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનને ભેટ આપે છે. તે વખતે એમને વળતામાં એ સ્થાન શ્રીપ્રભુને (અરિહંત કે છપદ સ્પર્શી ગણધર કેવળીને) વર્તમાન સમવાયને ઉત્તમતાએ તથા ઉત્કૃષ્ટતાએ "સર્વ જીવ કરું શાસનરસિ" ના ભાવમાં આરૂઢ કરવાનું સિદ્ધ કલ્યાણ આજ્ઞાવેદન આપી, એમને 'સર્વ જીવ કરું શાસનરસિ'ની ઉત્તમોત્તમ આજ્ઞા આપી, પોતાનાં જગત પ્રતિનાં ઋણથી મુક્ત થતું જાય છે. અરિહંત ભગવાન તથા શ્રી છપદ સ્પર્શી ગણધર કેવળી એ સિદ્ધ કલ્યાણ આજ્ઞાનુભવને પોતાની દેશના મારફત (દ્વારા) જગતમાં પ્રસારિત કરે છે, અને પોતે લીધેલાં ઋણથી મુક્ત થાય છે. તેની સાથે સાથે તેઓ 'સર્વ જીવ કરું શાસનરસિ'ના ભાવના જીવંત (સિદ્ધ ન થાય ત્યાં સુધીના) પ્રણેતા બને છે.

> "અહો પ્રભુજી! તમારી આ અમૃતવાણી અમારા આત્માના પ્રદેશે પ્રદેશના સર્વ ભાગમાં ચડતા ક્રમમાં પ્રસરતી જાય અને એ જ રીતે સર્વ આત્માના સર્વ પ્રદેશના સર્વ ભાગમાં વર્ધમાનતા સહિત બિરાજીત થાય એ ભાવ આપને સવિનય વંદન કરી વિદિત કરીએ છીએ. આપની અનુપમ કૃપાનું ફળ સહુને પ્રાપ્ત હો."

શ્રી અરિહંત ભગવાનની પૂર્ણ આજ્ઞાંકિત તથા પૂર્ણ કલ્યાણમય વાણી સાંભળી, શ્રી ગણધરજી, આચાર્યજી, ઉપાધ્યાયજી તથા સાધુસાધ્વીજી તેમાંથી બળવાન પ્રેરણા


તથા માર્ગદર્શન પામી, આજ્ઞામાર્ગ પ્રેરિત મહાસંવર માર્ગનાં કે કલ્યાણ પ્રેરિત મહાસંવર માર્ગનાં માધ્યમથી સર્વ જીવો માટે 'સર્વ જીવ કરું શાસનરસિ'નો ભાવ વેદે છે. આના થકી તેઓ સ્થૂળતાએ આજ્ઞામાર્ગ દ્વારા બોધદાન કરી જગતજીવોનું કલ્યાણ કરે છે; અને સૂક્ષ્મતાએ તેઓ ભાવ સમવાયના આધારે લોકનાં પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાન આદિમાં પોતાનાં કલ્યાણભાવને વહેતા મૂકે છે.

શ્રી પ્રભુની અસીમ અસીમ કૃપાથી આપણે શ્રી પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનની (લોક હૃદયના સ્થાન પાસે આવેલ નિત્યસ્થાનની) અને પૂર્ણ પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનની (લોકના મગજના ભાગ – પાસે નિશ્ચિત્ત થયેલા સ્થાનની) ઊંડી ઓળખ મેળવી, અને એ સ્થાનોમાં રહેલી તથા પરમેષ્ટિનાં હૃદયમાં રહેલી કલ્યાણની ભાવનાની ઉત્પત્તિ તથા ઉપયોગની સમજણ આપણે મેળવી. જે આત્મકલ્યાણ કરવા માટે ખૂબ પ્રેરક છે.

હવે આપણે આ વિષયના અંતિમ ભાગ 'મિથ્યાત્વનાં નિત્યસ્થાન'ની ઓળખ તથા સમજણ શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની કૃપાથી તથા આજ્ઞાથી મેળવીએ.

## ૩. મિથ્યાત્વનું નિત્યસ્થાન (લોકનું મૂત્રપિંડ – કિડનીનું સ્થાન)

મનુષ્યનાં શરીરમાંથી કચરો કાઢવાનું કામ કિડની કરે છે, તે એક બાજુથી શરીરનો કચરો દૂર કરે છે, અને બીજી બાજુથી તે કચરા દ્વારા શરીરમાં રહેલી ગંદકીનું પૃથક્કરણ મગજને આપે છે. આમ કરી તે મગજને હૃદય તથા કિડનીને યોગ્ય સૂચનાઓ દેવામાં સહાયક થાય છે, એ જ પ્રમાણે લોકનાં મિથ્યાત્વનાં નિત્યસ્થાન દ્વારા, પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાન તથા પૂર્ણ પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાન લોકનાં પાંચ સમવાય તથા તેમાંની અગત્યની જરૂરિયાતોની સમજણ લે છે. શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની કૃપાથી અને આજ્ઞાથી આ સ્થાન માટેની ઊંડાણભરી વિગતો આપણે મેળવીએ. આ સ્થાનની સવિગત ઉપયોગીતા પામવા માટે આપણે પહેલાં આ સ્થાનની આકૃતિની જાણકારી શ્રી પંચપરમેષ્ટિ પ્રભુ પાસેથી મેળવીએ.




મિથ્યાત્વનું નિત્યસ્થાન સાતમી તમતમપ્રભા નરકની નીચે અને નિત્ય નિગોદની ઉપર આવેલું છે. આ સ્થાન એક લાંબી કુંભી જેવું છે, જેમાં રાક્ષસી દાંત જેવા આંકા હોય છે. આ આંકાના સ્થાનને શ્રી પ્રભુ મિથ્યાત્વનાં નિત્યસ્થાન તરીકે ઓળખાવે છે. આ સ્થાનની નીચે એક ગોળાકાર નાડી જેવી કુંભી છે. જે નિત્યનિગોદ સાથે જોડાયેલી છે. આ રાક્ષસી દાંતનાં ઉપરના ભાગમાં છદ્મસ્થ પરમેષ્ટિનો કલ્યાણરસ જે ગણધરપ્રભુ પ્રેરિત છે, તે ત્યાં સમાય છે, અને તેના નીચેના ભાગમાં નિત્યનિગોદમાંથી બહાર નીકળતા જીવનાં પરમાણુઓ રહ્યાં હોય છે; જે મિથ્યાત્વ પ્રેરિત તથા અનંતાનુબંધી પ્રેરિત મિથ્યાત્વ, સ્વચ્છંદ, પ્રમાદ તથા કષાયનાં પરમાણુઓ હોય છે. આ પરમાણુઓની

નિર્જરા કરવાથી જીવ નિત્ય નિગોદને નિત્ય માટે સદાકાળ માટે ત્યાગી શકે છે. તેની સાથે સાથે તે કલ્યાણરસરૂપ ધર્મનાં સનાતનપણા તથા મંગલપણાનાં પરમાણુઓનો અનુભવ સ્પર્શ કરે છે.

આ આખા અનુભવ તથા કાર્યને યોગ્ય રીતે સમજવા માટે શ્રીપ્રભુ તથા શ્રીપંચપરમેષ્ટિ પ્રભુ આપણને બોધે છે કે પહેલાં આપણે મિથ્યાત્વનાં સ્થાનનું કાર્ય વ્યવસ્થિત રીતે ઓળખવું જોઈએ, તે પછી એનાં કાર્યની સિદ્ધિ માટેનાં અનિવાર્ય પદાર્થને સમજવા જોઈએ, અને છેવટમાં એ પદાર્થો આ કાર્યસિદ્ધિ કરવા માટેનું સામર્થ્ય કેવી રીતે મેળવે છે તેની જાણકારી લેવાથી આપણને આ સ્થાનની યથાયોગ્ય ઓળખ પ્રાપ્ત થશે. શ્રીપ્રભુ પ્રેરિત પંચપરમેષ્ટિ પ્રભુનાં કૃપા તથા માર્ગદર્શન મળવાથી હૈયામાંથી આભારનાં પુનિત અશ્રુ વહે છે અને ભાવના પ્રગટ થાય છે કે,

> "હે પ્રભુ! શ્રી પંચપરમેષ્ટિ પદનાં વીર્ય, કૃપા તથા બોધ સદાકાળ માટે જયવંત રહો! આ લોકમાં ધર્મનું મંગલપણું એવી અપૂર્વ રીતે પરિણમ્યા કરો કે એના આધારથી શ્રી પંચપરમેષ્ટિની આ મંગલમય પ્રવૃત્તિ સનાતનપણે થયા જ કરે. પ્રભુજી! આ અમારી ભાવના પૂર્ણ કરો, પૂર્ણ કરો. તમારી આ અદ્‌ભુત અને ઉત્તમ વાણી સદાય જયવંત રહો! જયવંત રહો! જયવંત રહો!"

શ્રી ૐ ૐ ૐ

મિથ્યાત્વનાં આ નિત્યસ્થાનમાં ઉપર જણાવ્યું તે પ્રમાણે નિત્યપણે મિથ્યાત્વનો ઉદય તથા રસ સતતપણે વહ્યા કરે છે. આ સ્થાનનો વિચાર કરતાં એક અપેક્ષાએ પ્રશ્ન થાય છે કે લોકમાં સતત મિથ્યાત્વરસથી સભર એવા આ સ્થાનમાં ધર્મનાં સનાતનપણાની તથા મંગલપણાની ભાવનાને વધારવાનો ઉદ્દેશ શો હોઈ શકે?

શ્રીપ્રભુ એમની અમૃતભરેલી પરમેષ્ટિ ૐ વાણી દ્વારા બોધામૃત પીરસી આપણને ઉત્તર આપે છે કે, "આ સંસારમાં એક એવી કહેવત છે કે 'જેવાને તેવાની સાથે ફાવે', અર્થાત્ સમાન વચ્ચે જ મૈત્રી સંભવે. આ ન્યાયે નિત્યનિગોદના જીવો, જેઓ સૂક્ષ્મ એકંદ્રિય છે, તેમને ધર્મનાં સનાતન તથા મંગલમય ભાવ પહોંચાડવા માટે

વિધાતારૂપ પંચપરમેષ્ટિ ભગવંત દ્વારા થયેલી આ એક ઉત્તમ છતાં ગુપ્ત ગોઠવણી છે. આ લોકનાં અન્ય બે નિત્યસ્થાનોનાં સ્વપરકલ્યાણના ઉત્કૃષ્ટ હેતુથી સર્જાયેલું આ સ્થળ છે. પરંતુ આ સ્થાનમાં શ્રી છદ્મસ્થ પરમેષ્ટિ પોતાની કલ્યાણ કરવાના રાગની અપેક્ષાએ મિથ્યાત્વભર્યો કલ્યાણરસ કર્તાભાવ સાથે શ્રી ગણધર પ્રભુનાં ઉત્તમ સ્વપર કલ્યાણભાવનાં માધ્યમ દ્વારા અને નિમિત્ત દ્વારા પહોંચાડે છે. જ્યારે શ્રી અરિહંત ભગવાન એમની અમૃતમય વાણી દેશનામાં શ્રી ગણધરપ્રભુનાં નિમિત્તે વહાવે છે ત્યારે એનો કલ્યાણમય મુખ્ય હિસ્સો પ્રશ્ન પૂછનાર શ્રી ગણધરપ્રભુ પાસે જાય છે. આ કલ્યાણભાવના જથ્થામાં સ્વપર કલ્યાણનાં અમૃતમય તથા સર્વોત્કૃષ્ટ પરમાણુઓ અને આજ્ઞારસ ભરેલાં હોય છે. એ પરમાણુઓ જ્યારે શ્રી ગણધરપ્રભુના આત્માને સ્પર્શે છે ત્યારે શ્રી ગણધરપ્રભુને પૂર્વસ્મૃતિરૂપ જાતિસ્મરણજ્ઞાન દ્વારા પોતાની કર્તાપણા સહિતની લોકકલ્યાણની ભાવનાની ખામી પ્રત્યે વૈરાગ્ય પ્રેરિત ઉદાસીનતા તથા વીતરાગતા અનુભવાય છે. તે સાથે તેમના આત્મા પર લોકકલ્યાણની ભાવનાનું દૃઢત્વ પણ થાય છે. તેથી પ્રભુની દેશના પૂરી થયા પછી પ્રશ્ન પૂછનાર ગણધર પ્રભુ, સામાન્ય રીતે તરતમાં છદ્મસ્થ જીવોને પહેલી દેશના આપે છે."

શ્રી ગણધરપ્રભુ દેશના આપતાં પહેલાં શ્રીપ્રભુનાં આ સ્વપરકલ્યાણનાં પરમાણુઓ તથા આજ્ઞારસના અનુભવથી ઉત્તમ રાગમય (એટલે કે 'હે જીવો! તમે આ દુઃખમય સંસારથી ત્વરિત ગતિએ છૂટો. લો, તમને મારા સર્વજ્ઞ ગુરુના ઉત્તમ પરમાણુઓની ભેટ આપું છું.' એ પ્રકારની) ભાવના કર્તાભાવ સહિતની લોકકલ્યાણની ભાવના વેદે છે. એ શુભ કર્તાપણાના ભાવને સાથ તથા શક્તિ આપવા માટે અન્ય છદ્મસ્થ પરમેષ્ટિનાં આ પ્રકારનાં પરમાણુઓ આકર્ષણ પામી, ખેંચાઈને ક્રમથી શ્રી ગણધરપ્રભુ પાસે પહોંચે છે. શ્રી ગણધરપ્રભુ એ સર્વ પરમાણુઓને પોતાના નિત્યનિગોદમાંથી નીકળતી વખતના રુચક પ્રદેશના આકારમાં ગોઠવે છે. અને પોતાના કેવળીગમ્ય પ્રદેશોમાં એનું સિંચન કરે છે. પછી એ કેવળીગમ્ય પ્રદેશો મિથ્યાત્વના નિત્યસ્થાનના ઉપરના ભાગ સુધી પર્યટન કરી, તે સ્થળે એ પરમાણુઓની પોતાના કલ્યાણમય કર્તાભાવના નિહારના જોરથી રાગસહિત વર્ષા કરે છે. આ પરમાણુઓમાં એટલું બધું સામર્થ્ય

(જોર) હોય છે કે માત્ર એકથી આઠ સમયની અંદરોદર એ પરમાણુઓ મિથ્યાત્વના નિત્યસ્થાનમાં પહોંચી જાય છે. અને ત્યાં રહેલાં મિથ્યાત્વનાં તથા અનંતાનુબંધી કષાયોના મહાકાય પરમાણુઓની ચોતરફ ગોઠવાઈ જાય છે.

એ પછી શ્રી ગણધરપ્રભુના આઠે કેવળીગમ્ય પ્રદેશો એમના અશુધ્ધ પ્રદેશોમાંથી કર્તાપણાના ભાવને ખેંચે છે. અને મિથ્યાત્વનાં સ્થાનમાં આ મિશ્રણને ઉત્તેજન આપે છે. આવા ઉત્તેજનથી મિશ્રણ વિસ્ફોટ પામે છે. પરિણામે એ મિથ્યાત્વનાં પરમાણુઓમાંથી મિથ્યાત્વનો રસ ઝરે છે, તથા કલ્યાણનાં પરમાણુઓમાંથી સનાતનપણાનો તથા મંગલપણાનો આજ્ઞારસ ઝરે છે. તેઓ બંને એકબીજામાં એકરૂપ થઈ જાય છે. આવો એકરૂપ થયેલો રસ સહજતાએ મિથ્યાત્વરસનાં જોરથી નીચે વહે છે, જેને નિત્યનિગોદનાં જીવો મિથ્યાત્વરસનાં આકર્ષણના કારણે ગ્રહણ કરે છે. આ રસ ગ્રહણ થવાથી, ગુપ્ત રીતે તે જીવો સુધી ધર્મનાં સનાતનપણાનો તથા મંગલપણાનો આજ્ઞારસ મિથ્યાત્વના ભેગ સાથે પહોંચે છે. તેનાં જોરથી એ જીવો પોતાના એકાંત મિથ્યાત્વરસને ધીમે ધીમે ત્યાગતાં શીખે છે, અને ક્રમથી તજતા જાય છે. આ તજવાપણાથી એમને કેવળી સમુદ્‌ઘાત કરતા કેવળી ભગવાનના આત્મપ્રદેશોનો સ્પર્શ મળે છે, અને તેની અસરથી તેઓને રુચકપ્રદેશ મેળવવા માટે તથા નિત્યનિગોદને કાયમ માટે તજવા માટેનાં પાત્રતા તથા યોગ તૈયાર થતા જાય છે. આ કાર્યથી શ્રી ગણધરાદિ અન્ય છદ્મસ્થ પરમેષ્ટિ પોતાનાં સ્વકલ્યાણ અર્થે પોતાની પૂર્વની કર્તાપણા સહિતની લોકકલ્યાણની ભાવનાને તજતા જાય છે. અને એ જ માધ્યમથી નિત્યનિગોદનાં જીવોને ધર્મનાં સનાતનપણાના તથા મંગલપણાના ભાવના દાન દ્વારા ઉત્તમ પરકલ્યાણનું કાર્ય પણ કરે છે. આ અતિ અતિ દુર્ગમ તથા કપરાં કાર્યને શ્રી અરિહંતપ્રભુ યોગ્ય વિનય તથા આભારથી સુશોભિત કરવા, એમની આખી દેશના આવા ઉત્તમોત્તમ સ્વપરકલ્યાણના ભાવથી સૃજિત ગણધરના પ્રશ્નનાં નિમિત્તે વહાવે છે. અને તેઓ "સર્વ જીવ કરું શાસનરસિ" નાં મૂળ હાર્દ તથા હેતુને અતિ અતિ ગૂઢ તથા ગુપ્ત રીતે લોકનાં સર્વ સ્થાનોમાં પ્રસરાવે છે. આમાં શ્રી ગણધર શ્રી પંચપરમેષ્ટિ ભગવાનના ધર્મનાં સનાતનપણાની તથા મંગલપણાની વિશ્રામણા કરવાના ભાવ આજ્ઞાધીનપણે

વેદે છે, તથા માણે છે. એમનું આ ઉત્તમ કાર્ય કરવાનું સર્વોચ્ચ ભાગ્ય પ્રખરતાથી ઘડાતું જાય છે.

અહો! શ્રીપ્રભુ! શ્રી પંચપરમેષ્ટિ ભગવંત! તમારા આ અવર્ણનીય તથા સર્વોત્તમ સ્વપરકલ્યાણનો આજ્ઞાધીન માર્ગ વિશેષ વિશેષ ઇચ્છનીય તથા પ્રશંસનીય છે. આ માર્ગની સ્પષ્ટતા અમારા આત્માના પ્રદેશે પ્રદેશનાં અણુએ અણુમાં અપૂર્વ રીતે પ્રસરતી જાય, વર્ધમાન થતી જાય એ જ અમારી આપનાં ચરણોમાં પ્રાર્થના છે. આપનાં પવિત્ર ચરણોનાં આશીર્વાદથી લોકનાં અપૂર્વ સ્વપરકલ્યાણનાં ત્રણે નિત્યસ્થાનોને અમે અમારા આત્મામાં સ્થાપિત કરી શકીએ, કરીએ એ જ અમારી સવિનય માગણી છે. તેની પ્રાપ્તિ કરી અમે 'જેણે આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું' એવા શ્રી પ્રભુનાં ઉત્તમ વચનની અનુભૂતિ, શુદ્ધિ તથા સિદ્ધિને સનાતનપણે પામી શકીશું, અવધારી શકીશું એવો દૃઢ વિશ્વાસ અમારા આત્મામાં પ્રવર્તે છે.

આપનાં ઉત્તમોત્તમ જ્ઞાન, દર્શન, ચારિત્રને અમારાં સવિનય કોટિ કોટિ વંદન હો, વંદન હો, વંદન હો.

ૐ શાંતિ! શાંતિ! શાંતિ

# પરિશિષ્ટ

## પારિભાષિક શબ્દોનો કોષ

**નોંધ** : આઠ કર્મ (જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય, અંતરાય, આયુષ્ય, નામ, ગોત્ર, વેદનીય), ચૌદ ગુણસ્થાન, પાંચ અસ્તિકાય(ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, જીવાસ્તિકાય) પંચપરમેષ્ટિ(અરિહંત, સિદ્ધ, ગણધર, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ-સાધ્વી), ચાર કષાય (ક્રોધ, માન, માયા, લોભ), નવ નોકષાય, પાંચ જ્ઞાન (મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળ) વગેરેની સમજણ કેવળી પ્રભુનો સાથ ભાગ-૧ તથા ૨ ના શબ્દકોષમાંથી લઈ લેવી.

**ૐનાદ** - ૐકારનો સ્વર અવિરતપણે આવવો.

**અગુરુલઘુ** - ગુરુ એટલે ભારે અને લઘુ એટલે હલકું. અગુરુલઘુ એટલે ભારે પણ નહિ, હલકું પણ નહિ તેવું. આત્મા પૂર્ણ શુદ્ધ થાય છે ત્યારે અગુરુલઘુ ગુણ પ્રગટે છે.

**અધઃકરણ** - અધઃકરણમાં સત્તાગત અશુભ કર્મોની સ્થિતિ તથા રસ એક એક અંતર્મુહૂર્તથી ઘટતાં જાય છે, અને આત્મવિશુદ્ધિ સમયે સમયે વધતી જાય છે, તે સાથે પ્રશસ્ત પ્રકૃતિઓનો અનુભાગબંધ ઘટે છે.

અધર્મ - ધર્મ રહિત. જેનાથી જીવને નુકશાન થાય તેવી પ્રવૃત્તિ.

**અનિવૃત્તિકરણ** - કરણલબ્ધિ પ્રગટ થાય તેને અધઃકરણ અને અપૂર્વકરણ પછી અનિવૃત્તિકરણ આવે છે. તેમાં જીવની આત્મવિશુદ્ધિ સમયે સમયે અનંતગણી થાય છે. અને પ્રથમ સમયથી જ જીવને સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણિ, ગુણસંક્રમણ અને અપૂર્વસ્થિતિબંધ સમકાળે પ્રવર્તે છે, જે આ કરણના ચરમ સમય સુધી રહે છે.

**અનુકંપા** - સહુ જીવો કલ્યાણ પામી દુઃખથી મુક્ત થાય એવી ભાવના જાગવી તે અનુકંપા કે દયા.

**અપૂર્વકરણ** - જે કરણમાં પહેલાં અને પાછલાં સમયોના પરિણામ સમાન ન હોય, અપૂર્વ જ હોય, તે અપૂર્વકરણ છે. તે કરણમાં પરિણામ જેવા પ્રથમ સમયમાં હોય તેવા પરિણામ દ્વિતીયાદિ સમયમાં કોઈ પણ જીવને ન હોય, તે પરિણામ વધતાં જ હોય.

**અભયદાન** - જીવ જ્યારે પોતાના કલ્યાણભાવના પરિણામે અન્ય જીવની પ્રત્યે એવો મૈત્રીભાવ વેદે કે જેના પરિણામે સામો જીવ તેનાથી ભય ન પામે. જીવ એવાં

પરમાણુઓ છોડે કે જેને ગ્રહણ કરનારમાં કલ્યાણ પામવાની શક્તિ આવે.

**અભિગ્રહ** - અમુક પ્રકારે નિયમ લેવો. આમ ન થાય ત્યાં સુધી આમ કરવું કે આમ ન કરવું એવો નિર્ણય.

**અભેદદશા** - આત્મા સાથેનું જીવનું એકપણું.

**અમૃતસાગર** - અમૃત એટલે સુધારસ. સુધારસનો સમુદ્ર એ અમૃતસાગર. અમૃતનું પાન કરવાથી અમર થવાય છે. જીવ શુક્લધ્યાનમાં પાંત્રીસ મિનિટ સુધી પહોંચતા અમૃતસાગરની દશા પામે છે. તેનામાં બધાને પ્રેમ આપવાની શક્તિ વધે છે, જે જીવને આત્માર્થે આગળ વધવામાં મદદ કરે છે.

**અરિહંતસિદ્ધ** - અરિહંતપ્રભુની યોગથી જોડાયા ન હોય ત્યારની દશા, અથવા સિદ્ધભૂમિમાં અરિહંત આઠે કર્મનો ક્ષય કરી બિરાજે તે દશા.

**અરૂપીરૂપીધારા** - સ્થૂળ તથા સૂક્ષ્મ પરમાણુઓની બનેલી કલ્યાણધારા.

**અવગાહના ગુણ** - પોતામાં સમાવી લેવાનો ગુણ. ઉદા. આકાશ પોતામાં જીવ, પુદ્‌ગલ આદિને રહેવાની જગ્યા આપે છે તે અવગાહના ગુણ.

**અવરને ઠાર** - કલ્યાણ વિહાર તથા નિહાર દ્વારા અન્યને ઠારવાની ક્રિયા. પરને-બીજાને શાંત કરવાનું કાર્ય.

**અવસર્પિણી કાળ** - ઉતરતો કાળ. જે કાળમાં આયુષ્યાદિ તથા જીવનની સુવિધા ઉતરતા ક્રમમાં એટલે કે અશુભ થતી જાય, સુખની હાનિ અને દુ:ખની વૃદ્ધિ ઉત્તરોત્તર થતી જાય તે અવસર્પિણી કાળ ગણાય છે.

**અક્ષય સ્થિતિ** - જે સ્થિતિનો કદી નાશ થવાનો નથી તે સ્થિતિ. આત્મા સિદ્ધભૂમિમાં જાય છે ત્યારથી અશરીરી બની અનંતકાળ સુધી ત્યાં જ વસે છે, કદી પણ પરિભ્રમણ અર્થે નીચે ઊતરતો નથી એટલે કે તે પોતાની અક્ષય સ્થિતિને પામે છે.

**અજ્ઞાન** - જ્યાં સુધી જીવને સમ્યક્‌જ્ઞાનની પ્રાપ્તિ થઈ હોતી નથી ત્યાં સુધીનું તેનું સર્વજ્ઞાન અને તેની બધી જ સમજણ અજ્ઞાનરૂપ હોય છે, એટલે કે જૈન પરિભાષામાં અજ્ઞાન એટલે જ્ઞાનરહિત સ્થિતિ નહિ; પરંતુ અસમ્યક્ જ્ઞાન એવો અર્થ થાય છે.

**અંતર્વૃત્તિસ્પર્શ** - શ્રી તીર્થંકર પ્રભુનાં સાનિધ્યમાં પહેલી વખત એક સમય માટે જીવ દેહથી ભિન્નપણાનો અનુભવ કરે છે, એટલે કે એક સમય માટે તે જીવ મિથ્યાત્વના ઉદયને તથા બંધને ટાળે છે, તે એક સમયના સ્વાત્માના એકરૂપપણાના અનુભવને અંતર્વૃત્તિસ્પર્શ કહેવામાં આવે છે.

**અંતરંગ સ્થિતિ** - મનની અંદર ચાલતા ભાવાભાવની દશા.

**આવર્તન** - પરિભ્રમણનો સમય.

**આહાર, કલ્યાણ** - જીવના ભાવ અનુસાર થતો કલ્યાણનાં પરમાણુઓનો આશ્રવ છે. આ પરમાણુઓને ગ્રહણ કરવાનું મુખ્ય કાર્ય જીવના રુચક પ્રદેશોની આજ્ઞાનુસાર તેના કેવળીગમ્ય પ્રદેશો કરે છે.

**આસ્થા** - જે માર્ગે મોક્ષની પ્રાપ્તિ થાય તે માર્ગનું શ્રધ્ધાન થવું, તથા સત્પુરુષના આશ્રયે જ આ કાર્યસિદ્ધિ થઈ શકે તેમ છે તેવી શ્રદ્ધા થવી તે આસ્થા.

**આજ્ઞા** - આજ્ઞા એ મુખ્યત્વે જીવનાં પાંચ સમવાય, ઉદયગત કર્મ અને વર્તમાન શુદ્ધિ તથા સિદ્ધિને આધારે તેના ગુરુ અથવા પ્રભુએ આપેલી શીખામણ છે જેનાં પાલનથી આત્મા પ્રગતિ કરી શકે છે.

**આજ્ઞાકવચ** - સદ્‌ગુરુ, સત્પુરુષ કે પંચપરમેષ્ટિ ભગવાન પ્રત્યે આજ્ઞાધીનપણાનાં ભાવ વેદવાથી તેમનાં કલ્યાણનાં પરમાણુઓનાં સ્કંધને જીવ ગ્રહણ કરે છે. તે સ્કંધો ગ્રહણ કરવાથી મળતું બખ્તરસમાન રક્ષાકવચને આજ્ઞાકવચ કહેવાય છે, જે જીવને કર્મને ક્ષીણ કરવામાં મદદ કરે છે.

**આજ્ઞાધીન** - જીવ જ્યારે મન,વચન તથા કાયાથી પ્રભુની કે ગુરુની આજ્ઞામાં રહે ત્યારે આજ્ઞાધીન થયો કહેવાય.

**આજ્ઞાપાલન** - પોતાની સ્વચ્છંદી ઇચ્છાઓને ગૌણ કરતા જવી અને માર્ગદર્શક ગુરુની કલ્યાણકારી ઇચ્છાઓને આધીન થઈ નિયમિતપણે વર્તતા રહેવું તે આજ્ઞાપાલન.

**આજ્ઞારસ** - જુઓ રસ,આજ્ઞા.

**આજ્ઞારૂપી તપ** - જુઓ તપ, આજ્ઞારૂપી.

**આજ્ઞારૂપી ધર્મ** - જુઓ ધર્મ, આજ્ઞારૂપી.

**આજ્ઞાવેદન, સિદ્ધ કલ્યાણ** - સિદ્ધની સ્થિતિએ પહોંચવા માટે અનુભવાતી આજ્ઞાનું ઉપજવું, વેદન કરવું.

**આજ્ઞાવીર્ય** - આજ્ઞાધીન થવાથી જીવમાં જે વીર્ય (શક્તિ) ઉત્પન્ન થાય છે તે, અને જે વીર્ય આજ્ઞામાં રહેવા ઉપકારી થાય છે તે.

**ઉદ્દીરણા** - કર્મને બાંધ્યા પછી, ભાવિમાં ઉદયમાં આવે એવા સત્તાગત કર્મોને વર્તમાનમાં ખેંચી લાવી ભોગવી લેવાં તે ઉદ્દીરણા કરી કહેવાય છે. આ કર્મોને તપ, ધ્યાન આદિ વિશેષ પુરુષાર્થથી ખેંચવામાં આવે છે.

**ઐરાવત ક્ષેત્ર** - લોકમાં આવેલ 'ઐરાવત' નામની ભૂમિ. આ લોકમાં પાંચ ઐરાવત ક્ષેત્ર છે. તેમાં ભરત ક્ષેત્રની જેમ અવસર્પિણી અને ઉત્સર્પિણી કાળ હોય છે. બે મળી એક કાળચક્ર ૨૦ ક્રોડાક્રોડિ સાગરોપમનું થાય છે. અને ભોગભૂમિ, કર્મભૂમિ તથા મરુભૂમિ રૂપ પૃથ્વી થાય છે.

**કલ્યાણ આહાર** - જુઓ આહાર, કલ્યાણ.

**કલ્યાણચક્ર** - કલ્યાણનાં પરમાણુઓથી ફરતું રહેતું ચક્ર, જેમાં પરમેષ્ટિ કલ્યાણનાં પરમાણુઓ ઉમેરે છે, અને અન્ય પાત્ર જીવો તેમાંથી કલ્યાણનાં પરમાણુઓ ગ્રહણ કરે છે.

**કલ્યાણદાન** - અન્ય જીવોનું કલ્યાણ થાય એવા પરમાણુઓનું સર્જન કરી, અન્ય જીવોને દાનરૂપે આપવા.

**કલ્યાણ, પર** - પોતા સિવાયના અન્ય આત્માના કલ્યાણ માટેનો પુરુષાર્થ. પંચપરમેષ્ટિપ્રભુમાં ઉપાધ્યાયજી, આચાર્ય, ગણધર તથા અરિહંત પરકલ્યાણનું કાર્ય કરે છે.

**કલ્યાણ, સ્વ** - પોતાના આત્માના કલ્યાણ માટેનો પુરુષાર્થ. પંચપરમેષ્ટિપ્રભુમાં સાધુસાધ્વીજી સ્વકલ્યાણનું કાર્ય મુખ્યતાએ ગુરુઆજ્ઞાએ કરે છે.

**કલ્યાણ, સ્વપર** - પોતાના તથા અન્ય આત્માના કલ્યાણ માટે એકસાથે પુરુષાર્થ કરવો. પંચપરમેષ્ટિપ્રભુમાં આચાર્યજી, ગણધરજી અને અરિહંતપ્રભુ સ્વપરકલ્યાણનું કાર્ય તેમના પદાનુસાર ગુરુઆજ્ઞાએ કરે છે.

**કલ્યાણનાં પરમાણુ** - જુઓ પરમાણુ, કલ્યાણનાં.

**કલ્યાણભાવ** - સહુને સુખ મળે અને સહુ સંસારથી મુક્તિ પામે એ પ્રકારની ભાવનાને કલ્યાણભાવ કહેવાય.

**કલ્યાણભાવ, ઉત્કૃષ્ટ** - મહાસમાધિના અનુભવ વખતે પંચપરમેષ્ટિપ્રભુને વર્તતો કલ્યાણભાવ.

**કલ્યાણ આહાર (માર્ગ)** - આ માર્ગ સાધુસાધ્વીજી આરાધે છે. આ પુરુષાર્થમાં જીવનો ધ્રુવકાંટો સ્વકલ્યાણાર્થે રહેલો કલ્યાણ આહાર છે. આ માર્ગમાં જીવ મુખ્યત્વે કલ્યાણનાં ઉત્તમ પરમાણુઓ ગ્રહણ કરી પોતાના સ્વપુરુષાર્થને ઉત્તમ કેડીએ ચડાવે છે કે જેથી તે વિશેષ ઉત્તમ કલ્યાણ આહાર કરી શકે.

**કલ્યાણ આહાર તથા નિહાર (માર્ગ)** - આ માર્ગ ઉપાધ્યાયજી સેવે છે અને તેમાં તેમનો ધ્રુવકાંટો પરકલ્યાણનો છે. આ માર્ગમાં ઉપાધ્યાયજીનો જીવ કલ્યાણ આહાર તો કરે જ છે, સાથે સાથે જેમ જેમ તેમની શક્તિ વધતી જાય છે તેમ તેમ તેમના ભાવ થતા જાય છે કે જે કલ્યાણનો માર્ગ પોતે પામ્યા છે તે માર્ગ અન્ય જીવો પણ પોતાનાં સ્થૂળ નિમિત્તથી પામો. આવા ભાવના આધારથી તેઓ જેમ જેમ કલ્યાણ આહાર કરતા જાય છે તેમ તેમ તેઓ વાણી, બોધ અને અમુક અંશે આચાર દ્વારા પ્રમાણમાં નબળા કહી શકાય તેવાં કલ્યાણનાં પરમાણુઓનો નિહાર કરતા જાય છે.

**કલ્યાણ આહાર તથા વિહાર (માર્ગ)** - આ માર્ગને શ્રી આચાર્યજી પાળે છે. આ માર્ગમાં તેમનો જીવ જ્યારે કલ્યાણ આહાર કરે છે ત્યારે તે આહારને આરંભમાં યોગ્ય રીતે ગાળે છે એટલે કે પોતામાંથી અશુભ પરમાણુઓને છૂટા કરે છે. પછી એ બાકીનાં જુદાં પરમાણુઓને પોતાની લાક્ષણિકતા તથા ગુણવત્તા અનુસાર વિભાજિત કરે છે. અને છેવટમાં એ જુદા

પાડેલાં પરમાણુઓને યોગ્ય પ્રદેશો પર મોકલે છે (વિહાર).

**કલ્યાણ આહાર પ્રેરિત વિહાર તથા નિહાર (માર્ગ)** - આ માર્ગને શ્રી ગણધરજી પાળે છે.

**કલ્યાણ આહાર, વિહાર તથા નિહાર (માર્ગ)** - આ માર્ગને શ્રી અરિહંતપ્રભુ પાળે છે.

**કર્તાભોક્તા** - જીવ કર્મ કે સ્વભાવનો કર્તા તથા ભોક્તા હોય.

**કવચ, અંતરાય** - આત્મપ્રદેશ પર અંતરાય કરે તેવાં કર્મ પરમાણુઓ છવાઈ જાય તે અંતરાય કવચ.

**કવચ, આજ્ઞા** - આજ્ઞાકવચ જુઓ.

**કવચ, પંચપરમેષ્ટિનું** - પંચપરમેષ્ટિને આજ્ઞાધીન થવાથી તેમનાં કલ્યાણનાં પરમાણુથી જીવને મળતું આજ્ઞાકવચ, રક્ષણ.

**કિરણો, સૂર્યરૂપી ચંદ્રનાં** - (ચંદ્રનાં સૂર્યનાં તેજવાળાં કિરણો) સૂર્યનાં કિરણોમાં તેજ સાથે ગરમીની લાક્ષણિકતા હોય છે. સૂર્યનું એક તેજકિરણ અનાદિકાળનાં અંધકારને એક ક્ષણમાં જ વિલિન કરી નાખે છે, તેની સાથે સાથે અનાદિકાળથી રહેલી ઠંડીને એક ક્ષણમાં જ ગરમ હૂંફમાં પરિણમાવે તેવી શક્તિ તેનામાં રહેલી છે. એ તેજસભર ગરમ હૂંફવાળા કિરણોમાં જ્યારે ચંદ્રનું શ્વેત તેજ ભળે છે ત્યારે એ ચંદ્રનાં કિરણો જેમાં ઠંડક છે, તેનામાં આ તેજસ્વિતા તથા હૂંફની લાક્ષણિકતા આવે છે. આ સ્થિતિને શ્રી પ્રભુ સૂર્યરૂપી ચંદ્રનાં તેજકિરણો તરીકે ઓળખાવે છે.

**કિરણો, ચંદ્રરૂપી સૂર્યનાં** - (સૂર્યનાં ચંદ્રનાં તેજવાળાં કિરણો) ચંદ્રનાં કિરણોમાં ઠંડક આપવાની લાક્ષણિકતા પરાપૂર્વથી રહેલી છે. તે અનાદિકાળથી અનુભવાતા તાપને ક્ષણભરમાં વિલિન કરી શકે છે; ઉપરાંત, આ કિરણોનું તેજ શ્વેત-રૂપેરી હોવાને લીધે અનાદિકાળના અંધકારને પણ તે ક્ષણવારમાં તેજોમય બનાવી દે છે. આવાં ઠંડા શ્વેત કિરણો જ્યારે સૂર્યને તેની ભરપૂર ઉષ્ણતામાં ઠંડક આપે છે ત્યારે તે કિરણોનું પરિવર્તન થાય છે. તેવાં કિરણોને શ્રી પ્રભુ ચંદ્રરૂપી સૂર્યનાં તેજકિરણો તરીકે ઓળખાવે છે.

**કેવળીગમ્ય પ્રદેશ** - જુઓ પ્રદેશ, કેવળીગમ્ય.

**કેવળીપ્રભુ** - જેમણે સર્વ જીવ માટે કલ્યાણના ભાવ ન કરતાં, અમુક જીવો માટે જ કલ્યાણભાવ વેદી, કેવળજ્ઞાન લીધું છે તે કેવળીપ્રભુ. કેવળીપ્રભુ છદ્મસ્થ અવસ્થામાં પંચપરમેષ્ટિની પદવી સ્પર્શતા નથી પણ સિદ્ધ થયા પછી પંચપરમેષ્ટિના બીજા પદ(સિધ્ધપદ)માં સ્થાન પામે છે.

**કેવળીપ્રભુ, પરમેષ્ટિ** - એવા આત્મા જેઓ હાલમાં કેવળજ્ઞાની (કેવળીપ્રભુ) છે અને જેઓ છદ્મસ્થ દશામાં પરમેષ્ટિ પદમાં સ્થાન પામેલા હતા, જેમણે જીવ સમસ્ત

માટે વધતી ઓછી માત્રામાં કલ્યાણભાવ વેદી પરમેષ્ટિ પદમાં છદ્મસ્થદશામાં સ્થાન ગ્રહણ કર્યું હોય.

**ગુણાશ્રવ** - ગુણોનો આશ્રવ. જીવ અન્ય પરમાણુઓ ત્યાગી ગુણો વધે તેવા પરમાણુઓ ગ્રહણ કરતો જાય તે ગુણાશ્રવ કહેવાય.

**ચરમ શરીર** - છેલ્લું શરીર. જે શરીર પછી આત્મા નવું શરીર ધારણ કરતો નથી, જેમાં જીવ કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરે અને સિદ્ધભૂમિમાં જાય છે.

**ચક્ષુ, દિવ્ય આંતર** - સ્થૂળ ચક્ષુ ઉપરાંત જેમને સૂક્ષ્મ આંતરચક્ષુ ખીલે, સૂક્ષ્મ સૂક્ષ્મ સ્થિતિની જેનાથી જાણકારી મળે તે દિવ્ય આંતરચક્ષુ કહેવાય.

**ચારિત્ર** - આત્માનું મૂળ લક્ષણ એ સ્વરૂપમાં સ્થિર રહેવું તે છે. પોતાના સ્વરૂપમાં સ્થિરતા કે લીનતા માણવી એ આત્મ ચારિત્ર. શ્રી પ્રભુની આજ્ઞામાં રહી, પોતાના રાગદ્વેષને તથા કષાયને ક્રમથી ઘટાડતા જઈ નિઃશેષ કરવાથી ચારિત્ર ખીલે.

**ચારિત્ર, અપૂર્વ** - પૂર્વે કદી અનુભવ્યું ન હોય તેવું ઉત્તમ આંતર ચારિત્ર.

**ચારિત્ર, અંતરંગ** - મન, વચન, કાયાના ઉત્તમ સંયમથી પ્રગટ થતું આત્મ ચારિત્ર.

**ચેતનગુણ** - જીવનું ચેતનત્વ પ્રગટ કરે તે.

**ચૈતન્યઘન** - શુધ્ધ આત્માનું ઘન સ્વરૂપ. સિદ્ધભૂમિમાં સર્વ શુદ્ધાત્માઓ એકબીજાની આસપાસ એવી રીતે વસે છે કે તેનો બાહ્ય આકાર ઘનસ્વરૂપ થાય છે, અને સર્વ કર્મપરમાણુઓ નીકળી જવાથી તે એવો સઘન બને છે કે એક પણ પુદ્ગલ પરમાણુ ત્યાં ટકી શકતું નથી. ચેતનગુણના પ્રભાવથી જીવની આ દશા ઉત્પન્ન થાય છે તેથી તેનું રૂપ ચેતનઘન કહેવાય છે.

**ઠરી અવરને ઠાર** - આ પદનો અર્થ બે ભાગમાં સમજી શકાય તેમ છે. (૧) જીવ પોતે ઠરે અને બીજાને ઠારે. (૨) બીજાને ઠારવાની ક્રિયા કરતાં કરતાં જીવ પોતે વિશેષ ઠરતો જાય, શાંત થતો જાય.

**ઠાર, અગુરુલઘુ** - જીવના સહુ પ્રદેશો પોતાની કક્ષા તથા ગુણવત્તાના પ્રમાણમાં ઠરે તેવું ઉત્તમ તથા ઉત્કૃષ્ટ ચારિત્ર. ઉદા. ત. સાધુસાધ્વીરૂપ પ્રદેશો પોતાનાં ચારિત્રમાં એને અનુરૂપ ઠરે અને ગણધરરૂપ પ્રદેશો તેમની કક્ષા અનુસાર પોતાનાં ચારિત્રમાં ઠરે.

**તપ, આજ્ઞારૂપી** - આજ્ઞારૂપી તપ એ જીવના પુરુષાર્થમય પુરુષાર્થ સાથે આત્માનો સહજરૂપ પુરુષાર્થ છે. આજ્ઞારૂપી તપ પાંચ સમવાયની ભિન્નતાને સ્વીકારી તેને એકરૂપ બનાવવાનો ઉદ્યમ છે.

**દયા** - 'દયા' એટલે અનુકંપા, દુઃખથી છૂટે એવી લાગણી. જીવને સંસારથી છોડાવવાના ભાવ એ સૂક્ષ્મ દયા છે, અને હિંસાદિ પ્રવૃત્તિનો ત્યાગ એ સ્થૂળ દયા છે.

**દયા, પર** - બીજાનું ભલું થાય, બીજા દુઃખથી મુક્ત થાય એવી ભાવના તે પરદયા.

**દયા, સ્વ** - સંસારનાં પરિભ્રમણથી પોતાના જીવને છોડાવવાની ભાવના એટલે સ્વદયા.

**દાસાનુદાસ** - પ્રભુના જે દાસ (અનુયાયી) છે તેમના પણ દાસ થવાની ભાવના જેની હોય તે દાસાનુદાસ.

**દ્વાદશાંગી** - દ્વાદશ એટલે બાર. દ્વાદશાંગી એટલે બાર અંગ સૂત્રો. જેમાં શ્રી તીર્થંકર પ્રભુનો સમગ્ર ઉપદેશ સમાયો છે.

**ધર્મધ્યાન** - ધર્મધ્યાન કરવું એટલે દેહ, ઇન્દ્રિય, ભોગોપભોગની સામગ્રીથી અલગ થઈ, સ્વરૂપમાં લીન થવું અર્થાત્ આત્માનો અનુભવ કરવામાં એકાગ્ર થવું. તે વખતે તેનામાં અવ્યક્ત એવા શુભ વિચારો ચાલતા હોય છે. જીવને ચોથાથી છઠ્ઠા ગુણસ્થાન સુધી ધર્મધ્યાન સંભવે છે.

**ધર્મ, આજ્ઞારૂપી** - આજ્ઞારૂપી ધર્મ તે નિજ સ્વભાવની પરમ ઈષ્ટ, સમાધિમય, સ્થિર, વીતરાગમય દશા છે. એ સ્વરૂપની આનંદમય તથા ગુણગ્રહણ સંપન્ન ઉત્કૃષ્ટ સ્થિતિ છે.

**નિર્જરા** - પૂર્વે ગ્રહણ કરેલા સર્વ કર્મો આત્માના પ્રદેશ પરથી ખપાવવાની પ્રવૃત્તિ તે નિર્જરા.

**નિર્જરા, મહાશ્રવ** - જે સમયે અન્ય કર્મોની નિર્જરા થાય તે જ સમયે આત્માના ગુણોનો ઝડપથી આશ્રવ થાય તે મહાશ્રવ નિર્જરા.

**નિત્યનિગોદ** - આ સ્થાન લોકના સહુથી નીચેના ભાગમાં આવેલું છે. ત્યાં સૂક્ષ્મ એકેંદ્રિય જીવો અનાદિકાળથી જન્મમરણ કરતા રહે છે, પણ તેઓ ત્યાંથી બહાર નીકળી શક્યા નથી. એક કેવળીભગવાન સિદ્ધ થાય ત્યારે એક જીવ નિત્યનિગોદમાંથી બહાર નીકળી ઇતર નિગોદમાં પૃથ્વીકાયરૂપે પોતાનું સંસારનું પરિભ્રમણ શરૂ કરે છે.

**નિત્યસ્થાન** - નિત્ય અર્થાત્ સતત રહી શકે. પાંચે સમવાયની સર્વ પર્યાયોમાં જે પોતાનું ઈષ્ટ સ્થાન જાળવી રાખે છે તે નિત્યસ્થાન કહેવાય.

**નિત્યસ્થાન, પંચપરમેષ્ટિનું** - લોકના હ્રદયના સ્થાન પાસે રહેલું છદ્મસ્થ પરમેષ્ટિએ સર્જેલાં કલ્યાણનાં પરમાણુથી ભરેલું સ્થાન. એટલે કે છદ્મસ્થ પંચપરમેષ્ટિ ભગવંતનાં કલ્યાણનાં પરમાણુઓનું સંગ્રહસ્થાન.

**નિત્યસ્થાન, પૂર્ણ પંચપરમેષ્ટિનું** - સિદ્ધભૂમિની નીચે રહેલા આઠ પ્રદેશોના સ્થાનમાં ઉપરથી ૧/૩ભાગ નીચે અને નીચેથી ૨/૩ ભાગ ઉપર પૂર્ણ પંચપરમેષ્ટિનું નિત્યસ્થાન સ્થપાયેલું છે. શ્રી પૂર્ણ પંચપરમેષ્ટિનાં નિત્યસ્થાનમાં પૂર્ણ થયેલા પરમેષ્ટિનાં પરમાણુઓ સતત પૂરાતાં જ રહે છે, એટલે કે ગણધર કેવળી, આચાર્ય કેવળી, ઉપાધ્યાય કેવળી તથા સાધુસાધ્વી કેવળીથી સર્જાતા પરમાણુઓ શ્રી તીર્થંકર પ્રભુના પરમાણુઓ સાથે નિત્યસ્થાનમાં જમા થતા રહે છે. સામાન્ય રીતે છદ્મસ્થ દશામાં જે આત્મા

પંચપરમેષ્ટિ પદમાં સ્થાન પામ્યા ન હોય તે કેવળીપ્રભુથી સર્જાતા પરમાણુઓ આ સ્થાનમાં ઉમેરાતા નથી. આનો અર્થ એ થયો કે પરમેષ્ટિ પદમાં એક કરતાં વધારે પદમાં સ્થાન પામનાર પ્રભુ સર્જિત પરમાણુઓ જ પૂર્ણ પંચપરમેષ્ટિના નિત્યસ્થાનમાં જાય છે.

**નિત્યસ્થાન, મિથ્યાત્વનું** - મિથ્યાત્વનું નિત્યસ્થાન સાતમી તમતમપ્રભા નરકની નીચે અને નિત્ય નિગોદની ઉપર આવેલું છે. મિથ્યાત્વનાં આ નિત્યસ્થાનમાં નિત્યપણે મિથ્યાત્વનો ઉદય તથા રસ સતતપણે વહ્યા કરે છે. નિત્યનિગોદના જીવો, જેઓ સૂક્ષ્મ એકંદ્રિય છે, તેમને ધર્મનાં સનાતન તથા મંગલમય ભાવ પહોંચાડવા માટે આ સ્થાનમાં શ્રી છદ્મસ્થ પરમેષ્ટિ પોતાની કલ્યાણ કરવાના રાગની અપેક્ષાએ મિથ્યાત્વભર્યો કલ્યાણરસ કર્તાભાવ સાથે શ્રી ગણધર પ્રભુનાં ઉત્તમ સ્વપર કલ્યાણભાવનાં માધ્યમ દ્વારા અને નિમિત્ત દ્વારા પહોંચાડે છે.

**નિદિધ્યાસન** - મળેલી સમજણનું વારંવાર રટણ કરવું.

**નિશ્ચયનય** - આત્માની શુદ્ધ સ્થિતિની અપેક્ષાથી નક્કી કરેલા ભાવનું નિયમન.

**નિશ્ચયથી વ્યવહાર સમકિત** - જીવે અનુભવેલી એક સમય માટેની દેહથી ભિન્નતા (અંતર્વૃત્તિસ્પર્શ), શ્રી તીર્થંકર પ્રભુની સહાયથી જ્યારે આઠ સમય સુધી વિસ્તૃત થાય છે, ત્યારે તે જીવ ‘નિશ્ચયથી વ્યવહાર સમકિત’ પામ્યો ગણાય છે.

**નિહાર** - વપરાયેલા પરમાણુનો ત્યાગ. વિહાર કર્યા પછી તાત્કાલિક ઉપયોગમાં ન આવે તેવો જે ભાગ બચે છે તેને અને જે ઋણ ગ્રહણ કર્યું છે; એની અમુક અંશે નિવૃત્તિ કરવાના આશયથી જીવ તે પરમાણુનો નિહાર કરે છે. વિહારમાં એકઠા થયેલા પરમાણુઓને જીવ પોતાના ભાવ દ્વારા ઈંધન અને અગ્નિ આપે છે. આ બંને મળતાં પરમાણુઓ ગતિ પામે છે, અને નિહારનાં સ્થાન પર ભેગાં થાય છે. નિહાર માટેનાં સ્થાનો છે મનોયોગ, વચનયોગ, કાયયોગ.

**નિહાર, કલ્યાણ** - કલ્યાણ નિહાર એટલે સ્વપરકલ્યાણ અર્થે સ્વીકારાયેલા પરમાણુઓનો ત્યાગ. યોગ્ય નિહારને આરાધવામાં જીવે પાંચ સમવાય, તથા પંચાસ્તિકાયને યોગ્યરૂપે પરિણમાવવાના હોય છે, જેથી ઉત્તમ નિહાર થાય. નિહાર બે પ્રકારે છે - સ્વઅર્થે થયેલો નિહાર અને પર અર્થે થયેલો નિહાર. સ્વઅર્થે થયેલા નિહારમાં જીવ પોતાનાં પૂર્વ સંચિત કર્મોને નિઃશેષ કરવા પુદ્‌ગલ પરમાણુઓને આત્માના પ્રદેશ પરથી કાઢે છે. પર અર્થે થતા નિહારમાં જીવ અન્ય જીવનાં કલ્યાણાર્થે પોતાના આત્માના પ્રદેશો પરથી પુદ્‌ગલ પરમાણુઓ કાઢે છે. નિહારની આ ક્રિયા જીવના પુરુષાર્થ અનુસાર ત્રણ પ્રકારે થાય છે. પોતાની અંતરંગ સ્થિતિ કરતાં

નબળો નિહાર, પોતાની અંતરંગ સ્થિતિ અનુસારનો નિહાર અને પોતાની અંતરંગ સ્થિતિ કરતાં ઊંચો નિહાર.

**નિર્વેદ** - સંસારના પરિભ્રમણથી છૂટવાના ભાવ અર્થાત્ તેનો અંત લાવવાની ઈચ્છાને કારણે સંસાર ભોગવવાની ઈચ્છા મંદ થવી, તેને નિર્વેદ કહે છે.

**પદ (પંચપરમેષ્ટિના) સ્પર્શવા** - સાધુસાધ્વીથી અરિહંત સુધીનાં કોઈ પણ પદને નિકાચિત કરવાની દશા સુધી પહોંચવું, પણ તે નિકાચિત ન કરતાં આગળ વધી જવું.

**પદ(પંચપરમેષ્ટિના), પાંચ સ્પર્શવા** - સાધુસાધ્વીથી અરિહંત સુધીના પદનો પૂર્ણ કરતાં થોડી ઓછી કક્ષાએ પહોંચી, અરિહંત પદને નિકાચિત કરવું તે પાંચ પદને સ્પર્શ્યા કહેવાય.

**પદ(પંચપરમેષ્ટિના), છ સ્પર્શવા** - અરિહંતનો જીવ તીર્થંકર નામકર્મ નિકાચિત કર્યા પછી આગળ વધી છદ્મસ્થ દશામાં સિદ્ધ દશાને અનુભવે, અથવા ગણધરનો જીવ છદ્મસ્થ દશામાં ગણધર નામકર્મ નિકાચિત કર્યા પછી અરિહંત તથા સિદ્ધ દશાની અનુભૂતિ મેળવે તે છપદને સ્પર્શના કરી કહેવાય.

**પરકલ્યાણ** - અન્યનું કલ્યાણ કરવાના ભાવ.

**પરમાર્થલોભ** - જુઓ લોભ,પરમાર્થ.

**પરમાણુ, અક્રિય** - પરમેષ્ટિએ છોડેલા કલ્યાણનાં પરમાણુઓ ૪૮ મિનિટ સુધી સક્રિય અર્થાત્ કાર્યકારી થાય તેવાં રહે છે, તે પછી તે અક્રિય થઇ જાય છે. એટલે કે એ પરમાણુઓનો રસ લેવા માટે જીવે તેને ગ્રહણ કર્યા પછી પોતાની શક્તિથી સક્રિય (ઉપયોગમાં લેવાય તેવાં) કરવાં પડે છે. આ જાતનાં પરમાણુઓ અક્રિય પરમાણુઓ છે.

**પરમાણુ, ઉચ્ચ** - પંચપરમેષ્ટિભગવંતના ઉત્તમ કક્ષાનાં કલ્યાણનાં પરમાણુઓ.

**પરમાણુ, કલ્યાણનાં** - સહુ જીવોનું કલ્યાણ થાય એ ભાવના કરવાથી જે શુભ કર્મ પુદ્‌ગલોનો પિંડ રચાય છે તે.

**પરમાણુ, સક્રિય** - જીવ તરફથી છોડાયેલા સારા કે નરસા પરમાણુઓ ૪૮ મિનિટ સુધી સીધો ઉપયોગ કરી શકાય તેવાં રહે છે, તેનો ઉપયોગ કરવા જીવે કોઈ પ્રક્રિયા કરવી પડતી નથી. આવા પરમાણુઓ સક્રિય કહેવાય છે.

**પરમેષ્ટિ, પંચ** - જીવ સમસ્તના કલ્યાણ કરવાના ભાવ ઉત્તમતાએ ભાવે તે પરમેષ્ટિ (પરમ ઈષ્ટ) કહેવાય છે. અરિહંત, સિધ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુસાધ્વી આ પાંચ ભગવંત પરમ ઈષ્ટ એટલે કલ્યાણ કરનાર હોવાથી પંચપરમેષ્ટિ કહેવાય છે.

**પરમેષ્ટિ, છદ્મસ્થ** - જે જીવોને પરમેષ્ટિ પદ ઉદયમાં છે પણ જેઓ હજી કેવળજ્ઞાન પામ્યા નથી તેવા પંચપરમેષ્ટિ. શ્રી ગણધરપ્રભુ, આચાર્યજી, ઉપાધ્યાયજી તથા સાધુસાધ્વીજી

કેવળજ્ઞાન લીધા પહેલાં છદ્મસ્થ પરમેષ્ટિ ગણાય છે.

**પરમેષ્ટિ, પૂર્ણ** - જેમણે છદ્મસ્થ દશામાં પરમેષ્ટિ પદ નિકાચિત કર્યું છે અને તે પદ સાથે પૂર્ણતા - કેવળજ્ઞાન લીધું છે તેઓ પૂર્ણ પરમેષ્ટિ કહેવાય. અન્ય જીવો સિદ્ધ થયા પછી પરમેષ્ટિ પદમાં આવે છે. સાધુસાધ્વી કેવળી, ઉપાધ્યાય કેવળી, આચાર્ય કેવળી, ગણધર કેવળી તથા તીર્થંકર પદ જેમને ઉદયમાં છે તે સર્વ આત્માઓ તે પૂર્ણ પરમેષ્ટિ.

શ્રી અરિહંતપ્રભુ અને સિદ્ધપ્રભુ પૂર્ણ પરમેષ્ટિ છે.

**પરાભક્તિ** - જુઓ ભક્તિ, પરા.

**પાત્ર (જીવ)** - યોગ્યતાવાળા જીવ પાત્ર જીવ કહેવાય.

**પુરુષાર્થ** - આત્માની શાંતિ અને શુદ્ધિ વધારવા માટે કરેલો ઉદ્યમ.

**પુરુષાર્થ, ઉગ્ર** - માત્ર આત્મકલ્યાણ લક્ષે કરેલો પુરુષાર્થ.

**પુરુષાર્થ, ઉત્કૃષ્ટ** - પોતાની શક્તિ પ્રમાણે કરેલો સર્વોત્તમ પુરુષાર્થ.

**પુરુષાર્થ, ગુણપ્રેરિત** - ગુણ વધારવાની દૃષ્ટિથી કરેલો આત્મિક પુરુષાર્થ.

**પુરુષાર્થ, સ્થૂળ** - બાહ્ય કે ઓઘ દૃષ્ટિથી ધર્મ પામવા કરેલા પ્રયાસો.

**પુરુષાર્થ, અગુરુલઘુ** - બધી વાતનું તારણ કાઢી, કોઈ જાતનો ભાર ન આવે એ પ્રકારનો પુરુષાર્થ.

**પૂર્વ, ચૌદ** - સર્વ શાસ્ત્રોમાં ‘પૂર્વ’ એ સર્વોત્તમ શાસ્ત્ર છે. પૂર્વની સંખ્યા ચૌદની છે. તેમાં કેવળીભગવાનને હોય છે અને તે કહી શકાય એવા સર્વ જ્ઞાનનો સમાવેશ છે.

**પ્રદેશ, અક્રિય** - જે પ્રદેશો કાર્યકારી રહેતા નથી તે, જ્યાં સુધી અશુદ્ધ પ્રદેશો આજ્ઞાધીન થતા નથી, ત્યાં સુધી કેવળીગમ્ય પ્રદેશો અક્રિય રહે છે. અશુદ્ધ પ્રદેશોને માર્ગદર્શન આપતા નથી.

**પ્રદેશ, અશુદ્ધ** - આત્માના જે પ્રદેશો ઉપર ઘાતી તથા અઘાતી કર્મનાં પરમાણુઓ લાગેલાં છે તે અશુદ્ધ પ્રદેશો.

**પ્રદેશ, આત્મ** - આત્માનાં અસંખ્ય પ્રદેશ છે, તેનો નાનામાં નાનો ભાગ એટલે એક પ્રદેશ. એક પરમાણુને રહેવાની જગ્યા તે એક પ્રદેશ.

**પ્રદેશ, કેવળીગમ્ય** - આત્માના એવા પ્રદેશો જેના પર માત્ર શુભ અઘાતી કર્મનાં પરમાણુઓ લાગેલાં છે અર્થાત્ કેવળીપ્રભુ જેવા શુદ્ધ પ્રદેશો જેમાં માત્ર શુભ અઘાતી કર્મો જ હોય છે, એક પણ ઘાતી કર્મ કે અશુભ અઘાતી કર્મનું પરમાણુ નથી હોતું.

**પ્રદેશ, રુચક** - આત્માના આઠ નિરાવરણ શુદ્ધ પ્રદેશો જેના પર એક પણ કર્મ પરમાણુ

લાગેલા નથી તે રુચક પ્રદેશ કહેવાય છે. આ આઠ રુચક પ્રદેશો પર કદી પણ કર્મનું આવરણ આવતું નથી. તે પ્રદેશો સિદ્ધપ્રભુના પ્રદેશો સમાન છે.

**પ્રદેશ, સક્રિય** - જે પ્રદેશો અન્ય પ્રદેશોને માર્ગદર્શન આપે છે; સારા કે ખોટા ભાવ કરવામાં સાથ આપે છે તે પ્રદેશો સક્રિય કહેવાય.

**પ્રમાદ** - જીવનું સંસારી પ્રસંગોમાં ઉત્સાહી રહેવું અને આત્મસ્વરૂપની ઉન્નતિમાં ઉદ્યમ ન કરવો અથવા સ્વરૂપ મેળવવા માટેનો અનુત્સાહ રાખવો તે પ્રમાદ. પ્રમાદને બાહ્યથી પાંચ પ્રકારે વર્ણવ્યો છેઃ મદ, વિષય, કષાય, નિદ્રા, તથા વિકથા. પ્રમાદનું સૂક્ષ્મ રૂપ તે મન, વચન કે કાયાનો અલ્પ સ્વચ્છંદ.

**ભક્તિ** - ભક્તિ એટલે આત્માએ એના કરતા ઊંચા આત્મા પ્રત્યે એક પ્રદેશથી શરૂ કરી, અનેક પ્રદેશોમાં વેદન કરી, રોમે રોમ અને સર્વ પ્રદેશનાં સર્વ ભાગને અનુભાગમાં એ આત્મા પ્રત્યે પ્રેમભાવ, અહોભાવ અને આજ્ઞાભાવ વેદવો.

**ભક્તિ, પરમ** - ઉત્તમ ભક્તિ જેમાં ભક્તિના ગુણો ઉત્કૃષ્ટતાએ ખીલે છે.

**ભક્તિ, પરા** - ઉત્તમ ભક્તિ; જ્ઞાનીપુરુષના સર્વ ચારિત્રમાં ઐક્યભાવનો લક્ષ થવાથી તેના હૃદયમાં વિરાજમાન પરમાત્મા સાથેનો ઐક્યભાવ અર્થાત્ જીવનું મન, વચન તથા કાયાથી ઉત્તમ આજ્ઞાધીનપણું.

**ભરતક્ષેત્ર** - લોકમાં પાંચ ભરતક્ષેત્ર છે, જ્યાં મનુષ્યો તથા તિર્યંચો વસે છે. એમાં કાળચક્ર ઐરાવત જેવું જ હોય છે. પણ અહીં દુઃખની માત્રા ઐરાવત કરતાં ઓછી હોય છે. આપણે રહીએ છીએ તે પાંચમાંનું એક ભરતક્ષેત્ર છે.

**ભાવ** - જીવ જે ગમા અણગમાના ભાવ કરે છે તે ભાવ કહેવાય.

**ભાવ, અંતરંગ** - મનની અંદર વસેલા ભાવો, કદાચિત તે બહાર પ્રકાશિત ન પણ થયા હોય.

**ભાવ, ઊંચા** - સારા ભાવ વિશેષતાથી કરવા તે ઊંચા ભાવ.

**ભાવ, શુભ** - અન્યનું કલ્યાણ થાય એવા ભાવ કરવા તે શુભ ભાવ.

**ભાવરસ** - જુઓ રસ, ભાવ.

**ભેદરહસ્ય** - કોઈ વચનનું ઊંડાણ મળવું, તેમાં છૂપાયેલા વિશેષ ભાવોનો તાગ મેળવવો તે ભેદરહસ્ય મળ્યું કહેવાય.

**ભેદજ્ઞાન** - દેહ અને આત્માનું ભિન્નપણું અનુભવવું.

**મહા આશ્રવ (મહાશ્રવ)** - જીવ ગુણોનો આશ્રવ કરવાના હેતુથી કષાયજય તથા

કર્મક્ષય કરવા તત્પર બને છે ત્યારે તે આત્મા કષાયજય અને કર્મક્ષય તો કરે જ છે, પણ તેની સાથે સાથે તે ગુણોનો આશ્રવ પણ વાયુવેગે કરતો જાય છે; એટલે કે તે ગુણશ્રેણિની કેડીએ સત્વરે ચાલવા લાગે છે. આ માર્ગને મહાજ્ઞાનીઓ 'મહા આશ્રવ'ના માર્ગ તરીકે ઓળખાવે છે.

**મહાશ્રવ નિર્જરા** - જુઓ નિર્જરા, મહાશ્રવ.

**મહાવ્રત** - જે વ્રત ઘાતીકર્મનો પૂર્ણ ક્ષય કરવા સમર્થ બને તે મહાવ્રત. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ વ્રત ઉત્કૃષ્ટતાએ પાળવાં તે મહાવ્રત.

**મહાસમાધિ** - ધર્મનું સનાતનપણું અને મંગલપણું એકબીજામાં એવાં એકરૂપ થઈ જાય છે કે તેમને છૂટા પાડવા અસંભવિત થઈ જાય છે. આવી સમાધિને આત્મા ક્ષપકશ્રેણિમાં દરેક ગુણસ્થાન ચડતી વખતે, ૧૩મા ગુણસ્થાને અયોગી સ્થિતિમાં અને ચૌદમા ગુણસ્થાનથી સતત માણે છે.

અથવા...

મહા આશ્રવના માર્ગને અનુસરવાથી સત્પુરુષ એક અતિ અતિ અપૂર્વ, સહજ તથા આનંદમય શમનો અનુભવ કરે છે. તેમાં તેને શમથી મહાસંવર થાય છે, અને ગુણાશ્રવથી મળતી સમાધિમાં તેને એવા અદ્ભુત ગુણોની પ્રાપ્તિ થાય છે કે જે એને ફરીથી ઊંડી સમાધિમાં લઈ જાય છે. આવી સમાધિને ઉત્તમ જ્ઞાનીઓ 'મહાસમાધિ' તરીકે ઓળખાવે છે.

અથવા...

છઠ્ઠા સાતમા ગુણસ્થાને વર્તતા સત્પુરુષ જ્યારે મહાસંવરના તથા મહાશ્રવના પુરુષાર્થમાં એકસાથે સ્થિર થાય છે, અને સમસ્ત જીવો માટે એકધારા કલ્યાણભાવ વેદે છે ત્યારે મહાસમાધિનો અનુભવ કરે છે.

**મહાસંવર** - ઉદયગત કર્મો સામે સમસ્થિત તથા સમાધિસ્થ રહી પૂર્વકૃત કર્મોની અપૂર્વ નિર્જરા તથા નવાં કર્મોનો અપૂર્વ સંવર એકસાથે કરવો. આ માર્ગમાં જીવ ઉત્કૃષ્ટ સંવર તથા ઉત્કૃષ્ટ નિર્જરા એક જ સમયે કરી પોતાનાં કર્તાપણાના અને ભોકતાપણાના ભાવને એક જ સમયમાં સ્વભાવ તરફ વાળી સમાન ઉગ્રતાથી કર્મનો જથ્થો તથા સ્થિતિ છેદી પરમાર્થે વિકાસ કરે છે. આ માર્ગમાં જીવ નવા આવતા દુર્ગુણોને રોકે છે, અને એ જ સમયે જુના દુર્ગુણોની નિર્જરા કરે છે; આત્મપ્રદેશ પરથી તેને કાઢી નાંખે છે.

**મહાસંવર, આજ્ઞાપ્રેરિત** - આ માર્ગમાં જીવ ઉત્તમ આજ્ઞાપાલન અને વિશુદ્ધ ચારિત્ર થકી મહાસંવર માર્ગને આરાધે છે.

**મહાસંવર, આજ્ઞાપ્રેરિત કલ્યાણપ્રેરિત** - આ માર્ગમાં જીવ સ્વપરકલ્યાણ

આજ્ઞાધીન ચારિત્રની વિશુદ્ધિથી કરી, આજ્ઞાની સહાય લઈ મહાસંવર માર્ગનું ઉત્તમતાએ આરાધન કરે છે. આ માર્ગમાં જીવ શુદ્ધ આત્મિક ગુણાશ્રવને લક્ષ બનાવવાનું કામ પણ આજ્ઞાધીનપણે કરે છે.

**મહાસંવર, કલ્યાણપ્રેરિત** - પરકલ્યાણના આશયથી આચરેલો મહાસંવરમાર્ગનો પુરુષાર્થ. આ માર્ગમાં જીવ કર્મક્ષય કરવા કરતાં શુદ્ધાત્માના ગુણોનો આશ્રવ કરવા પર લક્ષ કેંદ્રિત કરે છે.

**મંગલપણું** - ધર્મ કોઈ પણ અપેક્ષાથી, કોઈ પણ કાળે જીવને કલ્યાણકારી થાય છે. આ કલ્યાણ કરવાની ધર્મની શક્તિ તે ધર્મનું મંગલપણું છે.

**માનવતા** - જ્યાં માનવી તરીકેના ગુણો ખીલ્યા હોય તે.

**મિથ્યાત્વ** - જીવ પોતાના સ્વરૂપને યોગ્ય રીતે સમજી ન શકે, આત્મા સંબંધી વિપરીત માન્યતામાં પ્રવર્ત્યા કરે, પોતાનાં અસ્તિત્વનો નકાર કરતાં પણ ન અચકાય તે મિથ્યાત્વ કહેવાય છે.

**મૌન, અરૂપી** - સૂક્ષ્મતાએ વિચાર સંયમ કરવો.

**મૌન, વીતરાગી** - પરમાર્થે મૌન એટલે મન, વચન, કાયાના શાંત પરિણામ. વીતરાગી મૌન એટલે રાગ-દ્વેષ રહિતપણે મનના સ્વચ્છંદી ભાવને અનુસર્યા વિના વર્તવાની ઈચ્છા.

**રસ, આજ્ઞા** - આજ્ઞારસ જીવે સેવેલા કલ્યાણભાવના આધારે આત્મિક ભાવરસ રૂપ માધ્યમ છે. થોડા જીવો કે સમસ્ત જીવો માટે વેદાયેલો કલ્યાણનો અપૂર્વ ભાવ જે પુદ્‌ગલ પરમાણુઓમાં સમાયો છે તે આજ્ઞારસ છે. એ અપૂર્વ ભાવ પુદ્‌ગલ પરમાણુઓમાં ભાવરસરૂપે સમાય છે.

**રસ, આજ્ઞા (પ્રવાહી)** - જીવ આજ્ઞાનું પાલન એટલી સરસ રીતે કરે કે એ સ્થૂળ રૂપ છોડી પ્રવાહીરૂપ ધારણ કરે છે.

**રસ, ચેતન (ચેતનરસ)** - આત્મા તરફથી વહેતો ચેતનભાવ ચેતનરસ કહેવાય છે.

**રસ, ભાવ (ભાવરસ)** - ભાવની અનુભૂતિ જીવમાં જાગે તે ભાવરસ.

**ઋણાનુંબંધ** - અન્ય જીવ સાથેનો સંબંધ તે ઋણાનુબંધ. તે શુભ કે અશુભ હોય છે.

**લોક** - લોકનું સ્વરૂપ મનુષ્ય દેહના આકારે છે. તેમાં છ દ્રવ્ય રહેલાં છે.

**લોભ, પરમાર્થ** - આત્માર્થે લાભ મેળવવાની ઈચ્છા.

**વાણી, અરૂપી** - સૂક્ષ્માતિસૂક્ષ્મ પરમાણુરૂપે આવતી વાણી.

**વાણી, ઈષ્ટ** - કલ્યાણ થાય એવી વાણી.

**વાણી, મિષ્ટ** - સાંભળતા મીઠી લાગે તેવી વાણી.

**વાણી, શિષ્ટ** - સંસ્કારથી ભરેલી વાણી.

**વિનય** - વિનય એ પોતાની અલ્પતા અને દાતારની મહત્તાની કબૂલાતથી ઉપજતી જીવની સહજ આત્મિક ચેષ્ટા છે. વિનય ગુણમાં જીવ શુદ્ધિના લોભને પ્રાધાન્ય આપી, પ્રાપ્ત થયેલી સર્વ શક્તિ અને સિદ્ધિ પ્રત્યેનો ઐહિક માનભાવ ત્યાગે છે.

**વિનયાભાર** - વિનય તથા આભારની લાગણી એકસાથે અનુભવવી.

**વિભાવ** - આત્મા સિવાયના, પરપદાર્થ સંબંધીના પોતાપણાના ભાવમાં રહેવું તે વિભાવ. જીવ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ પાંચ કારણોથી વિભાવ કરે છે.

**વિશ્રામણા** - ઉત્તમ આત્માની તેમના કહ્યા વિના જરૂરી સેવા કરે તે વિશ્રામણા.

**વિહાર, કલ્યાણ** - જે કલ્યાણનાં પરમાણુઓનો આહાર જીવ કરે તેનો આજ્ઞારસ સર્વ પ્રદેશો અથવા અન્ય જીવોને તેમની યોગ્યતા અનુસાર આજ્ઞાધીનપણે પહોંચાડવાની ક્રિયા તે કલ્યાણ વિહાર. વિહાર એ આહાર તથા નિહારની ક્રિયા વચ્ચેનો એક અપૂર્વ સેતુ છે. જે પ્રદેશ પર પરમાણુઓનો આહાર થયો છે, તે પ્રદેશ પરથી લઈ, અન્ય પ્રદેશ પર, જ્યાં તે પરમાણુઓની જરૂરિયાત છે, ત્યાં વિહારની ક્રિયા એ પરમાણુઓને પહોંચાડે છે. વળી, જે પ્રદેશ પરથી નિહાર થવાનો હોય તે પ્રદેશ પર, અન્ય પ્રદેશ પરથી નિહાર પામવાના પરમાણુઓને ખેંચી વિહારની ક્રિયા દ્વારા પહોંચાડાય છે. જો વિહારની ક્રિયા થતી ન હોત તો, જીવના સર્વ પ્રદેશોને આહાર તથા નિહારની પ્રવૃત્તિ કરવી પડત.

**વીતરાગતા** - વીતરાગતા એટલે પદાર્થ કે પ્રસંગ પ્રતિ રાગદ્વેષરહિતપણું. વીતરાગી આત્મા સંસારી પદાર્થોના ભોગવટાની રતિથી પર હોય છે, તેને પાંચ ઈન્દ્રિયોના વિષયો આકર્ષી શકતા નથી, શુભાશુભ કર્મના ઉદયમાં નિસ્પૃહ અને રાગદ્વેષ રહિત હોય છે અને સર્વથી અલિપ્ત રહી આત્મા આત્મરસમાં રમમાણ રહે છે.

**વીર્ય** - વીર્ય એટલે શક્તિ. વીર્યનું કામ પ્રવર્તવાનું છે. આત્મામાં અનંત વીર્ય છે. સર્વનું દાન દેવાની, ત્યાગ કરવાની શક્તિ આત્મામાં છે. સર્વ મેળવવાની શક્તિ પણ આત્મામાં છે.

**વીર્ય, આજ્ઞા** - આજ્ઞાવીર્ય જુઓ.

**વેદકતા** - અનુભવવાપણું, આત્માની વેદન કરવાની શક્તિ. જીવ પોતે સુખ અનુભવે છે, દુઃખ અનુભવે છે, સુખની પ્રાપ્તિ કે દુઃખના વિયોગની ઈચ્છા કરી શકે છે તે તેનો વેદકતાનો ગુણ છે.

**વેદન, આત્માનું** - આત્માના પ્રદેશોના માધ્યમથી ઈન્દ્રિયો વિના થતો અનુભવ.

**વ્યવહારશુદ્ધિ** - વ્યવહારની પ્રવૃત્તિ કરતી વખતે અન્ય જીવ ઓછામાં ઓછા

દૂભાય તથા હણાય તે માટે ઉપયોગપૂર્વક વર્તવું તે.

**શમ** - ઉદયમાં આવેલા અને આવવાના કષાયોને શાંત કરવા તે શમ.

**શરીર, ઔદારિક** - ઉદાર એટલે સ્થૂળ, તે પરથી ઔદારિક શબ્દ આવ્યો છે. જે સ્થૂળ પુદ્ગલ પરમાણુનું બનેલું શરીર હોય તે ઔદારિક શરીર કહેવાય છે. ઉદા. મનુષ્યનાં શરીર.

**શાસન - શાસન એટલે સામ્રાજ્ય** - કલ્યાણમય ધર્મનું વર્ચસ્વ.

**શાસનરસિ** - શાસન એટલે સામ્રાજ્ય. સર્વથા દુ:ખમય એવા આ સંસારથી છૂટવા માટેનો અરિહંતપ્રભુનો બોધ સ્વીકારી, ધર્મનાં સામ્રાજ્યને સ્વીકારી તેનું આરાધન કરવું. શ્રી તીર્થંકર પ્રભુ પોતાની છદ્મસ્થ દશામાં એવા ભાવ વેદે છે કે આ જગતના તમામે તમામ જીવો આ મંગલમય તથા કલ્યાણકારી ઉત્તમ ધર્મનાં છત્ર નીચે આવે, યથાર્થ પુરુષાર્થ કરે અને તેનાં ફળરૂપે પરમ સુખની પ્રાપ્તિ કરે. *‘સર્વજીવ કરું શાસનરસિ’* પણ જુઓ.

**શુક્લધ્યાન** - આત્માની નિર્વિકલ્પ સ્થિતિ. શુક્લધ્યાનમાં આત્માને શુક્લ અર્થાત્ અતિ શુદ્ધ પરિણામ વર્તે છે. સૂક્ષ્મ વિચારોની અતિ અલ્પતાથી શરૂ કરી નિર્વિચાર થવા સુધીની દશા તે શુક્લધ્યાન. આ દશાની શરૂઆત સાતમા ગુણસ્થાનથી થાય છે.

**શૂન્યતા** - જીવ જ્યારે દેહ તથા ઇન્દ્રિયો સાથેનું એકપણું ત્યાગી પોતામાં એકાકાર - એકરૂપ થાય છે ત્યારે તે શૂન્યતામાં છે એમ કહેવાય છે.

**શૂન્યતા, જાગૃત** - જુઓ સમાધિ, જાગૃત.

**શ્રદ્ધા** - સાચા મોક્ષમાર્ગની જાણકારી આવ્યા પછી, આ માર્ગ સાચો છે, અને મારે પાળવો છે, એવા ભાવમાં આવવું તે શ્રદ્ધા.

**શ્રમ** - સદ્ધર્મમાં શ્રદ્ધા કર્યા પછી તેનું યથાર્થ પાલન કરવા માટે પુરુષાર્થ કરવો તે શ્રમ.

**શ્રુતકેવળી** - સમ્યક્જ્ઞાન કેમ મેળવાય ત્યાંથી શરૂ કરી, શ્રેણિ માંડી કેવળજ્ઞાન કઇ રીતે લઇ શકાય તેની યથાર્થ જાણકારી આત્માર્થે આવે ત્યારે જઘન્ય શ્રુતકેવળીપણું આવે છે. આ જાણકારીમાં સૃષ્ટિરચનાની સમગ્ર જાણકારી ભળે ત્યારે ઉત્કૃષ્ટ શ્રુતકેવળીપણું પ્રગટે છે. બીજી રીતે કહીએ તો શ્રી કેવળીપ્રભુને વર્તે છે એટલું જ જ્ઞાન શ્રુત તથા અનુભવ રૂપે મળે ત્યારે ઉત્કૃષ્ટ શ્રુતકેવળીપણું કહેવાય છે.

**શ્રુતજ્ઞાન** - જુઓ જ્ઞાન, શ્રુત.

**શ્રુતિ** - મનુષ્યનું શરીર પ્રાપ્ત કરી સદ્ધર્મને સાંભળવાનો યોગ મળવો.

**શ્રેણિ, ક્ષપક** - જે જીવ ક્ષપક શ્રેણીએ આગળ વધે છે, તે જીવ ઉદિત થતાં અને ઉદિત થવાનાં સર્વ કર્મનો ક્ષય કરતો કરતો પ્રગતિ કરે છે; તે અપ્રમાદી રહી આઠ, નવ,

દશ ગુણસ્થાને આવી, બારમા ગુણસ્થાને કૂદકો મારે છે. બારમાના અંતે ઘાતીકર્મોનો પૂર્ણ ક્ષય કરી તેરમા ગુણસ્થાને આવે છે. આ શ્રેણીમાં કોઈ પણ કર્મને દબાવવાનો અવકાશ જ નથી, માત્ર ક્ષય કરવો જ અનિવાર્ય છે.

**સત્તાગત કર્મો** - કર્મ બાંધ્યા પછી જે પરમાણુઓ કર્મના સ્વરૂપે આત્મપ્રદેશ પર જેટલા કાળ માટે નિષ્ક્રિયપણે રહે, તે કાળને જૈન પરિભાષામાં અબાધાકાળ કહે છે, અને તે કર્મોને સત્તાગત કર્મો કહે છે.

**સનાતનપણું (ધર્મનું)** - ધર્મ સદાકાળ ટકવાનો છે એ ધર્મનું સનાતનપણું છે.

**સમકિત** - સમકિત એટલે દેહ, ઇન્દ્રિયાદિ સર્વ પદાર્થોથી આત્મા ભિન્ન છે, જુદો છે તેવું દઢ, અનુભવસહિતનું શ્રદ્ધાન.

**સમવાય** - દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવ એ પાંચ સમવાય કહેવાય છે. એ પાંચે એકબીજાને સાનુકૂળ બને ત્યારે જ કર્મોદય થાય છે કે કોઈ કાર્ય થઈ શકે છે.

**સમવાય, કાળ** - સર્વ દ્રવ્યમાં થતા પરિવર્તનની નોંધણી જેના કારણે થઈ શકે છે, એટલે કે જીવ તથા પુદ્‌ગલની પર્યાય બતાવે છે તે કાળ દ્રવ્ય છે.

**સમવાય, દ્રવ્ય** - દ્રવ્ય એટલે પદાર્થ કે વસ્તુ. સમગ્ર લોક(વિશ્વ) માત્ર છ પ્રકારનાં દ્રવ્ય ધરાવે છે. તે છે - જીવ, પુદ્‌ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ.

**સમવાય, ભવ** - ભવ એટલે જન્મ. ચાર ગતિમાંથી કોઈ પણ ગતિનો એક જન્મ તે ભવ.

**સમવાય, ભાવ** - ચેતનરસથી ઉપજતી જીવ કે આત્માની પર્યાય.

**સમવાય, ક્ષેત્ર** - જીવનાં પરિણામ ઉપર જે ક્ષેત્રની જે પ્રકારની અસર થાય તે ક્ષેત્ર સમવાયની અસર કહેવાય.

**સમાધિ** - આત્મપરિણામની સ્વસ્થતા તે સમાધિ.

**સમાધિ, આત્મ** - આત્માની અમુક અપેક્ષાથી અકંપિત સહજ સ્થિતિ.

**સમાધિ, કેવળ** - વિકલ્પરહિત બની સતત સમાધિમય રહેવું - લાંબા ગાળા માટે.

**સમાધિ, જાગૃત** - કષાયો મંદ થવાથી જ્યારે ઘાતિકર્મ કે અશુભ અઘાતિ કર્મપુદ્‌ગલોનો આશ્રવ નહિવત્ થઈ જાય છે ત્યારે સત્પુરુષનાં અંતરમાં કલ્યાણનાં પરમાણુઓનો આહાર, વિહાર તથા નિહાર થાય છે, જે એમને કર્મો સામે લડવા કવચ પ્રદાન કરે છે. આ કવચ જ્યારે ઘટ્ટ થાય છે ત્યારે તે સત્પુરુષને સ્થૂળરૂપે જાગૃત દશામાં સમાધિ પ્રાપ્ત થાય છે, તે ‘જાગૃત સમાધિ’ કે ‘જાગૃત શૂન્યતા’.

**સમાધિ, ધ્યાન** - શૂન્યતા સહિતની જીવની સમભાવની સ્થિતિ.

**સમાધિ, પરમ** - ઉત્કૃષ્ટતાએ આત્મસ્વરૂપમાં રમણ કરવું. ઉચ્ચ પ્રકારની આત્માની સમાધિ.

**સમાધિ, મહા** - *જુઓ મહાસમાધિ.*

**સમાધિ, મહાવીતરાગમય** - ઊંચા પ્રકારની વીતરાગતા સાથેની જીવને અનુભવાતી સમાધિ.

**સમાધિ, મુક્તિ** - સિદ્ધભૂમિમાં જીવને અનુભવાતી ઉત્તમોત્તમ સમાધિ.

**સમાધિ, મોક્ષ** - મુક્તિસમાધિની અવસ્થા.

**સમાધિસ્થિતિ** - આત્મા સમપરિણામે પ્રવર્તે તે સ્થિતિ.

**સરળતા** - જે યોગ્ય હોય તેને સહેલાઈથી સ્વીકારી લેવું, ખોટી આનાકાની કરવી નહિ તે. જે વસ્તુ જેમ છે તેમ સત્ય સ્વરૂપે, અન્ય વિભાવ કર્યા વિના સ્વીકારવી કે માન્ય રાખવી.

**સર્વજીવ કરું શાસનરસિ** - શાસન એટલે સામ્રાજ્ય. શ્રી તીર્થંકર પ્રભુ પોતાની છદ્મસ્થ દશામાં એવા ભાવ વેદે છે કે આ જગતના તમામે તમામ જીવો આ મંગલમય, સનાતન કલ્યાણમય ઉત્તમ ધર્મનાં તાબામાં(શાસનમાં) ઓતપ્રોત(રસિ) થઈ જાય અને તેનાં ફળરૂપે પરમ સુખની પ્રાપ્તિ કરે. આવો ભાવ જ્યારે જ્યારે પ્રભુમાં ઉત્કૃષ્ટતાએ વર્તે છે, ત્યારે એ 'સર્વજીવ કરું શાસનરસિ'નો ભાવ બની જાય છે. આ ભાવના 'આત્મદ્રવ્ય' માટે છે, જેમાં સર્વ સિદ્ધ આત્માઓનો સમાવેશ પણ થયેલો છે.

**સહજસ્થિતિ** - આત્માની કે પદાર્થની મૂળભૂત અવસ્થા, જેમાં બીજા કોઈ રૂપની ભેળસેળ ન હોય.

**સહજાનંદ** - આત્મામાંથી સહજતાએ ઉત્પન્ન થતો આનંદ.

**સંવર** - પાપ અથવા પુણ્ય કર્મને (વિભાવ ત્યાગી) આત્માના પ્રદેશો પર આવતાં રોકવાં અથવા જે સાધનથી આત્મા નવાં કર્મ સ્વીકારતો નથી તે સંવર કહેવાય છે.

**સંવેગ** - મોક્ષમાં જવાની અભિલાષા સેવવી તે સંવેગ.

**સંજ્ઞા, દિવ્ય આંતર** - સંજ્ઞાનો એટલો વિકાસ કે જેમાં અતિ સૂક્ષ્મપણું પણ જ્ઞાનમાં આવી શકે.

**સિદ્ધ, પરમેષ્ટિ** - સિદ્ધ થયેલા પંચપરમેષ્ટિ ભગવંત.

**સિદ્ધ, કેવળી** - સામાન્ય કેવળી જેઓ સિદ્ધ થતાં પહેલાં પંચપરમેષ્ટિમાં સ્થાન નથી પામ્યા તેવા સિદ્ધાત્મા.

**સિદ્ધ કલ્યાણ આજ્ઞાવેદન** - પ્રભુની આજ્ઞાનું તથા કલ્યાણભાવનું આત્મામાં થતું વેદન જ્યારે અતિ સૂક્ષ્મરૂપ ધારણ કરે છે ત્યારે તે સિદ્ધ કલ્યાણ આજ્ઞાવેદન બને છે. તેમાં અગુરુલઘુ ગુણ સાથે શુદ્ધિ આદિ ગુણો છલોછલ ભરેલા હોય છે.

**સિદ્ધભૂમિ** - આઠે કર્મથી મુક્ત થયેલા પૂર્ણ શુદ્ધ આત્મા જ્યાં બિરાજે છે, તે સ્થાનને સિદ્ધભૂમિ કહેવામાં આવે છે. આ સિદ્ધભૂમિ લોકના અગ્રભાગમાં (સહુથી ઉપરના સ્થળમાં) આવેલી છે. અને તેની નીચેના ભાગમાં લોકના આઠ પ્રદેશો આવેલા છે. સિદ્ધભૂમિ વચ્ચેના ભાગમાં આઠ જોજન પહોળી (જાડી) છે, અને અંતમાં માખીની પાંખ થકી પણ અધિક પાતળી છે. આ ક્ષેત્રમાં કોઈ પણ છદ્મસ્થ જીવોને રહેવાનાં સ્થાનકો નથી.

**સુખબુદ્ધિ** - સુખબુદ્ધિ એટલે ક્ષણિક પદાર્થોની આસક્તિ. આત્મા સિવાયના સર્વ પ્રકારના પદાર્થો મેળવવામાં તથા ભોગવવામાં સુખ રહેલું છે એવી માન્યતાને સુખબુદ્ધિ કહેવાય છે.

**સ્વકલ્યાણ** - આત્માનું પોતાનું કલ્યાણ; સારું કરવું કે ઇચ્છવું.

**સ્વચ્છંદ** - પોતાની કલ્પના અને ઇચ્છાનુસાર ગમે તે પ્રકારે, અહીતકારી વર્તન કરવું તે સ્વચ્છંદ છે.

**સ્વપુરુષાર્થ** - જીવે પોતે કરવા યોગ્ય ઉદ્યમ.

**ક્ષપકશ્રેણિ** - જુઓ શ્રેણિ, ક્ષપક.

**જ્ઞાનદાન** - બીજાને કરુણાભાવથી સમજણ આપવી.

# શ્રેયસ પ્રચારક સભાનાં આધ્યાત્મિક પ્રકાશનો

| | | |
|---|---|---|
| ૧. | શ્રીમદ્‌ની જીવન સિદ્ધિ | લે. સરયુ ર. મહેતા |
| ૨. | શ્રી કેવળી પ્રભુનો સાથ - ભાગ ૧ | લે. સરયુ ર. મહેતા |
| ૩. | શ્રી કેવળી પ્રભુનો સાથ - ભાગ ૨ | લે. સરયુ ર. મહેતા |
| ૪. | શ્રી કેવળી પ્રભુનો સાથ - ભાગ ૩ | લે. સરયુ ર. મહેતા |
| ૫. | શ્રી કેવળી પ્રભુનો સાથ - ભાગ ૪ | લે. સરયુ ર. મહેતા |
| ૬. | શ્રી કેવળી પ્રભુનો સાથ - ભાગ ૫ | લે. સરયુ ર. મહેતા |
| ૭. | શ્રી કેવળી પ્રભુનો સાથ - ભાગ ૧ થી ૫ - સંદર્ભ સૂચી | લે. સરયુ ર. મહેતા |
| ૮. | અપૂર્વ આરાધન | લે. સરયુ ર. મહેતા |
| ૯. | શ્રીમદ્‌ની સિધ્ધપદ ભાવના | લે. સરયુ ર. મહેતા |
| ૧૦. | શ્રીમદ્‌ની સિદ્ધપદભાવના - આવૃત્તિ ૨ | લે. સરયુ ર. મહેતા |
| ૧૧. | આત્માની સિદ્ધિ | લે. સરયુ ર. મહેતા |
| ૧૨. | A Great Seer | લે. સરયુ ર. મહેતા |
| ૧૩. | ભક્તામર સ્તોત્ર - કલ્યાણ મંદિર સ્તોત્ર (વિવેચન) | લે. સરયુ ર. મહેતા |
| ૧૪. | ભક્તિમાર્ગનું રહસ્ય | લે. ભોગીલાલ ગિ. શેઠ |
| ૧૫. | શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર | લે. ભોગીલાલ ગિ. શેઠ |
| ૧૬. | નિર્વાણ માર્ગનું રહસ્ય | લે. ભોગીલાલ ગિ. શેઠ |
| ૧૭. | શ્રીમદ્ રાજચંદ્ર અધ્યાત્મ જ્ઞાનકોષ | સંપા. ભોગીલાલ ગિ. શેઠ |
| ૧૮. | સમાધિ મરણ | લેખક/સંપા. ભોગીલાલ ગિ. શેઠ |
| ૧૯. | શ્રીમદ્ રાજચંદ્ર અધ્યાત્મ જીવનગાથા | લે. ભોગીલાલ ગિ. શેઠ |
| ૨૦. | આધ્યાત્મિક નિબંધો | લે. ભોગીલાલ ગિ. શેઠ |
| ૨૧. | ઋણાનુબંધ | લે. ભોગીલાલ ગિ. શેઠ |
| ૨૨. | છલ્લી ઘડીના અવસરે | લે. ભોગીલાલ ગિ. શેઠ |
| ૨૩. | રૂડા મનુષ્યોના અંતિમ ઉદ્‌ગારો | લે. અને સં. ભોગીલાલ ગિ. શેઠ |
| ૨૪. | જાતિસ્મૃતિ જ્ઞાન | લે. ભોગીલાલ ગિ. શેઠ |
| ૨૫. | પ્રેમ અને પૂર્ણતા | લે. ભોગીલાલ ગિ. શેઠ |

અન્ય પ્રકાશનો :

**• આલોચનાદિ પદ • જ્ઞાનાંજન ભાગ ૧-૨ (ભક્તિપદો)**